શ્રી. રવીન્દ્રનાથ ટાગોર કૃત

ભાભી

અનુવાદકો :

ભોગીલાલ ગાંધી

ધનશંકર હીરાશંકર ત્રિપાઠી

એન. એમ ઠક્કરની કંપની

બુકસેલર્સ અને પબ્લીશર્સ

૧૪૦ પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ ૨.

મૂલ્ય રૂા. ૩-૮-૦

મુદ્રક : ચતુરભાઈ શનાભાઈ પટેલ,
શ્રી મહેન્દ્ર મુદ્રણાલય, મામાની
હવેલી, શાકમાર્કેટ—અમદાવાદ

પ્રકાશક : નંદલાલ મોહનલાલ ઠક્કર
એન. એમ. ઠક્કરની કું.
૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨

નિવેદન

☆

આ સંગ્રહમાંની પ્રથમ "ભાભી" વાર્તા મેં મૂળ બંગાળી શ્રી. રવીન્દ્રનાથ ટાગોર કૃત "નષ્ટનીડ" ઉપરથી અનુવાદિત કરી છે. મારે કહેવું જોઇએ કે આ વાર્તાનું શીર્ષક મેં "પીંખાયેલો માળો" એવું પસંદ કર્યું હતું; પરંતુ પ્રકાશક મિત્રના અતિવિશેષ આગ્રહને વશ થઇ "ભાભી" શીર્ષક ચલાવી લેવા હું સંમત થયો છું.

"નષ્ટનીડ" વાર્તા વિષે એટલું જ કહું કે શ્રી. ટાગોરની એ એક સર્વોત્તમ વાર્તા છે, અને હમણાં જ એક જાણકાર મિત્રે કહ્યા મુજબ શ્રેષ્ઠ વાર્તાના એક સંગ્રહમાં એને સ્થાન આપવામાં આવ્યું છે.

તા. ૧૨-૧૦-૪૦
અમદાવાદ

ભોગીલાલ ગાંધી

*

આ પુસ્તકમાંની "ભાભી"ની વાર્તા શ્રી. ભોગીલાલ ગાંધી અનુવાદિત છે. તે સિવાયની બાકીની શ્રી. કૃષ્ણપ્રસાદ મણીશંકર શાસ્ત્રીએ આજથી વીશ વર્ષ પહેલાં કવિવર ટાગોરની પરવાનગી મેળવી શ્રી. ધનશંકર હીરાશંકર ત્રિપાઠી મારફત અનુવાદ કરાવી પ્રકટ કરેલી. ત્યારબાદ વર્ષોથી આ પુસ્તક દુષ્પ્રાપ્ય હતું. અમોએ શ્રી. કૃષ્ણપ્રસાદ પાસેથી આ ગુજરાતી અનુવાદના હક્કો મેળવી તે પ્રકટ કર્યું છે. આવા ઉત્તમ પુસ્તકનો યોગ્ય સત્કાર થશે જ.

પ્રકાશક

અનુક્રમ

ભાભી

[૧]

ભૂપતિને કામધંધો કરવાની કંઈ જરૂર નહોતી. એની પાસે દોલત પૂરતી હતી. અને પ્રદેશ ગરમ રહ્યો. પણ દૈવવશાત્ તે કામગરા માણસ તરીકે જન્મ્યો હતો. એટલે તો તેણે એક અંગ્રેજી અખબાર શરૂ કર્યું હતું. એ દિવસથી સમયની દીર્ઘતાને વિષે તેને ફરિયાદ કરવાની રહી નહોતી.

નાનપણથી જ તેને અંગ્રેજીમાં લખવાનો અને ભાષણ કરવાનો શોખ હતો. કશું પ્રયોજન ન હોવા છતાં તે અંગ્રેજી અખબારમાં લેખો લખતો, અને કંઈ કહેવાનું ન હોય તો ય સભાસ્થળે બે અક્ષર બોલવાનું તે કદી ચૂકતો નહિ. તેના જેવા ધનિકને પોતાની મંડળીમાં સામેલ કરવા માટે રાષ્ટ્રીય કાર્યકર્તાઓ બેસુમાર સ્તુતિપ્રશંસા કરતા, ત્યારે તો પોતાની અંગ્રેજી ભાષા ઉપરની શક્તિ વિષેનો ભૂપતિનો વિશ્વાસ સારી પેઠે વધી જતો.

આખરે તેમના વકીલ–સાળા ઉમાપતિએ વકીલાતના ધંધામાં નિરાશ થતાં, બનેવીને કહ્યું, " ભૂપતિ ! તમે એકાદ અંગ્રેજી અખબાર કાઢો, તમારી અસાધારણ......" ઇત્યાદિ.

ભૂપતિ ઉત્સાહમાં આવી ગયો. બીજાનાં છાપાંઓમાં લખવામાં કંઈ ગૌરવ નથી. પોતાના જ પત્રમાં સ્વતંત્ર કલમને પૂરેપૂરો વેગ આપી શકાય. સાળાને સાથીદાર બનાવી તદ્દન નાની ઉંમરે ભૂપતિ સંપાદકની ગાદી પર વિરાજ્યો.

નાનપણમાં તંત્રીપદનો નશો ખૂબ જોર પકડે છે. ભૂપતિને ચઢાવનાર લોકો પણ ઘણા હતા.

આમ ભૂપતિ જે દિવસોમાં છાપામાં ડૂબકી મારી ગયો હતો. તે દિવસોમાં જ તેની બાળવધૂ ચારુલતા ધીરેધીરે યૌવનમાં પગલાં માંડી રહી હતી. છાપાના સંપાદક મહાશયને આ જબરજસ્ત વાતની બરાબર ખબર પડી નહિ. હિંદી સરકારની સરહદ પરત્વેની નીતિ ધીમેધીમે સંયમનાં બંધનોને તોડીફોડીને આગળ વધી રહી છે, એ જ તેમના ધ્યાનનો મુખ્ય વિષય હતો.

આ ધનસંપન્ન ગૃહમાં ચારુલતાને કંઇ કામ નહોતું. ફળ રૂપે નહિ પરિણમનાર ફૂલની જેમ સંપૂર્ણ અહેતુકતામાં ખીલવાનું જ તેના લાંબા, નિષ્ક્રિય રાતદિવસનું એકમાત્ર કાર્ય હતું. તેને કોઈ કશી અછત નહોતી.

આવો સુયોગ મળતાં પત્ની સ્વામીની સાથે કેવળ ઘેલાં જ કાઢે છે. દામ્પત્યલીલાની આખરી કક્ષા, સંસારની સમસ્ત સરહદોનું ઉલ્લંઘન કરીને સમય–અસમય, તથા વિધિ–નિષેધની પેલે પાર જઇ પહોંચે છે. પણ ચારુલતાને એવો સુયોગ નહોતો. અખબારનાં આવરણને ભેદીને સ્વામી ઉપર અધિકાર પામવાનો સુયોગ તેને માટે અસાધ્ય બન્યો હતો.

યુવાન પત્ની તરફ તેનું ધ્યાન ખેંચી જયારે એક આત્મીય સ્વજને તેને ઠપકો આપ્યો, ત્યારે ભૂપતિ એકાએક ભાનમાં આવી બોલ્યો, " ખરે જ, ચારુને કોઇક સખીની જરૂર છે. એને બિચારીને આખો દિવસ કંઇ કરવાનું જ હોતું નથી. "

તેણે પોતાના સાળા ઉમાપતિને કહ્યું. " તમારી પત્નીને અમારે ત્યાં જ રાખો ને? સરખેસરખી ઉંમરની કોઇ સ્ત્રી પાસે છે નહિ, એટલે ચારુને સાચે જ બહુ સુનુંસુનું લાગે છે. "

કોઈ બેનપણી નથી એટલા જ કારણસર ચારુ બહુ ઉદાસ રહે છે, એવું માનીને સંપાદક મહાશયે સાળાની પત્ની મંદાકિનીને ઘેર આણી, અને પોતે નિશ્ચિંત બન્યો.

જે સમયે પતિ–પત્ની પ્રણય–ઉન્મેષના પ્રથમ પ્રકાશમાં એક-

બીજા આગળ અનન્ય ભક્તિપૂર્વક ચિરનૂતન સ્વરૂપે વ્યક્ત થાય છે. દામ્પત્યનો એ સુવર્ણ અચિંત પ્રાતઃકાળ અજાગૃત સ્થિતિમાં ક્યારે વીતી ગયો તેની આ બેમાંથી કોઈને ય ખબર પડી નહિ. નવીનતાનો સ્વાદ પામ્યા વિના જ બંને એક બીજા આગળ પુરાતન પરિચિત બની ગયાં !

લખવા વાંચવાનો ચારુલતાને સ્વાભાવિક શોખ હોવાથી તેને દિવસો બહુ ભારે લાગતા નહિ. તેણે પોતે જ પ્રયત્ન કરીને પોતાના અભ્યાસનો બંદોબસ્ત કરી લીધો હતો. ભૂપતિનો ફોઈઆત ભાઈ અમલ જુનિયર બી. એ. માં ભણતો હતો. ચારુલતા તેની પાસે અભ્યાસ કરતી. પણ તેની પાસેથી આટલી મદદ લેવા માટે અમલની અનેક ધૂનો તેને સહી લેવી પડતી. તેનું હોટલ ખર્ચ અને અંગ્રેજી સાહિત્યનાં પુસ્તકો ખરીદવાનું ખર્ચ ચારુએ જ વેઠવું પડતું. વચમાં વચમાં અમલ મિત્રોને જમવા માટે નોતરી આવતો ત્યારે એ યજ્ઞનો ભાર ગુરુદક્ષિણા રૂપે ગણી ચારુલતા પોતે જ ઉપાડી લેતી. ભૂપતિ ચારુલતા ઉપર કશો અધિકાર ભોગવતો નહિ. જ્યારે થોડુંએક ભણાવનાર આ ફોઈઆત ભાઈ અમલના અધિકારનો પાર નહોતો. આને કારણે તો કેટલીક વાર ચારુલતા કૃત્રિમ કોપ અને ઝગડો પણ કરતી. પરંતુ તેમ છતાં આ એક માણસનું ગમે તે કામ લઈને આવવું અને સ્નેહનો ઉપદ્રવ સહન કરવો, તે એને માટે બિલકુલ આવશ્યક બની ગયું હતું.

એક દિવસ અમલે કહ્યું, "બૌઠાન,* અમારી કોલેજના રાજવાડીના જમાઇ બાબુ અંતઃપુરની નારીઓએ ખાસ હાથે વણેલા કારપેટના જોડા પહેરીને આવે છે. મારાથી એ સહેવાતું નથી. એક જોડી કારપેટના જોડા મારે જોઈએ. નહિ તો કેમે ય આ પગનું રક્ષણ થાય એમ નથી."

ચારુ—હાસ્તો! ભાઇ; હું બેઠી બેઠી તારાં જૂતાં સીવ્યા કરું,

*ભાભી

કેમ ? પૈસા આપું છું. બજારમાંથી ખરીદી લેજે; જા.

અમલ—ના, એ ના ચાલે.

ચારુને જોડા સીવતાં આવડતા નહોતા. અમલની પાસે એ વાત કબૂલવાની પણ એની ઇચ્છા નહોતી. અમલને તો જોઈએ જ છે! સંસારમાં આ એક માત્ર મોંએ ચઢી માગનારની માગણી પૂરી કર્યો વિના ચાલે એમ નથી–અમલ કોલેજમાં જતો એ વખતે છૂપી રીતે, મહા મહેનતે કારપેટ સીવવાનું શીખવા લાગી. અને અમલ પોતે જ તેના જૂતાની લત સાવ ભૂલી ગયો હતો, એવે સમયે એક દિવસ સાંજે ચારુએ તેને બોલાવ્યો.

ઉનાળાનો દિવસ હતો. અગાસીમાં આસન પાથરીને અમલને માટે જમવાની તૈયારી થઈ રહી હતી. ધૂળ પડવાને ભયે પિત્તળના ઢાંકણા વડે થાળી ઢાંકી રાખી હતી. અમલ કોલેજનાં કપડાં બદલી, મોઢું ધોઈ, ટીકટાક બની આવી પહોંચ્યો.

અમલે આસન 'પર બેસી, ઢાંકણું ઉઘાડયું. જોયું તો થાળીમાં નવા તૈયાર કરેલા એક જોડી પશમના જોડા મૂકેલા હતા. ચારુલતા મોટેથી હસી પડી.

જોડા મળતાં અમલની આશા ઓર વધી પડી. હવે તો ગલપટો જોઈએ. રેશમી રૂમાલ ઉપર ફૂલની કિનાર કરી આપવી પડશે. તેના બહારના ખંડમાં બેસવાની મોટી ખુરશીમાં તેલના ડાઘ પડયા હતા, તેને ઢાંકી દેવા માટે એક કવર બનાવવાનું હતું !

દરેક વખત ચારુલતા મુશ્કેલી જાહેર કરી કજીઓ કરતી અને દરેક વખત પાછી પોતે જ અત્યંત પ્રેમ અને મમતાપૂર્વક કોડીલા અમલના કોડ પૂરા કરતી. અમલ કદીક કદીક પૂછતો: "બૌઠાન, કયાં લગી કર્યું ?"

ચારુલતા જૂઠું બોલતી, 'હજી તો શરૂ ય નથી કર્યું' અથવા તો કદીક વળી જવાબ આપતી, 'એ તો મારા ધ્યાનમાં જ ન હતું.'

પણ અમલ એમ છોડી દે એવો ન હતો. રોજ રોજ યાદ આપે

અને હઠ કરી માગે. એક બંદીની જેમ અમલ હઠ કરી કરમર્યો જ કરે અને થોડી ધીંગામસ્તી કરે એટલા સારુ તો ચારુ બેપરવાઈ વ્યક્ત કરી વિરોધનું વાતાવરણ જમાવતી; અને પછી એક દિવસ એકાએક અમલની યાચના પૂર્ણ કરી દઈ કૌતુક જોઈ રહેતી.

ધનિકના કુટુંબમાં ચારુને બીજુ તો કંઈ કરવાનું હતું નહિ—કેવળ અમલ જ તેની પાસે કામ કરાવ્યા વિના રહેતો નહિ. આ બધાં નાનાં નાનાં શોખનાં કામોમાં જ તેના હૃદયની તૃપ્તિ અને ચરિતાર્થતા તે અનુભવતી.

ભૂપતિના અંતઃપુરમાં જે એક ટુકડો જમીન હતી તેને બાગ કહું તો અતિશયોક્તિ ગણાશે. એ 'બાગ'ની મુખ્ય વનસ્પતિ હતી એક વિલાયતી આમળાનું ઝાડ.

આ જમીનના ટુકડાની ઉન્નતિ કેવી રીતે કરવી તેને માટે ચારુ અને અમલની એક કમિટી બેઠી હતી. બંનેએ મળીને કંઈ કેટલા દિવસ બેસીને ચિત્ર કાઢીને પ્લાન તૈયાર કરીને મહા ઉત્સાહપૂર્વક આ જમીન ઉપર એક બાગની કલ્પના તૈયાર કરી રાખી હતી.

અમલ બોલ્યો, "ભૌઠાન, આપણા આ બગીચામાં સવારે સવારે રાજકન્યાની જેમ તમારે પોતાને હાથે વૃક્ષોને પાણી સીંચવું પડશે."

ચારુએ કહ્યું. "અને આ પશ્ચિમના ખૂણામાં એક છાપરી તૈયાર કરાવી લેવી પડશે, એમાં હરણનું બચ્ચું રહેશે."

અમલે કહ્યું: "અને એક નાનકડી તળાવડી યે બનાવવી પડશે, જેમાં હંસ ચરશે."

ચારુ આ સૂચનાથી ઉત્સાહિત બની બોલી, "અને એમાં નીલ-પદ્મ ઊગાડીશું; મને તો ઘણા વખતથી નીલપદ્મ જોવાની ઇચ્છા છે."

અમલે કહ્યું, "એ તળાવડી ઉપર એક સેતુ બાંધવો પડશે અને ઘાટ ઉપર એક નાનકડી સુંદર હોડકી રહેશે."

ચારુ બોલી, "ઘાટ તો બિલકુલ સફેદ આરસનો જ હોવો

જોઈશે."

અમલે પેનસિલ–કાગળ લઈ લીટી દોરી કંપાસ હાથમાં લઈ ભારે આડંબરપૂર્વક બાગનો નકશો તૈયાર કર્યો.

બંને જણ મળીને રોજરોજ નવી નવી કલ્પના કરતાં અને તે મુજબ ફેરફાર કરતાં. એમ કરતાં કરતાં પચીસેક નવા નકશા તૈયાર થઇ ગયા!

નકશા તૈયાર થઈ જતાં કેટલું ખરચ આવશે તેનો એસ્ટીમેટ કાઢવામાં બંને પડયાં. પહેલાં એવો ખ્યાલ હતો–ચારુ પોતાના માસિક હપ્તામાંથી ધીમે ધીમે બાગનું ખર્ચ કાઢી આપશે. ભૂપતિ તો ઘરમાં શું થાય છે. એની કશી દરકાર રાખતો જ ન હતો. બગીચો તૈયાર થઇ જતાં એક દિવસ એને ત્યાં લઈ જઇ આશ્ચર્યમાં ડુબાડી દેવાશે. એને થશે, અલ્લાદીનના દીવાની મદદથી જાપાનથી એકાદ આખો બગીચો ઊંચકીને અહીં આણુવામાં આવ્યો છે!

પરંતુ એસ્ટીમેટ ગમે તેટલો ઓછો કરવા છતાંય ચારુની આવકમાંથી પતે એમ ન હતો. અમલ ફરી નકશો ફેરવવા બેઠો. બોલ્યો, "તો પછી બૌઠાન, આ તલાવડીને જવા દઈએ."

ચારુ બોલી, "ના, ના, તલાવડી ન હોય તો ના ચાલે. એમાં તો મારાં નીલપદ્મ ઊગશે."

અમલ બોલ્યો, "તમારા હરણની છાપરીમાં નળિયાંનું છાપરૂં નહિ હોય અને સાદેસાદું ઘાસનું હશે તો ય ચાલશે."

ચારુ એકદમ ગુસ્સે થઈ બોલી, "તો પછી મારે એવી છાપરીની જરૂર નથી–એ રહેવા દો."

મોરેશિયસથી લવીંગ કર્નાટકનું ચંદન અને સિંહલદેશથી ઇલાયચીનો ચારો મંગાવવાનો પ્રસ્તાવ હતો. અમલે તેને બદલે માણિકતલ્લાથી સામાન્ય દેશી અને વિલાયતી વેલા–વૃક્ષ મંગાવવાનું સૂચન કરતાં જ ચારુ મોં ચઢાવી બેઠી. બોલી, "તો પછી મારે બાગની જ જરૂર નથી."

એસ્ટીમેટ ઘટાડવાનો આ કંઈ રસ્તો ન હતો. એસ્ટીમેટ

સાથે સાથે કલ્પનાને હીન કરવી એ તો ચારુને માટે અશક્ય હતું. અને એથી અમલ જે કંઇ બોલતો તે તેને રુચિકર થતું નહિ.

અમલ બોલ્યો, "તો પછી બૌઠાન, તમે દાદા પાસે બાગની વાત મૂકો. જરૂર એ પૈસા આપશે."

ચારુએ કહ્યું, "ના, એમને કહી દઈએ તો પછી મજા શી રહે? આપણે બે જણે જ બગીચો તો તૈયાર કરવો છે. તેઓ તો સાહેબલોકને ઓર્ડર આપીને ઇડન ગાર્ડન સુદ્ધાં તૈયાર કરાવી શકે; પણ એમાં આપણા પ્લાનનું શું?"

આમળાના ઝાડની છાંયામાં બેસી ચારુ અને અમલ અસાધ્ય કલ્પનાનું સુખ નિરાંતે લઈ રહ્યાં હતાં. ચારુની ભાભી મન્દાએ મેડી-એથી બૂમ મારી કહ્યું: "આટલે વખતે બાગમાં બેસી તું કરે છે શું?"

ચારુએ કહ્યું. "પાકાં આમળાં ખોળું છું."

લોભી મંદાએ કહ્યું, "મળે તો થોડાં મારે માટે લાવજે."

ચારુ હસી. અમલ હસ્યો. તેમના સંકલ્પનો મુખ્ય ભાવ અને તેનું ગૌરવ એ હતું કે, આ વાત તેમની બેની જ વચ્ચે રહે. ત્રીજું કોઈ ન જાણે. મન્દામાં બીજા ગમે તે ગુણ હોય, કલ્પના જેવી કોઇ વસ્તુ જ એનામાં ન હતી. તે આ વાતનો રસગ્રહણ કરે જ શી રીતે? એથી તો તે આ બે સભ્યોની કમિટીથી તદ્દન વર્જિત હતી.

અસાધ્ય બગીચાનો અંદાજ તો ઘટ્યો નહિ. કલ્પનાએ પણ કેમે કરી જરા ય હાર કબૂલી નહિ. એટલે આમળાવૃક્ષની કમિટી એમ ને એમ થોડા દિવસ લંબાઇ. બાગમાં ક્યાં તલાવડી થશે, ક્યાં હરણની છાપરી થવાની, ક્યાં પથ્થરની વેદી ઊભી કરવી, અમલે એ બધે ઠેકાણે નિશાનીઓ કરી દીધી.

તેમના આ સંકલ્પિત બાગમાં આમળાના વૃક્ષની ચારે બાજુ કેવી રીતે ચણતર કરવું, એની નિશાની અમલ એક નાની કોદાળી લઈને કરી રહ્યો હતો. એ વખતે ચારુ ઝાડની છાયામાં જ બેઠી બેઠી બોલી, "અમલ જો તું લેખક હોત તો ઘણું સારું થાત."

અમલે પૂછ્યું, "શું કામ ચારુ ભાભી?"

ચારુ—તો આપણા આ બાગનું વર્ણન તારી પાસે લખાવત. આ તલાવડી, આ હરણની છાપરી, આ આમળાનું વૃક્ષ...બધું એમાં આવત. આપણા બે જણ સિવાય કોઈ એમાં કશું સમજત જ નહિ! ભારે મજા આવત! અમલ, તું એક વાર લખવાનો પ્રયત્ન કરી જો. જરૂર તને આવડશે."

અમલ બોલ્યો, "વારુ. જો લખી શકું તો શું આપશો?"

ચારુએ પૂછ્યું. "બોલ, તારે શું જોઈએ?"

અમલ બોલ્યો, "મારી મચ્છરદાનીની ઝૂલ ઉપર હું મારે હાથે એક લતા દોરી આપીશ, તે તમારે પૂરેપૂરી રેશમથી ભરી આપવી પડશે."

ચારુ બોલી, "તમારે તો બધું જ છેકનું જોઈએ! મચ્છરદાનીની ઝૂલને ય વળી શણગાર!"

મચ્છરદાની જેવી વસ્તુને તદ્દન બદરૂપ જેલના જેવી રાખવાની વાત ઉપર અમલ કંઇ કંઈ બોલી ગયો. તેણે કહ્યું, "સંસારમાં પંદર આની લોકોને સૌન્દર્યનું કશું ભાન હોતું નથી; કદરૂપતા તેમની આગળ જરા ય દુઃખકર નથી હોતી. એ જ એનું પ્રમાણ છે."

ચારુએ એ વાત એ ક્ષણે તો મનમાં મનમાં સ્વીકારી લીધી અને અમારી બે જણની ગુપ્ત કમિટી એ પંદર આની લોકોમાં નથી આવી જતી, એમ માની તે ખુશી થઈ.

તે બોલી, "વારુ, હું મચ્છરદાનીની ઝૂલ ગૂંથી આપીશ. તું લખતો ખરો."

અમલ રહસ્યમય ભાવે બોલ્યો, "તમે શું એમ માનો છો કે હું લખી શકતો નથી?"

ચારુ અતિશય ઉત્તેજનામાં આવી બોલી, "તો જરૂર, તેં કંઇ લખ્યું જ હોવું જોઇએ; લાવ બતાવ મને."

અમલ—આજે નહિ, ભોઠાન.

ચારુ—ના, આજે જ બતાવવું પડશે. મારા સમ. જા, તારું લખેલું લઇ આવ.

ચારુને પોતાનું લખાણુ બતાવવામાં અમલને આજ લગી સંકોચ થયો હતો. રખેને તેને ન ગમે! એ સંકોચ તે કેમે કર્યો દૂર કરી શકતો ન હતો.

આજે:તે નોટ લઇ આવી, જરા ખાંસી ખાઈ ચહેરા ઉપર જરા લાલાશ ધારણ કરી વાંચવા લાગ્યો. ચારુ વૃક્ષના થડને ટેકીને ઘાસ ઉપર પગ લંબાવીને સાંભળતી હતી.

નિબંધનો વિષય હતો : 'મારી નોટબૂક.' અમલે લખ્યું હતું– 'હે મારી શુભ્ર નોટબૂક! મારી કલ્પના હજી લગી તને સ્પર્શી ન હતી. સૂતિકાગૃહમાં પ્રવેશ કરવા પહેલાંના બાળકની જેમ તું રહસ્ય-મય છે. એક દિવસે તારા છેલ્લા પાનાની લીટી ઉપર ઉપસંહાર લખીશ; પણ એ દિવસ આજે ક્યાંથી? તારા આ શુભ્ર શિશુપત્ર સમૂહો એક દિવસે સદાને માટે કાલિમાથી અંકિત બની ગયા હશે. એ સમાપ્તિની કથા આજે તો સ્વપ્નમાં ય કલ્પી શકતો નથી.' વગેરે વગેરે ઘણું લખ્યું હતું.

ચારુ ઝાડ નીચે બેસી સ્તબ્ધ બની સાંભળી રહી હતી. વાચન પૂરું થતાં થોડી વાર મૂંગી રહીને બોલી, "તને તે કંઇ લખતાં ન આવડે!"

તે દિવસે વૃક્ષ નીચે બેસી અમલે સાહિત્યના માદક રસનું પ્રથમ વાર પાનું કર્યું. સાકી નવી હતી, રસના પણ નવી હતી અને બપોરનો તડકો રહસ્યમય બની પથરાઇ રહ્યો હતો.

ચારુ બોલી, "અમલ, થોડાંક આમળાં વીણીને જવું પડશે; નહિ તો મંદાને શો જવાબ આપીશ?"

મૂઢ મંદાને તેમની વાંચવાની અને ચર્ચાની વાત કહેવાની ઇચ્છા જ થાય એમ ન હતી, એટલે આમળાં વીણીને જ ગયે છૂટકો!

[૨]

બગીચાનો સંકલ્પ તેમના બીજા અનેક સંકલ્પોની જેમ સીમા-હીન કલ્પનાક્ષેત્રમાં ક્યારે ગુમાઇ ગયો તેની ખબર ન તો અમલને કે ન તો ચારુને પડી.

હવે તો અમલનું લેખન જ તેમની ચર્ચાનો અને ડાહી વાતોનો મુખ્ય વિષય બની ગયો. અમલ આવીને કહેતો, "બૌઠાન, એક અદ્‌ભુત કલ્પના મારા મગજમાં આવી છે."

ચારુ ઉત્સાહિત થઇ બોલતી, "ચાલ, આપણા દક્ષિણના વરંડામાં જઈએ. અહીં હમણાં તો મંદા પાન બનાવવા આવશે."

ચારુ કાશ્મીરી વરંડામાં એક જૂની નેતરની ખુરસીમાં આવી બેસતી અને અમલ રેલીંગના ઊંચા ઝરૂખિયા ઉપર બેસી પગ લટકતા મૂકતો.

અમલના લેખનનો વિષય કંઈ છેક સહેલાઇથી જાણી જવાય એવો ન હતો. એ શોધી કાઢવો બહુ મુશ્કેલ હતો. ગોળા વાળીને એ જે રીતે બોલતો હતો એ રીતે તો સ્પષ્ટ સમજવું ય કોઈના ગજામાં ન હતું. અમલ પોતે જ વારંવાર બોલતો, "બૌઠાન, તમને બરાબર સમજાવી જ શકતો નથી."

ચારુ કહેતી. "ના; હું ઘણું તો સમજી ગઈ છું. તું આટલું તો લખી નાખ, મોડું ન કર."

એ થોડુંક સમજવું, થોડુંક ન સમજવું! ઘણી વસ્તુની તો કલ્પના કરી લઇ, અમલના વ્યક્ત કરવાના આવેગથી ઉત્તેજિત બની જઈ, ચારુ મનમાં એવું જ કંઈ નિર્માણ કરી લેતી કે એમાંથી એને એને સુખ મળતું અને તે આતુર અધીર બની ઊઠતી.

ચારુ એ જ સાંજે પૂછતી, "કેટલું લખ્યું?"

અમલ જવાબ આપતો, "એટલામાં તે શું લખાય?"

ચારુ બીજે દિવસે સવારે કજિયો કરતી હોય એવા સૂરે પૂછતી, "કેમ, તેં હજી લખ્યું નથી ?"

અમલ જવાબ આપતો, "બેસો, જરા વિચાર કરી લઉં."

ચારુ ગુસ્સો કરી બોલતી. "તો જા—"

સાંજે એ જ ક્રોધ ગાઢો રંગ પકડતાં ચારુ જ્યારે વાત બંધ કરવા મથતી, ત્યારે અમલ રૂમાલ બહાર કાઢવાના બહાને લખેલા કાગળ ખીસામાંથી જરાક જ બહાર કાઢતો.

તરત જ ચારુનું મૌન ઊડી જતું. તે બોલી ઊઠતી, "એ, તેં તો લખ્યું છે ને! પાછો મને છેતરે છે ? બતાવ."

અમલ બોલતો. "હજુ પૂરું થયું નથી. હજી થોડુંક લખીને વંચાવીશ."

ચારુ—ના, હમણાં જ સંભળાવવું પડશે.

અમલ પોતે જ એ વખતે સંભળાવવા માટે તલપાપડ તો હોય જ, પણ ચારુને થોડી વાર ટટળાવ્યા વિના તે સંભળાવતો નહિ. ત્યાર બાદ અમલ કાગળ હાથમાં રાખી પહેલાં તો પાનાં ગોઠવતો અને પછી પેનસિલ વડે એકાદ બે ઠેકાણે જરા સુધારતો હોય એમ કરતો રહેતો. એ બધો વખત ચારુનું દિલ પુલકિત, કૌતુહલપૂર્ણ જલભરપૂર મેઘની જેમ પેલા પત્રસમૂહો ભણી ઝૂકી પડતું.

અમલ બેચાર પેરેગ્રાફ-જ્યારે અને જે કાંઈ લખે કે તરત જ—તેણે ચારુને સંભળાવવા પડતા. બાકીનો અણુલખાયેલો ભાગ ચર્ચા અને કલ્પનામાં બંનેની વચ્ચે સર્જાતો રહેતો.

આટલા દિવસ તો બંને જણાં આકાશકુસુમ વીણવામાં જ નિમગ્ન હતાં. હવે વાક્યકુસુમના વીણામણમાં પડયાં હોઈ બંને જણાં બીજું બધું ભૂલી ગયાં હતાં.

એક દિવસ બપોરે અમલ કોલેજમાંથી પાછો ફરતાં તેનું ખીસું ખૂબ ભરેલું હોય એમ લાગ્યું. અમલ ઘરમાં દાખલ થયો ત્યારે તેના ભરેલા ખીસા ભણી ચારુની દૃષ્ટિ અંતઃપુરના ઝરૂખામાં રહ્યા રહ્યા પડી.

અમલ રોજ તો કોલેજથી આવતાં વેંત અંદરના ખંડમાં દાખલ થવામાં વાર લગાડતો નહિ. આજે તે તેના ભરેલા ખીસા સાથે બહારના જ ખંડમાં રહ્યો. અંદર આવ્યો નહિ.

ચારુએ અન્તઃપુરના વરંડાને છેડે આવી અનેક વાર તાળી વગાડી, પણ કોઇએ સાંભળ્યું જ નહિ! ચારુ જરા ગુસ્સે થઈ મન્મથ દત્તની એક ચોપડી હાથમાં લઈ વરંડામાં આવી વાંચવાનો પ્રયત્ન કરવા લાગી.

મન્મથ દત્ત નવો જ લેખક હતો. તેની લખવાની ઢબ અમલને ઘણી મળતી હતી. એટલે તો અમલ કદી તેની પ્રશંસા કરતો નહિ, કદીક કદીક ચારુ પાસે તેના પુસ્તકનું વિકૃત વાંચન કરી તેની મશ્કરી ઉડાવતો. ચારુ અમલ પાસેથી એ ચોપડી પડાવી લઈ અવજ્ઞાપૂર્વક દૂર ફેંકી દેતી.

આજે અમલનો પદરવ ચારુને કાને પડતાં જ તે મન્મથ દત્તનું 'કલકંઠ' નામનું પુસ્તક મોં સામે ધરી અત્યંત એકાગ્ર ભાવે વાંચવા લાગી ગઇ.

અમલ અંદર દાખલ થયો. ચારુએ ધ્યાન જ આપ્યું નહિ. અમલે પૂછ્યું, "કેમ, બૌઠાન, શું વંચાય છે?"

ચારુને નિરુત્તર જોઇ અમલે ખુરશીની પાછળ આવી પુસ્તક જોયું અને બોલ્યો, "મન્મથ દત્તની જ વાતો!"

ચારુ બોલી, "ઉફ્! હેરાન ન કરો. મને વાંચવા દો."

પીઠ પાછળ ઊભીને અમલ વ્યંગપૂર્ણ સ્વરે વાંચવા લાગ્યો—"હું તૃણ છું. શુદ્ધ તૃણ છું; ભાઇ રક્તામ્બર રાજવેશધારી અશોક! હું તૃણમાત્ર છું. મારે ફૂલ નથી, મારે છાયા નથી, મારુ મસ્તક હું આકાશ ભણી ઊંચું કરી શકતો નથી. વસંતની કોકિલ મારે આશ્રયે રહીને કૂહુ સ્વરે જગતને મત્ત બનાવતી નથી. તો પણ ભાઇ અશોક, તમારી એ પુષ્પભરપૂર ઉચ્ચ શાખા ઉપર બેસી તમે મારી ઉપેક્ષા કરશો મા. તમારે પગ તળે પડેલું હું તૃણ છું, તો ય મારો તુચ્છકાર

કરશો મા."

અમલે આટલું અંદરથી વાંચ્યું અને પછી મશ્કરી કરતો હોય એમ પોતે આગળ ગોઠવીને બોલ્યો, "હું કેળાંની લૂમ છું, કાચાં કેળાંની લૂમ છું. ભાઈ કોળા ! ભાઇ, ઘરના છાપરાના વિહારી કોળા ! હું સાચે જ બિલકુલ જ કાચાં કેળાંની લૂમ છું."

ચારુ રમુજને કારણે ગુસ્સો તો કરી શકી નહિ. હસી ઊઠી ચોપડી ફેંકી દઈ બોલી, "તું તો ભારે દુષ્ટ છે. પોતાના સિવાયનું કોઇનું લખેલું જ તને પસંદ આવતું નથી!"

અમલ બોલ્યો, "તમારી તો જબરી ઉદારતા છે. તમે તો તણખલું ય ગળીને પેટમાં ઉતારવા માગો છો!"

ચારુ—"વારુ, મહાશય, મશ્કરી ના કરો. ખીસામાં શું છે? બહાર કાઢો જોઉં."

અમલ—શું હશે ધારો તો ?

ઘણો વખત સુધી ચારુને ખીજવીને અમલે ખીસામાંથી 'સરોરુહ' નામનું પ્રખ્યાત માસિક બહાર કાઢ્યું.

ચારુએ જોયું તો એ માસિકમાં અમલનો પેલો 'નોટબૂક' નામનો જ નિબંધ પ્રસિદ્ધ થયો હતો.

ચારુ એ જોઇને મૂંગી રહી. અમલે તો માન્યું હતું કે તેથી ભોઠાન ખૂબ જ ખુશી થઈ જશે. પરંતુ એવું કંઇ ચિહ્ન ન જણાતાં તે બોલ્યો. "સરોરુહમાં જેવો તેવો લેખ કંઇ છપાતો નથી!" અમલે બીજું પણ ઘણું બોલી નાંખ્યું ખરી રીતે તો, ચાલી જાય એવું જે કાંઇ લખાણ હાથમાં આવતાં સંપાદક છોડે એમ ન હતા. તેમ છતાં અમલે એમ સમજાવી દીધું કે, સંપાદક ભારે સખત માણસ છે. સો નિબંધમાંથી એકાદ જ પસંદ કરે!"

આ સાંભળી ચારુ ખુશ થવાનો પ્રયત્ન તો કરવા લાગી પણ ખુશ થઈ શકી નહિ. શાથી તેને મનમાં આઘાત થતો હતો તે શોધી કાઢવા તેણે પ્રયત્ન કર્યો. પણ કશું સંગત કારણ હાથ આવ્યું નહિ.

અમલનું લખાણુ એટલે અમલ અને ચારુ બંનેની જ સંપત્તિ. અમલ લેખક અને ચારુ પાઠક. આ એકાંતિકતા જ તેનો મુખ્ય રસ હતો. આ લખાણુ બધાં વાંચશે અને અનેક એની પ્રશંસા કરશે, એથી ચારુને શાથી જે આટલી વ્યથા થઇ રહી હતી, તે પોતે જ બરાબર સમજી શકી નહિ.

પરંતુ લેખકની આકાંક્ષા કંઈ એક જ પાઠકથી બહુ દિવસ તૃપ્ત થતી નથી. અમલે તેનું લખાણુ છપાવવાનો આરંભ કર્યો, પ્રશંસા પણુ પામ્યો.

વચમાં વચમાં પ્રશંસકોના પત્રો પણુ આવવા લાગ્યા. અમલ એ પત્રો એની ભોઠાનને બતાવતો. ચારુ એથી આનંદ પણુ પામતી, દુઃખી પણુ થતી. હવે અમલને લેખનમાં પ્રવૃત્ત કરવા માટે એક માત્ર તેનો જ ઉત્સાહ અને ઉત્તેજના પ્રયોજનીય રહ્યાં ન હતાં.

અમલ ઉપર વચમાં વચમાં નામઠામ વિનાની કોક રમણીનો પત્ર પણુ આવવા લાગ્યો. એના ઉપર ચારુ અમલની મશ્કરી પણુ કરતી, પરંતુ એથી એને પોતાને ય સુખ થતું નહિ.

એકાએક તેમની કમિટીનાં બંધ બારણાં ખોલી નાંખીને બંગાળનો વાંચકસમૂહ તેમની બંનેની વચ્ચે આવી ઊભો હતો!

*

ભૂપતિ એક રજાના દિવસે કહેવા લાગ્યો, "જો તો ચારુ, આપણો અમલ અમલ આટલું બધું સારું લખી શકતો હશે, એની તો મને જરાય ખબર ન હતી!"

ભૂપતિએ કરેલી આ પ્રશંસાથી ચારુ આનંદ પામી. અમલ ભૂપતિનો આશ્રિત હતો, પરંતુ બીજા આશ્રિતોમાં ને અમલમાં ઘણો બધો ફેર છે. એ વાત તેના સ્વામી જાણુતા હતા એ જાણે ચારુને જાણે ગર્વ થયો. એનો ભાવ એ હતો કે, હું અમલ ઉપર આટલો બધો સ્નેહ આટલા દિવસથી શું કામ રાખું છું એ

વાત તમને આટલે દહાડે સમજાય—મને તો ઘણા દિવસ પહેલાથી અમલની આ શક્તિ દેખાઈ ગઈ હતી, કે અમલ કોઈની અવજ્ઞાને યોગ્ય નથી.

ચારુએ પૂછ્યું : "તમે એનું લખેલું વાંચ્યું છે ?"

ભૂપતિએ કહ્યું : "હા—ના. બરાબર ધ્યાન દઈને નહિ. વખત નથી મળતો, પણ અમારો નિશિકાંત વાંચીને ખૂબ પ્રશંસા કરતો હતો. એ પોતે ય બંગાળી ઘણું સારું લખે છે."

ભૂપતિના દિલમાં અમલને માટે સન્માન જાગે એ જ ચારુની આંતરિક ઇચ્છા હતી.

[૩]

ઉમાપદ ભૂપતિને છાપાના ગ્રાહકોને ચાર પાંચ જાતની ભેટ આપવાની વાત સમજાવી રહ્યો હતો. આવી ભેટ આપવામાં નુકસાન થવાને બદલે કેવી રીતે લાભ થાય, એ વાત ભૂપતિ કેમે સમજી શકતો ન હતો.

ચારુ એક વાર ખંડમાં દાખલ થતાં જ ઉમાપદને જોઈ પાછી ચાલી ગઈ. થોડી વારે ફરી કરીને પાછી આવી જોયું તો બન્ને જણ હિસાબ ગણવામાં નિમગ્ન હતા.

ઉમાપદ ચારુની અસ્વસ્થતા જોઈ કંઈક બહાનું કાઢી બહાર ગયો. ભૂપતિ હિસાબ સાથે માથું ફોડવા લાગ્યો.

ચારુ અંદર આવી બોલી, "હજી જાણે તમારું કામ પૂરું થયું નથી ! આ કાગળિયામાં રાત-દહાડો કેવી રીતે વીતે છે એનો જ હું વિચાર કરું છું."

ભૂપતિ હિસાબ ખસેડી દઈ જરાક હસ્યો. મનમાં મનમાં વિચાર કરવા લાગ્યો—' ખરેખર, ચારુ તરફ બિલકુલ ધ્યાન આપવાનો મને વખત જ મળતો નથી ! ભારે અન્યાય ! એ બિચારીની

પાસે તો સમય વીતાવવા માટે કંઈ નથી.'

ભૂપતિ સ્નેહભરપૂર સ્વરે બોલ્યો, "આજે કંઇ તમારું વાંચવાનું ચાલતું નથી! માસ્તર ભાગી ગયો કે શું? તારી નિશાળમાં તો ઊલટો જ નિયમ લાગે છે, વિદ્યાર્થિની બગલમાં ચોપડી મારી તૈયાર, પણ માસ્તર જ ભાગેડુ! આજકાલ અમલ તને પહેલાંની જેમ નિયમિત ભણાવતો હોય એમ લાગતું નથી."

ચારુ બોલી, "ભણાવવામાં અમલનો વખત બગાડવો શું ઠીક છે? અમલને તે તમે કોઈ સામાન્ય પ્રાઇવેટ ટ્યુટર સમજ્યા?"

ભૂપતિએ ચારુને કમરેથી પકડી પોતાની પાસે ખેંચી અને પૂછ્યું, "આ તે કંઇ સામાન્ય પ્રાઇવેટ ટ્યુશન જેવું છે? તારા જેવી બૌઠાનને ભણાવવા માટે તો......"

ચારુ—બસ, બસ, હવે વધારે બોલો ના. સ્વામી થઈને જો તમે ન સંભાળો તો બીજું કોણ શું કરવાનું હતું?

ભૂપતિ જરા આઘાત પામી બોલ્યો, "વારુ કાલથી હું તને ભણાવીશ. તારી ચોપડી લાવ જોઉં. તું શું ભણે છે એ તો જોઈ લઉં."

ચારુ—ખૂબ બધું ભણાઈ ગયું છે. તમારે હવે ભણાવવાની ય જરૂર નહિ પડે. આ અત્યારની જેમ છાપાના હિસાબો જ કરશો કે પછી બીજે ક્યાંક ધ્યાન આપશો, બોલો?

ભૂપતિ બોલ્યો, "તું જ્યાં મારું મન લઇ જવા માંગતી હશે ત્યાં એ જશે, બોલ."

ચારુ—"વારુ તો લો, અમલનું આ વાંચી જાવ, કેવું અદ્‌ભુત છે? સંપાદકે અમલને લખ્યું છે કે એ વાંચીને તો નવગોપાલબાબુએ તેને બંગાળના રસ્કીનની ઉપમા આપી છે."

આ સાંભળી ભૂપતિએ જરા સંકોચપૂર્વક એ કાગળો હાથમાં લીધા, ઉઘાડીને જોયું તો લેખનું નામ 'આષાઢનો ચંદ્ર' હતું. ગયા બે અઠવાડિયાં થયાં ભૂપતિ મધ્યસ્થ સરકારના બજેટની સમાલોચના

કરવામાં મોટા મોટા આંકડા જ ઉકેલ્યા કરતો હતો. એ બધા આંકડા બહુપદ કીટની જેમ તેના માથામાં વિવિધ સ્વરૂપે ઘૂમી રહ્યા હતા. એવે વખતે એકાએક બંગાળી ભાષામાં 'આષાઢનો ચંદ્ર' વાંચી જવા જેટલી તૈયારી તેના મનની ન હતી. અને એ નિબંધ યે કંઈ છેક નાનો ન હતો.

લેખ આવી રીતે શરૂ થતો હતો.—'આજે શું કામ આષાઢનો ચંદ્ર આખી રાત વાદળામાં આમ છુપાઈ છુપાઈને ફરી રહ્યો છે? જાણે સ્વર્ગમાંથી તે કાંઇક ચોરી કરીને આવ્યો લાગે છે, જાણે તેના કલંકને આવરવાનું કોઇ સ્થાન નથી! ફાગણમાં જ્યારે આકાશને ખૂણેખાંચરે યે મૂઠીભર મેઘ ન હતો, ત્યારે તો જગતની આંખોની સામે તે નિર્લજ્જની જેમ ઉન્મુક્ત આકાશમાં પોતાને જાહેર કરી રહ્યો હતો. અને આજે એનું એ ઢગલા હાસ્ય, શિશુના સ્વપ્નની જેમ, પ્રિયાની સ્મૃતિની જેમ, સુરેશ્વરી શચીની અલકગૂંથી મુક્તાની માલાની જેમ—'

ભૂપતિએ માથું હલાવી કહ્યું, "લખે છે તો સારું પણ મને શું—હું તે કંઇ આ બધી કવિતા સમજું છું?"

ચારુએ સંકોચાઇને ભૂપતિના હાથમાંથી કાગળો પાછા લેતાં કહ્યું, "તો તમે સમજો છો શું?"

ભૂપતિએ કહ્યું, "હું તો દુનિયાદારીનો આદમી, હું તો માણસને ઓળખું."

ચારુએ પૂછ્યું, "માણસની વાત સાહિત્યમાં ના લખાય શું?"

ભૂપતિએ કહ્યું, "લખે તો ખોટું લખે. એ ઉપરાંત માણસ જ્યારે સશરીર અસ્તિત્વ ધરાવતો હોય ત્યારે બનાવટી વાતોમાં એને વણવાની શી જરૂર?"

એમ બોલી તેણે ચારુલતાની હડપચી પકડી કહ્યું, "જો ને, આ હું તને ઓળખું છું—પણ એને માટે શું મેઘનાદ વધ, કવિકંકણ ચંડી પહેલેથી છેલ્લે સુધી વાંચી જવાની કંઇ જરૂર છે?"

ભૂપતિ પોતે કાવ્ય નથી સમજી શકતો એમ કહી ગર્વ લેતો. તો પણ અમલના લેખો સારી પેઠે વાંચ્યા ન હોવા છતાં પણ તેના પ્રત્યે ભૂપતિને એક પ્રકારની શ્રદ્ધા હતી. ભૂપતિને એમ થતું કે આમાં કહેવા જેવી વાત કશી નથી છતાં આટઆટલું નકામું બનાવી કાઢી લખવાનું તો માથું ફૂટી મરી જાઉં તો ય મારાથી થઈ ન શકે. અમલના પેટમાં આટલી બધી શક્તિ હતી, એ તો કોણ જાણતું હતું?

ભૂપતિ પોતાની રસજ્ઞતાનો અસ્વીકાર કરતો. પરંતુ સાહિત્ય પ્રતિ તેની કૃપણતા ન હતી. કોઇ ગરીબ લેખક એને વળગતો તો તે તેની ચોપડી છપાવવા જેટલું ખરચ પણ આપતો: સાથે સાથે, ખાસ કરીને એટલું કહી દેતો કે, 'મને અર્પણ ન કરતા.' બંગાળનાં નાનાં મોટાં બધાં સાપ્તાહિક અને માસિકપત્રો, જાણીતાં, અજાણ્યાં, વાંચવા જેવાં, નહિ વાંચવા જેવાં બધાં તે ખરીદતો. એ કહેતો, 'એક તો વાંચતો નથી. એમાં વળી જો ખરીદું નહિ તો એવું પાપ થાય, જેને માટે પ્રાયશ્ચિત પણ ન હોઈ શકે!' અને તે પોતે વાંચતો નહિ એટલે તો તેને ઊતરતી કક્ષાના પુસ્તક પ્રત્યે પણ લેશમાત્ર ઘૃણા ન હતી. એથી તો એની બંગાળી લાયબ્રેરી સંપૂર્ણ હતી.

અમલ ભૂપતિને અંગ્રેજી પ્રૂફ સુધારી આપવામાં મદદ કરતો. કોઈ એક જણનો ન ઊકલે તેવા અક્ષરોવાળો લેખ બતાવવા માટે તે એક થોકડી કાગળો લઈ અંદર દાખલ થયો.

ભૂપતિ હસીને બોલ્યો, "અમલ, તું તારે આષાઢના ચંદ્ર અને ભાદ્રના પાકા તાલ ઉપર તારી ઇચ્છામાં આવે એટલું લખ. એમાં મને જરાય વાંધો નથી, હું કોઇની ય સ્વાધીનતા ઉપર હાથ નાંખવા ઇચ્છતો નથી. પરંતુ મારી સ્વાધીનતા ઉપર યે શું કામ હસ્તક્ષેપ? આ તારી બૌઠાન બધું વંચાવ્યા વિના મને છોડતી નથી. આ તે એનો કેવો અત્યાચાર?"

અમલ હસીને બોલ્યો, "એમ કે બૌઠાન? પણ, મારા લેખો

લઈ તમે દાદા ઉપર જુલમ કરવાનો રસ્તો કાઢયો છે, એની ખબર પડતાં હું લખવાનું સાવ બંધ કરી દઈશ જો."

સાહિત્યરસથી વિમુખ એવા ભૂપતિ પાસે તેના અત્યંત દર્દ-ભરપૂર લખાણો લાવીને એ લેખોનું અપમાન કરવામાં આવ્યું હતું એમ વિચારી અમલ મનમાં તો ચારુ ઉપર ચીડાયો હતો અને ચારુ પણ એ જ વખતે એ સમજી જઇને વેદના પામી હતી. વાત પલટવા માટે તેણે ભૂપતિને કહ્યું, "તમારા ભાઈનાં હવે લગ્ન કરો. પછી લેખનો ઉપદ્રવ સહન કરવો નહિ પડે.",

ભૂપતિ બોલ્યો, "આજકાલના છોકરા કંઈ અમારા જેવા બોટ નથી હોતા. એમના લખવામાં જેટલું કવિત્વ હોય છે, એટલું શાણપણ એમના વર્તનમાં હોય છે. તું પોતે તો તારા દિયરને લગ્ન કરવા માટે રાજી કરી શકી નહિ?"

ચારુના ગયા પછી ભૂપતિએ અમલને કહ્યું, "અમલ, મારે તો આ કાગળોના ગંજમાં રહેવું પડે છે. ચારુ બિચારી એકલી પડે છે. એને કંઈ કામ હોતું નથી. વચ્ચે વચ્ચે મારા આ લખવાના ખંડમાં ડોકિયું કરી ચાલી જાય છે. શું કરવું બોલ? તું અમલ, જો એને કંઈ વાંચવા કરવામાં રોકી રાખે તો સારું થાય. કદીક કદીક ચારુને જો તું અંગ્રેજી કાવ્યોમાંથી ભાષાંતર કરીને સંભળાવે તો ય એને ફાયદો થશે. અને એને સારું યે લાગશે. ચારુને સાહિ-ત્યમાં બહુ રસરુચિ છે."

અમલે કહ્યું, "એ તો છે જ. ભોઠાન જો હજી થોડું વધારે વાંચવા કરવાનું કરે તો મારી ખાત્રી છે કે તેઓ પોતે જ સારું લખતાં થઈ જશે."

ભૂપતિએ હસીને કહ્યું, "એવી બધી તો કંઈ આશા રાખતો નથી. પણ ચારુ બંગાળીમાં શું સારું ને શું ઊતરતું એ મારા કરતાં ઘણું વધારે જાણે છે."

અમલ—એમની કલ્પનાશક્તિ ખૂબ જ છે. સ્ત્રીઓમાં એટલી દેખાતી નથી.

ભૂપતિ—પુરુષોમાં ય ઓછી દેખા દે છે, એનો તો હું સાક્ષી છું. વારુ, તું જો તારી ભોઠાનને સારું લખતી બનાવી શકે તો હું તને ઇનામ આપીશ.

અમલ—શું આપશો, કહો જોઉં ?

ભૂપતિ--તારી ભોઠાકુરનની જોડી ખોળી લાવીશ તારે માટે.

અમલ—અને પછી મારે એને લઇને વાંચવું પડશે! આખી જિંદગી કોકને ને કોકને તૈયાર કરવામાં જ મારે વીતાવવાની ?

બંને ભાઈઓ આજકાલના જુવાનો હતા. કોઇ વાત એમને મોઢે ખંચકાતી ન હતી.

[૪]

વાચકસમૂહમાં હવે અમલ સન્માન પામી ચૂકયો છે. પહેલાં તો એ નિશાળના વિદ્યાર્થીની જેમ રહેતો. હવે તો જાણે સમાજના માનદ મહાશયની જેમ તેની ગણના થાય છે. કદીક કદીક તે સભામાં સાહિત્યપ્રબંધ વાંચતો, તંત્રીઓના દૂતો એને આંગણે આવી બેસી રહેતા, તેને આમંત્રણો આપી જમાડતા, જુદી જુદી સભાઓના સભ્ય અને સભાપતિ થવા માટે તેની પાસે વિનંતીઓ આવતી. ભૂપતિના ઘરમાં તમામ દાસદાસી તથા આત્મીય સ્વજનની આંખે ય તેની પ્રતિષ્ઠા વધી ગઇ છે.

મંદાકિની આજ લગી તો તેને ખાસ કંઈ મહત્વના માણસ તરીકે ગણતી ન હતી. અમલ અને ચારુના હાસ્યાલાપોને તે છોકરમત ગણી, તેની ઉપેક્ષા કરી પાન બનાવતી ઘરના કામકાજમાં ગૂંથાઈ રહેતી. પોતાને તે એ લોકો કરતાં ઊંચી અને દુનિયાદારીની વાતમાં પોતા વિના ન ચાલે એવું માનતી.

અમલ બેસુમાર પાન ખાતો. મંદા ઉપર પાન તૈયાર કરવાનો ભાર હોઈ તે પાનના આ અયોગ્ય વ્યયને કારણે નાખુશ થતી. ચારુને હથિયાર બનાવી મંદાનો પાનનો બધો ભંડાર લૂંટી લાવવામાં અમલને એક પ્રકારનો આનંદ આવતો. પરંતુ આ શોખીલાં બે ચોરોની ચૌર્યકર્મની ગમ્મત મંદાને આનંદ આપી શકતી નહિ.

ખરી વાત તો—એક આશ્રિત બીજા એક આશ્રિતને પ્રસન્ન નેત્રે જોઈ શકતું નથી. અમલને માટે મંદાને જે કાંઈ વધારે ગૃહકર્મ કરવું પડતું, તેટલાં પૂરતું કેમ જાણે તેને અપમાન જેવું લાગતું. ચારુ અમલ માટે પક્ષપાત રાખતી હતી. એટલે તો મોં ખોલીને તે કંઈ બોલી શકતી ય નહિ. પરંતુ અમલને ઉતારી પાડવાનો પ્રયત્ન તે હમેશાં કરતી રહેતી. પ્રસંગ આવતાં દાસદાસીઓ પાસે ય છાનીમાની અમલ ઉપર ટાણાં મારવાનું ચૂકતી નહિ. દાસદાસીઓ પણ એમાં સૂર પૂરાવતાં.

પરંતુ અમલનો જ્યારે અભ્યુત્થાન થયો ત્યારે મંદા ચોંકી ઊઠી. પેલો અમલ રહ્યો નથી, હવે તો એની સંકોચશીલ નમ્રતા બિલકુલ ચાલી ગઈ છે. બીજાની અવજ્ઞા કરવા સુદ્ધાંનો અધિકાર હવે એના હાથમાં છે. સંસારમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી જે પુરુષ નિઃસંશયપણે, અકુંઠિતભાવે પોતાનો પ્રચાર કરી શકે છે, જે માણસે એક પ્રકારનો નિશ્ચિત અધિકાર પ્રાપ્ત કર્યો છે, તે સમર્થ પુરૂષ સહેજે નારીની દૃષ્ટિનું આકર્ષણ કરી જ શકે છે.

મંદાએ જ્યારે જોયું કે અમલ ચારે બાજુથી માન પામે છે ત્યારે તેણે ય અમલના ઉચ્ચ મસ્તક ભણી મોં ઊંચું કરી જોયું.

અમલના તરુણ મુખ ઉપરની ગર્વોજ્જ્વલ દીપ્તિએ મંદાની આંખમાં મોહનાં અંજન આંજ્યાં. તેણે જાણે અમલને નવે જ સ્વરૂપે જોયો.

હવે તો પાનની ચોરી કરવાની જરૂર રહી નહિ. અમલની ખ્યાતિ વધતાં ચારુને આજ એક નુકસાન થયું. તેને હથિયાર બના-

વવામાં જે કૌતુક હતું તે હવે તૂટી ગયું. પાન હવે તો અમલની પાસે પોતે આવી પડતું. કશો અભાવ રહેતો નહિ.

તે ઉપરાંત તેઓ બંને જણ ભેગાં થઇને મંદાકિનીને કુશળતાપૂર્વક દૂર રાખી જે આનંદ મેળવતાં તે ય હવે ખલાસ થવાની તૈયારીઓ થઇ રહી છે. મંદાને દૂર રાખવી મુશ્કેલ બન્યું. અમલ એમ માને કે ચારુ જ તેની એક માત્ર મિત્ર અને કદરદાન છે એ વાત મંદાથી સહેવાતી નહિ. પહેલાંની બધી અવજ્ઞાનો તે વ્યાજ સાથે બદલો લેવા તૈયાર થઈ હતી. એથી કરીને અમલ અને ચારુ ભેગાં થતાં જ મંદા કોઈ ને કોઇ બહાને વચમાં આવી પોતાની છાયા પાથરી 'ગ્રહણ' કરી મૂકતી. એથી તો, મંદાના આ પરિવર્તનની મશ્કરી, તેની ગેરહાજરીમાં કરવાનો અવસર જ ચારુને માટે મુશ્કેલ બની ગયો.

મંદાનો આ અણુઆમંત્ર્યો પ્રવેશ ચારુને જેટલો કંટાળાભર્યો લાગતો તેટલો અમલને લાગતો ન હતો. એ કહેવાની જરૂર જ નથી. પહેલાંની વિમુખ રમણીનું ચિત્ત હવે ધીમે ધીમે અમલ પ્રતિ ફરી રહ્યું છે એથી ચારુ એક પ્રકારની વ્યગ્રતા અનુભવતી.

પરંતુ, ચારુ જ્યારે દૂરથી મંદાને જોઇ તીવ્ર મૃદુ સ્વરે બોલતી, "આ આવી"—ત્યારે અમલ બોલી ઊઠતો, "વાહરે રે! ધ્રુવ્યો આવતી લાગે છે!"

દુનિયાના તમામ માણસો પ્રત્યે અસહિષ્ણુતા વ્યક્ત કરવાનો અમલનો દસ્તુર પડી ગયો હતો, તે એ કેવી રીતે એકાએક છોડી દઇ શકે? આખરે, મંદાકિની છેક પાસે આવતાં અમલ જાણે મહાપ્રયત્ને સૌજન્ય બતાવતો, બોલતો, "ઠીક તો મંદા બૌઠાન, આજે તમારા પાનના દાબડા ઉપર ધાડ પડવાનાં કાંઇ લક્ષણ દેખાયાં?"

મંદા—જ્યારે જોઈએ ત્યારે મળે, પછી ભાઇ, શું કામ ચોરી કરવી પડે?

અમલ—જોઈએ ને મળે એના કરતાં પેલામાં મઝા વધારે.

મંદા—તમે શું વાંચતા હતાં, વાંચો ને ભાઈ, અટકી શું કામ ગયા? મને સાંભળવું બહુ ગમે છે.

આજ પહેલાં તો વાંચવા કે સાંભળવામાં ખ્યાતિ પ્રાપ્ત કરવાનો લેશ માત્ર પ્રયત્ન મંદાએ કર્યો હોય એમ જાણ્યુમાં નથી. પરંતુ कालोहि बलवत्तरः!"

ચારુની જરાય ઇચ્છા ન હતી કે અરસિક મંદાની આગળ અમલ વાંચે. અમલની ઇચ્છા હતી કે મંદા પણ તેનું લખેલું સાંભળે.

ચારુ—અમલે 'કમલાકાન્તના દફતર*'ની સમાલોચના લખી છે, એ તે તને—"

મંદા—છો અમે મૂરખ રહ્યાં. પણ સાંભળ્યા પછી ય કંઈ સમજતાં નહિ હોઈએ?

એ વખતે પાછલા એક દિવસની વાત અમલને યાદ આવી. ચારુ અને મંદા પત્તાં રમતાં હતાં. તે તેનો લેખ હાથમાં લઈને રમત પાસે આવ્યો. ચારુને સંભળાવવા તે અધીરો હતો, પણ રમત પૂરી થતી ન હતી એ જોઈ તે અકળાયો. આખરે બોલી ઊઠ્યો, "તો તમે રમો, બૌઠાન, હું અખિલબાબુને આ વંચાવી આવું!"

ચારુએ અમલની શાલ ખેંચીને કહ્યું, "વાહ! બેસો ને, જાવ છો ક્યાં?" એમ બોલી મોટેથી હસી પડી એણે રમવાનું બંધ કર્યું.

મંદા બોલી. "હવે તમારું વાંચવાનું ચાલશે, નહિ? તો હું જાઉં."

ચારુએ સભ્યતા બતાવી કહ્યું, "કેમ, તમે ય સાંભળો ને ભાઈ!"

મંદા—ના ભાઈ, મારાથી તો તમારું આ ધૂળરાખ કશું સમજાતું નથી. મને તો ઊંઘ આવે છે.

એમ બોલી તે અકાલે રમત ભંગ કરવા માટે બંને ઉપર અત્યંત ખિજાઇને ચાલી ગઈ.

એ જ મંદા આજે કમલાકાન્તની સમાલોચના સાંભળવા ઉત્સુક

* બંકિમચંદ્રની એક કૃતિ

છે! અમલે કહ્યું, "તો તો ઘણું સારું, મંદા બોઠાન, તમે સાંભળશો એ તો મારાં બારે સદ્ભાગ્ય!" એમ બોલી પાનું ફેરવી પહેલેથી વાંચવાની તેણે શરૂઆત કરી. લેખની શરૂઆતમાં જ જે રસ ભર્યો હતો તે છોડી દઈ આગળ વાંચવાની તેને ઇચ્છા ન થઈ.

ચારુ એકદમ બોલી ઉઠી, "ઠાકુરપો, તમે કહ્યું હતું કે જાહેર લાયબ્રેરીમાંથી જૂનાં માસિક પત્રો આણી આપીશ!"

અમલ—આજે નહિ.

ચારુ—આજે જ તો! વાહ, ભૂલી ગયા?

અમલ—ભૂલું શાનો? તમે જ કહ્યું હતું ને—

ચારુ—વારુ, તો ના લાવતા. તમે વાંચો—હું જાઉં, પરેશને લાયબ્રેરીમાં મોકલીશ.

એમ બોલી ચારુ ચાલી ગઈ.

અમલના મનમાં વિપદની આશંકા આવી. મંદા મનમાં મનમાં બધું સમજી ગઈ. તેનું મન તરત જ ચારુ પ્રત્યે ઝેરથી ભરાઈ ગયું. ચારુના ચાલ્યા જતાં અમલ ઊઠવું કે નહિ એની ગડભાંગમાં હતો ત્યારે મંદાએ હસીને કહ્યું, "જાઓ ભાઈ, મનાવો એને—ચારુ ગુસ્સે થઈ છે. મને સંભળાવવા જતાં ઊલટા મુશ્કેલીમાં પડશો!"

આ પછી તો અમલને માટે ઊઠવું છેક જ મુશ્કેલ બની ગયું. અમલ ચારુ ઉપર ચીડ ઠાલવતો બોલ્યો, "શું કામ? મુશ્કેલી શાની?" —એમ બોલી તેણે લેખનાં પાનાં ઉઘાડી વાંચવાની શરૂઆત કરી.

મંદા બંને હાથે તેના લેખને ઢાંકી દઈ બોલી, "જરૂર નથી, ભાઈ, વાંચશો નહિ."

એમ બોલી જાણે આંસુ ખાળવા માટે તે ત્યાંથી બીજે ચાલી ગઈ.

[૫]

ચારુ બહાર ગઈ હતી, મંદા ઘરમાં બેસી વાળ ગૂંથતી હતી. "બોઠાન" બોલતો અમલ ઘરમાં દાખલ થયો. મંદા ચોક્કસ જાણતી હતી કે ચારુના બહાર ગયાની ખબર અમલને હતી જ. એથી

તેણે હસીને કહ્યું, "આહા! અમલબાબુ, શોધવા કોને નીકળ્યા ને મળ્યું કોણ? એવું જ તમારું નસીબ છે ને!"

અમલે જવાબ આપ્યો, "ડાબા હાથનું ય ઘાસ એ, અને જમણા હાથનું ય એ—મધેડાને તો બંને સરખાં." એમ બોલી તે ત્યાં જ બેસી પડયો.

અમલ—મંદા બૌઠાન, તમારા દેશની વાત તો કરો, હું સાંભળું.

લેખો લખવા માટે અમલ સૌની બધી વાતો કુતૂહલપૂર્વક સાંભળતો. એ કારણે તો તે હવે મંદાની પહેલાંની જેમ ઉપેક્ષા કરતો નહિ. મંદાનું માનસ, મંદાનો ઇતિહાસ હવે તો તેની આગળ ઉત્સુકતા જન્માવતો હતો. કયાં એની જન્મભૂમિ, એનું ગામ કેવુંક છે, બાળપણ કેવી રીતે વીતાવ્યું. લગ્ન થયાં કયારે, વગેરે વાતોને શોધી શોધીને પૂછવા લાગ્યો. મંદાના ક્ષુદ્ર જીવનવૃત્તાંત સંબંધી આટલું કુતૂહલ કોઈએ કદી વ્યક્ત કર્યું ન હતું. મંદા આનંદમાં આવી પોતાની વાત બોલ્યે જતી હતી. વચમાં વચમાં બોલતી: "શું બોલું છું? કંઈ ઠેકાણું નથી."

અમલ ઉત્સાહ આપતો બોલતો, "ના ના, મને તો સારું લાગે છે. બોલ્યે જાઓ."

મંદાના બાપને એક કાણો ગુમાસ્તો હતો. તે તેની બીજી સ્ત્રી સાથે કજિયો કરી કોક કોક દિવસ ગુસ્સામાં ને ગુસ્સામાં અનશન વ્રત લેતો. પણ ભૂખનો અગ્નિ પ્રજ્વળતાં મંદાને ત્યાં તે કેવી રીતે છૂપો આવતો અને ખાઈ જતો, પણ દૈવયોગે કેવી રીતે તેની સ્ત્રી આગળ જ પકડાઈ ગયો હતો, એ વાત જ્યારે ચાલતી હતી એવે વખતે ચારુ અંદર દાખલ થઈ.

વાતનો તાંતણો તૂટી ગયો. ચારુ આવતાં જ એકાએક સભા તૂટી પડી. ચારુએ સાફ સાફ એ જોયું પણ ખરું.

અમલે પૂછ્યું, "બૌઠાન, આટલાં વહેલાં પાછાં આવ્યાં કંઈ?"

ચારુએ કહ્યું, "એમ જ લાગે છે. ખૂબ વહેલી પાછી આવી પહોંચી–" એમ બોલી તે જતી રહેવા લાગી.

અમલે કહ્યું, "કેટલું સારું થયું ? હું તો વિચારતો જ હતો, કોણ જાણે ક્યારે પાછાં ફરશો? મન્મથ દત્તની 'સંધ્યાનું પંખી' નામની નવી ચોપડી તમને વાંચી સંભળાવીશ એમ ધારી લાવ્યો છું."

ચારુ—હમણાં રહેવા દો. મારે કામ છે.

અમલ—કામ હોય તો મને ફરમાવો, હું કરી દઉં છું.

ચારૂ જાણતી હતી કે ચોપડી ખરીદી લાવી અમલ તેને સંભળાવવા આવશે. ચારુ ઇર્ષ્યા જન્માવવા ખાતર મન્મથનાં ખૂબ વખાણ કરશે, અને અમલ એ જ પુસ્તકને વિકૃત રીતે વાંચી તેની મશ્કરી કર્યો કરશે. આ બધી કલ્પના કરીને જ તે જ્યાં ગઇ હતી ત્યાંથી સામાન્ય અનુનય વિનયનું ઉલ્લંઘન કરીને 'ઠીક નથી' નું બહાનું કાઢી અધીરાઇપૂર્વક ઘેર ચાલી આવી હતી. હવે એને થયા કરતું હતું કે ત્યાં રહી હોત તો સારું થાત; ચાલી આવી તે અયોગ્ય થયું.

મંદા ય કંઇ ઓછી છે? અમલ સાથે એકલી એક ખંડમાં બેસી દાંત કાઢી કાઢી હસે છે! લોક જુએ તો શું કહે? પણ મંદાને એટલા સારુ ઠપકો આપવો ય ચારુ માટે મુશ્કેલ વાત હતી. કેમકે મંદા જો તેનું જ દૃષ્ટાંત આપી બેસે તો શો જવાબ દેવો? પણ એની વાત ક્યાં, ને આની વાત ક્યાં? એ તો અમલને નવું લખવામાં ઉત્સાહ આપતી, અમલ સાથે સાહિત્યાલોચના કરતી, પણ મંદાને તો કંઈ એવું કારણ નથી. મંદા તો જરૂર એક સરળ યુવકને મોહપાશમાં ફસાવવાની જ જાળ પાથરી રહી હતી! આ ભયંકર વિપદમાંથી બિચારા અમલને બચાવવાનું તેનું જ કર્તવ્ય હતું. અમલને આ માયાવિનીની મતલબ કેવી રીતે સમજાવવી? અને સમજાવવા જતાં તેની પ્રલોભનવૃત્તિ ઓછી થવાને બદલે એથી ઊલટું જ થાય તો?

બિચારા દાદા*! તેના સ્વામીના છાપામાં રાતદિવ મજૂરી કરી

---

* ચારુનો ભાઈ ઉમાપતિ–મંદાનો પતિ.

કરી મરે છે, અને મંદા તો કોણ જાણે ક્યાંક ખૂણે બેસી અમલને બોળવવા માટે મથી રહી છે. દાદા તો નિરાંત રાખી બેઠા છે. મંદા ઉપર એમનો અગાધ વિશ્વાસ છે. આ બધું સગી આંખે જોઈ ચારુ કેવી રીતે સ્વસ્થ રહી શકે? ભયંકર અન્યાય!

પણ પહેલાં તો અમલ સારો હતો. જે દિવસથી લેખન શરૂ કર્યું અને કીર્તિ પ્રાપ્ત કરી ત્યારથી બધો અનર્થ દેખાવા લાગ્યો છે. પણ ચારુ પોતે જ તો તેના આ લેખનના મૂળમાં હતી! કઈ કુક્ષણે તેણે અમલને ઉત્સાહ આપ્યો હતો? હવે શું પહેલાંની જેમ અમલ ઉપર તેનું ચાલવાનું છે? હવે તો અમલે પાંચ આદમીના આદરનો સ્વાદ ચાખ્યો છે. હવે એક ચારુને બાદ કરવામાં એને કંઈ બહુ નુકશાન થવાનું નથી.

ચારુએ સ્પષ્ટ જોયું કે પોતાના હાથમાંથી નીકળી પાંચ જણાના હાથમાં જઈ પડવામાં અમલને માથે ઢગલાબંધ આપત્તિ જોખાઈ રહેલી છે. અમલ હવે ચારુને પોતાની સરખે સરખી તરીકે ગણતો ન હતો; ચારુને તે છોડી ગયો છે. હવે તો એ લેખક હતો, અને ચારુ વાંચક! આનો પ્રતિકાર કરવો જ પડશે.

આહા! સરલ અમલ, માયાવિની મંદા, બિચારા દાદા!

[૬]

એ દિવસે અષાઢના નવા મેઘથી આકાશ આચ્છાદિત હતું. ઘરમાં અંધકાર જામ્યો છે. ચારુ તેની ઉઘાડી બારી પાસે બેસી બિલકુલ ધ્યાનમગ્ન બની કંઇક લખી રહી છે.

અમલ ક્યારે ચૂપચાપ પાછળ આવી ઊભો એની ચારુને ખબર યે પડી નહિ. વાદળના સ્નિગ્ધ પ્રકાશમાં ચારુ લખ્યે ગઈ, અમલ વાંચતો રહ્યો. પાસે જ અમલના બેએક છપાયેલા લેખો ઉઘાડા પડયા છે. ચારુની પાસે એ જ એક લેખનનો આદર્શ છે.

"ગમે તે કરો તોય તમે લખી શકવાનાં નથી." એકાએક

અમલનો કંઠ સાંભળી ચારુ અત્યંત ચમકી ઊઠી. એકદમ નોટ સંતાડી દઈ બોલી, "તમે બહુ ખોટું કર્યું છે."

અમલઃ–શું ખોટું કર્યું છે ?

ચારુઃ–લપાઈછુપાઈને શું કામ વાંચતા હતા ?

અમલઃ–ખુલ્લી રીતે વાંચવા નથી પામતો, એથી.

ચારુ એનું લખેલું ફાડી નાખવા જતી હતી, અમલે એકદમ તેના હાથમાંથી નોટ પડાવી દીધી. ચારુએ કહ્યું. "તમે જો વાંચશો તો તમારી સાથે જીવનભર અણબનાવ થશે."

અમલઃ–તમે જો વાંચતો અટકાવશો તો તમારી સાથે જન્મ-ભરનો અણબનાવ થશે.

ચારુઃ–મારા સમ ઠાકુરપો, વાંચશો નહિ.

આખરે તો ચારુને જ હાર માનવી પડી. કેમકે અમલને પોતાનું લખેલું બતાવવા માટે તો તેનું મન તડફડ કરી રહ્યું હતું. તેમ છતાં, દેખાડવાને વખતે એને આટલી બધી શરમ આવશે, એવો તો તેને ખ્યાલ ન હતો. અમલ જ્યારે પુષ્કળ સમજાવટ પછી વાંચવા લાગ્યો ત્યારે શરમના માર્યા ચારુના હાથપગ બરફના જેવા ઠંડા પડી ગયા. તે બોલી, "હું પાન લઈ આવું." એમ બોલી તે પાસેના ખંડમાં જલદી જલદી ચાલી ગઈ.

અમલે વાંચવાનું પૂરું કરી ચારુ પાસે જઈ કહ્યું, "અદ્ભુત લખ્યું છે."

ચારુ પાનમાં કાથો નાખવો ભૂલી ગઈ. તે બોલી, "જાઓ, એમ મશ્કરી ન કરો. લાવો, મારી નોટ લાવો."

અમલે કહ્યું, "નોટ હમણાં નહિ મળે. આની કૉપી કરી લઈ છાપામાં મોકલી આપીશ."

ચારુઃ–હાસ્તો! છાપામાં ન મોકલશો! એ નહિ બને.

ચારુ ભારે ધાંધલ કરવા લાગી. અમલે પણ વાત છોડી નહિ. તે જ્યારે વારંવાર સમ ખાઈ કહેવા લાગ્યોઃ "છપાવવા જેવું લખાયું

છે." ત્યારે ચારુ જાણે બિલકુલ હતાશ બની બોલી, "તમને તો પહોંચી વળવાની શકયતા જ નથી. તમે તો જે હાથમાં પકડ્યું તે છોડશો જ નહિ!"

સાંભળી ચારુ પાન બનાવવાનું છોડી વેગપૂર્વક ઊભી થઇ ગઇ. નોટ પડાવી લેવાનો પ્રયત્ન કરતી બોલી, "ના, એમને નથી સંભળાવવાનું. એમને જો આની વાત કરશો તો હું કદી એક અક્ષર પણ નહિ લખું."

અમલઃ—ઓઠાન, તમે તદ્દન ખોટું સમજો છો. દાદા મોઢે ભલે તે કહેતા હોય પણ તમારું લખેલું જોઇને ખુશી ખુશી થઇ જશે.

ચારુ—છો થતા. મારે એવી ખુશીની જરૂર નથી.

ચારુ પ્રતિજ્ઞા લઇને બેઠી હતી કે એવું તો લખીશ કે, અમલ આશ્ચર્યચકિત થઇ જાય. મંદા અને એની વચ્ચે બેસુમાર ભેદ છે, એ વાત સાબિત કર્યા વિના રહેશે નહિ. થોડા દિવસથી લખી લખીને તે ફાડી નાખતી હતી. જેવી લખવા બેસે કે તરત જ અમલના જેવું જ બિલકુલ લખાઇ જાય! મેળવી જોતાં જણાય કે કેટલોક ભાગ તો અમલના લખાણમાંથી ઉતાર્યો હોય એવો જ નીકળે! અને એટલોજ ભાગ સારો હોય, બાકીનું બધું જેવુંતેવું એ જોઇને અમલ જરૂર મનમાં મનમાં હસશે, એવી કલ્પના કરીને તો ચારુએ એ બધું લખાણ કટકે કટકા કરીને ફાડી નાખી *પુકુરમાં ફેંકી દીધું હતું. રખે ને એમાંનો એકે ટુકડો પાછો અમલના હાથમાં દૈવયોગે જઇ ચઢે!

પહેલાં એણે લખ્યું હતું. 'શ્રાવણનો મેઘ.' એને તો લાગ્યું હતું કે ભાવાશ્રુજલથી અભિસિંચિત આ લેખન તદ્દન નવા જ પ્રકારનું છે. પણ એકાએક ભાન આવતાં સમજાયું કે અમલના 'આષાઢનો ચંદ્ર'ની આછી પાતળી છાયા જેવું જ તે હતું. અમલે લખ્યું હતું, 'ભાઇ ચંદ્ર' તું મેઘની અંદર ચોરની જેમ સંતાતો ફરે છે શું કામ?' ચારુએ લખ્યું હતું, 'સખી કાદમ્બિની, એકાએક ક્યાંથી નીકળી

* ઘર પાસેની નાની તળાવડી.

આવી તારા નીલ અંચલની અંદર ચંદ્રને ચોરી જઇ પલાયન કરી રહી છો?— વગેરે.

ક્રમે કરતાં અમલનું અનુકરણ દૂર ન કરી શકતાં આખરે ચારુએ વિષય જ આખો ફેરવ્યો. ચંદ્ર, મેઘ, શેફાલી, 'બઉ-કથા-કો' એ બધા વિષયો છોડીને એણે 'કાલીતલા' કરીને લેખ લખ્યો. તેના ગામમાં અંધારા પુકુરની ધારે કાલીનું મંદિર આવેલું હતું. એ મંદિરે તો તેના બાલ્યકાળમાં કલ્પના, ભય, ઔત્સુક્ય જન્માવ્યાં હતાં. એને વિષેની એની સ્મૃતિ વિશેષ પ્રકારની હતી. એ જાગ્રત દેવીના માહાત્મ્ય સંબંધી ગામમાં પ્રાચીન કથા ચિરપ્રચલિત હતી. આ બધું લઇને તેણે એક લેખ લખી નાખ્યો. એની શરૂઆતમાં અમલના લેખની શૈલીની છાયા પડી હોઈ તે કાવ્યાડમ્બર પૂર્ણ બન્યો હતો. પણ જરાક આગળ લખતાં જ તેના લખાણમાં સ્વાભાવિક સરળતા અને* પલ્લીગ્રામની ભાષા-ભંગી, આભાસ ખીલી ઊઠયાં.

આ લેખ અમલે છીનવી લઈ વાંચ્યો. તેને લાગ્યું કે શરૂઆતમાં સારો રસ જળવાઈ રહ્યો હતો, પરંતુ છેવટ સુધી કવિત્વ સચવાયું ન હતું. ગમે તે હો, પણ પ્રથમ વારની લેખિકાને માટે તો તે પ્રથમ પ્રયાસ પ્રશંસનીય હતો.

ચારુ બોલી, "ઠાકુરદા, ચાલો આપણે એક માસિક કાઢીએ. બોલો, શું કહો છો?',

અમલ—પણ રૂપાનાં ચકરડાંનો ઢગલો ન હોય ત્યાં સુધી માસિક શી રીતે ચાલે?

ચારુ—આપણા આ માસિકમાં કશું ખર્ચ નથી. છાપી નહિ શકાય તો હાથે લખીને કાઢશું. એમાં તમારા ને મારા વિના કોઈનું લખાણ નહિ આપીએ અને કોઇને વાંચવા ય આપણે આપવું નહિ! માત્ર બે જ નકલ કાઢશું—એક તમારે માટે, એક મારે માટે.

થોડા દિવસ પહેલાં આવો પ્રસ્તાવ આવ્યો હોત તો અમલ

---

* ગામડાની

મસ્ત બની ઊઠત. પરંતુ હવે ગુપ્તતાનો એનો ઉત્સાહ ચાલ્યો ગયો છે. હવે બીજાઓને લક્ષમાં રાખીને લખ્યા વિના તેને સુખ મળતું નથી. તો પણ પાછલા દિવસનો ડોળ કાયમ રાખવા માટે તેણે ઉત્સાહ દર્શાવ્યો. તે બોલ્યો, "એ તો બારે મજાનું થશે."

ચારુ બોલી, "પણ પ્રતિજ્ઞા કરવી પડશે કે આપણા માસિક સિવાય બીજે ક્યાંય તમારાથી લખી નહિ શકાય."

અમલ—તો તો સંપાદકો મારી જ નાખશે.

ચારુ—અને આપણા હાથમાં કેમ જાણે સામું મારવાનું હથિયાર નહિ હોય?

આમ વાત ચાલી.

બે તંત્રીઓ, બે લેખકો અને બે વાચકો!—એમની કમિટી બેઠી. અમલ બોલ્યો, "માસિકનું નામ પાડશું 'ચારુપાઠ.'"

ચારુ બોલી, "ના, ના, એનું નામ 'અમલા'"

આ નવી વ્યવસ્થામાં ચારુ વચલા કેટલાક દિવસનું દુઃખ ભૂલી ગઈ. તેમના આ માસિકમાં મંદાને પ્રવેશવાનો કોઇ માર્ગ ન હતો, એટલું જ નહિ પણ બહારના લોકોના પ્રવેશનું દ્વાર પણ વસાઈ ગયું હતું!

[૭]

ભૂપતિએ એક દિવસ આવીને કહ્યું, "ચારુ, તું લેખિકા બની જઇશ એવી કોઈ કલ્પનાય પહેલાં તો ન હતી!"

ચારુ ચમકી પડી ઊભી થઇ બોલી, "હું લેખિકા? કોણે કહ્યું તમને? બિલકુલ ખોટી વાત."

ભૂપતિ—મુદ્દામાલ સહિત ગિરફ્તાર! સાબિતી હાથમાં છે. એમ બોલી ભૂપતિએ સારોરુહનો એક અંક બહાર કાઢ્યો. ચારુએ જોયું તો, જે બધું લખાણ તે તેની ગુપ્ત સંપત્તિ માનીને પોતાના હસ્તલિખિત માસિકમાં સંગ્રહી રહી હતી તે બધું જ લેખક-લેખિકાનાં નામ સાથે સરોરુહમાં પ્રસિદ્ધ થઈ ચૂક્યું હતું!

કોઈ જાણે તેના પાળેલા, મહાઆરતપૂર્વક પોષેલા પંખીઓને પીંજરામાંથી ઉડાડી મૂક્યાં ન હોય એવું એને લાગ્યું. ભૂપતિની પાસે પકડાઇ જવાની શરમ વીસરી જઈને વિશ્વાસઘાતી અમલ ઉપર તેના મનમાં ભારે રોષ પ્રકટ્યો.

"અને આ તો જો, જોઉં." કહી ભૂપતિએ વિશ્વબંધુ છાપું ઉઘાડી તેની સામે ધર્યું. એમાં 'આધુનિક બંગાળી સાહિત્યનું વલણ' નામક નિબંધ પ્રસિદ્ધ થયેલો હતો.

ચારુએ હાથ વડે એ હડસેલી દેતાં કહ્યું, "આ વાંચીને હું શું કરું?" એ વખતે અમલ ઉપરની રીસને કારણે તે બીજા કશામાં ધ્યાન પરોવી શકતી ન હતી.

ભૂપતિએ મોરેથી કહ્યું, "એક વાર વાંચી તો જો."

ચારુ ઉપર ઉપરથી આંખ ફેરવી ગઈ. કેટલાક આધુનિક લેખકોના ભાવાડંબરપૂર્ણ ગદ્યની સખત ટીકા કરતો એક કાતિલ નિબંધ લખેલો હતો. તેમાં અમલ અને મન્મથ દત્તનાં લખાણોની સમાલોચકે ભારે ઠેકડી કરી હતી, અને તેની જ સાથે એક નવીન લેખિકા શ્રીમતી ચારુબાલાની ભાષાની અકૃત્રિમ સરલતા, અનાત્રાસ રસસભરતા અને ચિત્રાલેખનની નિપૂણતાની સરખામણી કરી ભારે પ્રશંસા કરી હતી. વળી લખ્યું હતું કે, આવી શૈલીનું અનુકરણ કરી સફળતા પ્રાપ્ત કરવામાં જ અમલ વગેરેનો ઉદ્ધાર રહેલો છે; નહિ તો એ લોકો બિલકુલ નિષ્ફળ જવાના છે, એ વિષે કશો સંશય નથી!

ભૂપતિએ હસીને કહ્યું, "આનું જ નામ ગુરુ કરતાં ચેલો સવાયો!"

ચારુ તેની આ પ્રશંસાથી આનંદ પામી રહી હતી. તેમ છતાં વચમાં વચમાં દુઃખી પણ થવા લાગી. તેનું મન કેમે કર્યું ખુશ થઈ શક્યું નહિ. પ્રશંસાનું લોભનીય સુધાપાત્ર હોઠ સુધી આવતાં જ તે પાછું ઠેલવા લાગી! તેને લાગ્યું કે, તેનું લખાણ પ્રસિદ્ધ કરીને

અમલે તેને એકદમ ચોંકાવવાને સંકલ્પ કર્યો હતો.

આખરે, છપાઈ ગયા પછી એણે એવું નક્કી કર્યું હોવું જોઇએ કે, કોઈ એક પત્રમાં પ્રશંસાપૂર્ણ સમાલોચના પ્રસિદ્ધ થતાં, બંને એકસામટાં બતાવીને ચારુની રોષશાંતિ અને તેના ઉત્સાહનું રક્ષણ કરી શકાશે. પણ જ્યારે પ્રશંસા પણ પ્રસિદ્ધ થઈ ચૂકી ત્યારે અમલ શું કામ મમતાપૂર્વક તેને બતાવવા આવ્યો નહિ? કેમકે આ સમાલોચનાથી અમલ આઘાત પામ્યો હતો, અને ચારુને બતાવવા ઇચ્છતો ન હતો; અને એટલા જ માટે તેણે આ પાત્ર આખું સંતાડી રાખ્યું હતું.

ચારુએ આરામને ખાતર અત્યંત ગુપ્ત રીતે જે એક ક્ષુદ્ર સાહિત્યનો માળો બાંધ્યો હતો, તેના ઉપર એકાએક પ્રશંસા રૂપી પત્થરનો વરસાદ વરસતાં એક મોટી શિલાએ તેને હલાવી નાખવાનો પ્રયત્ન કર્યો હતો, ચારુને એ બિલકુલ જ ગમ્યું નહિ.

ભૂપતિ ચાલ્યો જતાં ચારુ તેના સૂવાના ખંડના ખાટલામાં જ મૂંગી મૂંગી બેસી રહી. સામે સરોરુહ અને વિશ્વબંધુ ઉઘાડાં પડેલાં હતાં.

હાથમાં નોટ લઈ અમલ ચારુને ચકિત કરી નાખવા માટે નીરવ પગલે અંદર આવ્યો. પાસે આવી જોયું તો, વિશ્વબંધુની સમાલોચના કાઢીને ચારુ નિમગ્ન ચિત્તે બેઠી છે!

ફરી નીરવ પદે અમલ બહાર ચાલ્યો ગયો. 'મારી ટીકા અને ચારુના લખાણની પ્રશંસા કરેલી હોઈ આનંદમાં ને આનંદમાં ચારુ ચૈતન્ય ગુમાવી બેઠી છે.' એમ માની ક્ષણવાર તેનું આખું ચિત્ત જાણે કડવું બની ગયું. ચારુ મૂર્ખ માણસની સમાલોચના વાંચી પોતાને ગુરુ કરતાં સવાઈ ગણી બેઠી છે, એમ ચોક્કસ માની લઇ અમલ ચારુ ઉપર ખૂબ ચીડાયો. ચારુને માટે તો એ પત્રને ફાડી ટુકડે ટુકડા કરી અગ્નિમાં હોમી દેવાનું જ યોગ્ય હતું!

ચારુ ઉપર ગુસ્સે થઈ અમલ મંદાના ખંડના બારણા પાસે આવી બોલ્યો, "બૌઠાન!"

મંદા—આવો, ભાઈ આવો. માગ્યા વિના આજે તો દર્શન થયાં! આજે મારું સદ્ભાગ્ય!

અમલ—મેં થોડુંક નવું લખ્યું છે, સાંભળશો?

મંદા—કંઈ કેટલાક દિવસ થયાં સંભાળાવીશ સંભળાવીશ કહી આશા આપી રાખી છે પણ સંભળાવતા તો છો નહિ। કંઈ જરૂર નથી ભાઈ, વળી કોણ કઈ દિશામાં મોં ચઢાવીને બેસશે ને તમે વિપદમાં પડશો......મારે તો શું?

અમલ જરા તીવ્ર સ્વરે બોલ્યો, "મોં ચઢાવી કોણ બેસશે? શું કામ મોં ચઢાવે? ઠીક. એ તો જોયું જશે. તમે હમણાં સાંભળો તો ખરાં!"

મંદા જાણે ખૂબ મમતાપૂર્વક એકદમ તૈયાર બની બેઠી. અમલે મોટો અવાજ કાઢી સમારંભમાં વાંચતો હોય તેમ વાંચવા માંડ્યું.

અમલનું આ લખાણ મંદાને માટે તદ્દન પરદેશી જ હતું. એને તેમાં ક્યાંય કશી સમજ પડતી ન હતી. એથી આખા મોં ઉપર આનંદપૂર્ણ હાસ્ય લાવી અતિશય આતુરતાપૂર્વક તે સાંભળવા લાગી. ઉત્સાહમાં અમલનો કંઠ ઉત્તરોત્તર ઊંચો જવા લાગ્યો.

તે વાંચતો હતો: "અભિમન્યુ જેમ ગર્ભવાસમાં કેવળ વ્યૂહ-પ્રવેશ કરતાં શીખ્યો હતો, વ્યૂહમાંથી બહાર નીકળવાનું શીખ્યો ન હતો. નદીનો સ્રોત એ જ રીતે ગિરિગુફાના પાષાણ જઠરમાં રહીને કેવળ સામે જ ચાલવાનું શીખ્યો હતો, પાછળ ફરવાનું નહિ. હાય નદીના સ્રોત! હાય યૌવન, હાય કાલ, હાય સંસાર, તમે કેવળ આગળ જ જઈ શકો છો. જે રસ્તે સ્મૃતિના સુવર્ણમંડિત પથ્થરોને છોડીને આવ્યાં છો, એ માર્ગે ફરી કદી પાછાં જતાં નથી! માણસનું મન જ કેવળ પાછળ જાય છે, અનન્ત જગત-સંસાર તે ભણી દૃષ્ટિ પણ કરતો નથી!"

એવે વખતે મંદાના બારણા આગળ એક છાયા પડી. તે છાયા મંદા જોઈ શકી. પણ જાણે દેખી જ ન હોય એમ ડોળ કરી અનિમેષ દ્રષ્ટિએ અમલના મુખ ભણી જોઇ રહી—એકાગ્રમનસ્ક બની સાંભળી રહી.

છાયા એ વખતે તો સરકી ગઈ.

ચારુ રાહ જોઈ રહી હતી. અમલ આવતાં જ તેની સામે વિશ્વબંધુ પત્રનો યથોચિત તિરસ્કાર કરશે અને પ્રતિજ્ઞાભંગ કરી તેનું લખાણ માસિકમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે તે માટે અમલને તે લેવડાવશે.

અમલનો આવવાનો સમય વીતી જવા આવ્યો, તો ય તે દેખાયો નહિ. ચારૂએ એક લખાણ તૈયાર કરી રાખ્યું હતું. અમલને સંભળાવવાની ઇચ્છા હતી; એ ય હજી એમને એમ પડ્યું છે!

એવામાં ક્યાંકથી અમલનો કંઠસ્વર સંભળાયો. અને એ ય મંદાના ખંડમાં! શરવિદ્ધની જેમ તે ઊભી થઈ ગઇ, અમલ જે લેખ મંદાને સંભળાવતો હતો તે તો હજી તેણે સાંભળ્યો ન હતો! અમલ વાંચતો હતો—'માણસનું મન જ કેવળ પાછળ જાય છે. અનંત જગતસંસાર તે ભણી દ્રષ્ટિ પણ કરતો નથી!'

ચારુ જેટલી ચૂપચાપ આવી હતી, તેટલી ચૂપચાપ ચાલી જઇ શકી નહિ. આજે જ ઉપરાઉપરી બે ત્રણ આઘાતોએ તેને બિલકુલ ધૈર્યચ્યુત બનાવી દીધી હતી. મંદા એક અક્ષર પણ સમજતી નથી અને અમલ બિલકુલ મૂઢની જેમ તેને વાંચી સંભળાવી તૃપ્તિ મેળવી રહ્યો છે. એ વાત ચિત્કાર કરીને બોલી નાખવાની તેને ઇચ્છા થઇ આવી. પરંતુ બોલ્યા વિના પદશબ્દ વડે ક્રોધ વ્યક્ત કરતી તે ચાલી ગઈ. શયનગૃહમાં પ્રવેશ કરીને ચારૂએ અવાજ કરીને બારણું બંધ કર્યું.

અમલે ક્ષણ વાર વાંચવાનું રોક્યું. મંદાએ હસીને ચારૂના આગમનનો ઈશારો કર્યો. અમલ મનમાં મનમાં બોલ્યો, ભોઠાનનું એ તે કેવું દૌરાત્મ્ય! એમણે તે શું એમ નક્કી કરી રાખ્યું હતું કે હું

એમનો ગુલામ છું ? એમના સિવાય બીજા કોઈને વાંચી પણ ન સંભળાવી શકું ? આ તો ભયંકર જુલમ કહેવાય. એમ વિચારી તે વળી વધારે મોટેથી મંદાને વાંચી સંભળાવવા લાગ્યો.

વાંચવાનું પૂરું થતાં ચારુના ખંડની સામે થઈ તે બહાર ચાલ્યો ગયો. એક વાર નજર કરી તો બારણાં બંધ હતાં,

ચારુ પગના અવાજ ઉપરથી સમજી કે અમલ તેના ખંડની પાસે થઇને જ જઈ રહ્યો હતો. ક્રોધ અને ક્ષોભને કારણે તેની આંખમાં આંસુ ન આવ્યાં. તેણે પોતાની નવી લખેલી નોટ બહાર કાઢી તેનું પાને પાનું ટુકડે ટુકડા કરી નાખી હમલો કર્યો. હાય ! કેવી કુક્ષણે એ બધા લેખનનો આરંભ થયો હતો !

[૮]

સંધ્યા સમયે વરંડાના ટબમાંથી જૂઇની સુગંધ આવતી હતી. વિખરાયેલા વાદળામાંથી સ્નિગ્ધ આકાશમાં તારા દેખાતા હતા. આજે ચારુએ અંબોડો વાળ્યો નથી. કપડાં બદલ્યાં નથી. બારી પાસે અંધારામાં બેસી રહી છે. હળવા વાયુમાં ધીમે ધીમે તેના ખુલ્લા વાળ ઊડી રહ્યા છે, અને તેની આંખમાંથી શાથી ઝરઝર આંસુ વહી રહ્યાં છે, તે તે પોતે ય સમજી શકતી નથી.

એવે સમયે ભૂપતિ અંદર દાખલ થયો. તેનું મોં અતિશય મ્લાન અને હૃદયભારથી લદાએલું હતું. ભૂપતિનો આવવાનો સમય આ ન હતો. છાપાં માટે લખી કરીને પ્રૂફ વગેરે જોઇને અંતઃપુરમાં આવતાં મોટે ભાગે એને મોડું થતું. આજે સંધ્યા પછી તરત જ જાણે કોઈક સાંત્વનની આશામાં ચારુ પાસે આવ્યો હતો.

ખંડમાં દીવો બળતો ન હતો. ઉઘાડી બારીના ક્ષીણ પ્રકાશમાં ભૂપતિ ચારુને બારી પાસે અસ્પષ્ટ જોઈ શક્યો. ધીમે ધીમે પાછળ આવી તે ઊભો રહ્યો. પગનો અવાજ સાંભળવા છતાંય ચારુએ મોં ન ફેરવ્યું. મૂર્તિની જેમ જડસડ બની બેસી રહી.

ભૂપતિએ જરા આશ્ચર્ય પામી પૂછ્યું, "ચારુ !"

ભૂપતિના અવાજથી આશ્ચર્ય પામી તે એકદમ ઉભી થઇ ગઇ. ભૂપતિ આવ્યો હતો એવો એને ખ્યાલ ન હતો. ભૂપતિએ ચારુના માથાના વાળમાં આંગળી ફેરવતાં ફેરવતાં સ્નેહાર્દ્ર કંઠે પૂછ્યું, "કેમ અંધારામાં એકલી બેસી રહી છે, ચારુ ? મંદા કયાં ગઇ ?"

ચારુએ જે આશા રાખી હતી એમાંનું કશું જ આજે ન બનવા પામ્યું. તેણે નિશ્ચય કર્યો હતો કે અમલ આવતાં તે તેની પાસે ક્ષમા માગશે—એને માટે તૈયાર બનીને તે અમલની રાહ પણ જોઇ રહી હતી. એવામાં ભૂપતિના અણુધાર્યા કંઠસ્વરથી તે એકદમ પોતાનું આત્મસંવરણ કરી શકી નહિ. એકાએક તે રડી પડી.

ભૂપતિ વ્યગ્ર બની, વ્યથિત બની પૂછવા લાગ્યો, ' ચારુ ! શું થયું છે, ચારુ ?"

શું થયું છે એ કહેવું મુશ્કેલ હતું. એવું થયું પણ શું હતું ? ખાસ તો કંઇ થયું નથી. અમલે પોતાનું નવું લખાણ પહેલાં તેને સંભળાવવાને બદલે મંદાને સંભળાવ્યું હતું, એના ઉપર તે ભૂપતિ આગળ શી ફરિયાદ કરે ? સાંભળતાં ભૂપતિને હસવું નહિ આવે ! આ તુચ્છ બનાવમાં ફરિયાદનો મુખ્ય વિષય તો બીજે જ કયાંક છુપાઇ રહેલો છે એ શોધી કાઢવું ચારુને માટે અશકય હતું. અકારણ તે શું કામ આટલી બધી દુઃખી થાય છે, તેય તે પૂરેપૂરી ન સમજી શકવાને કારણે તેની વ્યથા વળી ઓર વધવા લાગી.

ભૂપતિ—બોલ ને ચારુ, તને શું થયું છે ? મેં શું તારા ઉપર કંઇ અન્યાય કર્યો છે ? તું તો જાણે છે, કામની ઝંઝટમાં હું કેટલો બધો રોકાયેલો રહું છું; જો તારા મન ઉપર એથી કંઇ લાગી આવ્યું હોય તો મેં જાણી જોઇને નથી કર્યું.

ભૂપતિ એવા વિષય વિષે પ્રશ્ન કરતો હતો કે જેનો તલમાત્ર જવાબ આપવાનો ન હતો. એથી તો ચારુ અંદર અંદર ખૂબ અધીર બની ઊઠી. એને થયું કે ભૂપતિ હમણાં તેને છૂટી મૂકી જાય તો સારૂં.

કશો જવાબ ન મળતાં ભૂપતિએ બીજી વાર ફરીથી સ્નેહસિક્ત

સ્વરે કહ્યું, "હું હંમેશાં તો તારી પાસે આવી શકતો નથી, ચારુ; પણ હવે હું એ ભૂલ નહિ કરૂં. હવેથી રાતદા'ડો છાપું લઈને નહિ બેસું–તું જેટલો વખત મને ઇચ્છશે એટલો વખત હું તારી પાસે હોઇશ."

ચારુ અધીરાઈપૂર્વક બોલી, "એવું કશું નથી."

ભૂપતિએ પૂછ્યું, "તો શાને માટે?" એમ બોલી ખાટલા ઉપર બેઠો.

ચારુ કંટાળો વ્યક્ત કર્યા વિના રહી ન શકી. તે બોલી, "એ વાત છોડો. રાતે કહીશ."

ભૂપતિ ક્ષણ વાર સ્તબ્ધ રહી બોલ્યો. "વારૂ, હમણાં જવા દે." એમ બોલી આસ્તે આસ્તે તે બહાર ચાલ્યો ગયો. એને પોતાને જ વાત કરવાની હતી, તે તો કરી જ ન શક્યો!

ભૂપતિ એક પ્રકારનો ક્ષોભ પામી ગયો હતો, એ ચારુના ધ્યાન બહાર ન હતું. મનમાં તો થયું કે એક વાર જઇને પાછો બોલાવું. પણ બોલાવીને કહીશ યે શું? પશ્ચાત્તાપથી તે બળવા લાગી. પણ કશો રસ્તો ય સૂઝ્યો નહિ.

રાત પડી. ચારુએ આજે વિશેષ મમતાપૂર્વક ભૂપતિનું રાતનું જમણ તૈયાર કર્યું અને જાતે હાથમાં પંખો લઈ બેસી રહી.

એવે વખતે મંદા મોટેથી બૂમ મારી રહી હતી—વ્રજ! વ્રજ! વ્રજે સામો જવાબ આપતાં તેણે પૂછ્યું કે અમલબાબુનું જમવાનું પત્યું હતું કે નહિ? વ્રજે જવાબ આપ્યો, 'પતી ગયું છે.' મંદા બોલી, 'ખાવાનું તો પતી ગયું પણ હજી પાન લઈને ગયો નથી કે?" —મંદા વ્રજ ઉપર ભારે તિરસ્કાર કરવા લાગી.

એવે વખતે ભૂપતિ અંતઃપુરમાં આવી જમવા માટે બેઠા. ચારુ પંખો નાખવા લાગી.

ચારુએ આજે પ્રતિજ્ઞા કરી હતી કે પોતે ભૂપતિ સાથે પ્રફુલ્લ સ્નિગ્ધભાવે વાત કરશે. વાત કેવી રીતે થશે વગેરે વિચારી તૈયારી

કરીને બેઠી હતી. પરંતુ મંદાના કંઠસ્વરે તેની બધી તૈયારીના ચૂરા કરી નાખ્યા. આહાર સમયે તે ભૂપતિ સાથે બિલકુલ જ વાત કરી શકી નહિ. ભૂપતિ પણ અતિશય વિચારનિમગ્ન અન્યમનસ્ક હતો. તેણે બરાબર ખાધું પણ નહિ. ચારુએ વચમાં એકાદ વાર પૂછ્યું, "કંઈ ખાતા નથી, બરાબર?"

ભૂપતિએ સામો જવાબ આપ્યો: "ક્યાં? ઓછું તો નથી ખાધું?"

શયનગૃહમાં ભેગાં થતાં ભૂપતિએ પૂછ્યું, "રાતે તેં શું કહેવાનું ધાર્યું હતું?"

ચારુ બોલી, "જુઓ, થોડા દિવસ થયા મંદાનું વર્તન મને સારૂં લાગતું નથી. એને અહીં રાખવાની હવે મારી હિંમત નથી."

ભૂપતિ—કેમ, શું કર્યું છે?

ચારુ—અમલ સાથે એ એવી રીતે વર્તે છે કે જોતાં શરમ જ આવે.

ભૂપતિ હસી પડી બોલ્યો, "અરે, તું તો પાગલ બની ગઇ લાગે છે! અમલ તો બાળક છે! ગઈ કાલનું છોરૂં —"

ચારુ—તમે તો ઘરની કશી ખબર રાખતા નથી. કેવળ બહારની ખબરો જ ભેગી કરો છો. ગમે તે હોય, હું તો બિચારા દાદાનો વિચાર કરી મરૂં છું. એમણે ક્યારે ખાધું, ક્યારે ન ખાધું, મંદા એની કશી ખબર યે રાખતી નથી. એમ છતાં અમલના પાનમાં ચૂનો ન હોય તો ચાકરબાકર સાથે કજિયો કરી કંઇનું કંઇ કરી મૂકે છે!

ભૂપતિ—તમે સ્ત્રીઓ તો જબરી શંકાખોર હો છો, એટલું કહેવું પડશે.

ચારુ ક્રોધ કરી બોલી, "ભલે અમે શંકાખોર! પણ ઘરમાં આ બધું ઘેલાપણું હું ચાલવા દેવાની નથી, એ કહી રાખું છું."

ચારુની તમામ પાયા વિનાની આશંકા ઉપર ભૂપતિને મનમાં મનમાં હસવું આવ્યું. સાથે સાથે તે આનંદ પણ પામ્યો. ઘર જેને કારણે પવિત્ર રહે છે, તે દામ્પત્યધર્મમાં અનુમાનજન્ય કાલ્પનિક કલંક

પણ લેશમાત્ર પ્રવેશ ન પામે એને માટે સાધ્વી સ્ત્રીએ જે પારાવાર સાવધાનતા રાખવી જોઈએ, તેમાં એક પ્રકારનું માધુર્ય અને મહત્ત્વ રહેલું છે.

ભૂપતિએ પ્રેમ અને ભક્તિપૂર્વક ચારુના લલાટ ઉપર ચુંબન કરી કહ્યું, "એને માટે આટલી બધી ધાંધલ કરવાની જરૂર નથી. ઉમાપદ માયમનસિંગમાં પ્રેકટીસ કરવા જાય છે. મંદાને પણ સાથે લઈ જશે."

આખરે પોતાની દુશ્ચિંતા અને બધી અરૂચિકર ચર્ચા દૂર કરવા માટે ભૂપતિએ ટેબલ ઉપરથી એક નોટ હાથમાં લેતાં કહ્યું, "તારૂં લખેલું તો મને સંભળાવ ચારુ!"

ચારુએ નોટ પડાવી લેતાં કહ્યું, "એ તમને નહિ ગમે. તમે મશ્કરી કરશો."

ભૂપતિને આ શબ્દોથી દુઃખ થયું. પણ તે છુપાવી દઈ હસીને બોલ્યો, "વારૂ, હું મશ્કરી નહિ કરૂં. એવો તો સૂનમૂન થઇ સાંભળીશ કે તને એમ જ લાગે કે જાણે હું ઊંઘી ગયો છું!"

પરંતુ ભૂપતિને એ અધિકાર પ્રાપ્ત ન થયો. જોતજોતામાં નોટ અનેક આવરણઆચ્છાદનોમાં ક્યાંક અદ્રશ્ય થઈ ગઇ!

[૯]

બધી વાત ભૂપતિ ચારુને કહી શકે એમ ન હતું. ઉમાપદ ભૂપતિના છાપાનો મેનેજર હતો. લવાજમ ઉઘરાવવું, છાપખાનાનું તથા બજારનું લેણુંદેણું કરવું, નોકરોને પગારો આપવા, વગેરે બધું કામ ઉમાપદ ઉપરજ હતું.

એક દિવસ એકાએક કાગળવાળા તરફથી વકીલની નોટિસ આવતાં ભૂપતિ આશ્ચર્ય પામ્યો. ભૂપતિ પાસે તેના ૨૧૦૦ રૂપીઆ બાકી નીકળતા હતા! ભૂપતિએ ઉમાપદને બોલાવી પૂછ્યું, "આ શું છે! આ પૈસા તો મેં તમને આપ્યા છે. કાગળવાળાના ચાર–

પાંચસોથી વધુ તો નીકળતા નથી. "

ઉમાપદે કહ્યું, "એ તો એ લોકોની ભૂલ લાગે છે."

પણ વાત વધુ છૂપી રહી નહિ. થોડાક સમય થયાં ઉમાપદ આમ છેતરતો રહ્યો હતો. માત્ર કાગળવાળાના સંબંધમાં જ નહિ, ભૂપતિના નામે ઉમાપદે બજારમાં અનેક દેવાં કર્યાં હતાં. ગામમાં જે ઘર તે ચણાવી રહ્યો હતો, તેનો કેટલોક સરસામાન પણ તેણે ભૂપતિને નામે જ લખાવ્યો હતો અને છાપાના પૈસામાંથી બીજો ઘણો તો ખરીદ્યો હતો.

જ્યારે બધું પૂરેપૂરું પકડાઇ ગયું, ત્યારે તેણે રૂક્ષ સ્વરે કહ્યું, "હું તો કંઇ દેવાળિઓ થઇ નથી ગયો ! નોકરી કરીને ધીમે ધીમે બધું વાળી આપીશ. તમારું પા પૈસાનું ય દેવું બાકી રહે તો મારું નામ ઉમાપદ નહિ."

તેનું નામ બદલાય કે રહે એ વાતથી ભૂપતિને કંઇ સાંત્વન મળે એમ ન હતું. પૈસાની ખોટ આવી એથી ય તે કંઇ ડઘાઇ જાય એમ ન હતો. પરંતુ આ વિશ્વાસઘાતકતાને કારણે તે જાણે ઘમ દઇને શૂન્યમાં તૂટી પડયો હોય એમ એને લાગ્યું.

પેલે દિવસે અકાળે અંતઃપુરમાં ગયો હતો. દુનિયામાં એક તો સંપૂર્ણ વિશ્વાસનું સ્થાન છે એનો ક્ષણવાર પણ અનુભવ કરવા માટે તેનું હૃદય આકુળ બની રહ્યું હતું. એ વખતે ચારુ પોતાના દુઃખમાં સંધ્યાદીપ હોલવીને બારીની પાસે અંધારામાં બેસી રહી હતી !

ઉમાપદે બીજે જ દિવસે માયમનસિંગ જવાની તૈયારી કરી લીધી. બજારના લેણદારોને ખબર પડે તે પહેલાં જ તે પલાયન કરી જવા ઇચ્છતો હતો. ભૂપતિએ ઘૃણાપૂર્વક ઉમાપદ સાથે કશી વાત કરી નહિ. ભૂપતિની એ મૌનાવસ્થાને ઉમાપદે સૌભાગ્ય માની લીધું.

અમલે આવીને પૂછ્યું, 'મંદા બોઠાન, આ શું ? સરસામાન બાંધવા માંડયો કંઇ ?"

મંદા—તે ભાઇ, જવું તો પડે જ ને! સદાય કંઇ રહેવાય છે?

અમલ—ક્યાં જાવ છો?

મંદા—દેશમાં.

અમલ—શાથી? અહીં અગવડ શી પડી?

મંદા—અગવડ તો મારે શી હોય? તમ પાંચ જણની સાથે હતી. સુખી જ હતી. પણ બીજાને અગવડ થાય એનું શું?—એમ બોલી તેણે ચારુના ખંડ તરફ નેત્રથી કટાક્ષ કર્યો.

અમલ ગંભીર બની જઇ મૂગો રહ્યો. મંદા બોલી: "છિઃ છિ કેવું શરમભર્યું! *બાબુએ તો શું નું શું માન્યું હશે!"

અમલે એ સંબંધી વધુ વાતચીત ન કરી. એણે એટલું નક્કી માન્યું કે ચારૂએ તેમને વિષે દાદા આગળ એવું કંઇક કહ્યું હશે જે બોલવા જેવું નહિ હોય.

અમલ ઘરમાંથી બહાર નીકળી રસ્તા ઉપર ફરવા લાગ્યો. એને તો થઇ આવ્યું કે, આ ઘેર કદી પાછો ન આવું. દાદા જો બોઠાનની વાત માની લઇને તેને અપરાધી માની બેઠા હોય, તો મંદા જે માર્ગે ગઇ છે, તે જ માર્ગે તેણે જવું રહ્યું. મંદાને વિદાય, એનો અર્થ અમલ પર દેશવટાનો હુકમ!—માત્ર મોંએ ચઢીને કહ્યો નહિ, એટલું જ! તો પછી કર્તવ્ય સાવ સ્પષ્ટ છે—એક ક્ષણ પણ અહીં રહેવું હરામ છે.

પણ દાદા તેને વિષે મનમાં મનમાં ય અયોગ્ય ધારણા રાખે, પોષે એય ન પાલવી શકે. આટલા દિવસ લગી તેમણે અખંડ વિશ્વાસપૂર્વક તેને આ ઘરમાં સ્થાન આપ્યું હતું, એ વિશ્વાસ ઉપર અમલ કદી પણ ઘા કરે એમ નથી, એ વાત દાદાને સમજાવ્યા વિના તે કેવી રીતે જઇ યે શકે?

* શેઠ—ભૂપતિએ.

ભૂપતિ એ વખતે આત્મીય સંબંધની કૃતઘ્નતા, લેણદારોની દોડાદોડ, આડાઅવળા હિસાબો અને ખાલી તિજોરી લઈને માથે હાથ દઈ ચિંતામાં બેઠો હતો. તેના આ શુષ્ક મનોદુઃખનું કોઈ સાથી નહોતું! ચિત્તવેદના અને દેવું માથે લઈ એકલો ઊભો યુદ્ધ કરવા માટે ભૂપતિ તૈયાર થઈ રહ્યો હતો.

એવે સમયે અમલ ઝંઝાવાતની જેમ ખંડમાં દાખલ થયો. ભૂપતિએ પોતાની અગાધ ચિંતામાંથી એકદમ ચોંકી ઊઠી જોયું. બોલ્યો, "શી ખબર છે, અમલ?"

એકાએક એને એમ જ લાગી ગયું હતું કે અમલ કંઈક વધારે અશુભ સમાચાર લઈને આવ્યો હતો.

અમલે પૂછ્યું, "દાદા, મારી ઉપર શું તમારે કંઈ સંદેહ લાવવાનું કારણ મળ્યું છે?"

ભૂપતિએ આશ્ચર્ય પામી કહ્યું, "તારા ઉપર સંદેહ?" અને મનમાં મનમાં વિચાર કર્યો–દુનિયા જે રીતે જોઉં છું તે મુજબ તો કોક દહાડો અમલ ઉપર યે સંદેહ કરવાનું થાય તો આશ્ચર્ય નહિ.

અમલ—બોઠાને શું મારા ચરિત્ર સંબંધી તમારી પાસે દોષારોપણ કર્યું છે?

ભૂપતિએ વિચાર્યું: 'ઉહ! એ જ વાત! ઠીક થયું. પ્રેમનો ગર્વ!' એણે તો એમ માની લીધું હતું કે એક સર્વનાશની ઉપર વળી બીજો તેથી મોટો સર્વનાશ બનવા પામ્યો હતો. ગમે તેમ પણ, ભારે સંકટને સમયે પણ આ બધી તુચ્છ વાતો પણ સાંભળવી પડે છે. દુનિયા એક બાજુથી વાંસનો પૂલ હલાવે છે ને બીજી બાજુથી, એ જ પૂલ ઉપરથી ઘાસભાજીના ભારા સામે પાર લઈ જવાની પેરવી કરવાનું ચૂકતી પણ નથી!

બીજો કોઈ સમય હોત તો ભૂપતિ અમલની મશ્કરી કરી ઉડાવત; પરંતુ આજે તેની એ પ્રફુલ્લતા ચાલી ગઈ હતી. તે બોલ્યો, "ગાંડો થયો છે કે શું?"

અમલે વળી પ્રશ્ન કર્યો, "બૌઠાને કંઈ કહ્યું નથી?"

ભૂપતિ—તારા ઉપર પ્રેમ રાખે છે એ કારણે કંઈ બોલી હોય તો એથી ગુસ્સે થવાનું કંઈ કારણ નથી.

અમલ—નોકરીધંધા માટે મારે ક્યાંક બીજે જવું ઠીક છે.

ભૂપતિ ધમકાવતો હોય તેમ બોલ્યો: "અમલ, તું કેવી છોકરમત કરી રહ્યો છે? તને કંઈ ભાન નથી. હમણાં તો ભણવા-કરવાનું કર. નોકરી પછી થશે."

અમલ વિચારમગ્ન મુખે ચાલ્યો ગયો.

ભૂપતિ તેના છાપાના ગ્રાહકોના લવાજમની યાદી લઈ ત્રણ વરસનો જમાખર્ચનો હિસાબ મેળવવા લાગી ગયો.

[૧૦]

અમલે નક્કી કર્યું કે બૌઠાન સાથે મુકાબલો કરવો જ પડશે. આ વાતની ચોખવટ કર્યા વિના ચાલશે નહિ. બૌઠાનને તે કેવી કેવી સંભળાવશે તેનો વિચાર મનમાં કરી લઈ તેનું ફરી ફરી રટણ કરવા લાગ્યો.

મંદાના ચાલ્યા જતાં ચારુએ સંકલ્પ કર્યો કે તે પોતે જાતે અમલને બોલાવીને પોતાનો બધો રોષ ધોઈ નાંખશે, પણ કંઈ લખવાનું બહાનું કાઢીને જ બોલાવવો જોઈએ! અમલના જ એક લેખનું અનુકરણ કરી તેણે "અમાવાસ્યાનો પ્રકાશ" નામક નિબંધ લખ્યો હતો. ચારુ એટલું તો સમજી ગઈ હતી કે અમલને તેનું (ચારુનું) તદ્દન સ્વતંત્ર ઢબનું લખાણ ગમતું નથી.

પૂર્ણિમા તેનું તમામ તેજ બહાર વ્યક્ત કરી નાંખે છે એટલા માટે ચારુએ તેના આ નવા નિબંધમાં પૂર્ણિમાની ભારે ટીકા કરી તેને શરમમાં નાખી દીધી હતી. એણે લખ્યું હતું—

"અમાવાસ્યાના અતલસ્પર્શ અંધકારમાં સોળે કલાવાન ચંદ્રનું

સમસ્ત તેજ અંદર ને અંદર જમા થઈ રહે છે, તેનું એક કિરણ પણ નકામું જતું નથી. એથી તો પૂર્ણિમાની ઉજ્જવલતા કરતાં અમાવાસ્યાની કાલિમા વધારે પૂર્ણ છે—" વગેરે.

અમલ પોતાનું સમસ્ત લેખન સૌની આગળ વ્યક્ત કરતો હતો; જ્યારે ચારુ એમ નહોતી કરતી—પૂર્ણિમા અમાવાસ્યાની આ સરખામણીમાં શું એ જ વસ્તુનો આભાસ હશે?

બીજી બાજુ, આ કુટુંબની ત્રીજી વ્યક્તિ ભૂપતિ એકાદ દેવાની તાકીદ આવી પડતાં તેમાંથી છૂટવા માટે તેના પરમ મિત્ર મતિલાલની પાસે ગયો હતો.

મતિલાલની મુશ્કેલીના દિવસમાં ભૂપતિએ તેને કંઈ કેટલાક હજાર રૂપિયા ઉછીના આપ્યા હતા. આજે તે અતિશય સંકોચાતો પૈસા માગવા ગયો હતો. મતિલાલ સ્નાન કરી ઉઘાડે શરીરે પંખો ખાતો બેઠો હતો, અને એક લાકડાની પેટી ઉપર કાગળ રાખી તેની ઉપર અત્યંત નાના અક્ષરે સહસ્ર દુર્ગા નામ લખી રહ્યો હતો. ભૂપતિને જોઈ અત્યંત મૈત્રીના ભાવે બોલ્યો, "આવો, આવો. આજકાલ તો તમે કંઈ નજરે જ પડતા નથી?"

જવાબમાં મતિલાલે પૈસાની વાત સાંભળી આકાશપાતાળ ખૂંદતો હોય એમ, વિચાર કરી કહ્યું, "ક્યા પૈસાની વાત કરો છો? આજકાલ તમારી પાસેથી કંઈ લીધું છે શું?"

ભૂપતિએ સાલ તારીખ યાદ આપતાં મતિલાલ બોલ્યો, "ઓહ! એ તો ક્યારના પાછા વળાઈ ગયા છે!"

ભૂપતિની આંખે તેની ચારે બાજુનું દ્રશ્ય બિલકુલ બદલાઈ ગયેલું દેખાયું. દુનિયા ઉપરથી—જ્યાંથી પડદો ખસી ગયો હતો એ ભાગ ભણી દ્રષ્ટિ પડતાં ભૂપતિનું શરીર ભયનું માર્યું કંટકિત બની ગયું. એકાએક પૂર આવતાં ભયભીત માનવી સૌથી ઊંચી જગા દેખે ત્યાં ચઢી જાય છે તેવી જ રીતે શંકા અને ભયનો માર્યો ભૂપતિ બાહ્ય સંસારમાંથી ભાગી છૂટી વેગપૂર્વક અંતઃપુરમાં પ્રવેશ્યો. મનમાં

મનમાં તે બોલ્યો, "બીજું ગમે તે હો, ચારુ તો મને દગો નહિ જ દે!"

ચારુ એ વખતે ખાટ ઉપર બેસી ખોળામાં તકિયો લઇ અને તકિયા ઉપર નોટ મૂકી નીચી વળીને એક મને કંઈક લખી રહી હતી. ભૂપતિ જ્યારે તેની તદ્દન નજીક આવીને ઊભો હતો ત્યારે જ ચારુને ખબર પડી, અને ઝટપટ તેણે તેની નોટ પગ નીચે દબાવી દીધી.

મનમાં જ્યારે વેદના વ્યાપી હોય છે ત્યારે નાનો સરખો આઘાત પણ મોટો થઇ દુભાવે છે. ચારુએ આમ બિલકુલ કારણ વિના તેનું લખવાનું છુપાવી દીધું એથી ભૂપતિને દુ:ખ થયું.

ભૂપતિ ધીરેધીરે ખાટ ઉપર ચારુની પાસે બેઠો. ચારુ તેના લખવાના ઝોકમાં એકાએક અણધારી રૂકાવટ આવી પડતાં અને ભૂપતિથી નોટ છુપાવી દેવાની અકળામણને કારણે એવી તો ભોંઠી પડી થઇ કે શું બોલવું, તે તેને બિલકુલ સૂઝ ન પડી.

એ દિવસે ભૂપતિને પોતાને તો કશું આપવાનું કે કહેવાનું હતું જ નહિ. તે તો ખાલી હાથે ચારુ પાસે દાનની આશાએ આવ્યો હતો. ચારુની પાસેથી આ શંકાશીલ માનવીને જરાઅમથી પ્રેમની બે વાતો સાંભળવા મળી હોત તોય તેના ઘવાયેલા દિલમાં ઔષધ મળ્યાની થોડી શાંતિ થાત. પરંતુ હૃદયમાં લક્ષ્મી હોવા છતાં લક્ષ્મી વગરના જેવી આ સ્થિતિ વતી! ચારુને ક્ષણવાર તો તેના પ્રીતિ-ભંડારની ચાવી કેમે કરી શોધી હાથ જ લાગી નહિ! બંનેના આકરા મૌનથી ખંડની નીરવતા અત્યંત ઘેરી બની ગઈ હતી.

થોડીક ક્ષણ બિલકુલ ચુપચાપ બેસી રહી ભૂપતિ નિશ્વાસ નાખી ખાટ ઉપરથી ઊઠ્યો અને ધીરેધીરે બહાર ચાલી નીકળ્યો.

એ જ વખતે અમલ અત્યંત કટુ શબ્દો મનમાં ઘોળતો ચારુના ખંડ ભણી ઉતાવળો ઉતાવળો આવી રહ્યો હતો. રસ્તામાં ભૂપતિનું અત્યંત શુષ્ક વિવર્ણ મુખ જોઇ અમલ ઉદ્વિગ્ન બની અટકી પડ્યો. બોલ્યો, 'દાદા! તમને ઠીક નથી, કંઇ?"

અમલનો સ્નિગ્ધ સ્વર સાંભળતાં જ એકાએક ભૂપતિનું સમસ્ત

હૃદય તેનું અશ્રુપૂર લઇ છાતીમાં વહી રહ્યું. થોડી વાર તો તે કંઇ બોલી જ ન શક્યો. પ્રયત્નપૂર્વક આત્મસંવરણ કરી ભૂપતિએ આર્દ્ર સ્વરે કહ્યું, "કંઈ થયું નથી, અમલ હમણાં હમણાં છાપામાં તારૂં કંઈ પ્રસિદ્ધ થયું છે કે નહિ?"

અમલ જે બધી કટુ વાણી ભેગી કરી લાવ્યો હતો તે ક્યાં ગઈ? ઉતાવળો ઉતાવળો ચારુના ખંડમાં આવી પૂછવા લાગ્યો, "બોહાન, દાદાને શું થયું છે, કહો જોઉં?"

ચારુ બોલી, "ખાસ કંઈ ખબર ન પડી. મને લાગે છે બીજા છાપાવાળાઓએ એમના છાપાની કંઇ ટીકા કરી હશે."

અમલે માથું ધુણાવ્યું.

બોલાવ્યા વિના જ અમલ આવ્યો અને બિલકુલ સહજભાવે વાત કરવા લાગ્યો એ જોઈ ચારુ અત્યંત આરામ પામી. એકાએક લખવાની વાત તેણે કાઢી.—"આજે હું 'અમાવાસ્યાનો પ્રકાશ' નામે એક લેખ લખતી હતી એવામાં ક્યાંકથી એ આવ્યા ને એમણે જોઈ પણ લીધું!" ચારુને ખાતરી હતી કે તેનું એ નવું લખાણ જોવા માટે અમલ આગ્રહ કરશે જ. એટલે તો તેણે નોટ આમતેમ આઘી પાછી કરી; પણ અમલ તીવ્ર દૃષ્ટિપૂર્વક ચારુ ભણી થોડી વાર જોઇ જ રહ્યો—શું વિચારતો હતો તે કંઈ સમજાયું નહિ.

પણ એકાએક એ ચોંકી ઊભો થઈ ગયો.—પર્વત ઉપર ચાલતાં ચાલતાં, વાદળાંનું ધુમ્મસ દૂર થતાં પથિક જેમ એકાએક ચોંકી પડી જુએ કે તે હજાર હાથ ઊંડી ખીણ ભણી પગલાં ભરી રહ્યો છે, બરાબર એમ જ અમલ કંઇ પણ બોલ્યા કર્યા વિના ખંડમાંથી બહાર ચાલી નીકળ્યો.

ચારુ અમલના આ અભૂતપૂર્વ વર્તનનું રહસ્ય બિલકુલ જ સમજી ન શકી.

[૧૧]

બીજે દિવસે વળી પાછો ભૂપતિ અસમયે શયનખંડમાં આવ્યો. ચારુને બોલાવી કહ્યું, "ચારુ ! અમલના વિવાહ માટે સારું માગું આવ્યું છે."

ચારુ અન્યમનસ્ક હતી. તે બોલી, "શું સારું આવ્યું છે?"

ભૂપતિ—વિવાહનું માગું.

ચારુ—કેમ? હું પસંદ ન પડી?

ભૂપતિ મોટેથી હસી પડી બોલ્યો, "તું પસંદ પડી કે નહિ એ વાત હજી અમલને પૂછી નથી. જો પડી હશે તો ય મારો ય થોડો સરખો તો હક્ક છે, એ તો કંઈ એમ ને એમ જવા દેવાય છે?"

ચારુ—આહ! શું બોલો છો? કંઇ સમજાતું નથી. તમે હમણાં તો કહ્યું કે તમારા વિવાહનું માગું આવ્યું છે! ચારુનું મોં લાલ થઇ ગયું.

ભૂપતિ—તો હું શું દોડતો તને ખબર આપવા આવત? બક્ષિસ પામવાની તો કંઇ આશા ન હતી!

ચારુ—અમલના વિવાહનું માગું આવ્યું છે? ઠીક થયું. હવે મોડું શું કામ કરવું?

ભૂપતિ—વર્ધમાનના વકીલ રઘુનાથ બાબુ તેમની છોકરી સાથે નક્કી કરી અમલને વિલાયત મોકલવા ઇચ્છે છે.

ચારુએ વિસ્મય પામી પૂછ્યું, "વિલાયત?"

ભૂપતિ—હા, વિલાયત.

ચારુ—અમલ વિલાયત જશે? બહુ જ મજાની વાત. ઘણું સારું થયું. સારું જ થયું. તમે એક વાર એને વાત તો કરો.

ભૂપતિ—હું કહું એ પહેલાં તું તેને એક વાર બોલાવીને સમજાવીને વાત કરે એ ઠીક નથી?

ચારુ—મેં તો ત્રણ હજાર વાર વાત કરી છે. એ મારું તો માનતો નથી. હું એને નહિ કહી શકું.

ભૂપતિ—તને શું લાગે છે, એ લગ્ન નથી કરવા ઇચ્છતો ?

ચારુ—મેં તો કેટલીય વાર પ્રયત્ન કરી જોયો છે. કેમે એ કબૂલ નથી થતો.

ભૂપતિ—પણ આ વખતે આનો ઇન્કાર કરે એ સારું નથી. મારે ઘણું દેવું થઈ ગયું છે. અમલને હું આમ ને આમ તો બહુ વખત આશ્રય નહિ આપી શકું.

ભૂપતિએ અમલને બોલાવરાવ્યો. અમલના આવતાં કહ્યું, "વર્ધમાનના વકીલ રઘુનાથબાબુની પુત્રી સાથે તારા વિવાહનું માગું આવ્યું છે. એમની ઇચ્છા છે કે વિવાહ કરી તને વિલાયત ભણવા મોકલવો. તારી શી મરજી છે ?"

અમલે કહ્યું, "તમારી જો અનુમતિ હોય તો મારી કશી અસંમતિ નથી."

અમલના શબ્દો સાંભળી બંને જણ આશ્ચર્ય પામ્યાં. પૂછતાં-વેંત એ કબૂલ થઈ જશે એવું તો એકે યે માન્યું ન હતું.

ચારુએ તીવ્ર કંઠે મશ્કરી કરતાં કહ્યું, "દાદાની મરજી હોય એટલે ભાઇસાહેબ કબૂલ ! કેમ મારી વાત તો કંઇ હિસાબમાં નહિ ! દાદા ઉપરની ભક્તિ આટલા દહાડા ક્યાં ગઈ હતી, ઠાકુરપો ?"

અમલે કશો જવાબ આપ્યો નહિ કેવળ હસવાનો પ્રયત્ન કર્યો.

અમલને નિરુત્તર જોઈ જાણે તેને ચેતાવવા માગતી હોય એમ બેવડા ઊંચા અવાજે બોલી, "એના કરતાં એમ શું કામ નથી કહેતા કે પોતાનું જ મન છે ! આટલા દહાડા ઢોંગ કરવાની શી જરૂર હતી કે લગ્ન કરવા નથી ઇચ્છતો ? પેટમાં ભૂખ ને મોઢે શરમ !"

ભૂપતિ હસીને બોલ્યો, "આટલા દહાડા અમલ તારે ખાતર જ ભૂખને મારી રહ્યો હતો. રખે ને ખાવાની વાત સાંભળી તને

ઇચ્છા આવે !"

ચારુ આ શબ્દો સાંભળી લાલલાલ બની જઈ મોટેમોટેથી અવાજ કરતી બોલી, "ઇચ્છા ? હાસ્તો બીજું શું ! મને તો કદીય ઇચ્છા નથી. આવી તમે આવી રીતનું બોલો એ તો ભારે અન્યાય કહેવાય."

ભૂપતિ—આ તો જુઓ ! પોતાની સ્ત્રીની મશ્કરી પણ ન થઈ શકે !

ચારુ—ના, એવી મશ્કરી મને ગમતી નથી.

ભૂપતિ—વારુ, ભારે અપરાધ કર્યો. માફ કરો. ગમે તેમ, વિવાહની વાત તો પાકી થઈ ને ?

અમલ બોલ્યો, "હા."

ચારુ—છોકરી સારી છે કે ખોટી એય એક વાર જોઇ આવવા જેટલી ધીરજ રહી નહિ ? તમારી છેક આવી દશા થઈ ગઇ છે, એ તો કદી દેખાવા દીધી નથી !

ભૂપતિ—છોકરી જોવા મન હોય તો એનો બંદોબસ્ત કરું. મેં ખબર કઢાવી છે કે છોકરી સુંદર છે.

અમલ—ના, જોવાની કંઈ જરૂર નથી.

ચારુ—એની વાત સાંભળો છો શું કામ ? એમ તે કંઇ બને ? કન્યા જોયા વિના તે કંઇ વિવાહ થાય ? એ જોવા ન ઇચ્છે તો આપણે તો જોઇ લેવી રહી.

અમલ—ના, દાદા, એને માટે નકામું મોડું કરવાની જરૂર નથી.

ચારુ—જરૂર નથી ?—વાહ રે ! મોડું થતાં હૃદય ચીરાઇ જવાનું હશે, કેમ ? એમ હોય તો અત્યારથી જ માથે પાઘડી મૂકી ચાલી નીકળો. રખે ને તમારી ધનદોલત કોઈક ઉપાડી જાય !

ચારુ ગમે તેવા કટાક્ષો કરવા છતાં અમલને ચલિત કરી શકી નહિ.

ચારુ—વિલાયત જવા તમારું દિલ દોડતું લાગે છે! કેમ, અહીં તમને કોઈ મારતું હતું કે પકડી બાંધતું હતું? હેટ—કોટ પહેરી ઠાઠમાઠ ન કરો તો અહીંનાં છોકરાંનાં મન જીતાય નહિ! ઠાકુરપો, વિલાયતથી પાછા આવ્યા પછી અમારા જેવાં કાળાં આદમીને ઓળખી તો શકશો ને?

અમલ બોલ્યો, "એવું હોય તો પછી વિલાયત જવું જ શું કરવા?"

ભૂપતિ હસીને બોલ્યો, "કાળું રૂપ ભૂલવા માટે તો સાત સમુદ્ર પાર કરવામાં આવે છે! પણ ભય શો છે, ચારુ? આપણે તો છીએ જ. કાળાના ભક્તોની ખોટ નહિ પડે."

ભૂપતિએ ખુશ થઈ તે જ વખતે વર્ધમાનને પત્ર લખી નાખ્યો. લગનનો દિવસ નક્કી પણ થઇ ગયો.

[૧૨]

આ દરમિયાન છાપું બંધ કરવું પડયું હતું. ભૂપતિ હવે ખર્ચને પહોંચી વળી શકયો નહિ. જનસાધારણ નામની જે એક વિશાળ નિર્મળ વસ્તુની સાધનામાં ભૂપતિ આટલી જિંદગી રાતદિવસ એકાગ્ર મને ચોંટી રહ્યો હતો, તેનો તેને ત્યાગ કરવો પડયો. ભૂપતિના જીવનની સમસ્ત પ્રવૃત્તિ જે સુપરિચિત માર્ગે છેલ્લા બાર વરસથી અખંડ રીતે નિર્ગમન કરી રહી હતી તે એકાએક એક જગાએ જાણે પાણીમાં આવી પડી! આને માટે ભૂપતિ બિલકુલ તૈયાર ન હતો. એકાએક મુશ્કેલીમાં આવી પડેલા તેના આટલા દિવસના ઉદ્યમીપણાને તે હવે કયાં લઇ જઈ શકે? એ તો જાણે ઉપવાસી અનાથ બાળકોની જેમ ભૂપતિના મુખ ભણી જોઈ રહ્યાં હતાં. ભૂપતિએ એમને પોતાના અન્તઃપુરમાં કરૂણામયી સુશ્રુષાપરાયણી નારીની પાસે આણી રજૂ કર્યાં.

એ વખતે નારી શા વિચારમાં હતી ?

એ મનમાં મનમાં બોલતી હતી, 'આ તે કેવું આશ્ચર્ય ! અમલ પરણે એ તો ઘણી સારી વાત. પણ આટલે દિવસે અમને છોડીને પારકે ઘેર પરણીને વિલાયત ચાલ્યો જશે, છતાં એના મનમાં તો એક વાર પણ, લેશમાત્ર પણ દ્વિધા—દુ:ખ જન્મ્યાં નહિ ! આટલા દિવસ એને અમે આટઆટલી મમતાપૂર્વક રાખ્યો, અને તેમ છતાં, વિદાયનો અવસર મળતાં જ કમર બાંધી કેવો તૈયાર બની ગયો ! કેમ જાણે આટલા દિવસ એનો જ સુયોગ શોધતો ન હોય ! અને એમ છતાં, મોઢે તો કેટલી મીઠાશ ! કેટલો પ્રેમ ! ખરેખર, માણસને ઓળખવું મુશ્કેલ છે. કોણ જાણતું હશે કે જે આદમી આટઆટલું લખી શકે તેનું હૃદય આટલું તુચ્છ હશે !'

પોતાની હૃદયની વિશાળતા સાથે સરખાવીને ચારુ અમલના શૂન્ય હૃદયની અત્યંત અવજ્ઞા કરવા ખૂબ મથી, પરંતુ કરી શકી નહિ. ઊંડે ઊંડે કોઈ એક ચોક્કસ વેદનાનો ઉદ્વેગ તપ્ત શૂળની જેમ તેના અભિમાનને ધક્કા મારી રહ્યો હતો.

અમલ આજે નહિ તો કાલે જશે જ; તો પણ આ થોડા દિવસથી એ દેખાતો નથી ! અમારી વચ્ચે પરસ્પર જે મતભેદ જન્મ્યો છે એ મિટાવી લેવા માટે સમય પણ ન ગળ્યો !—ચારુ દર ક્ષણે એમ વિચારતી કે અમલ પોતે જ આવશે. તેમનું આટલા દિવસનું સહજીવન આમ સહેજે ભાંગીને ચૂરા નહિ થાય. પરંતુ અમલ તો ન જ આવ્યો !

આખરે જ્યારે અમલને ઊપડવાનો દિવસ છેક નજીક આવી પહોંચ્યો ત્યારે ચારુએ પોતે જ અમલને બોલાવરાવ્યો.

અમલે કહાવ્યું, "થોડી વારમાં આવું છું."

ચારુ તેની પેલી વરંડાની ખુરશીમાં જઈ બેઠી. સવારથી વાદળાંનાં ગોટા જામી ગયા હતા. ચારુ તેના છૂટા વાળનો જેમ—તેમ ચોટલો વાળી એક પંખો હાથમાં લઈને થાકેલા દેહને ધીમો ધીમો

પવન નાખતી બેઠી હતી.

ખૂબ વાર લાગી. ધીમે ધીમે તેનો પંખો બંધ પડી ગયો. ક્રોધ, દુઃખ અધીરાઈ તેની છાતીમાં ઉભરાવા લાગ્યાં. મનમાં બોલી, 'છો ન આવતો અમલ, એથી શું થવાનું હતું?'—પણ તેમ છતાં પદશબ્દ સાંભળતાં જ તેનું મન બારણા ભણી દોડી પહોંચતું.

દૂરના ટાવરમાં અગિયારના ટકોરા થયા. નાહી પરવારી હવે તો ભૂપતિ જમવા આવશે. હજી અર્ધો કલાક છે. હજી એટલામાં અમલ આવે તો! ગમે તેમ કરીને તેમનો આટલા દિવસનો આ મૂક ઝઘડો આજે તો પતાવવો જ પડશે. અમલને આમ ને આમ વિદાય આપ્યે નહિ ચાલે. આ સમવયસ્ક દિયેર-ભોજાઈ વચ્ચે જે ચિરંતન મધુર સંબંધ છે. તેને—અનેક પ્રકારના ઝઘડા, અતિ સ્નેહનું દૌરાત્મ્ય, અનેક વિશ્રબ્ધ સુખ-લોચનામાં અટવાયેલી એક ચિરછાયામયી લતાને—અમલ આજે ધૂળ ભેગી કરીને અત્યંત લાંબા સમય માટે અતિ દૂર ચાલ્યો જઈ શકશે શું? એને જરાય પશ્ચાતાપ યે નહિ થાય? એ લતાને શું તે આખરી જલસિંચન યે નહિ કરતો જાય—દિનના અનેક દિયેરભોજાઈના સંબંધનાં આખરી આંસુ વડે?

અરધો કલાક પણ લગભગ પસાર થઈ ગયો. અગ્યવસ્થિત ચોટલો છોડી નાખી થોડાક વાળની લટ આંગળીમાં લઈ ચારુ ઉકેલવા લાગી. આંસુ હવે ખાળી શકાતાં ન હતાં.

નોકરે આવીને કહ્યું, "મા ઠાકુરન, બાબુને માટે માટે લીલું નાળિયેર જોઈએ છે."

ચારુએ છેડેથી ભંડારની ચાવી કાઢી ઝનન્ કરી નોકરના પગ આગળ નાખી. નોકર આશ્ચર્ય પામી ચાવી લઈ ચાલતો થયો.

ચારની છાતીમાંથી કંઈ એક જાણે તેના કંઠ સુધી આવવા મથી રહ્યું હતું.

ભૂપતિ તેના રોજના સમયે સાનંદ ચહેરે જમવા માટે આવ્યો. ચારુએ પંખો હાથમાં લઈ જમવાને સ્થાને આવતાં જોયું તો અમલ

ભૂપતિની સાથે આવ્યો હતો. ચારુએ એના ભણી નજર સુદ્ધાં ન કરી.

અમલે પૂછ્યું, "બૌઠાન, મને બોલાવતાં હતાં?"

ચારુએ કહ્યું, "ના, હવે જરૂર નથી."

અમલ—તો હું જાઉં, હજી તો મારે ઘણું ઠીક કરવાનું પડયું છે.

ચારુએ સળગતી આંખોએ અમલ ભણી જોયું, અને બોલી, "જાઓ."

અમલ ચારુ સામે એક વાર દૃષ્ટિ કરી ચાલતો થયો.

જમી રહી ભૂપતિ થોડી વાર ચારુ પાસે બેસતો. આજે લેણુ-દેણુના હિસાબને લીધે ભૂપતિ ખૂબ ઉતાવળમાં હતો. આજે અંતઃ-પુરમાં બહુ વાર બેસી નહિ શકાય; એથી તેણે ગ્લાનિપૂર્વક કહ્યું, "આજે હું બેસી નહિ શકું. આજે ધાંધલ છે."

ચારુએ જવાબ આપ્યો, "તે જાઓ ને!"

ભૂપતિને લાગ્યું કે ચારુ રીસાઇ છે. તે બોલ્યો, "એનો અર્થ એ નથી કે હમણાં જ જવું પડશે. એમ તો થોડી વાર રહીને જવાનું છે." એમ બોલી તે બેઠો.

તેણે જોયું તો ચારુ હજી ચિંતામગ્ન છે. ભૂપતિ અનુતપ્ત હૃદયે ઘણો સમય બેસી રહ્યો. પરંતુ કેમે કર્યો કંઈ વાત કાઢી શકયો નહિ. બહુ વાર લગી વાત કરવાનો વૃથા પ્રયત્ન કરી આખરે તે બોલ્યો, "અમલ તો કાલે જાય છે. થોડા દિવસ તને ખૂબ સૂનું લાગશે."

ચારુ તેનો કશો જવાબ ન આપતાં, જાણે કંઈક લાવવા માટે પાસેના ખંડમાં ચાલી ગઇ. ભૂપતિ થોડી વાર રાહ જોઈ બહાર ચાલ્યો ગયો.

ચારુને આજે અમલના મોં સામે જોતાં જણાયું હતું કે અમલ આ થોડા દિવસમાં દુબળો પડી ગયો હતો. તેના મોં ઉપર તારુણ્યની પેલી સ્ફુર્તિ બિલકુલ જ નથી! આથી ચારુને સુખ યે થયું. વેદના યે થઇ. આ વિયોગ અમલને દુઃખ દઇ રહ્યો છે એ વિષે ચારુને સંશય રહ્યો નહિ. તો પછી અમલનું આવું વર્તન શાથી? શાથી તે

દૂરદૂર ભાગતો ફરે છે? વિદાય સમયને શાથી તે ઇચ્છાપૂર્વક કટુ બનાવી રહ્યો છે?

બિછાનામાં પડી આમ વિચારતાં વિચારતાં તે એકાએક ચોંકી ઊભી થઈ ગઈ. એકાએક મંદાની વાત એને યાદ આવી. તો જરૂર અમલ મંદાને જ ચાહતો હશે! મંદા ચાલી ગઇ તે કારણે જ અમલ આમ–છિઃ અમલનું મન શું એવું હોઈ શકે? આટલું ક્ષુદ્ર! આટલું કલુષિત? પરણેલી સ્ત્રી પાછળ તેનું મન ગયું હશે? અસંભવ.

ચારુએ આ શંકાને મૂળથી દૂર કરવા પ્રયત્ન કર્યો પણ તે સામી ડંખ મારી રહી!

એમ ને એમ વિદાય વેળા પણ આવી પહોંચી. વાદળ વિખરાયાં નહિ. અમલે આવીને ધ્રુજતે કંઠે કહ્યું, "ભોઠાન, મારે જવાનો સમય થયો છે. તમે આજથી દાદાની સંભાળ રાખજો. તેમની બહુ દુઃખી સ્થિતિ છે તમારા સિવાય તેમને સાંત્વનાનું કોઈ સ્થાન નથી."

ભૂપતિનું ઉદાસ મુખ જોઇને, તપાસ કરીને અમલે તેની (ભૂપતિની) ખરાબ અવસ્થાની વાત જાણી લીધી હતી. ભૂપતિ કેવી રીતે મૂંગો મૂંગો પોતાની દુર્દશાની સાથે એકલોએકલો ઝઝૂમી રહ્યા છે, કોઈની પાસેથી મદદ વા સાંત્વના પામતો નથી, અને તેમ છતાં પોતાના આશ્રિતપાલિત આત્મીય સ્વજનને આ પ્રલયસંકટમાં સંડોવતો પણ નથી. એનો વિચાર કરી મૂંગો રહ્યો. ત્યારબાદ તેણે ચારુનો વિચાર કર્યો: 'ચૂલામાં જાય એ 'અષાઢનો ચંદ્ર' અને 'અમાસનો પ્રકાશ' હું બેરીસ્ટર થઈ આવી જો દાદાને મદદ કરી શકું તો જ હું માણસ.'

*

ગઈ આખી રાત જાગીને ચારુએ વિચારી રાખ્યું હતું કે અમલને વિદાય આપતાં શું બોલીશ. આનંદ, ગર્વ અને પ્રફુલ્લ ઉદાસીનતા દ્વારા ઘસી ઘસીને શબ્દોને તેણે મનમાં મનમાં ઉજ્જવલ અને

અણીદાર બનાવી રાખ્યા હતા. પરંતુ વિદાયની વેળાએ તો એકે શબ્દ મોંમાંથી નીકળ્યો નહિ ! તે કેવળ બોલી, "કાગળ તો લખશો ને, અમલ ?"

અમલે ભોંયે માથું અડાડી પ્રણામ કર્યો. ચારુએ દોડી શયનગૃહમાં જઈ બારણાં બંધ કરી દીધાં.

[૧૩]

ભૂપતિ વર્ધમાન જઈ અમલના લગ્ન પતાવીને તેને વિલાયત રવાના કરી ઘેર પાછો ફર્યો.

અનેક બાજુથી આઘાત પામ્યાથી વિશ્વાસપરાયણ ભૂપતિના મનમાં બાહ્ય સંસાર પ્રત્યે એક પ્રકારની ઉદાસીનતા આવી હતી. સભાસમિતિમાં મળવું કરવું કશું તેને સારું લાગતું નહિ. એને થતું હતું કે આ બધામાં મેં મારી જાતને જ ફસાવી છે. જીવનનો સુખસમય વૃથા વહી ગયો અને સર્વોત્તમ અંશ કચરાની ટોપલીમાં નાખી બેઠો !

ભૂપતિ પોતાના મનને કહેતો, 'ભલે બંધ થયું. છાપું બંધ થયું તે ઠીક થયું. છૂટયો !' સાંજને સમયે અંધકારનો સૂત્રપાત થતાં જ પંખીઓ જેમ પોતપોતાને માળે પાછાં આવે છે, તે જ રીતે ભૂપતિ તેના લાંબા સમયના વ્યવસાયક્ષેત્રનો ત્યાગ કરીને અંતઃપુરમાં ચારુ પાસે આવી બેઠો. મનમાં મનમાં તેણે નક્કી કર્યું, 'બસ, હવે અહીંથી ક્યાંય નથી જવું. અહીં જ આપણે તો રહેવાના ! છાપાનું જહાજ બનાવીને આખો દિવસ રમતો હતો, એ તો હવે ડૂબી ગયું. ચાલો હવે ઘેર જ.'

મને લાગે છે કે ભૂપતિમાં એક સામાન્ય સંસ્કાર હતો કે સ્ત્રી ઉપર કોઇનો પણ અધિકાર ન હોઇ શકે. સ્ત્રી ધ્રુવતારાની જેમ પોતાનો પ્રકાશ પોતે જ ઝળહળાવે છે. પવનમાં તે બૂઝાઇ જતો નથી. તેલની ગરજ એને રહેતી નથી. એટલેજ, બહાર જ્યારે ભાંગ-

ફોડ શરૂ થઈ ગઈ હતી તે વખતે અંતઃપુરની કોઈક કમાનમાં તડ પડી છે કે કેમ તેની એક વાર તપાસ કરી જોવા જેટલું ય ભૂપતિના મનને સૂઝયું નહિ.

*

ભૂપતિ સંધ્યા સમયે વર્ધમાનથી પાછો ફર્યો. જલદી જલદી હાથ મોં ધોઇ તેણે વહેલું વહેલું જમી લીધું. અમલનાં લગ્ન તથા વિલાયત–ગમનનું વિગતવાર વર્ણન સાંભળવા માટે સ્વાભાવિક રીતે ચારુ અત્યંત આતુર હશે માની એણે આજે કશામાં વિલંબ ન કર્યો. સૂવાના ખંડમાં જઈને આડો થયો અને હુકાની લાંબી નળી તેણે મોંમાં લીધી. ચારુ ન હતી. મોટે ભાગે કંઇ ઘરકામમાં રોકાયેલી હતી. હુકાની તમાકુ બળી રહેતાં થાકેલા ભૂપતિની આંખ બીડાઈ રહી હતી. ક્ષણે ક્ષણે ચમકી જાગી ઊઠી વિચારતો હતો કે હજી ચારુ કેમ ન આવી? આખરે ભૂપતિથી ન રહેવાતાં તેણે ચારુને બોલાવવા માણસ મોકલ્યો.

ચારુના આવતાં ભૂપતિએ પૂછયું, "કેમ, આજે આટલું મોડું કર્યું?"

ચારુએ એનો જવાબ ન આપતાં કહ્યું, "હા, આજે મોડું થઇ ગયું."

ભૂપતિ ચારુના ગમતાભર્યા સામા સવાલની અપેક્ષા કરી રહ્યો હતો. ચારુએ તો કંઇ પૂછ્યું નહિ? ભૂપતિ એથી ખિન્ન બન્યો. તો શું ચારુ અમલ ઉપર સ્નેહ રાખતી નથી? જેટલો સમય અમલ હતો તેટલો સમય તો તેની સાથે ચારુએ મોજ કરી હતી. પણ જેવો તે ચાલ્યો ગયો કે તરત જ તેને વિષે બેપરવાઇ!—આ પ્રકારના વિચિત્ર વર્તનથી ભૂપતિના મનને ખટકો લાગ્યો. તે વિચારવા લાગ્યો, 'તો શું ચારુના હૃદયમાં ઊંડાણ નથી? એ કેવળ આનંદ કરવાનું જ જાણે છે? સ્નેહ નથી કરી શકતી? સ્ત્રીને માટે આવો નિરાસક્ત ભાવ તો ઠીક ન કહેવાય.'

ચારુ અને અમલની મૈત્રીમાં ભૂપતિને આનંદ હતો. આ બંને જણની બાલિશતા, તેમનો ભાવ, તેમની રમત અને વાતચીત ભૂપતિને ખૂબ મિષ્ટ લાગતી. અમલ ઉપર ચારુ જે પ્રેમમમતા બતાવતી તેમાં અમલને ચારુની સુકોમલ સહૃદયતાનો પરિચય થતો અને તે દિલની અંદર રાજી થતો. આજે આશ્ચર્ય પામી તે વિચારવા લાગ્યો, 'એ બધું શું કેવળ છીછરું હતું?' ભૂપતિને એકાએક થયું, 'ચારુમાં જો 'હૃદય' નહિ હોય તો હું ક્યાં જઈ આશ્રય પામીશ?'

ધીમે ધીમે ખાતરી કરવા માટે ભૂપતિએ વાત કાઢી, "ચારુ, તારું શરીર કંઈ બગડયું છે?"

ચારુએ ટૂંકમાં જવાબ આપ્યો, "ના, સારી છું."

ભૂપતિ–અમલનાં લગન પતી ગયાં.

એટલું બોલી ભૂપતિ મૂંગો રહ્યો. ચારુએ એ વાતના સંધાનમાં કંઈક બોલવાનો ઘણો પ્રયત્ન કર્યો પરંતુ બિલકુલ શબ્દ બહાર નીકળ્યો નહિ. તે જડસડ બની બેસી રહી.

ભૂપતિ એના સ્વભાવ મુજબ કશું બહુ ધ્યાન દઈને જોતો ન હતો. પરંતુ અમલનો વિદાયશોક તેને પોતાને પણ લાગ્યો હતો એટલે ચારુની ઉદાસીનતાએ તેને આઘાત કર્યો. તેની ઇચ્છા તો એવી હતી કે પોતાની જેમ જ વ્યથા અનુભવી રહેલી ચારુની સાથે અમલની વાત કરીને તે પોતાનો હૃદયભાર ઓછો કરશે.

ભૂપતિ––છોકરી જોતાં તો સારી છે. ચારુ! ઊંઘે છે?

ચારુ બોલી, "ના."

ભૂપતિ––બિચારો અમલ એકલો ચાલ્યો ગયો. જ્યારે એને ડબ્બામાં બેસાડયો ત્યારે તો તે એક બાળકની જેમ રડવા લાગ્યો. એ જોઈને મારા જેવાથી ય આંખનાં આંસુ ખાળ્યાં ગયાં નહિ. ડબ્બામાં બે સાહેબ હતા. એમને તો પુરુષને રડતો જોઈ ભારે મઝા પડી.

હોલવી નાખેલા દીવાવાળા શયનખંડમાં ચારૂ પહેલાં તો અંધારે અંધારે સૂઇ ગઈ, પણ થોડી જ વારમાં એકાએક બિછાનું છોડી તે બહાર ચાલી ગઈ.

ભૂપતિએ ચકિત બની પૂછ્યું, "ચારૂ, ઠીક નથી?"

કંઇ પણ જવાબ ન મળતાં તે ય ઊભો થયો. પાસેના વરંડામાંથી દબાવેલા રૂદનનો અવાજ સાંભળી કંપિત પગલે જઇને જોયું તો ચારુ જમીન ઉપર ઉભડક બેસી પડી રૂદન ખાળવાનો પ્રયત્ન કરી રહી હતી.

આ પ્રકારનો અદમ્ય શોક જોઇ ભૂપતિ આશ્ચર્ય પામ્યો. તેણે વિચાર્યું, 'ખરે જ, શું મેં ચારૂને સમજવામાં ભૂલ કરી હતી? ચારૂનો સ્વભાવ એટલો મુલાયમ છે કે મારી આગળ યે હૃદયની કશી વેદના વ્યકત કરવા ઇચ્છતી નથી! સ્વભાવ આવો મુલાયમ છે, પ્રેમ એનો ઊંડો છે અને એની વેદના પણ અત્યંત ભારે છે.'

ચારૂનો પ્રેમ સાધારણ સ્ત્રીઓની જેમ બહાર દેખાય તેવો નથી, એ વાત ભૂપતિના મનમાં હવે પાકી થઇ ગઇ. ભૂપતિએ ચારૂના પ્રેમના આવેગને કદી જોયો ન હતો. આજે તે એને વિશિષ્ટ રીતે સમજાયો. તેનું કારણ એ કે ચારૂના દિલના ઊંડાણમાં એ છૂપો છૂપો પથરાઈ રહેલો હતો. ભૂપતિ પોતે પણ બાહ્ય રીતે વ્યકત કરવામાં અકુશળ હતો. ચારૂની પ્રકૃતિમાં પણ હૃદયાવેગની ઊંડી આંતરિકતાનો પરિચય પામતાં આજે તેને એક પ્રકારની તૃપ્તિ થઇ.

ભૂપતિ તરત જ ચારૂ પાસે બેસી જઈ, કંઈ પણ બોલ્યા વિના ધીમેધીમે તેના શરીર ઉપર હાથ ફેરવવા લાગ્યો. શી રીતે સાંત્વના આપવી એ ભૂપતિને સમજાયું નહિ. એને એટલી ય ખબર ન હતી કે જયારે માનવી અંધારામાં બેસી શોકનું ગળું ભીંસી દેવા ઇચ્છતું હોય છે ત્યારે તેની પાસે સાક્ષીમાં બેસવું તેને ગમતું હોતું નથી.

ભૂપતિએ જ્યારે છાપાની ઝંઝટમાંથી પોતાની જાતને મુક્ત કરાવી હતી ત્યારે પોતાના ભવિષ્યનું એક ચિત્ર પોતાના જ મનની અંદર તેણે તેણે દોરી રાખ્યું હતું; નિશ્ચય કર્યો હતો. 'કોઈ પણ પ્રકારની ખોટી આશા કે ધમાલમાં સંડોવાઇશ નહિ. ચારૂની સાથે વાંચ્યા કરીશ. પ્રેમ કરીશ અને રોજનું નાનું મોટું ગૃહકાર્ય—કર્તવ્ય લઇ બેસીશ.' વિચાર્યું હતું, જે બધું સુખ સૌ કરતાં સુલભ અને સુંદર છે, ફાવે ત્યારે ભોગવવા યોગ્ય છતાં પવિત્ર છે ને સહજલભ્ય સુખ દ્વારા તેના જીવનના ગૃહખંડના એક ખૂણે સંધ્યાપ્રદીપ પેટાવીને તે નિર્ભૃત શાંતિની સ્થાપના કરશે. હસવું, વાતો કરવી, મશ્કરી કરવી અને પરસ્પરના મનોરંજન સાફ—રોજની થોડી ઘણી જરૂરિયાતો માટે કંઈ ભારે મહેનતની જરૂર ન પડે, અને તેમ છતાં સુખ તો અપાર પમાય!

આજે અનુભવમાં સમજાયું કે 'સહજ' સુખ 'સહજ' ન હતું, જે ચીજ દામ આપી ખરીદી ન હોય, અને જો તે પોતે જ આપણા હાથ પાસે આવીને ન પડે તો બીજી કોઈ રીતે શોધી શોધીને મરી જવા છતાં પામવાનો ઉપાય નથી.

ભૂપતિ કેમે કર્યો ચારૂની સાથે બરાબર સારી રીતે ગોઠવી શકયો નહિ. એમાં એણે પોતાનો જ દોષ કાઢયો. એણે માની લીધું કે બાર વરસ લગી માત્ર છાપું લખીને તેણે સ્ત્રીની સાથે શી રીતે વાતચીત થાય એ વિદ્યા બિલકુલ ગુમાવી દીધી હતી. સંધ્યાદીપ સળગતાં જ તે ઉત્સાહ અને ઉમળકાપૂર્વક ચારૂ પાસે ખંડમાં જતો; એએક શબ્દો ચારૂ બોલતી; પણ પછી શું બોલવું? ભૂપતિને સૂઝતું નહિ. પોતાની આ અશક્તિને કારણે તે પત્ની પાસે શરમાતો. પત્ની સાથે વાતો કરવી, એને એણે ઘણું સહેલું માન્યું હતું, પરંતુ મૂઢ માણસની આગળ એ તો આટલું બધું ભારે થઇ પડયું હતું! આના

કરતાં તો સભામાં ભાષણ આપવું સહેલું!

જે સંધ્યાસમયને ભૂપતિએ હાસ્ય–કૌતુક–પ્રણય તથા ઉત્સાહ દ્વારા રમણીય બનાવવાની કલ્પના કરી હતી, એ જ સંધ્યાસમય કેવી રીતે ગાળવો એ સવાલ હવે તેને એક સમસ્યા રૂપ લાગવા માંડયો. થોડી વાર પ્રયત્નપૂર્વક મૌન ધારણ કર્યા પછી ભૂપતિ મનમાં વિચારતો કે 'હવે જાઉં,' પણ ઊઠી જતાં ચારૂના મનમાં શું થશે એમ વિચારી તે ઊઠી પણ શકતો નહિ. તે પૂછતો, "ચારૂ, પાનાં રમીશ?"

ચારૂ બીજો કંઇ રસ્તો ન દેખાતાં બોલતી, "ભલે." અને એમ બોલી અનિચ્છા છતાં પાનાં લઇ આવતી. બિલકુલ અનાયાસે હસી પડતી પણ એ રમતમાં કયાં ય કશું સુખ ન હતું!

ભૂપતિએ ખૂબ ખૂબ વિચાર કર્યા પછી, એક દિવસ ચારુને પૂછયું, "ચારુ, મંદાને બોલાવીએ તો? તું છેક એકલી પડી ગઈ છે."

ચારુ મંદાનું નામ સાંભળતાં જ સળગી ઊઠી. બોલી, "ના મંદાનું મારે કામ નથી."

ભૂપતિ હસ્યો, અંદરથી રાજી થયો. સાધ્વી સ્ત્રીઓ જ્યાં સતીધર્મનું રજમાત્ર પણ ઉલ્લંઘન જુવે છે ત્યાં તેમની ધીરજ રહેતી નથી!

દ્વેષનો પ્રથમ આઘાત વટાવતાં ચારુને વિચાર આવ્યો કે મંદા હોય તો તે કદાચ ભૂપતિને વધારે આનંદમાં રાખી શકશે. ભૂપતિ તેની પોતાની પાસેથી જે મનનું સુખ વાંચ્છે છે તે તો તે કેમે કરી આપી શકતી નથી એનો અનુભવ કરી ચારુ વ્યથા પામી રહી હતી. ભૂપતિ આખા સંસારનું બીજું બધું છોડી દઇને એકમાત્ર ચારુની પાસેથી તેના જીવનનો સમસ્ત આનંદ પામવા ઇચ્છતો હતો. એક બાજુ એનો આ એકલ પ્રયત્ન અને બીજી બાજુ પોતાની આંતરિક દીનતા જોઇ ચારુ ભયની મારી જીવી રહી હતી. આમ તે કેટલા દિવસ જશે? ભૂપતિ શું કામ કોઇ બીજું અવલંબન શોધતો નથી? કોઈ અખબાર શરૂ કરી દે તો?

ભૂપતિના ચિત્તને આનંદ આપવાનો પ્રયત્ન આજ લગી ચારુને કદી કરવો પડ્યો ન હતો. ભૂપતિએ તેની પાસે સેવાની કદી માગણી કરી ન હતી; કોઇ સુખ પણ માગ્યું ન હતું. ચારુને તેને પોતાની પ્રયોજનીય ગણી ન હતી, માની ન હતી. આજે એકાએક તેના જીવનનું સમસ્ત પ્રયોજન ચારુની પાસેથી પામવાની ઇચ્છા તે કરીને બેઠો હતો પણ તેને ક્યાંયથી કશું શોધ્યું જડતું ન હતું. ભૂપતિને શું જોઈએ છે, શું કર્યે તે તૃપ્ત થાય, એની ચારુનેય પૂરી ખબર ન હતી અને હોય તો ય તે ચારુને માટે કાંઇ સહેજે સિદ્ધ કરી શકાય એવી વસ્તુ ન હતી.

ભૂપતિએ ધીમે ધીમે જો આમળ વધવા માંડયું હોત તો ચારુને માટે કદાચ પછી આટલું મુશ્કેલ રહેત નહિ; પરંતુ એકાએક એક રાતે દેવાળિયા બની ખાલી ભિક્ષાપાત્ર લઇને ભૂપતિ પાસે આવી બેસતાં કેમે તેની હિંમત ચાલી નહિ!

ચારૂએ કહ્યું, “વારૂ, મંદાને બોલાવરાવો. એ હશે તો તમારી દેખભાળમાં ધ્યાન આપશે.”

ભૂપતિએ હસીને કહ્યું, “મારી દેખભાળ? એની તો કંઈ જરૂર નથી.”

ભૂપતિએ ક્ષુણ્ણ બની વિચાર્યું: ‘હું ભારે નીરસ આદમી છું. ચારૂને હું કેમે સુખી કરી શકતો નથી.’

આ વિચારી તેણે સાહિત્યમાં ઝંપલાવ્યું. મિત્રો કોઈ ઘેર આવતા તો આશ્ચર્ય પામી જોઈ રહેતા. ભૂપતિ ટેનિસન, બાયરન, બંકિમ વગેરેનાં ચોપડાં લઈને બેઠો જ હોય! ભૂપતિનો આ અકાળે કાવ્યપ્રેમ જોઇ મિત્રો એની મશ્કરી ઉડાવવા લાગ્યા.

ભૂપતિ હસીને કહેતો, “ભાઈ, વાંસને ય ફૂલ આવે છે. પણ ક્યારે આવે છે, એનું કંઇ નક્કી હોતું નથી, એટલું જ.”

એક દિવસ સાંજે સૂવાના ખંડમાં મોટો દીવો બાળી ભૂપતિ

પહેલાં તો શરમાતો બેસી રહ્યો, પણ પછી એણે પૂછ્યું, "કંઇક વાંચી સંભળાવું ?"

ચારુએ કહ્યું—સંભળાવો ને!

ભૂપતિ—શું સંભળાવું ?

ચારુ—તમને ગમે તે.

ભૂપતિ ચારુનો વિશેષ ઉમળકો ન જોઈ ઢીલો પડ્યો. તેમ છતાં હિંમત કરી બોલ્યો, "ટેનિસનમાંથી થોડાક તરજૂમો કરી તને સંભળાવું."

ચારુ બોલી—ભલે.

બધું મિથ્યા ગયું. સંકોચ અને નિરુત્સાહને કારણે ભૂપતિનું વાચન ખચકાતું ચાલ્યું. બરાબર બંગાળી શબ્દો જડયા નહિ. ચારુની શૂન્ય દૃષ્ટિ જોઈ તે સમજી ગયો કે એનું મન એમાં નથી. એ દીવાના અજવાળે ઝગતો નાનો ખંડ અને સંધ્યા પછીનો એ એકાંત સમય બરાબર ખીલી ઊઠ્યો નહિ.

ભૂપતિએ બીજી બેએક વાર પ્રયત્ન કરી જોયા બાદ આખરે ચારુ સાથે સાહિત્યચર્ચા કરવાનો પ્રયત્ન જ જતો કર્યો.

[૧૫]

જેમ ભારે આઘાત થતાં અંગો જડ બની જાય છે અને પહેલાં તો વેદના જણાતી નથી, તેવી જ રીતે વિયોગની શરૂઆતમાં અમલની ખોટ ચારુને એટલી બધી જણાઇ નહિ.

પરંતુ ધીમે ધીમે જેમ જેમ દિવસો વીતવા લાગ્યા તેમ તેમ અમલની ખોટને કારણે ચારુને મન સાંસારિક શૂન્યતા વધતી ગઇ, આ ભયંકર આઘાતથી ચારુ હતબુદ્ધિ બની ગઈ હતી. કુંજવનમાંથી એકાએક ફેંકાઈ જઈ તે કોઈક મરુભૂમિમાં આવી પડી છે—દિવસ

ઉપર દિવસ વહી રહ્યા છે અને મરૂભૂમિ ધીમે ધીમે વિસ્તાર પામી છે–જે મરૂભૂમિ વિષે તેણે કદી કશું જાણ્યું કે સાંભળ્યું નથી !

ઊંઘમાંથી ઊઠતાં વેંત એકાએક છાતી ધબકી ઊઠે—યાદ આવેઃ ‘ અમલ નથી !’ સવારે વરંડામાં પાન તૈયાર કરતી હોય ત્યારે–ક્ષણે ક્ષણે કેવળ એટલું જ થયા કરેઃ ‘ અમલ પાછળથી નહિ આવે ?’ કોઈક વાર તો અન્યમનસ્ક બની કંઈ કેટલાં ય પાન બનાવી રાખે, પણ પછી એકાએક યાદ આવે: ‘ એટલાં પાન ખાનારું માણસ જ નથી !’ જેવી રસોડામાં પગ મૂકે કે તરત જ મનમાં એ વાત યાદ આવે : ‘ અમલને તો નાસ્તો આપવાનો હવે છે નહિ !’ મનની અસ્વસ્થ દશામાં તે છેક અંતઃપુરમાં પહોંચે ત્યારે ય તેને સ્મરણ થાયઃ ‘ અમલ કોલેજમાંથી આવવાનો નથી !’ કોઈ નવી ચોપડી, નવું લખાણ, નવી ખબર; નવીનવી કૌતુક-કથાઓ—કશું જ નહિ ! કોઈને માટે શીવવાનું, લખી આપવાનું, કોઈ સુંદર વસ્તુ ખરીદી લાવવાનું—એય હવે નથી !

પોતાની અસહ્ય વ્યથા અને અસ્વસ્થતા જોઈ ચારુ પોતે આશ્ચર્ય પામતી. મનોવેદનાની આ અતૂટ પીડાને કારણે તેને બીક લાગતા માંડી. પોતે પોતાને પૂછી રહી—‘ શાથી ? આટલું દુઃખ શું કામ થાય ? અમલ મારે એવો શો હતો કે એને માટે આટલું દુઃખ ભોગવું ? મને શું થયું છે ? આટલે દિવસે મને આ શું થયું છે ! નોકર ચાકરો, રસ્તા ઉપરના મજૂરો પણ નિશ્ચિંત બની જીવે છે. મને શું કામ આમ લાગે છે ? ભગવાને મને આ વિપદમાં શું કામ નાખી ?’

માત્ર એ પ્રશ્નો જ કરતી અને આશ્ચર્ય પામતી. દુઃખ સમાવવાનું તો તેને કશું સૂઝતું નહિ. અમલના સ્મરણમાં તેનું અંતર અને બાહ્ય એટલું બધું જકડાઈ ગયું હતું કે એમાંથી છટકવાને ક્યાંય સ્થાન ન હતું !

ભૂપતિ ચારુને અમલની સ્મૃતિના આ હલ્લાથી બચાવવાને બદલે, વિયોગવ્યથિત સ્નેહશીલ આ મૂઢ આદમી અમલની જ યાદ ફરી ફરી તેને કરાવી આપતો!

આખરે ચારુએ બિલકુલ જ હામ છોડી દીધી. પોતાની સાથે લડી લડી તે થાકી ગઇ હતી. હાર કબૂલ કરી પોતાની સ્થિતિને તેણે વિના વિરોધે સ્વીકારી લીધી. અમલની સ્મૃતિને તેણે મમતાપૂર્વક હૃદયમાં પ્રતિષ્ઠિત કરી.

ધીમે ધીમે તો એવું બન્યું કે અમલનું એકાગ્ર ચિત્તે ધ્યાન ધરવામાં તે છૂપો ગર્વ અનુભવવા લાગી. કેમ જાણે એ સ્મૃતિ જ તેના જીવનનું સર્વશ્રેષ્ઠ ગૌરવ ન હોય!

ઘરકામ પછીનો એક ચોક્કસ વખત તેણે મુકરર કર્યો—જ્યારે બારણાં બંધ કરી એકાંતમાં તે અમલની સાથેના તેના પોતાના જીવનની પ્રત્યેક ઘટનાનો રજેરજ વિચાર કરતી બેસતી. ઉંધડક પડી ઓશીકા ઉપર મોં નાખી વારંવાર તે બોલતી, 'અમલ! અમલ! અમલ!' સમુદ્રપારથી જાણે સામો જવાબ આવતો 'બૌઠાન! બૌઠાન!' ચારુ ભીની આંખો બંધ કરી બોલતી, 'અમલ! તું ગુસ્સો કરી ચાલ્યો ગયો શું કામ? મેં તો કંઇ દોષ કર્યો નથી. તું જો હસીને વિદાય લઇ ગયો હોત તો મને આટલું દુઃખ ન થાત.' અમલ સામે જ બેઠો હોય ને જેમ બોલે તેવી જ રીતે ચારુ બોલતીઃ 'અમલ! તને એક દિવસ પણ હું ભૂલી નથી! એક દિવસ તો શું, એક ઘડી પણ નહિ! મારા જીવનનો શ્રેષ્ઠ અર્ક તેં જ ફુટાવ્યો. મારા જીવનના સર્વોત્તમ નૈવેદ્ય વડે જ તારી પૂજા કરીશ.'

આ પ્રકારે ચારુએ તેના સમસ્ત ઘરકામ, તેના સમસ્ત કર્તવ્યની નીચે ભોંયરામાં સુરંગ ખોદીને એ જ તેજવિહીન નિસ્તબ્ધ અંધકારમાં અશ્રુમાલાસજ્જિત ગુપ્ત શોકનું એક મંદિર સર્જ્યું હતું. ત્યાં તેના સ્વામી કે પૃથ્વીના બીજા કોઇનોય અધિકાર ન હતો. એ

સ્થાન જેમ ગુપ્ત હતું તેવું જ ગહન પણ હતું અને પ્રિય પણ તેવું જ હતું. તેને જ કારણે ચારુ દુનિયાદારીના બધા આવરણો ફેંકી દઈને પોતાનાં સાચા આત્મસ્વરૂપે પ્રવેશ કરતી હતી અને ત્યાંથી બહાર નીકળતા વળી પાછો બુરખો ધારણ કરી લઈ દુનિયાના હાસ્યાલાપ તથા ક્રિયાકર્મોની રંગભૂમિ ઉપર આવીને હાજર થતી.

[૧૯]

આ રીતે પોતાના મનની સાથે દ્વંદ્વયુદ્ધ કરવાનું છોડી દઈ ચારુએ તેના વિસ્તૃત વિષાદમાં જ એક પ્રકારે શાંતિલાભ કર્યો, અને એકનિષ્ઠ બની તેણે સ્વામીની ભક્તિ અને સેવા કરવા માંડી. ભૂપતિ જ્યારે ઊંઘી જતો ત્યારે ચારુ તેના પગ ઉપર પોતાનું માથું નાખી પદરજ સીમંત પ્રદેશે ચઢાવતી. સેવા–સુશ્રુષામાં, ઘરકામમાં સ્વામીની લેશમાત્ર ઇચ્છા તે અસંપૂર્ણ રાખતી નહિ. આશ્રિત વ્યક્તિ પ્રત્યે સહેજ પણ તોછડાઈ થતાં ભૂપતિ દુઃખ પામતો એ વાત જાણતી હોઈ ચારુ તેમના આતિથ્યમાં તલભાર પણ મણા રાખતી નહિ. આ પ્રકારે બધું કામકાજ પતાવી ભૂપતિનો ઉચ્છિષ્ટ પ્રસાદ ખાઈ ચારુ દિવસ વીતાવી રહી હતી.

આ સેવા અને મમતાને કારણે ભગ્નશ્રી ભૂપતિ જાણે નવયૌવન પામ્યો, આજ લગી જાણે તેનું લગ્ન જ થયું ન હોય–આજે જ જાણે તેનું નવલગ્ન થયું હોય! બધી રીતે ફાલીફૂલી રહેલી સંસારની બધી દુશ્ચિંતાને ભૂપતિએ એક બાજુ હડસેલી કાઢી. રોગી માણસ સારું થતાં જેમ તેની ભૂખ એકદમ સળગી ઊઠે, શરીરમાં ઉપભોગ શક્તિ વધી હોવાનો જેમ અનુભવ થાય, તેવી જ રીતે ભૂપતિના મનમાં આટલે વખતે એક અપૂર્વ અને પ્રબળ ભાવનો સંચાર થયો. મિત્રોને, એટલું જ નહિ પણ, ચારુથી ય છુપાવીને તે કવિતા વાંચવા

લાગ્યો. મનમાં કહેવા લાગ્યો, 'છાપું છોડ્યા પછી આટલે દિવસે હું મારી પત્નીને સાફ સાફ જોતો થયો છું.

ભૂપતિએ ચારુને કહ્યું, "ચારુ! તેં આજકાલ લખવાનું કેમ સમૂળગું છોડી દીધું છે?"

ચારુએ જવાબ આપ્યો, "પાછી હું લખવાવાળી બહુ ને?"

ભૂપતિ--સાચું કહું છું. તારા જેવું બંગાળી આજકાલના આટઆટલા લેખકોમાં ક્યાંય જોયું નથી! વિશ્વબંધુમાં જે લખ્યું હતું, બરાબર એવો જ મારો અભિપ્રાય છે.

ચારુ--નો, રહેવા દો.

"આ જો ને" બોલીને ભૂપતિએ સરોરુહનો એક અંક કાઢી ચારુ અને અમલનાં લખાણુની સરખામણી કરવા માંડી. ચારુએ શરમિંદે લાલ મોંએ ભૂપતિના હાથમાંથી અંક પડાવી લઇ પાલવમાં છુપાવી દીધો.

ભૂપતિએ વિચાર્યું 'લખનાર સાથી કોઈ ન હોય તો લખવાનું થતું નથી. રોજ મારે પોતે જ લખવાની ટેવ પાડવી પડશે. તો જ ધીમે ધીમે ચારુમાં પણ લખવાનો ઉત્સાહ રેડી શકાશે."

ભૂપતિ અત્યંત ગુપ્ત રીતે નોટ લઇ લખવા બેસતો. શબ્દકોષ જોઈ ફરી ફરી સુધારી, વારંવાર નકલ કરી તે તેના બેકાર દિવસો વીતાવવા લાગ્યો. એટલી મહેનતે અને મુશીબતે લખવા પામતો હતો કે તે બહુશ્રમલિખિત રચના પ્રત્યે ધીમે ધીમે તેની મમતા અને વિશ્વાસ વધતાં ગયા.

આખરે એક દિવસે એક જણુ પાસે પોતાના લખાણુની નકલ કરાવી ભૂપતિએ ચારુને બતાવી કહ્યું: "મારા એક મિત્રે નવેનવું લખવા માંડ્યું છે. મને તો કંઈ સમજ પડતી નથી. તું એક વાર વાંચી જો જોઈએ, તને કેવુંક લાગે છે?"

નોટ ચારુના હાથમાં આપી તે બીતો બીતો બહાર ચાલ્યો ગયો. સરળ ભૂપતિની આ બનાવટ ચારુથી અજાણી રહી નહિ.

વાંચ્યું. લખવાની શૈલી અને વિષય જોઇ તેને હસવું આવ્યું. હાય! ચારુ તેના સ્વામીની ભક્તિ કરવા માટે કેટકેટલું મથી રહી છે. શું કામ ભૂપતિ આવી બાલિશતા કરી તેનો પૂજાનો અર્ઘ્ય ફેંકી દે છે? ચારુની પાસે વાહવાહ મેળવવા ખાતર તેણે આટલું શું કામ કરવું પડે? ને જો કશું જ ન કરે, ચારુનું મન ખેંચવા માટે જો તે હંમેશાં પ્રયત્ન ના કર્યા કરે તો જ સ્વામીની પૂજા ચારુ સહજ-સાધ્ય કરી શકે. ચારુની એક માત્ર ઇચ્છા હતી–ભૂપતિ કોઇપણ રીતે પોતાને તેના (ચારુ) કરતાં નીચો ન પાડે.

ચારુ નોટ મૂકી દઇ ઓશીકા ઉપર ટેકો દઇ દૂરદૂર જોતી ખૂબ લાંબો વખત સુધી વિચારમાં જ રહેવા લાગી. ભૂપતિ પણ તેને નવું-નવું વાંચવા આપ્યા જતો.

સાંજના સમયે આતુર ભૂપતિ શયનખંડની સામેના વરંડામાંનું કૂલોનું ટબ જોતો ઊભો. કશું પૂછવાની તેની હિંમત ચાલી નહિ.

ચારુ પોતે બોલી—આ શું તમારા મિત્રનું પહેલું જ લખાણુ છે?

ભૂપતિએ કહ્યું—હા.

ચારુ—એવું તો અદ્‌ભુત લખ્યું છે—પહેલી વારનું હોય એમ લાગતું જ નથી.

ભૂપતિ અત્યંત આનંદ પામી વિચારવા લાગ્યો, આ અનામી લેખ સાથે હવે પોતાનું નામ લગાડી શકાય કેવી રીતે?

ભૂપતિની નોટ ભયંકર ઝડપે પૂરી થઈ ગઈ, અને પ્રસિદ્ધ થતાં ય વાર લાગી નહિ.

[૧૭]

વિલાયતથી ટપાલ આવવાનો દિવસ કયો હતો એની ખબર ચારુએ બરાબર રાખી હતી. પહેલાં એડનથી ભૂપતિના નામે પત્ર આવ્યો હતો. એમાં અમલે બોઠાનને પ્રણામ લખ્યા હતા. બીજો કાગળ સુએઝથી આવ્યો હતો. એમાંય બોઠાનને પ્રણામ હતા. માલ્ટાથી

ત્રીજો પત્ર આવ્યો તેમાં ય ફરી પ્રણામ તો હતા જ.

પણ ચારુને અમલનો એક સીધો પત્ર મળ્યો નહિ! ભૂપતિના પત્રોમાં ફરી ફરી જોયું પણ પ્રણામ ઉપરાંત કશું તેને માટે લખેલું ન હતું.

ચારુએ આટલા દિવસ શાંત વિષાદ રૂપી ચંદ્રછાયાનો આશ્રય લીધો હતો તે અમલની આ ઉપેક્ષા દ્વારા આઘાત થતાં છિન્નવિછિન્ન થઇ ગયો. તેના હૃદયમાં ફરી તોફાન મચી રહ્યું. તેના રોજિન્દા ગૃહકર્મમાં વળી પાછું ભકંપનું આંદોલન જાગી ઊઠ્યું.

આ દિવસોમાં ભૂપતિ અરધી રાતે ઊઠીને જોતો હતો. ચારુ ન દેખાતી હતી. શોધતાં શોધતાં ખબર પડે કે ચારુ જમણી બાજુના ઝરૂખામાં બેઠી છે. ભૂપતિને જોતાં જ ચારુ એકદમ ઊભી થઇ જઈ બોલતી. "અંદર તો આજે ગરમી લાગે છે, એટલે જરા પવનમાં આવી?"

ભૂપતિએ ઉદ્વિગ્ન બની બિછાના ઉપર જ પંખાની ગોઠવણ કરી દીધી અને ચારુની તબિયત સારી નથી રહેતી માની હંમેશાં પોતે ખાસ નજર રાખવા લાગ્યો. ચારુ હસીને કહેતી. "હું તો સારી છું. તમે શું કામ અમસ્થા અકળાઓ છો?"

આ હાસ્ય મોં પર લાવવા માટે ય ચારુને તેની છાતીની બધી શક્તિ ખર્ચી નાખવી પડતી!

અમલ વિલાયત પહોંચી ગયો. ચારુએ એમ માન્યુ હતું કે રસ્તામાં તેને સ્વતંત્ર પત્ર લખવા જેટલો અવસર નહિ મળ્યો હોય, પણ વિલાયત જઈને તો જરૂર લાંબો પત્ર લખશે. પણ એવો કોઈ લાંબો પત્ર તો ન આવ્યો.

દરેક મેલના દિવસે ચારુ તેના સમસ્ત કામકાજ અને વાતચીતમાં સુદ્ધાં એક પ્રકારની અધીરાઈ—આકુળતા અનુભવતી. પણ રખે ને ભૂપતિ કહે કે 'તારા ઉપર તો કંઈ કાગળ નથી' એ બીકે તે હિંમત કરી પૂછતી નહિ.

આવી સ્થિતિમાં એક દિવસ પત્ર આવવાને સમયે ભૂપતિએ ધીમેથી આવી મૃદુહાસ્યપૂર્વક કહ્યું, “એક વસ્તુ બતાવું ?”

ચારુ એકદમ ચોંકી પડીને બોલી ઊઠી, “શું છે, બતાવો ને ?”

ભૂપતિએ મશ્કરીમાં કશું બતાવ્યું નહિ.

ચારુએ અધીરી બની ભૂપતિની શાલ પાછળ સંતાડેલી ઇચ્છિત વસ્તુ પડાવી લેવા પ્રયત્ન કર્યો. તેણે પોતાના મનને કહ્યું, ‘આજ સવારથી જ મને થતું તો હતું કે આજે મારો પત્ર આવશે જ—એ કદી નકામું જાય જ નહિ.’

ભૂપતિની મશ્કરીની ઇચ્છા ઓર વધી. તે ચારુને આડમાં નાખી ખાટલાની ચારે બાજુ ફરવા લાગ્યો.

આખરે ચારુ થાકી જઈ એકદમ ચીડપૂર્વક ખાટલા ઉપર બેસી પડી. એની આંખો ઉભરાઈ ચાલી.

ચારુના આ અતિશય આગ્રહથી ભૂપતિને અતિશય આનંદ થયો. શાલની પાછળથી પોતાની લખેલી નોટ બહાર કાઢી એકદમ ચારુના ખોળામાં નાખી બોલ્યો: “ગુસ્સો ના કર; લે આ.”

[૧૮]

અમલે જો કે ભૂપતિને લખ્યું તો હતું જ કે અભ્યાસની ધમાલમાં તે લાંબો વખત સુધી પત્ર લખી નહિ શકે, તેમ છતાં બેએક મેલમાં કાગળ ન આવતાં ચારુનો આખો સંસાર કંટકશય્યા જેવો બની ગયો.

સાંજે વાતમાં ને વાતમાં ચારુએ અત્યંત ઉદાસીન ભાવે શાંત સ્વરે તેના સ્વામીને કહ્યું, “જુઓ, તાર કરીને ખબર કઢાવો. અમલને કેમ છે ?”

ભૂપતિએ જવાબ આપ્યો, “બે અઠવાડિયા પહેલાં એણે જ લખ્યું છે કે હમણાં એ અભ્યાસની ધમાલમાં પડ્યો છે......”

ચારુ—ઓહ ! તો કંઇ જરૂર નથી, મને થયું કે પરદેશમાં છે,

કંઈ માંદો આંદો પડયો હોય, કંઇ કહેવાય નહિ.

ભૂપતિ—ના, એવું કંઈ હોય તો ખબર મળે જ; અને વિલાયત તાર કરવો એટલે ખર્ચ પણ કંઈ ઓછું ન આવે.

ચારુ—ઓહો! મને તો હતું કે બહુ બહુ તો એક કે બે રૂપીઆ જ આવતું હશે.

ભૂપતિ—શું કહે છે? અરે, લગભગ સો રૂપીઆ થાય!

ચારુ—તો તો સવાલ જ નથી.

બેએક દિવસ બાદ ચારુએ ભૂપતિને કહ્યું. "મારી બહેન ચુંચડામાં છે. આજે એની ખબર કાઢી શકશો?"

ભૂપતિ—કેમ? એને ઠીક નથી કે શું?

ચારુ—ના, એવું તો કંઇ નથી. તમે જાણો જ છો કે તમારા ગયાથી એ લોકોને કેટલો બધો આનંદ થાય છે.

ભૂપતિ ચારુના આગ્રહથી હાવડા સ્ટેશન ભણી ગાડીમાં રવાના થયો. રસ્તામાં એક બળદગાડી આવતાં તેની ગાડી અટકી અને એક પરિચિત તારવાળાએ તેના હાથમાં તાર ધર્યો. વિલાયતથી તાર આવેલો જોઈ ભૂપતિને અતિશય ધ્રાસ્કો પડયો. એને થયું, નક્કી અમલને કંઈક થયું હશે. બીતાં બીતાં તાર ઉઘાડી જોયું તો તારમાં માત્ર એટલું જ લખ્યું હતું કે, " હું સારો છું."

આનો શો અર્થ? તપાસ કરતાં જણાયું કે આ તો 'પ્રી–પેઈડ' તારનો જવાબ હતો!

હાવડા જવાનું બંધ રહ્યું. ગાડી પાછી વાળી ભૂપતિએ ઘેર આવી પત્નીના હાથમાં તાર ધર્યો. ભૂપતિના હાથમાં તાર જોઈ ચારુનું મોં ફિક્કું પડી ગયું.

ભૂપતિ બોલ્યો, "મારાથી કંઇ સમજાયું નહિ." તપાસ કરતાં ખબર પડી કે ચારુએ પોતાનાં ઘરેણાં ગીરવે મૂકી પૈસા ઉધાર લઈ તાર કર્યો હતો.

ભૂપતિએ વિચાર્યું, 'આવું કરવાની તો જરૂર ન હતી. મને

કહ્યું હોય તો ય હું તાર કરી દઈ શકત. નોકર મારફતે ઘરેણાં ગીરવે મૂકાવવાં......એ તો જરાય સારું ન થયું!'

રહી–રહીને ભૂપતિના મનમાં માત્ર આ જ પ્રશ્ન ઊઠવા લાગ્યો, 'ચારુએ શું કામ આવી ધમાલ કરી?' એક અસ્પષ્ટ સંશય અલક્ષ રીતે તેને વીંધી રહ્યો. એ સંશય ભૂપતિએ પ્રત્યક્ષ રૂપે જોવા ઇચ્છા ન કરી. ભૂલી જવા મથ્યો—પરંતુ વેદના કેમે કરી ઘટી નહિ.

(૧૯)

અમલનું શરીર સરું છે. તો પણ તે પત્ર લખતો નથી! એકાએક આ ભયંકર અથડામણ થઈ શી રીતે? કોક—વાર તો મોઢામોઢ આનો જવાબ લઇ આવવાની ઇચ્છા થતી, પરંતુ વચમાં સમુદ્ર પડયો હતો—પેલે પાર જવાય એવું ન હતું! નિષ્ઠુર વિચ્છેદ! નિરૂપાય વિચ્છેદ! તમામ પ્રશ્નો અને તમામ પ્રતિકારથી પર એવો આ વિચ્છેદ!

ચારૂ હવે પોતાને સ્વસ્થ રાખી શકી નહિ. કામકાજ પડયું રહેતું, બધી વાતમાં કંઇ ને કંઇ ભૂલ થતી. નોકર ચાકર ચોરી કરવા લાગ્યા હતા. લોકો એની દીનતા જોઇ કંઈ કંઈ ગુસપુસ કરતા. પરંતુ ચારૂને તો કશાનું ભાન જ ન હતું!

એટલે સુધી સ્થિતિ થઇ કે ચારુ ઘણી વાર ચોંકી ઊઠતી, વાત કરતાં કરતાં રડવું આવતું ને તેને ઊઠી જવું પડતું. અમલનું નામ સાંભળતાં વેંત તેનું મોં ફિક્કું પડી જતું.

આખરે ભૂપતિને ય બધું સમજાયું અને જીવનમાં જેનો કદી વિચાર નહોતો આવ્યો, એવો વિચાર આવ્યો—આખી દુનિયા એકાએક તેને જીર્ણ, વૃદ્ધ, શુષ્ક લાગવા માંડી.

વચલા થોડા દિવસો દરમિયાન ભૂપતિ આનંદના ઊભરામાં આંધળો બન્યો હતો. એ થોડા દિવસની યાદ સુદ્ધાંથી આજે તેને

શરમ આવવા લાગી. મૂઢ વાંદરો ઝવેરાત શું તે સમજતો નથી, એને આમ ખોટા પથરા આપીને છેતરી શકાતો હશે શું?

ચારુની જે બધી વાતો ભૂપતિ પ્રેમને કારણે ભૂલી ગયો હતો તે બધી મનમાં દોડી આવી તેને 'મૂઢ, મૂઢ,' કહી નેતરે નેતરે ફટકારી રહી હતી.

આખરે જ્યારે તેને મહામહેનતે, ભારે મુશ્કેલીએ શરૂ કરેલા પોતાના લખાણની વાત યાદ આવી ત્યારે ભૂપતિને ધરતીમાં સમાઈ જવા જેવું લાગ્યું. અંકુશનો ઘા પડયો હોય તેમ તે દોડતો ચારુ પાસે ગયો અને બોલ્યો, "મારું પેલું લખેલું ક્યાં છે?"

ચારુ બોલી, "મારી પાસે જ છે."

ભૂપતિએ કહ્યું. "લાવ તો."

ચારુ એ વખતે ભૂપતિને માટે કચોરી તળતી હતી. તે બોલી, "હમણાં જ જોઈએ છે શું?"

ભૂપતિએ કહ્યું, "હા."

ચારુએ કડાઈ નીચે ઉતારી આલમારી ઉપરથી નોટ અને કાગળોની થોકડી ઉતારી.

ભૂપતિએ અધીરાઇપૂર્વક તેના હાથમાંથી ખૂંચવી લેતો હોય તેમ લઇ બધું દેવતામાં પધરાવી દીધું.

ચારુએ વ્યગ્ર બની દેવતામાંથી બહાર કાઢવાનો પ્રયત્ન કરતાં કહ્યું, "આ શું કર્યું?"

ભૂપતિ તેનો હાથ પકડી રાડ પાડી બોલ્યો. "રહેવા દે."

ચારુ આશ્ચર્ય પામી જોઈ જ રહી. બધું બળીને ભરમ થઇ ગયું.

ચારુ સમજી. તેણે દીર્ઘ નિશ્વાસ નાખ્યો. કચોરી તળવાનું અધુરું મૂકી ધીમે ધીમે બહાર ચાલી ગઈ.

ચારુના જ મોં સામે નોટ બાળી નાખવાનો સંકલ્પ કંઈ

ભૂપતિએ નહોતો કર્યો, પણ સામે જ દેવતા બળતો જોઈ, કેમ જાણે એકાએક લોહી ઊછળી આવ્યું! આત્મસંવરણ ન કરી શકવાને કારણે છેતરપિંડીના ભોગ બનેલા મૂઢનું તમામ લખ્યુંકર્યું તેણે છેતરનારીના જ મોં સામે અગ્નિમાં પધરાવી દીધું!

બળીને બધું ખાખ થયું અને ભૂપતિનોય આવેશ જ્યારે શાંત પડ્યો ત્યારે ચારુ પોતાના અપરાધનો બોજો વહન કરીને જે પ્રકારે ગંભીર વિષાદમાં મૂગી મૂંગી નીચે મોએ ચાલી ગઈ તેણે ભૂપતિના મનને એકાએક ધક્કો માર્યો. તેણે સામે નજર કરી. ભૂપતિને ખાસ ગમતું હતું તેથી જ તો તે વિશેષ મમતાપૂર્વક આજે રાંધી રહી હતી!

ભૂપતિ વરંડાના સળિયા ઉપર ટેકાઈને ઊભો. મનમાં મનમાં વિચારવા લાગ્યો, “પોતાને માટે ચારુને આટલી બધી મહેનત ઉઠાવવી પડે, આવી બધી પ્રાણપણે છેતરપંડી ચલાવવી પડે—આના કરતાં વધુ કરુણ દુનિયામાં બીજું શું હોઈ શકે? અને આ છેતરપિંડી—આ જ કંઈ એની સૌથી મોટી છલના નથી—આ છલનાને કારણે તો ક્ષતહૃદયની વેદના ચાર ગણી વધારીને અભાગિણીએ આટલા દિવસ પ્રતિક્ષણે હૃદય ચીરીને લોહીની ધારા વહાવ્યે રાખી છે! ભૂપતિ મનમાં બોલ્યો, “હાય અબલા! હાય દુઃખિની! આવી કશી જરૂર ન હતી, મારે આવી કશી જરૂર ન હતી. આટલો સમય તો મેં કદી પ્રેમ માગ્યો ન હતો અને એમ છતાં ‘પ્રેમ નથી પામ્યો’ એવું હું જાણી ય શક્યો ન હતો!—મારું તો આજ લગી માત્ર પ્રૂફ જોઈ જોઈને જ, છાપામાં લખી લખીને જ ચાલ્યું હતું—મારે માટે આવું બધું કરવાની જરૂર ન હતી.’

અને પોતાના જીવનને ચારુના જીવનથી દૂર ખસેડી લઈ, ડૉક્ટર જેમ પક્ષાઘાત થયેલા રોગીને જુવે તેમ, ભૂપતિ તટસ્થ આદમીની જેમ ચારુને દૂર જોઈ રહ્યો. આ એક દુર્બળ નારીના હૃદય ઉપર કેવા પ્રબળ સંસારે ચારે બાજુએથી હલ્લો કર્યો હતો!

એવું કોઇ માણુસ નથી જેની આગળ તે બધી વાત વ્યક્ત કરી શકે, એવી વાત પણુ નથી કે જ્યાં ત્યાં થઇ શકે, એવું સ્થાન પણુ નથી કે જ્યાં સમસ્ત હૃદય ખોલી દઇને તે હાહાકાર કરી રહી છૂટે !–અને એમ છતાં આ ગુપ્ત, અદમ્ય, અદાય પુંજીભૂત થતા દુઃખભારને વહીને બિલકુલ સામાન્ય માનવીની જેમ, તેની જડ પડોશણોની જેમ તેણે ય ઘરકામમાં જ દિવસો ગાળવા પડતા હતા!

ભૂપતિએ તેના શયનગૃહમાં જઇ જોયું––બારીનો કઠેરો પકડી અશ્રુહીન અનિમિષ નયને ચારૂ બહાર ટગી રહી છે. ભૂપતિ આસ્તે આસ્તે તેની પાસે આવી ઊભો. કંઇ બોલ્યો નહિ––ચારૂના માથા ઉપર હાથ મૂકી ઊભો જ રહ્યો.

(૨૦)

મિત્રો ભૂપતિને પૂછવા લાગ્યા, "છે શું? આટલો વ્યગ્ર શાથી?"

ભૂપતિ બોલ્યો, "છાપું..."

મિત્ર—વળી પાછો છાપું કાઢે છે? ઘરબાર બધું છાપામાં વીંટીને ગંગાના પાણીમાં ડુબાડવું છે કે શું?

ભૂપતિ—ના, હું છાપું નથી કાઢતો.

મિત્ર—તો?

ભૂપતિ—મૈસૂરમાં એક છાપું નીકળે છે. મને તેના તંત્રી તરીકે બોલાવ્યો છે.

મિત્ર—ઘરબાર છોડી છેક મૈસૂર જશે? ચારુને સાથે લઈ જાય છે?

ભૂપતિ—ના, મામાને ત્યાંના અહીં આવીને રહેશે.

મિત્ર—તારો તંત્રીપણાનો નશો કેમે કરી ગયો નહિ?

ભૂપતિ—માણુસને કંઇ ને કંઇ નશો તો જોઇએ.

*

વિદાય સમયે ચારૂએ પૂછ્યું, "ક્યારે આવશો?"

ભૂપતિએ કહ્યું, "તને જો એકલું લાગે તો મને લખજે, હું તરત પાછો આવીશ" એમ બોલી વિદાય લઈ ભૂપતિ બારણા સુધી પહોંચ્યો હશે ત્યાં તો ચારુએ દોડીને એનો હાથ પકડી કહ્યું, "મને સાથે લઈ જાઓ. મને અહીં નાખીને જાઓ નહિ."

ભૂપતિ ચમકીને ઊભો રહી જઈ ચારુના મોં સામું જોઈ રહ્યો. મૂઠી ઢીલી પડી. ભૂપતિના હાથમાંથી ચારુનો હાથ છૂટો થયો. ભૂપતિ ચારુની પાસેથી ખસી વરંડામાં આવી ઊભો.

ભૂપતિને લાગ્યું કે અમલના વિયોગની સ્મૃતિ જે ઘરને ઘેરી વળી તેને સળગાવી રહી છે, ચારુ દાવાનળગ્રસ્ત હરિણીની જેમ તે ઘરનો ત્યાગ કરીને ભાગવા ઇચ્છે છે. પણ મારી વાત તો તેણે વિચારી નહિ. હું ક્યાં ભાગી છૂટીશ? જે સ્ત્રી હૃદયમાં સદા બીજાનું જ ધ્યાન ધરે છે,—તે સાથે હશે તો—પરગામ ભાગી જઈને ય તેને ભૂલી જવાનો સમય નહિ પામી શકું? નિર્જન મિત્ર વિનાના પ્રવાસમાં તેણે આ સ્ત્રીને સદા સાથ આપવો પડશે! આખો દિવસ થાકી પાકી સાંજે જ્યારે ઘેર પાછો ફરીશ ત્યારે જડસડ શોક—પરાયણ નારીને કારણે એ સંધ્યા કેવી ભયાનક બની ઊઠશે! જેના હૃદયમાં આવો ભાર પડેલો છે તેને છાતીસરસી દબાવી રાખવાનું મારાથી કેટલા દિવસ થશે? અને કેટલાં વરસ લગી આમ ને આમ જીવવું પડશે? જે આશ્રય ભાંગીને ચૂરેચૂરા થઈ ગયો છે તેની ઈંટો અને લાકડાં ફેંકી ય નહિ શકું?—ખભે ઉપાડી સદાકાળ ફરવું પડશે?

ભૂપતિએ આવીને ચારુને કહ્યું, "ના, મારાથી એ નહિ બને."

ક્ષણ વારમાં જ ચારુના મોં ઉપરથી બધુ લોહી અદૃશ્ય થઈ ગયું અને કાગળના જેવું શુષ્ક સફેદ બની ગયું. ચારુએ મૂઠીઓ વડે ખાટલો પકડી રાખ્યો.

તે જ ક્ષણે ભૂપતિએ કહ્યું, "ચાલ, ચારુ, મારી સાથે જ ચાલ."

ચારુ બોલી, "ના, રહેવા દો."

[૨]

કલ્યાણી

આજ મને માત્ર સત્તાવીશ વર્ષ થયાં છે. આ જીવન લંબાઈને હિસાબે મોટું નથી; તેમ ગુણને હિસાબે પણ મોટું નથી. પરંતુ તેનું એક વિશેષ મૂલ્ય છે. તે ફૂલના જેવું છે, કે જે ફૂલના હૃદયમાં ભ્રમર બેઠો હતો, અને તેના પદક્ષેપનો ઇતિહાસ તેના જીવનમાં ફળની પેઠે આકૃતિ ધારણ કરી રહ્યો હતો.

એ ઇતિહાસ નાનો છે—તેને નાના રૂપે જ લખીશ. નાનાને જેઓ સામાન્ય ગણીને ભૂલ કરતા નથી, તે એનો રસ સમજશે.

કોલેજમાં જેટલી પરીક્ષાઓ પસાર કરવાની હતી તેટલી બધી મેં પસાર કરી છે. નાનપણમાં મારા સુંદર વદનની પંડિત મહાશયે શીમૂળ ફૂલ અને મોગકાલ ફળની સાથે તુલના કરીને મને વિદ્રુપ બનાવાનો સુયોગ મેળવ્યો હતો; આથી તે વખતે હું ઘણો શરમાતો —પરંતુ મોટો થયા પછી એ વાતનો વિચાર કરૂં છું કે, જો બીજો જન્મ હોઈ શકે તો મારૂં સુરૂપ મુખ અને પંડિત મહાશયનું વિદ્રુપ મુખ જેવું ને તેવું પ્રકાશી ઊઠે.

મારા પિતા એક વખતે રંક હતા, વકીલાતના ધંધામાં તેમણે પુષ્કળ પૈસા મેળવ્યા હતા, પરંતુ તે ભોગવવાનો એક ક્ષણ પણ તેમને અવકાશ મળ્યો નહોતો. મૃત્યુ સમયે તેમણે જે અંતિમ શ્વાસ મૂક્યો તે જ તેમનો પ્રથમ અવકાશ!

એ સમયે હું નાનો હતો. મારી માએ જ ઉછેરીને મને મોટો કર્યો હતો. મારી મા ગરીબ ઘરની હતી એટલે અમે પૈસાવાળા છીએ એ વાત તે ભૂલતી નહીં, અને મને પણ ભૂલવા દેતી નહીં.

નાનપણમાં હું ઘણા લાડથી ઉછર્યો હતો, અને મને લાગે છે કે તેને લીધે જ હું કાચી સમજનો રહ્યો હતો. આજ પણ મને જોતાં જ સૌ કહેતાં કે " અન્નપૂર્ણાના ખોળામાં હું ગજાનનનો જાણે નાનો ભાઈ જ છું."

મારા મૂળ વાલી મારા મામા, મારા કરતાં બહુ તો છએક વર્ષે મોટા હશે. પરંતુ ફલ્ગુની રેતી પેઠે તેમણે મારા બધા ગૃહ-વ્યવહારને પોતાના અંતરની અંદર શોષી લીધો હતો. તેમને પૂછ્યા વિના મારામાં પાણી પણ પીવાની હિંમત નહોતી; આ કારણે કોઈ દિવસ કશી વાતની સહેજ પણ ચિંતા રહેતી નહીં.

કન્યાનાં માતપિતા પણ સ્વીકાર કરી શકે કે હું સત્પાત્ર છું, બીડી સુદ્ધાં હું પીતો નહીં. સારા માણસ થવું એમાં કાંઈ તસ્દી પડતી નથી. એટલે હું તદ્દન સારો માણસ હતો. માતાની આજ્ઞા પ્રમાણે ચાલવાની મારામાં શક્તિ છે—વસ્તુતઃ તે ન માનવાની શક્તિ મારામાં નથી. અંતઃપુરના શાસન પ્રમાણે ચાલવાને હું તૈયાર રહું છું—જો કદી કોઈપણ કન્યા સ્વયંવરથી વરવાની હોય તો તેણે મારું આ સુલક્ષણ સ્મરણમાં રાખવું જોઈએ.

ઘણાં મોટાં કુટુંબોમાંથી મારે માટે માગાં આવ્યાં. પરંતુ મારા મામા કે જે પૃથ્વીમાં, મ્હારા ભાગ્યદેવતાના મુખ્ય 'એજન્ટ' હતા, તેમનો મારા લગ્નસંબંધમાં કાંઈક વિશેષ અભિપ્રાય હતો. તવંગરની કન્યા તેમને પસંદ નહોતી. અમારે ઘેર જે કન્યા આવે તે નમ્યું આપતી આવે, એવી તેમની ઈચ્છા હતી. ઉપરાંત પૈસા તરફની તેમની આસક્તિ 'અસ્થિ મજ્જા'થી જડેલી હતી. તેમને એવો વહેવાઈ જોઈતો હતો, કે જેની પાસે પૈસા ન હોય તો પણ પૈસા આપવામાં કસૂર કરે નહીં; જેને ચૂસી શકાય અને વળી અમારે ઘેર આવતાં મોટા હુક્કાને બદલે ગુડગુડી આપીએ તો પણ માઠું લગાડે નહીં.

મારો મિત્ર હરીશ કાનપુરમાં ધંધો કરતો હતો, તે રજામાં કલકત્તે આવ્યો. તેણે કહ્યું. " તારે જો કન્યા જોઈતી હોય તો એક સુંદર કન્યા તૈયાર છે."

હું હમણાં જ એમ. એ. માં પાસ થયો છું. જેટલે દૂર દૃષ્ટિ લંબાવીએ તેટલે દૂર રજાનો સમુદ્ર પડયો હતો. પરીક્ષા નહીં, ઉમેદવારી નહીં. ચાકરી નહીં, મિલકતની દેખરેખ રાખવાની ફિકર નહીં–ઇચ્છા પણ નહીં–એ રાખવા માટે અંદર છે મા અને બહાર છે મામા–આવી મારી સ્થિતિ હતી.

આ અવકાશની મરૂભૂમિમાં મારું હૃદય તે વખતે વિશ્વવ્યાપી નારી રૂપનું મૃગજળ દેખાતું હતું–આકાશમાં તેની દૃષ્ટિ, પવનમાં તેનો નિઃશ્વાસ અને તરૂમર્મરમાં તેની ગુપ્ત વાત! એવે વખતે હરીશે મને કહ્યું: "જો તું કન્યાની વાત કરતો હોય તો"–આ સાંભળી મારું શરીર–મન વસન્તની લહરીમાં બકુલવનની નવપલ્લવરાશિની પેઠે કંપતું કંપતું તડકો છાંયડો ધુણાવવા લાગ્યું. હરીશ રસિક હતો. રસ મેળવીને વર્ણન કરવાની શક્તિ તેનામાં હતી અને તેમાં વળી મારું મન તૃષાર્ત હતું. મેં હરીશને કહ્યું, "એક વાર મામાની પાસે તો એની વાત કાઢી જો!"

હરીશ અસર જમાવવામાં અદ્વિતીય છે. એથી સર્વત્ર તેની ખાતર બરદાશ થતી. મામા પણ તેને મળે ત્યારે છોડતા નહીં. આ વાત દીવાનખાનામાં નીકળી. કન્યા કરતાં કન્યાના બાપની વાત જ તેની પાસે વધારે વજનદાર ગણાઈ. બાપની અવસ્થા તેને જેવી જોઈએ તેવી જ જણાઈ. અગાઉ આ કન્યાના બાપના વંશમાં લક્ષ્મીનો મંગળઘડો ભરેલો હતો. હાલમાં લગભગ ખાલી હતો, તો પણ તળિયામાં કંઇક અવશિષ્ટ હતું. દેશમાં કુલમર્યાદા રાખીને રહેવું સહેવું નહીં એટલે તેણે પશ્ચિમમાં જઈને વાસ કર્યો હતો. ત્યાં એ ગરીબ ગૃહસ્થની પેઠે જ રહેતો. એક દીકરી સિવાય તેને બીજું સંતાન નહોતું એટલે તેની પાછળ લક્ષ્મીનો ઘટો સામટો ખાલી કરી દેવામાં તે આનાકાની કરશે નહીં, એમ જણાવવામાં આવ્યું. એ બધી વાત તો ઠીક. પરંતુ કન્યાની ઉંમર પંદર વર્ષની છે, એ સાંભળી મામાનું મન જરા વ્યગ્ર થયું. કુળમાં તે કાંઈ દોષ નથી

ને? ના. બાપને કોઇ યોગ્ય વર શોધવા જતાં યે મળ્યો નથી. એક તો વરનું બજાર તેજ અને વળી તેના ઉપર ધનુષ્ય ભાંગવાની પ્રતિજ્ઞા નથી. બાપ ધીરજ રાખી રહ્યો હતો. પણ કાંઈક ન્યાની વય ધીરજ રાખે ?

ગમે તે હો—હરીશની સરસ રસનામાં ગુણ છે, એ નક્કી. મામાનું મન પીગળ્યું, લગ્નનો ભૂમિકા અંશ નિર્વિઘ્ને સમાપ્ત થયો. કલકત્તાની બહાર જે પૃથ્વી છે તે બધી મામાને મન આન્ડામાન દ્વીપની અંદર રહેલી હતી. જીવનના કોઈ ખાસ પ્રસંગે તેઓ કોન્નગર સુધી ગયેલા. મામા જો મનુ હોત તો તેમણે હાઉગ્નો પુલ ઓળંગવાનો નિષેધ જરૂર કર્યો હોત. મારા મનમાં એમ હતું કે કન્યાને હું જાતે જોઈ આવું તો ઠીક. પરંતુ આ સૂચના પ્રકટ કરવાની મારામાં હિંમત ન હતી. કન્યાને આશીર્વાદ આપવા માટે જેને મોકલવામાં આવ્યો તે વિનુભાઈ—મારી ફોઈનો દીકરો થતો હતો. તેના અભિપ્રાય, રૂચિ, અને દક્ષતા ઉપર હું સોળસોળ આના આધાર રાખતો. વિનુભાઇએ પાછા આવીને કહ્યું: "કાંઇ ખોટું નથી! શુદ્ધ સોનું છે." વિનુભાઇની ભાષા બહુ સાદી હતી. આપણે જેને ચમત્કાર કહીએ તેને એ કામચલાઉ કહેતા; એટલે હું સમજ્યો કે મારા ભાગ્યમાં પ્રજાપતિ ને સાથે પંચશરનો કાંઈ વિરોધ નથી.

અત્રે એ કહેવાની જરૂર નથી કે લગ્ન માટે કન્યાપક્ષવાળાને જ કલકત્તે આવવું પડયું, કન્યાના પિતા શંભુનાથ, બાબુ હરીશના પર કેટલો બધો વિશ્વાસ રાખતા, તેનું પ્રમાણ એ કે લગ્ન પહેલાં માત્ર ત્રણ દિવસ અગાઉ જ તે મને જોવા આવ્યા અને આશીર્વાદ આપી ગયા. તેમની ઉમર ચાળીસથી ઓછી કે વધારે હશે. માથાના વાળ ધોળા થયા ન હતા પણ દાઢીમૂછના વાળ તેવા થવા માંડયા હતા. ચહેરો સુંદર ખરો—ભીડમાં બધાની નજર પહેલાં તેમના પર પડે એવો! મને જોઈને તેઓ ખુશી થયા હશે. એ કે તે જાણવું ઘણું મુશ્કેલ હતું; કારણ કે તે થોડાબોલા હતા. જે એક બે વાક્યો તેઓ બોલતા તે પણ જાણે માંડમાંડ બોલતા હોય એમ લાગતું.

મામાની જીભ ખૂબ ચાલી રહી હતી-ધનમાં, માનમાં, અમે જાણે શહેરમાં કોઈથી ઉતરતા નહોતા અને એ જ વાત જુદી જુદી રીતે તેઓ વર્ણવતા. શંભુનાથ બાબુએ એ વાતમાં બહુ ધ્યાન આપ્યું નહીં. કેંક બ્હાને હું કે હાં સુદ્ધાં સંભળાયું નહીં. હું ત્યાં હોત તો થાકી જાત, પરંતુ મામાને થકાવવા મુશ્કેલ. તેમણે શંભુનાથ બાબુની ચૂપકીદી જોઈને કહ્યું "એ છેક જ નિર્જીવ લાગે છે, એનામાં જરાકે તેજ નથી.' વહેવાઈ સંપ્રદાયમાં બીજું ગમે તે હોય, પરંતુ તેજ હોય તો દોષ ગણાય એટલે મામા મનમાં તો ખુશી થયા અને શંભુનાથ બાબુ જ્યારે જવા ઊઠયા ત્યારે મામાએ ટૂંકામાં જ વિદાયગીરી આપી. ગાડી સુધી વળાવવા પણ ન ગયા, પહેરામણી બાબતમાં બન્ને પક્ષ વચ્ચે ચોક્કસ મસલત કરી લેવાઈ. મામા પોતાને અત્યંત ચતુર માનીને ગર્વ કરતા. બોલવાચાલવામાં ક્યાંયે બંધાતા નહીં. રોકડા રૂપિયાની રકમ તો નક્કી પરંતુ ઘરેણાં કયા દરના અને કેટલા તોલાનાં એ પણ નક્કી થઈ ગયું હતું. હું પોતે એ એકે વાત જાણતો નહોતો કે લેવાદેવાનું શું નક્કી થયું છે? માત્ર એટલું જાણતો હતો કે આ સ્થૂલ અંશ પણ વિવાહનો એક મુખ્ય અંશ છે, અને એ અંશનો ભાર જેના ઉપર છે તે એક પાઈ પણ મૂકી દે તેવા નથી. વસ્તુતઃ ઘણા જ પાકકા આસામી તરીકે જ મારા મામા બધા વ્યવહારના ગર્વની મુખ્ય સામગ્રી હતા. જ્યાં જ્યાં મારો સંબંધ છે ત્યાં ત્યાં બુદ્ધિની લડાઈમાં તેઓ જીતવાના જ એ એક નિશ્ચિત વાત હતી.

મારે શરીરે પીઠી ચોળવાથી કાંઈ અજબ રંગ પ્રકાશી નીકળ્યો. જાનૈયા એટલા બધા કે તેમની ગણતરી કરવી હોય તો એક કારકુન રાખવો પડે. તેમની સરભરા કરતાં કન્યાપક્ષને હેરાન થવું પડશે, એ વાતનો વિચાર કરીને મારાં માતા તથા મામા ખૂબ હસ્યા; બેંડ, શરણાઈ વગેરે ઉચ્ચ અવાજનાં વાજિંત્ર એક સાથે મેળવી મોટા ભૈરવી નાદ કરી સંગીત સરસ્વતીનું પદ્મવન દલિતવિદલિત કરી, હું

લગ્ન-મંડપમાં પહોંચી ગયો. વીંટીઓથી, હારથી, જરઝવેરાતથી, મારું શરીર જાણે ઘરેણાંની દુકાનનું લીલામ થવા જતું હોય તેવું લાગતું હતું. મામા લગ્ન-મંડપ જોઇ ખુશી થયા નહીં, એક તો ત્યાં જાનૈયા માટે જગ્યાનો સંકોચ અને તેમાં વળી બધી તૈયારી મધ્યમસરની હતી. ઉપરાંત શંભુનાથ બાબુનો વ્યવહાર છેક જ ઠંડો તેમનો વિનય 'સતત' નહોતો. મોઢે તો બોલવું જ નહિ. કમરે બેસ બાંધેલો, ગળું બોખરું, માથે ટાલ પડેલી, રંગે ખૂબ શ્યામ અને અત્યંત સ્થૂલ શરીરવાળા. તેમના એક વકીલ મિત્રે, હાથ જોડી, માથું હલાવી, નમ્રતાથી સ્મિત કરી અને ગદ્‌ગદ્ કંઠે કોન્સર્ટ પાર્ટીના કરતાળ વગાડવાની જે શરૂઆત કરી ન હોત, અને જાનના દરેક જણને વારંવાર જુદી જુદી રીતે રીઝવી દીધા ન હોત તો પહેલેથી જ બધું અસ્તવ્યસ્ત થઇ જાત. માયરામાં બેસવાની થોડીક ક્ષણ અગાઉ મારા મામા, શંભુનાથ બાબુને બાજુના ઓરડામાં લઈ ગયા. ત્યાં શી વાત થઈ તે હું જાણતો નથી. પરંતુ થોડી વાર પછી શંભુનાથ બાબુએ આવીને મને કહ્યું: "બાબુજી. જરા આ બાજુ આવો તો ?" હું તેમની સાથે ગયો.

બાબત નીચે મુજબ હતીઃ–બધાને કદાચ નહીં હોય, પરંતુ કોઇ કોઈ માણસને જીવનમાં એકાદ લક્ષ હોય છે. મામાને એમ છે કે, ઘરેણામાં દગો કરશે–લગ્નકાર્ય સમાપ્ત થયા પછી એનો ઉપાય કાંઈ રહેશે નહીં, ગાડીભાડું, ભેટસોગાદ, મહેમાનોની ખિદમતગીરી વગેરે સંબંધમાં જે ખેંચતાણનો પરિચય થયો છે, તે ઉપરથી મામાએ નિશ્ચય કર્યો હતો કે આપવા લેવાની બાબતમાં આ માણસની કેવળ બહારની વાત ઉપર ભરોસો રાખીને ચલાશે નહીં, એટલા માટે પોતાના સોનીને પણ તેઓ સાથે લઇ આવ્યા હતા. મેં બાજુના ઘરમાં જઇને જોયું તો મામા એક બાંકડે બેઠા છે અને સોની, તેના કાંટા કસોટી વગેરે સાથે નાના બાંક પર બેઠો છે. શંભુનાથ બાબુએ મને કહ્યું કેઃ "તમારા મામા કહે છે કે લગ્નની શરૂઆત થાય તે

પહેલાં તેમને કન્યાનાં બધાં ઘરેણાંની કસોટી કરાવવી છે. તમારે એ બાબતમાં શું કહેવું છે?"

હું મસ્તક નમાવીને ચૂપચાપ ઊભો રહ્યો.

મામાએ કહ્યું "એ વળી શું કહેશે? હું જેમ કહીશ તેમ જ થશે."

શંભુનાથ બાબુએ મારા તરફ ફરીને કહ્યુંઃ "શું આ ઠીક થાય છે? શું એઓ જે કહેશે તે જ થશે? એ બાબતમાં તમારે કાંઇ જ કહેવાનું નથી?"

મેં સહેજ માથું હલાવીને કહ્યું કેઃ–" એ બધી બાબતમાં મારે બિલકુલ અધિકાર નથી."

"ઠીક ત્યારે બેસો. કન્યાના શરીર પરથી બધાં ઘરેણાં લઇ આવું છું." એમ કહીને તેઓ ઊઠયા.

મામાએ કહ્યુંઃ "અનુપમ! અહીં તું શું કરીશ? મંડપમાં જઇને બેસ તો."

શંભુનાથબાબુ બોલ્યાઃ "ના, મંડપમાં નહીં; અહીં જ બેસવું પડશે."

થોડી વાર પછી તેઓ એક કપડામાં બાંધેલાં ઘરેણાં લઇ આવ્યા, અને બાંકડા પર મૂકયાં. બધાં ઘરેણાં તેની દાદીના વખતનાં ને હાલની ફેશનના બારીક નકશીનાં ન હતાં. જેમ મોટાં તેમ વજનદાર હતાં.

સોનીએ ઘરેણાં હાથમાં લઇને કહ્યુંઃ "આમાં તે વળી જોવું શું? આમાં ભેગ નથી–આવું સોનું આજના વખતમાં વપરાતું નથી."

એમ કહીને એક ઘરેણાંને તેણે ભાર દઇને વાંકું વાળીને કહ્યું કેઃ "આ કેવું ચોખ્ખું સોનું છે!"

મામાએ તે જ વખતે પોતાની નોટબુકમાં ઘરેણાંની ટીપ ઊતારી લીધી. વળી હમણાં જે ઘરેણાં બતાવ્યાં તે પાછળથી ઓછાં થઈ જાય એ ભયે, ગણતરી કરીને જોયું તો જણાયું કે જેટલાં ઘરેણાં

આપવાની વાત હતી. તેનાં કરતાં આ ઘરેણાં દરમાં અને વજનમાં ઘણાં જ વધારે હતાં.

ઘરેણાંમાં એક એરીંગની જોડી હતી. શંભુનાથે એ સોનીના હાથમાં મૂકીને કહ્યું: "આ જરા તપાસી જુઓ તો!"

સોનીએ કહ્યું: "આ તો વિલાયતી માલ છે, એમાં સોનું જુજ છે."

શંભુબાબુએ એરીંગની જોડી મામાના હાથમાં મૂકીને કહ્યું: "આ આપ જ રાખો."

મામાએ તે હાથમાં લઈને જોયું કે એ જ એરીંગની જોડી કન્યાને આશીર્વાદ આપતી વખતે તેમણે આપી હતી.

મામાનું મોં રક્તવર્ણ બની ગયું. આ દરિદ્ર બ્રાહ્મણ પોતાને છેતરશે પરંતુ પોતે છેતરાવાના જ નથી, એ આનંદકર વિચારથી વંચિત થયા; અને તેના ઉપર પણ વળી શિરપાવ મળ્યો. મોં અત્યંત ડાવકું રાખીને તેમણે કહ્યું: "અનુપમ! જા, તું મંડપમાં જઈને બેસ તો."

શંભુનાથ બાબુએ કહ્યું: "ના, હવે મંડપમાં જવાશે નહીં. ચાલો પહેલાં તમને જમાડું."

મામાએ કહ્યું: "એ વળી શી વાત? લગ્ન—"

શંભુનાથ: "એની ફિકર ન કરો—હમણાં બેસો."

શંભુનાથ તદ્દન સાદા માણસ જેવો જણાતો. પરંતુ તેના અંતરમાં જાણે ઘણું જોર છે એમ જણાયું. મામાને બેસી રહેવું પડ્યું. જાનૈયાનું જમણ થઈ ગયું. રસોઈ સાદી હતી, પરંતુ સ્વાદિષ્ટ હતી, અને બધી રીતે બધી યોજના સુઘટિત હતી, એટલે બધાંને સંતોષ થયો.

બધાંનું જમણ સમાપ્ત થતાં શંભુનાથબાબુએ મને જમવાનું કહ્યું. મામાએ કહ્યું: "એ વળી શું બોલ્યા? લગ્ન સમાપ્ત થયાં પહેલાં વરથી જમાય શી રીતે?"

શંભુબાબુએ આ બાબતમાં મામાના કોઈપણ મતપ્રકાશની સંપૂર્ણ દરકાર રાખ્યા વગર મારા તરફ ફરીને કહ્યું: "તમે શું કહો છો? જમવા બેસી જવામાં કાંઈ દોષ છે?"

મૂર્તિમતી આજ્ઞા સ્વરૂપે મામા હાજર હતા. તેમની વિરૂદ્ધ ચાલવું એ મારે માટે અસંભવિત હતું. હું જમવા બેસી શક્યો નહીં.

પછી શંભુનાથબાબુએ મામાને કહ્યું: "આપને ઘણી તસ્દી આપી છે. અમે કાંઈ પૈસાવાળા નથી. આપને યોગ્ય સરભરા મારાથી બની નથી. માફ કરશો. રાત ઘણી ગઈ છે એટલે આપને વધારે કષ્ટ આપવા માંગતો નથી. હવે ત્યારે—"

મામાએ કહ્યું: "મંડપમાં ચાલો, અમે તો તૈયાર છીએ."

શંભુનાથે કહ્યું: "ત્યારે આપની ગાડી મંગાવી આપું?"

મામાએ આશ્ચર્ય પામીને કહ્યું: "શું કાંઇ મશ્કરી તો કરતા નથી?"

શંભુનાથ: "મશ્કરી તો આપે જ કરેલી છે. મશ્કરીના સંબંધને સ્થાયી કરવાની મારી ઇચ્છા નથી."

મામા બન્ને આંખો મોટીમોટી કરી મૂગાં થઈ ગયાં.

શંભુનાથે કહ્યું: "મારી કન્યાનાં ઘરેણાં હું ચોરી લઈશ એવો સંશય જેમને આવે તેમને ઘેર મારે કન્યા આપવી નથી."

મારે કાંઇએ બોલવાનું છે, એવી તેને જરુર લાગી નહીં. કારણ કે તેને પ્રમાણ મળ્યું હતું કે હું કંઈ ગણતરીમાં નથી.

તે પછી શું થયું તે જણાવવાની મારી મરજી નથી. મંડપનો શણગાર, દીવાબત્તી વગેરેને ભાંગી, તોડી, બધી ચીજો છિન્નભિન્ન કરી જાનનો સમૂહ દક્ષ-યજ્ઞની ગરજ સારી બહાર નીકળી પડ્યો.

પાછાં ફરતાં બેંડ, શરણાઈ, નોબત વગેરે કશું વાગ્યું નહીં અને આકાશી હવાઈઓએ તારાની પાછળ કયાં મહાનિર્વાણ પ્રાપ્ત કર્યું તેનો કાંઈ પત્તો લાગ્યો નહીં.

[૩]

ઘરનાં બધાં તો ગુસ્સાથી લાલચોળ થઇ ગયાં ! કન્યાના બાપનો આટલો બધો ગર્વ ! કલિ શું પૂર જોશમાં આવી પહોંચ્યો ? બધાંએ કહ્યું કે જોઇએ, કન્યાને કેવી પરણાવે છે તે ? પરંતુ કન્યાનાં લગ્ન જ નહીં થાય, એવો ભય જેના મનને નથી તેને શિક્ષા કરવાનો ઉપાય શો ?

સમસ્ત બંગાળ દેશમાં હું જ એક એવો પુરૂષ છું કે જેને કન્યાના બાપે લગ્ન–મંડપમાંથી પાછો ફેરવ્યો છે. આવા મોટા સત્પાત્રના કપાળમાં આવડું મોટું કલંક કયા દુષ્ટ ગ્રહે આટલી બધી ધામધુમથી દીવાબત્તીનો ભપકો કરી વાજાં વગડાવી આંકી દીધું ? મારી સાથે આવેલા બધા આમ કહીને કપાળે હાથ લગાડવા લાગ્યા અને કહેવા લાગ્યા કે લગ્ન થયાં નહીં અને અમને છેતરીને જમાડયા–જો રસોઇથી ભરેલાં વાસણ માત્રને ત્યાં વેરણછેરણ કરી નાખ્યાં હોત તો તો ખેદ કંઇક ઓછો થાત.

લગ્ન તોડવા તથા અપમાન કરવા માટે ફરિયાદ કરવા મામા ઘણી ધાંધલ કરવા લાગ્યા, પરંતુ હિતેચ્છુઓએ સમજાવ્યા કે તમાશામાં જે કાંઇ બાકી રહ્યું છે, તે એથી પૂરું થશે.

કહેવાની જરૂર નથી કે મને પણ ઘણી જ રીસ ચડી હતી. કઇ રીતે શંભુનાથ બાબુ મોટી વિપત્તિમાં સપડાય અને મારે પગે પડતા આવે તેનો હું વિચાર કરવા લાગ્યો.

પરંતુ આ ક્રોધના કાળા રંગના સ્રોતની પાસે બીજો એક સ્રોત વહેતો હતો, જેનો રંગ બિલકુલ કાળો નહોતો. મારું સમસ્ત મન છૂટીને પેલી અપરિચિતાની શોધમાં ગયું હતું–તેને હજીપણ ખેંચીને પાછો લાવી શક્યો નથી. આડી માત્ર દીવાલ જ રહી ગઇ. તેને કપાળે અર્ચેલું ચંદન, તેના શરીર ઉપરની લાલ સાડી, તેના મુખની લજ્જાની રતાશ, મને સાંભરતાં, પણ તેના હૃદયમાં શું હતું

તે હું શી રીતે કહી શકું? મારા કલ્પલોકની કલ્પલતા વસંતના સમસ્ત ફૂલનો ભાર મને નિવેદન કરવાને માટે નમી પડી છે. હવા આવે, ગંધ જણાય, પાંદડાંનો શબ્દ સંભળાય, કેવળ સહેજ પગ ઉપાડવાની જ વાર—એવે વખતે એ પદક્ષેપનું દૂરત્વ એક મુહૂર્ત માત્રમાં સીમા વિનાનું થઈ પડયું.

આ બધા દિવસ દરરોજ સાંજે મેં ત્રિનુભાઇને ત્યાં જઇને તેમને અસ્થિર કરી મૂકયા હતા. વિનુભાઇની વર્ણનની ભાષા બહુ ટૂંકી હતી; એટલે જ તેમની દરેક વાતે અગ્નિના તણખાની પેઠે મારા મનની અંદર અગ્નિ પ્રગટાવી દીધો. મને ખબર હતી કે કન્યા ઘણી જ રૂપવતી છે, પરંતુ નહોતી જોઈ મેં તેને મારી આંખોએ કે નહોતી જોઈ મેં તેની છબી. બધું અસ્પષ્ટ રહી ગયું. તેને મનની અંદર તો હું લાવી શકતો નથી. એટલા માટે મારું મન તે દિવસના તે લગ્નમંડપની દીવાલની બહાર ભૂતની પેઠે દીર્ઘ નિઃશ્વાસ નાખતું ફરવા લાગ્યું.

હરીશની પાસેથી મેં સાંભળ્યું હતું કે, કન્યાને મારો ફોટોગ્રાફ બતાવવામાં આવેલો. પસંદ જ કર્યો હશે વળી! ન કરવાનું કારણ તો કાંઈ છે નહીં. મારું મન કહે છે કે તે છબી તેણે કોઈ પેટીમાં સંતાડી રાખી હશે. ઘરમાં એકલી હોય ત્યારે બારણું બંધ કરી બપોરને વખતે શું એ પેટી ઉઘાડીને છબી નહીં નીરખતી હોય? જ્યારે નમીને તે જોતી હશે ત્યારે તેના મુખની બંને બાજુએથી તેના છૂટા કેશ તેના પર આવીને નહીં પડતાં હોય? ઓચિંતો બહાર કોઇનો પગરવ સાંભળી તે એકદમ પોતાના સુગંધી વસ્ત્રમાં એ છબીને સંતાડી નહીં દેતી હોય?

દિવસો ચાલ્યા ગયા. એક વર્ષ વીતી ગયું. મામા તો શરમને માર્યા વેવિશાળની વાત જ કરી શકે નહીં. માની મરજી હતી કે જ્યારે નાતમાં અમારા અપમાનની વાત ભૂલાઇ જાય ત્યારે વેવિશાળની તજવીજ કરવી.

આ તરફથી મેં સાંભળ્યું કે કન્યાને સારો વર મળી આવ્યો છે, પરંતુ તેણે પ્રતિજ્ઞા કરી છે કે લગ્ન કરવાં નહીં. એ સાંભળીને મારું મન રોમાંચના આવેશથી ભરાઇ ગયું. હું કલ્પનાથી જોવા લાગ્યો કે તે બરાબર ખાતી નથી, સાંજ પડે પરંતુ અંબોડો બાંધવો ભૂલી જાય છે. તેનો બાપ તેના મોં સામું જુએ અને વિચાર કરે કે મારી પુત્રી દિવસે દિવસે આવી કેમ થતી જાય છે? ઓચિંતો તેના ઓરડામાં આવીને જુએ, તો છોકરીની બન્ને આંખો આંસુથી ભરેલી છે. તે પૂછે છે કે: "બેટા! તને શું થયું તે તો કહે!" છોકરી તરત આંસુ લૂછી કહે છે કે: "કાંઇ નથી થયું બાપુ!" બાપની એકની એક દીકરી–ઘણી જ લાડકવાયી દીકરી. અનાવૃષ્ટિના દિવસમાં ફૂલનાં કૂંડાંની માફક જ્યારે પોતાની દીકરી સૂકાઇ જવા લાગી ત્યારે બાપનો જીવ વધારે વાર સહન કરી શક્યો નહીં. અભિમાનને દાબી દઇને તે દોડતા આવ્યા અમારે ત્યાં. ત્યારપછી મનની અંદર જે પેલી કાળા રંગની ધારા વહેતી તેણે જાણે કાળા સાપનું રૂપ ધાર્યું હોય તેમ ફૂંફાડો મારી ઊઠી તે બોલી: "ઠીક, ઠીક. વળી એકવાર વિવાહની તૈયારી કરો. લાઇટનો બંદોબસ્ત કરો. દેશવિદેશ આમંત્રણ કરો. પછી તમે વરનો ખૂંપ પગ નીચે કચડી, ટોળું મળી, મંડપ છોડી ચાલ્યા આવો." પરંતુ જે ધારા આંખના જળ સમાન શુભ હતી તે રાજહંસનું રૂપ ધરી બોલી કે; "જેવી રીતે એક દિવસ દમયંતીના પુષ્પવનમાં હું ગયો હતો તેવી જ રીતે મને એક વાર ઊડીને જવા દો કે હું જઇને વિરહિણીના કાનમાં એક વાર સુખની ખબર આપી આવું"–ત્યાર પછી? ત્યાર પછી દુઃખની રાત પૂરી થઇ. નવવર્ષાનું જળ પડ્યું. મ્લાન થયેલાં ફૂલો ખીલી ઊઠ્યાં–આ વેળાએ એ દીવાલની બહાર રહ્યું–સમસ્ત પૃથ્વી એને બીજું બધું, અને તેની અંદર પ્રવેશ કર્યો માત્ર એક પુરુષે. ત્યાર પછી? ત્યાર પછી મારી વાત પૂરી થઈ.

પરંતુ એ વાત પૂરી થઈ નહીં. જે સ્થળે અધૂરી રહી છે તેનું

વર્ણન કરી લેખ પૂરો કરીશ.

મારી માને લઇને હું યાત્રાએ જતો હતો. એ વ્યવસ્થાનો ભાર મારા ઉપર જ હતો; કારણ મામા હજી પણ હાવરાના પૂલની પેલી પાર ગયા નહોતા. હું આગગાડીમાં ઊંઘતો હતો. ઝોકાં ખાતાં ખાતાં મગજમાં નાના પ્રકારનાં ભાગ્યાંતૂટ્યાં સ્વપ્નોનો ઝંકાર થઇ રહ્યો હતો. ઓચિંતો એક સ્ટેશને જાગી ઊઠ્યો. પ્રકાશ અને અંધકારમાં મિશ્ર થયેલું તે પણ એક સ્વપ્ન—કેવળ આકાશના તારલાઓ ચિર-પરિચિત—બાકીનું બધું અપરિચિત. અસ્પષ્ટ સ્ટેશનનાં ફાનસો ઊભાં ઊભાં પ્રકાશ આપતાં જાણે કહેતાં હતાં કે: "આ પૃથ્વી કેટલી બધી અપરિચિત છે! અને જે ચોતરફ છે તે કેટલું બધું દૂર છે!" ગાડીમાં મા ઊંઘતાં હતાં. બત્તીની નીચે લીલો પડદો ખેંચી લીધો હતો. ટ્રંક પેટી વગેરે આમતેમ એકમેકની ઉપર પડ્યાં હતાં.

એવે વખતે એ અદ્‌ભૂત પૃથ્વીની અદ્‌ભૂત રાતે કોઇ બોલી ઊઠ્યું: 'જલદી ચાલ્યા આવો, આ ડબ્બામાં જગ્યા છે."

મને લાગ્યું કે મેં જાણે ગાયન સાંભળ્યું. બંગાળી સ્ત્રીઓ જ્યારે ગળામાં બંગાળી બોલે છે ત્યારે કેટલું મધુરું લાગે છે, તે આવી રીતે કસમયે અચાનક ચમકીને સાંભળતાં પૂર્ણ રીતે સમજી શકાય છે; પરંતુ આ કંઠને કેવળ સ્ત્રીનો કંઠ કહીને એક પંક્તિમાં દાખલ કરવો ચાલશે નહીં; એ કેવળ એક મનુષ્યનો કંઠ, સાંભળતાં જ મન બોલી ઊઠે કે, "આવું તો ક્યાંયે સાંભળ્યું નથી!"

ઘણા લાંબા વખતથી મને કંઠસ્વર ઘણો જ ગમે છે. રૂપ એ કાંઇ ઓછી વસ્તુ નથી, પરંતુ મનુષ્યમાં જે અંતરતમ અને અનિ-ર્વચનીય વસ્તુ છે તે કંઠસ્વર છે; અને એ કંઠસ્વર જ જાણે ચહેરો હોયની, એમ મને લાગે છે. ઉતાવળે ગાડીની બારી ઉઘાડી બહાર ડોકું કાઢ્યું, પણ કાંઇ જ દેખાયું નહીં. પ્લેટફૉર્મના અંધકારમાં ઊભા રહીને ગાર્ડે પોતાનું લીલું ફાનસ નમાવી દીધું, ગાડી ચાલી

અને હું બારી પાસે બેસી રહ્યો. મારી આંખ સામે કોઈ મૂર્તિ નહોતી, પરંતુ હૃદયમાં હું એક હૃદયનું રૂપ જોવા લાગ્યો. તે જાણે આ અનંત તારામયી રાત્રીના જેવું, પોતે પોતામાં વ્યાપી રહે, પરંતુ તેને પકડી શકાય નહીં. અહા! તે સૂર! અજાણ્યા કંઠનો સૂર એક ક્ષણમાં, મારા ચિરપરિચયના આસન પર આવી બેઠો છે! તે કેટલો બધો પરિપૂર્ણ–ચંચલ કાળના ક્ષુબ્ધ હૃદય ઉપર ફૂલની માફક તે ખીલ્યો છે, પરંતુ તેનાં મોજાં લાગવા છતાં એક પાંખડી પણ ખરતી નથી–અતિ કોમળતામાં જરાક સરખો પણ ડાઘ પડયો નથી.

આગગાડી લોખંડના મૃદંગથી તાલ દેતી ચાલવા લાગી. હું મનમાં એ જ ગાન સાંભળતો. તેની માત્ર એકજ ધૂન "ગાડીમાં જગ્યા છે–છે કે–જગ્યા છે કે?" જગ્યા જે મળી શકતી નથી, કોઇ કોઇને ઓળખતું નથી, વળી એ ન ઓળખવું એ માત્ર દુર્ભાગ્ય છે. એ જે માયા છે તેને છિન્નભિન્ન કરવાથી પણ ઓળખવાનો કંઈ પાર નથી. અહો! સુધામય સૂર! જે હૃદયના અદ્ભુત રૂપનો છે, તે શું મારા ચિરકાળનો પરિચિત નથી? જગ્યા છે, છે; જલદી આવવા બોલાવે છે, જલદી જ આવ્યો છું–એક ક્ષણનો પણ વિલંબ કરતો નથી. મને બરાબર ઊંઘ આવી નહીં, લગભગ દરેક સ્ટેશને એક વાર ડોકિયું બહાર કાઢીને મેં જોયું–બીક લાગવા માંડી કે જેને જોયેલું નથી તે વખતે રાતના જ કોઈ સ્ટેશને ઊતરી જશે તો?

બીજે દિવસે સવારે એક મોટા સ્ટેશને ગાડી બદલવાની હતી. અમારી પાસે પહેલા વર્ગની ટિકિટ હતી–મને આશા હતી કે ભીડ નહીં થાય. ઊતરીને જોઉં છું તો સાહેબલોકના 'ઓર્ડલીઓનું' ટોળું સરસામાન લઇને ગાડીની વાટ જુએ છે. લશ્કરનો કોઈ એક મોટો સરદાર મુસાફરીએ નીકળ્યો છે. બે ત્રણ મિનિટમાં જ ગાડી આવી પહોંચી. હું સમજ્યો કે પહેલા વર્ગની આશાનો ત્યાગ કરવો પડશે. માને લઇને કયા ડબામાં બેસવું એની ભારે ચિંતામાં હું પડયો. બધા ડબ્બામાં ભીડ હતી. બારણે બારણે ડોકું ઘાલીને જોવા

લાગ્યો. એવે વખતે બીજા વર્ગના ડબ્બામાંથી એક કુમારિકાએ મારી માને ઉદ્દેશીને કહ્યું: "આપ અમારા ડબ્બામાં પધારો ને? અહીં જગ્યા છે."

હું તો ચમકી ઊઠ્યો. તે જ અતિ મધુર કંઠ અને એ જ ગાનની ધૂન. 'જગ્યા છે.' ક્ષણ માત્ર વિલંબ ન કરતાં માની સાથે હું તે ડબ્બામાં જઇને બેઠો. સરસામાન લેવાનો વખત નહોતો. મારા જેવો 'નમાલો' દુનિયામાં બીજો કોઇ નહીં હોય. એ જ કુમારીના મજૂરના હાથમાંથી, ચાલતી ગાડીએ, ઉતાવળથી અમારું બિછાનું મેં ખેંચી લીધું. મારો ફોટો પાડવાનો કેમેરા સ્ટેશન પર રહી ગયો તે લઈ લેવાની તજવીજ પણ મેં કરી નહિ.

ત્યાર પછી–શું લખવું તે હું જાણતો નથી. મારા મનની અંદર એક અખંડ આનંદની છબી છે, તેને કયાંથી શરૂ કરું અને કયાં પૂરી કરું? બેઠાં બેઠાં વાક્ય ઉપર વાક્ય યોજવાની ઇચ્છા થતી નથી. આ વખતે તે સૂરને નજરે દીઠો. ત્યારે પણ તે મને સૂર તરીકે જ લાગ્યો. મારી માના મોં તરફ જોયું તો જણાયું કે તેની આંખ અનિમિષ જ છે, કુમારીની ઉમ્મર સોળ કે સત્તર વર્ષની હશે–પરંતુ નવયૌવને એના દેહમાં–મનમાં કોઇ પણ ઠેકાણે સહેજ પણ ભાર નાંખી દીધો હોય એવું જણાતું નથી. તેની ગતિ સહજ, પ્રભા નિર્મળ, અને સૌંદર્યની પવિત્રતા અપૂર્વ હતાં.

હું જાણું છું કે વિસ્તારથી કહેતાં મને આવડશે નહીં, તે એટલે સુધી કે તેણે કયા રંગનું કપડું કયી રીતે પહેર્યું હતું તે હું બરાબર રીતે કહી શકું તેમ નથી. એટલું તો નક્કી કે તેના વેષમાં એવું કાંઈ નહોતું કે જે તેના પોતાનાથી વિશેષ તરીકે જુદું તરી આવે. તે પોતે પોતાની ચારે દિશાની સર્વ વસ્તુઓ કરતાં વિશેષ હતી– રજનીગંધાની શુભ્ર મંજરીની પેઠે સરલ ટેકરી ઉપર ઊભું રહીને જે ઝાડ ઊગ્યું છે, તે ઝાડને તે એકદમ વટાવી ગઇ છે. તેની સાથે બે ત્રણ નાની છોકરીઓ હતી. તેની સાથે તેને હસવાનો અને વાત

કરવાનો જાણે અંત જ નહોતો. મેં હાથમાં એક ચોપડી રાખીને કાન તે બાજુ રાખ્યા. જે કાનમાં સંભળાતું તે બધું તો છોકરીની સાથે છોકરવાદી વાતો હતી. તેનું વિશેષત્વ એટલું જ કે તેની અંદર ઉમ્મરનો તફાવત કાંઈ હતો નહીં. બાળકની સાથે તે અનાયાસે અને આનંદથી બાળક થઈ ગઈ હતી. સાથે બાળકોની વાર્તાની ચિત્રોવાળી કેટલીક ચોપડીઓ હતી, તેમાંથી જ કોઈ એક વાત સંભળાવવાને માટે છોકરીઓ તેને કહેતી હતી. આ વાત નક્કી તે છોકરીઓએ વીસપચીસ વાર સાંભળી હશે; પરંતુ એ છોકરીઓનો શા માટે અત્યારે આટલો બધો આગ્રહ હતો તે હું સમજ્યો. એ સુધા-કંઠની સોનાની કાઠીમાં બધી વાત સુવર્ણવત્ થઈ જતી હતી. એ કુમારીનું સમસ્ત શરીર અને મન-એક આખું ઉલ્લાસથી ભરપૂર હતું. તેના બોલવામાં, ચાલવામાં, સ્પર્શમાં, હૃદય ઊકળી આવતું દેખાતું હતું. એથી કરીને છોકરીઓ જ્યારે તેને મોઢે વાત સાંભળે, ત્યારે વાર્તા નહીં પણ તેને જ સાંભળે-તેમના હૃદય પરનું પ્રાણનું ઝરણું ઝરી પડે. તેના એ ઉછરેલા પ્રાણે મારા તે દિવસનાં સમસ્ત સૂર્યકિરણને સજીવ કરી દીધાં; મને એમ થયું કે મને જે પ્રકૃતિએ તેનું આકાશ આપીને વીંટી લીધો છે, તે આ જ તરૂણીનો ચંચળ અને પ્રફુલ્લ પ્રાણનો વિશ્વવ્યાપી વિસ્તાર છે!

બીજે સ્ટેશને પહોંચતાં જ વેચનારા પાસેથી સારી પેઠે તેણે ચણા ખરીદ્યા અને છોકરીઓની સાથે મળીને કેવળ બાળકની પેઠે હસતાં હસતાં વિના સંકોચે તે ખાવા માંડી. મારો સ્વભાવ જાણે જાળથી વીંટાયો હોય તેમ-હું શા માટે સરળતાથી હસતે મોઢે એ કુમારીની પાસેથી થોડા ચણા માગી શક્યો નહીં-હાથ લાંબો કરીને મારી ઈચ્છા કબૂલ કરી શક્યો નહીં. મારી મા, સારું લગાડવું કે માઠું લગાડવું એ બેની, વચ્ચે વિચારમાં પડી ગઈ હતી. ગાડીમાં હું એકલો જ પુરુષ હતો. છતાં આ કુમારીને લેશ માત્ર સંકોચ

નહોતો. વળી તે એવી લોભીની માફક ખાતી હતી કે મારી માને તે બિલકુલ પસંદ પડયું નહીં. તેને તો આ છોકરી ભાન વિનાની લાગી. તેને વિચાર થયો કે આ છોકરીની ઉમ્મર મોટી થઇ છે. પરંતુ તેનામાં કાંઈ આવડત નથી. મારી મા એકાએક કોઈ સાથે વાત કરી શકતી નહીં, મનુષ્યથી દૂર રહેવાનો જ તેનો સ્વભાવ હતો. આ કુમારીની ઓળખાણ કરવાની તેની બહુ જ ઇચ્છા હતી, પરંતુ સ્વભાવને લીધે તેમ કરી શકતી નહોતી.

એવે વખતે ગાડી એક મોટા સ્ટેશને આવી પહોંચી. પેલા સરદારના બીજા લશ્કરીઓ અહીંથી ગાડીમાં બેસવાની તૈયારી કરતા હતા. ગાડીમાં ક્યાંયે જગ્યા નહોતી. અમારા ડબ્બા સામે તેઓ વારંવાર જોતા જોતા આંટા મારવા લાગ્યા. મારી મા તો ભયથી સજ્જડ થઈ ગઈ હતી. મારા મનને પણ શાંતિ નહોતી.

ગાડીને ઊપડવાના થોડા વખત પહેલાં એક દેશી રેલ્વે અમલદાર હાથમાં 'રીઝર્વ્ડ'નાં બે કાર્ડ લઈને આવ્યો અને ડબ્બાના બે બાંકડા પર લટકાવીને મને કહ્યું: 'આ ડબ્બાના બે બાંકડા પહેલેથી જ બે સાહેબોએ 'રીઝર્વ્ડ' કરાવેલ છે. આપ સૌને બીજા ડબ્બામાં જવું પડશે."

હું તો ગભરાઈ ને તરત જ ઊભો થયો. પેલી કુમારીએ હિન્દીમાં કહ્યું: "ના, અમે ડબ્બો ખાલી નહીં કરીએ."

એ માણસ રૂઆબથી બોલ્યો: "ખાલી કર્યો સિવાય બીજો ઉપાય નથી."

પરંતુ એ કુમારીનામાં ડબ્બો છોડવાનું કાંઇ લક્ષણ ન જોવાથી તે ડબ્બામાંથી ઊતરી ગયો અને અંગ્રેજ સ્ટેશન માસ્તરને બોલાવી લાવ્યો. તેણે આવીને મને કહ્યું: "હું ઘણો જ દિલગીર છું, પરંતુ......"

એ સાંભળીને હું 'મજૂર–મજૂર' કરી બૂમ પાડવા લાગ્યો. કુમારી ઊઠી અને બંને આંખમાંથી અગ્નિ વરસાવતી હોય તેમ

બોલી: "ના તમારાથી નહીં જવાય, જેમ છો તેમ બેસી રહો." એમ કહીને તેણે બારણા પાસે ઊભા રહીને સ્ટેશન માસ્તરને અંગ્રેજીમાં કહ્યું કે: "આ ડબો અમારાથી રીઝર્વ્ડ કરેલો છે એ વાત તદ્દન અસત્ય છે." તેણે રીઝર્વ્ડના કાર્ડને છોડીને પ્લેટફોર્મ પર ફેંકી દીધા.

એવામાં 'ઓર્ડલી' સમેત યુનિફોર્મ પહેરેલો સાહેબ બારણાની પાસે આવીને ઊભો રહ્યો. પોતાનો સરસામાન ગાડીમાં મૂકવાને માટે તેણે તે પહેલાં જ પોતાના ઓર્ડલીને ઇશારત કરી હતી. તે પછી કુમારીનાં મોં સામું નિહાળીને, તેનું બોલવું સાંભળી, વસ્તુ-સ્થિતિ જોઈ, સ્ટેશન માસ્તરનો હાથ ઝાલીને બાજુએ લઈ ગયો. શી વાત થઇ તે કાંઇ સમજાયું નહીં, પરંતુ જણાયું કે ગાડી ઉપડવાનો વખત થઇ ગયો હતો, છતાં એક બીજો ડબ્બો જોડાયા પછી જ ટ્રેન રવાના થઇ શકી. છોકરીએ વળી પોતાના બાળકોનું ટોળું બહાર કાઢીને એકઠું કરી ચણા ખાવા માંડયાં અને હું શરમનો માર્યો બારીમાંથી ડોકું બહાર કાઢીને કુદરતની શોભા જોવા માંડયો.

ગાડી કાનપુર સ્ટેશને જઈ પહોંચી. કુમારી સરસામાન બાંધીને તૈયાર હતી. સ્ટેશન પર એક હિંદુસ્તાની નોકર એમને ઉતારવાની તજવીજ કરતો હતો.

મારી માથી રહેવાયું નહીં. તેણે પૂછ્યું. "તમારું નામ શું બાપુ?"

કુમારીએ કહ્યું: "મારું નામ કલ્યાણી."

એ સાંભળીને મારી મા અને હું ચમકી ઊઠયાં.

"તમારા પિતા—"

"તે અહીંના ડાક્ટર છે. તેમનું નામ શંભુનાથ સેન."

તે પછી બધાં ઊતરી ગયાં.

[૫]

મામાનો નિષેધ અમાન્ય કરીને, માતૃ-આજ્ઞા ઠેલીને, તે પછી

હું કાનપુર આવ્યો છું. કલ્યાણીના બાપ અને કલ્યાણીને પોતાને મળ્યો છું, બે હાથ જોડી માથું નમાવ્યું છે–શંભુનાથબાબુનું હૃદય પીગળ્યું છે. કલ્યાણી કહે છે: "હું લગ્ન કરીશ નહીં."

મેં પૂછ્યું "શા માટે?"

તેણે કહ્યું: "માતૃ–આજ્ઞા."

સર્વનાશ! આ ઠેકાણે પણ મામા છે કે શું?

તે પછી હું સમજ્યો, માતૃઆજ્ઞા કોની? માતૃભૂમિની! લગ્ન તૂટયા પછીથી કલ્યાણીએ છોકરીઓને શીખવવાનું વ્રત માતૃભૂમિની આજ્ઞાથી લીધું છે!

પરંતુ મેં આશા મૂકી નહિ. એ સૂર આજે પણ મારા હૃદયમાં વાગે છે. એ જાણે કોઈ પેલા પારની બંસી છે–મારા સંસારની બહારથી આવેલી–સમસ્ત સંસારની બહાર જાણે તેણે પોકાર કરી દીધો. અને તે જે રાત્રે અંધકારની અંદર મારે કાને આવેલી "જગ્યા છે" એ ધૂન મારા ચિર જીવનના ગાનની ધૂન થઈ રહી. એ વખતે મારી ઉમ્મર હતી તેવીસ. હાલ થઇ છે સત્તાવીસ. હજી પણ મેં આશા છોડી નથી, પરંતુ મામાને છોડયા છે! એકનો એક દીકરો જાણીને મા મને છોડી શકતાં નથી.

તને મનમાં ધારતા હશો કે હું લગ્નની આશા રાખું છું? ના, કદી પણ નહીં. મારા મનમાં કેવળ તે એક રાત્રિના અજાણ્યા કંઠની મધુર સૂરની આશા! "જગ્યા છે." નક્કી છે. ન હોય તો રહેવું કયાં? એટલા માટે વર્ષ ઉપર વર્ષ જાય છે. પણ હું હજી અહીં જ છું. મળું છું, એ કંઠ સાંભળું છું. જ્યારે પ્રસંગ મળે છે, ત્યારે તેનું કામ કરી આપું છું–અને મારું મન કહે છે કે આખરે આ જગ્યા જ મળી છે! હે અપરિચિતા! તારો પરિચય પૂર્ણ થયો નથી અને થશે પણ નહિ; પરંતુ મારું નસીબ એટલું સારું કે આ જગ્યા મને મળી છે.

[૩]

માતાની પ્રાર્થના

પાત્રોઃ—[રાજા ધૃતરાષ્ટ=અંધ કૌરવનરેશ.

યુવરાજ દુર્યોધન તેમનો પુત્ર, જેણે દ્યૂતમાં જીત્યાથી પોતાનાં પિત્રાઇ ભાઈઓ પાંડવોને વનમાં દેશપાર કર્યા છે અને તેમનું રાજ લઈ લીધું છે.

રાણી ગાંધારી=દુર્યોધનની માતા.]

ધૃતરાષ્ટ્રઃ—તું જેને માટે યત્ન કરતો હતો તે તને મળ્યું છે.

દુર્યોધનઃ—મને વિજય મળ્યો છે.

ધૃતરાષ્ટ્રઃ—એથી તું સુખી થયો ?

દુર્યોધનઃ—હું વિજયી થયો છું.

ધૃતરાષ્ટ્રઃ—હું તને ફરી પૂછું છું. એક અવિભક્ત રાજ્ય મેળવવાથી તને શું સુખ મળ્યું ?

દુર્યોધનઃ—પિતાજી, ક્ષત્રિયની તૃષ્ણા સુખ માટે નથી હોતી. વિજય માટે હોય છે-વિજયનો નશો સખ્ત ઇર્ષાથી જ ઉત્પન્ન થાય છે. ચન્દ્રમાની છાતીમાં જેમ અકીર્તિમન્ત કલંક આલસ્યપૂર્ણ રીતે રહેલાં છે તેમ મારા ભાઈઓના મિત્રતાભર્યા રાજ્યમાં શાન્તિમાં જ પડી રહેતાં હું કંગાલ સુખ પામતો હતો, જ્યારે એ પાંડવો જગતને તેની સંપત્તિથી દૂધે ધોઈ નાંખતા અને ભ્રાતૃત્વની સમાનશીલતામાં મને તેનો સમભાગી કરતા હતા. પરન્તુ હવે જ્યારે તેઓ પરાજિત થયા છે અને દેશત્યાગ માટે તત્પર છે, ત્યારે હું સુખી જ નહીં-પણ ઉત્તેજિત-ઉલ્લાસિત બન્યો છું.

ધૃતરાષ્ટ્રઃ—નીચ, તું ભૂલી જાય છે કે પાંડવો અને કૌરવોના પિતામહ એક જ હતા.

દુર્યોધનઃ—એ કે ભૂલી જવાય એવું કઠિન નથી; અને તેથી જ અમારી અસમાનતા મારા હૃદયમાં વધુને વધુ ખટકતી હતી. મધ્ય રાત્રિનો ચંદ્રમા, મધ્યાન્હનો સૂર્યનો પ્રપંચ નથી બનતો. પણ ક્ષિતિજમાં પહોંચવાનું બન્નેનું યુદ્ધ દીર્ઘકાલ પર્યન્ત ટકી શકતું નથી. પરમાત્માનો આભાર કે એ યુદ્ધ સમાપ્ત થયું છે અને આખરે હું વિજયની શાન્તિ પ્રાપ્ત કરી શક્યો છું.

ધૃતરાષ્ટ્રઃ—એ જ નીચ ઈર્ષા છે!

દુર્યોધનઃ—ઈર્ષા કદી નીચ નથી હોતી–મહાન પુરુષોના સ્વભાવમાં પણ તેનો અંશ હોય છે. માત્ર ઘાસ જ પુષ્કળ જથ્થામાં ઊગે છે–મોટાં વૃક્ષ નહીં. તારલાઓનાં જ ઝુમખાં હોય છે પણ સૂર્ય અને ચન્દ્ર તો પોતાના તેજમાં અદ્વિતીય છે. પાંડવોનો ક્ષીણ ચન્દ્રમાં વનનાં વૃક્ષોના પડછાયામાં અસ્ત થયો છે, અને કૌરવોનો સ્વઃ પ્રકાશિત સૂર્ય હવે એકલો જ તેજ આપે છે.

ધૃતરાષ્ટ્રઃ—પણ જે સત્ય છે તેનો પરાજય થયો છે, એ શું સારું થયું છે?

દુર્યોધનઃ—નૃપાલોનું જે સત્ય છે તે સત્ય પ્રજાજન માટે નથી. પ્રજા સહયોગિતામાં મહાલે છે, પણ એક નૃપતિને મન તેના હરીફ શત્રુઓ સમાન છે. જ્યારે તેઓ સન્મુખે હોય છે ત્યારે વિઘ્ન રૂપ, અને પાછળ હોય છે ત્યારે ત્રાસ રૂપ થઈ પડે છે. રાજાની રાજનીતિમાં મિત્ર કિંવા બાન્ધુઓ માટે કંઈ સ્થાન નથી; તેનું માત્ર સંગીન મૂળ વિજય જ છે.

ધૃતરાષ્ટ્રઃ—જુગટામાં છળકપટથી જીતવું એને હું વિજય કહેવા ના પાડું છું.

દુર્યોધનઃ—એક વ્યાઘ્રને તેના દાંત અને નખથી સમાન કક્ષાએ લડવા માટે નિમંત્રણ ન કરવું એમાં માણસને કંઈ શરમાવા જેવું નથી. જે મને વિજય અપાવે અને આત્મઘાતને માર્ગે ન દોરે તે જ

સાચા છે, જે અંત આવ્યો છે તે માટે હું ગર્વિત છું અને સાધનો માટે પશ્ચાત્તાપ કરવામાં મને નબળાઇભરી તિરસ્કાર ઊપજે છે.

ધૃતરાષ્ટ્રઃ—પણ ન્યાય...!

દુર્યોધનઃ—વિજય પ્રાપ્ત થયા પહેલાં ન્યાયનાં સ્વપ્ન મૂર્ખ-શિરોમણીઓને જ આવે છે. પણ જેઓ નૃપાલ થવા જન્મ્યા છે તેઓ પોતાની દયાહીન અને આનાકાનીના ભારથી નહીં લીધેલી સત્તા ઉપર નિર્ભય રહે છે.

ધૃતરાષ્ટ્રઃ—તારા વિજયે તારા ઉપર દુખ અને ગુસ્સાનું મોટું પૂર આણ્યું છે.

દુર્યોધનઃ—લોકોને એ વાત જાણવાને ખરેખર ચમત્કૃત રીતે અલ્પ સમય લાગશે, કે દુર્યોધન તેમનો રાજા છે અને તેનામાં દુખને પગ તળે છૂંદી નાંખવાની સત્તા છે.

ધૃતરાષ્ટ્રઃ—દુખ શુષ્કપણે જીભ ઉપર જ નૃત્ય કરી મરે છે. તેને હૃદયની પ્રચ્છન્ન છાયામાં લઇ જઈ બળ મેળવવા દઈશ નહીં.

દુર્યોધનઃ—નરદેવની કીર્તિને અબોલ દૂષણ પણ ન કરી શકે, મને પ્રેમની લહાણ ન મળે તેની પરવા નથી; પરન્તુ ઉદ્ધતાઇ હું સહન કરીશ નહીં. પ્રેમનું દાન દાતાની ઇચ્છા પર નિર્ભય રહે છે અને કંગાલમાં કંગાલ માણસ એવી ઉદારતા દાખવી શકતો નથી. માત્ર તે તેમનાં પાળેલાં માર્જારો અને શ્વાનો ઉપર જ પ્રદાન કરવા દો; અને મારા સાલસ સ્વભાવના પાંડવોને પણ તેવાં દાન દેવાશે, તેની હું ઇર્ષા કરીશ નહીં; પણ મારા રાજવંશી સિંહાસન માટે હું અભિલાષ ઇચ્છું છું. પિતાજી, પુત્રોની અપકીર્તિ કરનારાઓની વાત તરફ કાન માંડવામાં તમે ઘણાજ નમ્ર જણાયા છો—પણ જો તમે હજી પણ તમારા એ પવિત્ર મિત્રોને તેમના તીક્ષ્ણ તિરસ્કારના આનંદમાં મહાલવા દેશો—અને તે પણ તમારાં સંતાનના ભોગે—તો પછી આપણા રાજ્યની કચેરીમાંથી મારા ભાઈઓના દેશવટા સાથે

કરવી અને આપણે વનવાસ ભલે ભોગવશો. ત્યાં આપણને મિત્રોનો તોટો પડશે નહીં

ધૃતરાષ્ટ્રઃ—જો મારા મિત્રોની સહૃદયની ચેતવણીઓ પણ મારા પુત્રો પ્રત્યેના સ્નેહમાં ઘટાડો કરતી હોય તો આપણે સુરક્ષિત છીએ. પણ મેં તારી અપકીર્તિની ખાઈમાં મારા હાથ બોળ્યા છે અને મારી નરસી લાગણી ગુમાવી દીધી છે. તારે ખાતર આપણા રાજવંશી વંશના અર્વાચીન વચનમાં મેં દાવાનળ પ્રકટાવ્યો છે—મારો પ્રેમ આવો ભયંકર છે. તને છાતીએ વળગાડીને આપણે એક તારકની જોડની પેઠે અંધારા નાચાણમાં ધસી જઈએ છીએ. આથી તારા પિતાના પ્રેમમાં સન્દેહ આણીશ નહિ. જ્યાં સુધી આપણે સર્વનાશની સીમાએ પહોંચ્યા નથી, ત્યાં સુધી તારો બાહુપાશ ઢીલો ન કરીશ. તારા વિજયનાં દુંદુભિ વગાડ. તારા વિજયનો વાવટો ફરકાવ. આ ઉત્તેજિત કુકૃત્યોના ગાંડા હુલ્લડમાં, ભાઈઓ અને મિત્રો વિખેરાઈ જશે અને માત્ર કલંકી પિતા અને પુત્ર રહેશે —ઈશ્વરના શાપ પણ રહેશે, અને અન્ય કોઈ નહીં !

(પ્રતિહાર આવે છે.)

મહારાજ, મહારાણી ગાંધારી પ્રવેશ કરવાની આજ્ઞા માગે છે.

ધૃતરાષ્ટ્રઃ—હું તેમની માગં પ્રતિક્ષાજ માગું છું.

દુર્યોધનઃ—હું જવાની આજ્ઞા માગું છું.

(જાય છે.)

ધૃતરાષ્ટ્રઃ—નાસી જા ! કેમકે તારી માતાની હાજરીનો અગ્નિ તું સહી શકે તેમ નથી.

(દુર્યોધનની માતા ગાંધારી પ્રવેશ કરે છે.)

ગાંધારીઃ—આપનાં ચરણારવિંદમાં મારી એક પ્રાર્થના છે.

ધૃતરાષ્ટ્રઃ—તમારી ઈચ્છાનું વક્તવ્ય પરિપૂર્ણતા રૂપે જ છે.

ગાંધારીઃ—તેના તિરસ્કારનો સમય હવે આવી પહોંચ્યો છે.

ધૃતરાષ્ટ્રઃ—કોનાં, મારાં રાણી !

ગાંધારીઃ—દુર્યોધનના.

ધૃતરાષ્ટ્રઃ—તમારા પોતાના જ પુત્ર દુર્યોધનના?

ગાંધારીઃ—હા.

ધૃતરાષ્ટ્રઃ—રાજાઓની માતા! તમને ન શોભે એવી આ ભયંકર પ્રાર્થના છે.

ગાંધારી—આ મારી એકલીની જ પ્રાર્થના નથી. કૌરવોના પ્રપિતામહો જે સ્વર્ગમાં છે તેમની પણ એ જ પ્રાર્થના છે.

ધૃતરાષ્ટ્રઃ—તે પવિત્ર ન્યાયમૂર્તિના કાનૂનોનો જેણે ભંગ કર્યો છે તેને તે જ શિક્ષા કરશે; પણ હું તેનો પિતા છું.

ગાંધારી—અને હું શું તેની માતા નથી? શું મારા ધડકતા હૃદયે મેં તેના કાર્ય કદી સહન કર્યાં નથી? એમ છતાં હું તમને પ્રાર્થના કરું છું કે અન્યાયી દુર્યોધનને તિરસ્કારો.

ધૃતરાષ્ટ્રઃ—અને તે પછી આપના પાસે શું રહેશે?

ગાંધારીઃ—પરમાત્માના આશીર્વાદ!

ધૃતરાષ્ટ્રઃ—અને તે શા લાભ કરશે?

ગાંધારીઃ—નવાં દુઃખો! આપણા પુત્રની હાજરીની મોજના બમણા કાંટા આપણી છાતીમાં શી રીતે ભોંકી શકીએ? અકાર્યના દુર્ગુણથી ખરીદેલા, તાજા મેળવેલા રાજ્યનો ગર્વ શી રીતે સહન કરી શકીએ? પાંડવોએ જે જમીનનો ત્યાગ કર્યો છે, તે તેઓ પોતાના હાથથી કદાપિ પાછી સ્વીકારશે નહીં; આથી કોઇ મહાન દુઃખ જે તેના બદલાના કુકૃત્યને લૂટી લેશે, તેજ આપણે શિરોધાર્ય કરવું, એ આપણા માટે યોગ્ય થઇ પડશે.

ધૃતરાષ્ટ્રઃ—મહારાણી, હૃદયમાં જે દુઃખ ક્યારનું યે થયું છે, તેમાં તમે તાજો વધારો કરો છો.

ગાંધારીઃ—મહારાજ, પુત્રને જે શિક્ષા કરવામાં આવશે, તે તેના કરતાં આપણને કરેલી વધુ થઇ પડશે. જ્યારે ન્યાયાધીશ પોતે જે સજા કરે છે તેનાથી કંટાળે છે, ત્યારે તેને ન્યાય કરવાનો હક્ક

નથી. અને જ્યારે આપ પોતાની જાતને શિક્ષામાંથી મુક્ત કરવા માટે પોતાના પુત્રનો ન્યાય કરતાં અચકાશો ત્યારે જે અપરાધીઓ આ હસ્તદ્વયથી દંડિત થયા હશે તેઓ પરમાત્માના દરબારમાં આપની સામે વેર લેવા પોકાર કરશે—કારણ, શું તેમને પણ પિતાઓ ન હતા ?

ધૃતરાષ્ટ્ર:—આ સંબંધી વધુ ન કહેશો, મહારાણી ! હું તમને વિનંતી કરું છું. આપણો પુત્ર પરમાત્માથી તિરસ્કૃત છે અને તેથી જ હું તેનો તિરસ્કાર કરી શકતો નથી, તેને બચાવવો, એ કોઈ હવે મારા અધિકારની વાત નથી અને આથી તેના અપરાધમાં ભાગ લેવો અને તેની જ સાથે એકલા અટુલા સહયોગી બનીને વિનાશને પંથે સરી પડવું એ જ મારે માટે આશ્વાસન છે. જે થયું તે થઈ ગયું છે અને જે થવાનું હોય તે ભલે થાય !

ગાંધારી:—(સ્વગત) હૃદય, શાન્ત થા, અને પ્રભુના ન્યાયની સહિષ્ણુતાથી વાટ જો. ભયંકર રાત્રિ ચાલુ છે, ગણુતરી માટે પ્રાતઃકાળ આવે છે અને સમય અકૃત્યને સુધારવા જાગ્રત થાય છે. તેના રથનો ગર્જન કરતો નિનાદ હું સાંભળી શકું છું. અગ્રલે ! તારું મસ્તક ધૂળમાં રગદોળવા નીચે નમાવ અને તારા બોજ માટે તેને માર્ગમાં મૂકી દે. તારું હૃદય તેના ચક્ર નીચે છૂંદવા માટે તૈયાર રાખ, અને એ પછી અંધકાર આકાશને આચ્છાદશે, ધરા ધ્રુજશે અને પ્રલાપો હવાને ચીરી નાંખશે. આખરે મૂંગો અને ક્રૂર અંત, ભીષણ શાન્તિ અને મહાન અસ્મૃતિ-ધિક્કારનો ભયાનક દાવાનળ લાવશે અને મૃત્યુના અગ્નિમાંથી શ્રેષ્ઠ ઉદ્ધારની જાગ્રતિ થશે.

[૪]

દાલિયા

જ્યારે શાહસુજા ઔરંગઝેબના ભયથી નાસીને આરાકાનના રાજાને ત્યાં ગયો ત્યારે તેની સાથે તેની ત્રણ પુત્રીઓ પણ હતી. આરાકાનનરેશની ઇચ્છા હતી કે એ ત્રણે શાહજાદીઓને પોતાની પુત્રવધૂઓ બનાવવી; પરન્તુ શાહસુજા, એ નાના રાજાના મ્હોંમાંથી મોટી વાત સાંભળીને નારાજ થયો. આરાકાનનો રાજા "સિંદડી બળે પણ વળ ન મૂકે" એવો હતો. તેણે એક પ્રપંચ રચ્યો. બહારથી મીઠું મ્હો રાખી, તેણે સુજા સાથે મિત્રતા દાખવી. એ મિત્રતાને બહાને એક દિન પિતા અને પુત્રીઓને પોતાની સાથે નદીમાં સહેલ માટે લઇ જઇ, તેઓને જલશાયી કરવાનો બેત રચ્યો. શાહસુજાને એ પ્રપંચની બાતમી મળી ગઈ. ક્રોધિત થઈ, તેણે પોતાની નાની પુત્રી અમીનાને પોતાને હાથે જ નદીમાં ડૂબાડી દીધી; પણ ઇશ્વરે તેને બચાવી. એક માછીની જાળમાં તે જકડાઈ ગઈ અને મજકુર માછીએ તેને બચાવી. તેનું પાલન કરવા માંડ્યું. સુજાએ પોતાની મોટી પુત્રીને બીજી રીતે આપઘાત કરવાની ફરજ પાડી અને વચલી પુત્રી જ્યારે નદીમાં કૂદી પડી ત્યારે સુજાના એક વિશ્વાસુ નોકર રહમતખાંએ નદીમાં સુજા ન જાણે તેમ પડીને તે છોકરીને બચાવી લીધી. ઝુલેખાની પ્રાણરક્ષા કરીને તેની સાથે તે કયાંય પલાયન કરી ગયો. આ ઘટના પછી કાળાન્તરે આરાકાનનો રાજા મરણ પામ્યો; સુજા ક્યાં ગયો તે જણાયું નહિ અને આરાકાનની ગાદીએ મર્હુમ રાજાનો મોટો પુત્ર બેઠો.

[૨]

અમીનાનો વાલી બુઢ્ઢો માછી એક દિન સવારે પોતાના કામ ઉપરથી પાછો ફરી તેને કહેવા લાગ્યોઃ " તિન્ની! આજ તને શું થયું છે? હજી લગી કેમ કામે વળગી નથી?"

વૃદ્ધ પાસે હસતી હસતી જઈ અમીના બોલી:–" આજ મારી જીજી આવી નથી તેથી મેં છુટ્ટો પાળો છે."

વૃદ્ધ માછીઃ—" વાહ! તારી જીજી વળી કોણ છે? "

એટલામાં પાછળથી એક સ્ત્રીએ આવીને કહ્યુંઃ—"હું છું."

પહેલાં તો માછી અવાક્ બન્યો, પણ પછીથી તેની પાસે જઈને તેને ધારી ધારીને નીરખવા લાગ્યો. કેટલી યે વાર તેણે ઓચિંતો પ્રશ્ન કર્યોઃ—" તું કાંઈ કામ જાણે છે કે? "

અમીના વચમાં જ બોલી ઉઠીઃ—" બાબા! મારી સખી કામ નહીં કરી શકે. એને બદલ હું તમને વધારે કામ આપીશ."

માછીએ વિચાર કરીને પૂછ્યુંઃ—" તું રહીશ ક્યાં? "

" અમીના પાસે. બીજે વળી ક્યાં? "

બુઢ્ઢો ફરી વિચારમાં પડ્યોઃ—" આ પીડા વળી ક્યાંથી આવી?" તેણે ફરીથી પૂછ્યુંઃ " ખાઇશ શું? "

તે સ્ત્રીએ એકદમ જવાબ દીધોઃ " એની ચિંતા કરશો નહીં. આ લ્યો." તેણે તેના તરફ એક મહોર ફેંકી. અમીનાએ તે લઇને માછીને આપતાં કહ્યુંઃ—" દિવસ બહુ ચઢી ગયો. હવે તમે પાછા કામે જાઓ."

આ સ્ત્રી કોઈ જ નહીં પણ ઝુલેખાં હતી. રહમતખાંએ તેને બચાવ્યા પછી ગુપ્ત વેશે તેણે આરાકાનના દરબારમાં નોકરી લીધી હતી. ઝુલેખાં પોતાની બહેનની શોધમાં વેશ બદલીને વારંવાર ફરતી હતી. ફરતાં ફરતાં અચાનક આ માછીની ઝૂંપડી પાસે તે આવી ચઢી હતી.

[૩]

ગ્રીષ્મ ઋતુના પ્રાતઃકાળના પરમ રમણીય સમયે એક નાની નદીને તીરે એક ઝાડની છાયામાં ઝુલેખા અને અમીના બે બહેનો બેઠી છે. ઝુલેખા કહેવા લાગી: "ઈશ્વરે આપણા પીદરના મરણ પછી આપણા ઉપર દુખ જ નાખ્યાં છે. આપણી આગલી શાહી જાહોજલાલી હવે આપણને મળશે નહીં એમ હવે તો નક્કી લાગે છે."

"પ્યારી બહેન, હવે એ ગઈ ગુજરી વાતો ઉપર બળાપો શું કરવા કર્યા કરે છે? દુનિયામાં રહીને હવે તો જે રસ્તે જવાય તે રસ્તે જવું એમ મેં નક્કી કર્યું છે. મને તો અહીં કોઈ વાતે દુઃખ નથી. મને તો દુનિયા પ્યારી લાગે છે."

ઝુલેખાએ કહ્યું:—' છટ્ છટ્ અમીના, શું તું એક શાહજાદી નથી? ક્યાં દીલ્હીનું શાહી તખ્ત અને ક્યાં આ એક માછીની ઝુંપડી?"

"મારા જેવી એક લહેરી છોકરીને જો ઝૂંપડી કે ઝાડની ઘટાની છાયા જ વધુ પસંદ હોય તો હાલના કટોકટ વખતમાં દિલ્હીના તખ્ત માટે નાહક આંસુ સારવાની મારે શી જરૂર?"

ઝુલેખા નારાજ થઈ બોલી:—"એ માટે હું તને ઠપકો આપતી નથી; પરંતુ અમીના, જરા વિચાર કરો જોવો ઘટે છે. આપણા પ્યારા પીદરને તારા ઉપર વધુ પ્યાર હતો. આથી તેમણે પોતાની આબરૂ બચાવવા પોતાને હાથે જ તને દરિયામાં નાંખી દીધી. એમણે આપેલા તારા મોતને બદલે તારી ઝિન્દગીને તું બહેતર ન સમજતી. આપણા પીદરને મારી નાખવામાં આવેલા છે એ ન ભૂલતી. એમના ખૂનનો જો તું બદલો લઈ શકીશ તો આ થોડા દિવસની ચાંદની જેવી જિન્દગીમાં કાંઈક કામ કર્યું ગણાશે."

અમીના ચૂપકીદી ધારણ કરી રહી. તે ભૂલી ગયેલી વાતો આજ તેની બહેને પાછી સ્મૃતિપટમાં ચીતરી બતાવી છે. તે વિચાર કરવા લાગી. એકાએક પાછી તે બોલી ઊઠી: "બહેન, થોડી વાર

બેસો. હું હમણાં આવું છું. જો મારા વાલો માટે હું ખાવાનું નહિ કરું તો તે બિચારા ભૂખે મરી જશે."

અમીનાના હૃદયની નબળાઇ માટે ઝુલેખાને શોક થયો. તે અત્યંત ઉદાસ મુખે ત્યાં બેઠી હતી. એટલામાં કોઈનો પગરવ સંભળાયો અને પાછળથી કોઇકે તેની આંખો દબાવી.

ઝુલેખા એકદમ બૂમ પાડી ઊઠી: "કોણ છે?" તેનો અવાજ સાંભળીને તે યુવકે એકદમ પોતાના હાથ લઈ લીધા અને સામે આવીને તે ઊભો રહ્યો. તેણે કહ્યું: "આમ કેમ? તું તિન્નિ નથી."

ઝુલેખા પોતાના વસ્ત્રો સંકોરીને ઊભી થઈ. તેની આંખોમાંથી જાણે અગ્નિ વરસી રહ્યો હતો: "તું કોણ છે?"

યુવકે કહ્યું: "તું નહિ ઓળખે. તિન્ની મને ઓળખે છે. તિન્ની ક્યાં છે?"

એટલામાં તિન્ની ત્યાં આવી પહોંચી. ઝુલેખાનો ગુસ્સાથી લાલચોળ થયેલો ચહેરો જોઇ તે બોલી: "બહેન, તમે એની વાતો ઉપરથી ગુસ્સે થશો નહિ. એ માણસ નથી. એને એક જંગલી જનાવર જ સમજજો. તમારી સાથે એણે કાંઈ અમર્યાદા કરી હશે તો હું હમણાંજ તેની ખબર લઉં છું. દાલિયા! તેં આ શું કર્યું? મૂર્ખ, આવો બેશરમ ક્યાંથી?"

દાલિયા—"મેં શું કર્યું છે વળી? કાંઇ નથી કર્યું. ફક્ત આંખો દબાવી હતી. મેં જાણ્યું કે એ તિન્ની છે."

તિન્ની ક્રોધ કરતી બોલી—"વળી પાછો નાને મોંએ મોટી વાત કરી? હવે તું બહુ નઠોર ને લાજ વિનાનો બની ગયો છે! તિન્નીની આંખો પણ પહેલાં તેં વળી ક્યારે દાબી'તી?"

યુવક—"આજ સુધી આંખ મીંચવા કાંઇ કારણ જોયું નહોતું. આજે જ પહેલો અભ્યાસ શરૂ કર્યો. પણ તેમ કરતાં આજ મને ભારે પાડી ગયું!" ઝુલેખા, દાલિયાને ચૂપ રહેવા આંગળીથી ઇશારત કરી મંદ હાસ્ય કરવા લાગી.

અમીના:—"તું બહુ જ બેવકુફ છે. શાહજાદીઓ પાસે તું રહેવા લાયક જ નથી. હવે તને અદબ, કાયદા વગેરેની તાલીમ આપવી જોઇએ. જો, આવી રીતે સલામ કર."

અમીનાએ શિર ઝુકાવીને ઝુલેખાએ વંદન કર્યું. દાલિયાએ ઘણી મહેનતે તેની નકલ કરી બતાવી. અમીનાએ પાછળ હઠીને ફરીથી નીચે નમીને સલામ કરવા કહ્યું. યુવકે ફરીથી તેમ કર્યું. અમીના તેને ઝુંપડી પાસે લઇ જઇ બોલી: "અંદર ચાલ." અંદર ગયા પછી "જા દેવતા સળગાવ, હું આવું છું" એમ કહી અમીનાએ બારણાં બંધ કરી દીધાં.

ઝુલેખા પાસે બેસીને અમીના કહેવા લાગી. "બહેન, અહીંના લોક બધાય આના જેવા અનાડી હોય છે. હું તો એનાથી હેરાન થઇ ગઇ છું."

અમીનાની રીતભાતથી તો તે હેરાન થતી હોય એમ જરાકે લાગતું ન હતું. ઝુલેખાએ કહ્યું:-"સાચું કહું છું. અમીના, કે તારી આ રીત મને જરાકે પસંદ નથી. આ જંગલી આદમીની શી મગદુર કે એ તારા શરીરને હાથ લગાડે!"

અમીના: "ખરું છે, બહેન. જો આજ કોઇ શાહજાદો કે નવાબજાદો આવી બેઅદબીથી મારી સાથે વર્ત્યો હોત તો હું જરૂર તેનું ઘણું જ અપમાન કરત."

ઝુલેખા: "સાચું કહેજે અમીના, તું કહેતી હતી કે મને તો દુનિયા પ્યારી લાગે છે, તો તે શબ્દો સાથે આ જંગલીને કાંઇ લાગેવળગે છે કે?"

"સાચું કહું, બહેન? આ સાદા શુદ્ધ દાલિયાની હું બહુ ઉપકારવશ છું, મારે માટે એ ફૂલ તોડી લાવે છે. મારે માટે તાજો મેવો લાવે છે. મારી સૂવાની જગ્યા સાફસૂફ કરી આપે છે અને જો કોઇ કામ માટે તેને બોલાવું છું તો મારે તે એ કૂતરાની પેઠે ચપ-

જતાથી મારી પાસે આવીને હાજર થાય છે. કદી હું તેને દમદાટી દઉં છું તો તે હસી પડે અથવા તો કોઈ વાર રોઈ પડે છે. એને કદાચ બેચાર થપ્પડ લગાવી દેવામાં આવે છે તો તે ખુશી થઈને ફૂદકારા મારવા મંડી જાય છે, એની હું બધી રીતે અજમાયશ કરી ચૂકી છું; અત્યારે એને હું અંદર બંધ કરી આવી છું, પણ જો તમે જઈને જોશો તો તે દેવતા ફૂંકતો હશે. હું આવી રીતે એના જંગલીપણાથી હેરાન થઈ ગઈ છું !"

ઝુલેખા કહેવા લાગી: "એનું જંગલીપણું તજાવવામાં હું કોશિષ કરીશ."

"નહીં બહેન, તમે એને કશું કહેશો નહીં" અમીનાએ કહ્યું. આ વાત તેણે એવી રીતે કહી કે જાણે દાલિયા તેનો મૃગશિશુ છે અને બીજાઓને જોઈને તે જંગલમાં નાસી જાય છે.

એટલામાં માછીએ આવીને કહ્યું: "તિન્ની, આજ દાલિયા નથી આવ્યો શું ?"

"આવ્યો તો છે !"

"ક્યાં છે ?"

"બહુ ત્રાસ આપતો હતો. હું એને ઓરડામાં પૂરીને આવી છું."

બુઢ્ઢાએ વિચાર કરીને કહ્યું:—"કદી જો એ ત્રાસ આપતો હોય તો એના ઉપર નારાજ થઈશ નહીં, નાની ઉમ્મરમાં બધાં યે એવાં જ તોફાની હોય છે. પહેલાં તું પણ એવી જ હોઈશ. આથી તેના તરફ કઠિનાઈ ન બતાવતી. દાલિયાએ કાલે એક મહોર આપીને ત્રણ કેરીઓ વેચાતી લીધી હતી."

"એમાં શું થઈ ગયું ? કેરીઓ લીધા વિના પણ એની પાસેથી હમણાં બે મહોર અપાવીશ."

પોતાની પાલિતા કન્યાની નાની વયમાં પણ આવી ચાલાકી જોઈને વૃદ્ધ માછી ખુશી થયો અને તિન્નીના મસ્તક ઉપર તે પ્યારથી પોતાનો હાથ ફેરવવા લાગ્યો.

[૪]

દાલિયા હવે આવજા કરે છે તેથી ઝુલેખાં સંકોચ પામતી નથી. આનું કારણ એ હતું કે દાલિયાની પ્રકૃતિ જ કાંઈ એવી હતી કે તેનું હૃદય સરલ હોવાથી શાહઝાદીઓ જેવી તુમાખી યુવતીઓ પાસે જતાં પણ તેને સંકોચ થતો ન હતો. તે હસમુખો, કૌતુકપ્રિય અને શુદ્ધ સ્વભાવનો હતો. સર્વ અવસ્થાઓમાં તે નીડર રહેતો, ઘણી વાર આખી રાતોની રાતો તે સઘન અરણ્યમાં કે પર્વતોના શિખરો ઉપર ચઢીને ફર્યા કરતો હતો. એક દિન પ્રાતઃકાલે દાલિયાનો હાથ ઝાલીને ઝુલેખા કહેવા લાગી: "દાલિયા આ દેશનો રાજા તું મને બતાવીશ?"

"હા. શા માટે ન બતાવું? પણ કહો તો ખરાં કે તમારે તેનું શું કામ છે?"

"મારી પાસે ઝેર પાયલું એક ખંજર છે. હું રાજાની છાતીમાં તે ઘોંચવા માગું છું."

ઝુલેખાની વાત સાંભળી દાલિયાને આશ્ચર્ય ઊપજ્યું ઝુલેખાની હિંસાપૂર્ણ આકૃતિ દેખીને તે ડરી ગયો. આવી રહસ્યપૂર્ણ વાત તેણે કદી સાંભળી ન હતી. શાહજાદીએ નક્કી કરીં આ મશ્કરી કરી હશે કે ખરું કહ્યું હશે તે તે સમજી શક્યો નહીં. જો રાજા દુર્ભાગ્યવશાત્ અત્યારે અહીં હોય તો ઝુલેખા શું તેને ખંજર મારે?

[૫]

ઉપરની ઘટના પછી બે દિન વીતતાં રહમતખાંએ ઝુલેખાં ઉપર એક ચિઠ્ઠી લખી મોકલી: "આરાકાનના નવીન મહારાજા માછીના ઝૂંપડામાં રહેતી બે બહેનોને છૂપાઈને જોઈ રહે છે અને અમીના પર તે પ્રસન્ન થઈ તેને મહારાણી બનાવવા ચાહે છે.

થોડાક વખતમાં તે તેને રાજમહેલમાં બોલાવશે. બદલો લેવાનો આના કરતાં બીજો કોઇ સારો અવસર મળશે નહીં."

પત્ર વાંચી ઝુલેખાએ દૃઢતાથી અમીનાનો હાથ પકડી કહ્યું: "ઈશ્વરની ઇચ્છા અહીં ચોખ્ખી જણાઈ આવે છે. અમીના, હવે નાહાની ના કર. હવે તારા જીવનની ફર્ઝ અદા કર, છોકરમત છોડી દે."

એટલામાં દાલિયા આઘે ઊભેલો જણાયો. અમીનાએ જોયું કે તે ઊભો ઊભો તેના તરફ જોઇને હાસ્ય કરતો હતો.

દાલિયાના હાસ્યથી અભિમાન આણીને અમીના કહેવા લાગી: "જાણતો નથી, દાલિયા! હું આજ મહારાણી બનવા જાઉં છું તે?"

દાલિયાએ હસતાં હસતાં કહ્યું: "બહુ વખત માટે તો નહીં ને!"

અમીના પીડિત અને વિસ્મિત ચિત્તે વિચારવા લાગી: "આ જંગલી હરણ સાથે માણસ જેવું વર્તન રાખવું એ મારી ભૂલ છે."

પણ ફરીથી દાલિયા તરફ નજર થયા પછી તે બોલી: 'દાલિયા શું રાજાને માર્યા પછી, હું પાછી આવીને તને મળી શકીશ નહીં?"

[૬]

વાજતે ગાજતે હાથી, ઘોડાં અને સેનાઓના પાયદળ સાથે બહુમૂલ્ય પાલખીઓમાં બેસાડીને બે બહેનોને રાજમહેલમાં આણવામાં આવી.

અમીના ઝુલેખા પાસેથી ખંજર લઇને તેને નિહાળી નિહાળીને જોવા લાગી. તેની ધારની તપાસ કર્યા પછી, તેણે તેને ચામડાના મ્યાનમાં મૂક્યું અને પોતાના બદનમાં છુપાવી દીધું. અમીનાની અત્યંત ઇચ્છા હતી કે, મૃત્યુ યાત્રા પહેલાં એક વાર દાલિયાને મળી લેવાય તો સારું. પણ દાલિયાનો પત્તો ન હતો. કાલ સાયં-

કાલથી દાલિયા ઝુંપડી આગળ દેખાયો જ ન હતો. દાલિયા કાલે હસતો હતો, તે શું અમીનાના અભિમાનની સળગતી જ્વાલાની દરકાર નહીં કરવાનું સૂચવતો હતો ?

ઘેરથી પાલખી ઉપર ચઢતા પહેલાં અમીનાએ પોતાના બચપણના આશ્રયદાતા તરફ અશ્રુભરી આંખોથી જોયું. રોતાં રોતાં માછીનો હાથ પકડીને અમીના કહેવા લાગી: "બુઢ્ઢા બાપા, હું જાઉં છું. પણ તિન્ની નહીં હોય ત્યારે તમારું ઘર કોણ સંભાળશે ?" માછીએ બાળકની પેઠે રડવા માંડ્યું. અમીના બોલી: "બાપા, જો દાલિયા આવે તો આ વીંટી તેને આપજો અને મારું નામ દઈને કહેજો કે અમીના જતી વખત આપી ગઈ છે."

પાલખી રાજમહેલ અંદર લેવામાં આવ્યા પછી બન્ને બહેનો તેમાંથી ઊતરીને મહેલમાં ગઈ. અમીનાના મોં ઉપર આજ હાસ્ય જણાતું નથી; આંખોમાં આંસુ પણ નથી. ઝુલેખાનું મોં ફિક્કું પડી ગયું છે. જ્યાં સુધી કર્તવ્યક્ષેત્ર દૂર હતું ત્યાં સુધી ઉત્સાહની તીવ્રતા હતી. ઝુલેખા કંપિત હૃદયે અમીનાને ગળે હાથ નાંખી બોલી: "આજ આ ખીલેલા ગુલાબને કયી ખૂનની નદીમાં વહેવરાવવા લઈ ચાલી છે ?"

પણ હવે વિચારને આવકાશ ન હતો. પરિચારિકાઓ બન્ને બહેનોને રાજા બેઠો હતો તે ખંડમાં લઈ જવા આવી પહોંચી. બારણા પાસે જઈ અમીના થોડીક વાર સુધી ઊભી રહી અને બોલી: "બહેન !"

ઝુલેખા તરત જ તેના કંઠે વળગી પડી.

અન્તે બન્ને બહેનો એ ખંડમાં ગઈ. રાજા રાજશાહી ઠાઠમાઠ સાથે રત્નજડિત સિંહાસન ઉપર બેઠો હતો. અમીના લજ્જાળુતાથી બારણામાં જ ખમચીને ઊભી રહી; પરન્તુ ઝુલેખા આગળ વધી અને રાજા પાસે જતાં તો તે એકાએક બોલી ઊઠી: "દાલિયા !"

અમીના આ આશ્ચર્યમય દૃશ્ય જોઈને, ઊભી હતી ત્યાં જ મૂર્છિત થઇ ગઈ.

ચૈતન આવતાં અમીના ઝુલેખા તરફ અને ઝુલેખા દાલિયા તરફ જોવા લાગી. દાલિયા બન્નેનો મનોગત ભાવ સમજીને બોલી ઊઠયોઃ "હા, હું તે જ દાલિયા છું! હું જ તમારા ચૂલામાંનો દેવતા ફૂંકતો હતો!"

અમીનાથી હવે હસી પડ્યા સિવાય રહેવાયું નહિ.

[૫]

મણિ અને જ્યોતિ

"માશી !"

"ભાઈ જ્યોતિ ! હવે જરાક વાર સૂઈ જા; બહુ મોડું થયું છે."

"નહિ, માશી, હવે મારે બહુ દિવસ નથી. હું તો એમ કહેતો હતો કે મણિ એના પિતાને ઘેર ભલે જાય. એ ક્યાં છે અત્યારે ?"

"સીતારામપુરમાં."

"હા, બરાબર. એને ત્યાં જ મોકલો. માંદા માણસ પાસે એણે બહુ રહેવું ન જોઈએ; અને માશી, એની પણ તબિયત કાંઈ બહુ સારી નથી."

"જો ને બાપુ, તને આવી સ્થિતિમાં મૂકીને એનાથી જવાય પણ ખરું કે ?"

"પણ ડાક્ટર શું કહે છે તે એ જાણે છે ?"

"પણ એ પોલ જુએ છે ને ? પરમ દિવસે મેં એના પિતાને ત્યાં જવાની જરાક વાત કાઢી એટલે તો એ રોવા બેઠી !"

આ અંતિમ વાક્યમાં અસત્યનો કિંચિત અંશ હતો, એ કહેવું અત્રે આવશ્યક છે. મણિ સાથે થયેલી વાતચીત સ્વતુતઃ નીચે પ્રમાણે હતી.

"બહેન, તારા પિતાજીને ત્યાંથી કંઈ સમાચાર આવ્યા છે ? મેં અનાથને હમણાં જ ક્યાંક જોયા !"

"હા માશી, મારી નાની બહેનનું 'અન્નપ્રાશન' આવતા શુક્રવારે છે, મને વિચાર આવે છે કે......" મણિ અચકાઈ.

"બહુ સારું, બહેન, એને માટે એક નાનો સોનાનો હાર ૯ મોકલજે. તારી બાને પણ તેથી આનંદ થશે."

"હું પોતે જ જવાનો વિચાર રાખું છું. માશી! મેં મારી નાની બહેનને કોઈ દહાડો જોઈ નથી. એને જોવાનું બહુ મન છે."

"એટલે? જ્યોતિને એકલો મૂકીને જઈશ? બહેન, ડાક્ટરે શું કહ્યું તે તો તેં સાંભળ્યું ને?"

"એ તો ભગે તે કહે. તને તો એની સ્થિતિ દેખાય છે ને?" માશી જરાક ચીઢાયાં.

"પણ, માશી, ત્રણ ભાઈ પછી મારે આ પહેલી બહેન આવી છે, અને બાપાની તે બહુ જ લાડકી છે! બહુ ધામધુમ પણ થવાની છે, અને હું ન જાઉં તો બાને......"

"ઠીક, તારી બાને ભલે ખોટું લાગે. પણ મણિ, જો તું જ્યોતિને આવી સ્થિતિમાં એકલો મૂકીને જઈશ તો તારા પિતાજી તારા ઉપર ચીઢાશે એનો કાંઈ ખબર છે?"

"હા. પણ તમે એમના ઉપર એક કાગળ લખજો ને કે હમણાં કાંઈ ખાસ ચિન્તા કરવા જેવું નથી; અને હું જાઉં તો પણ કાંઈ હરકત..."

"હા, મણિ, તું જઈશ તો કાંઈ અહીં તારી ખોટ નહિ પડે. પણ એટલું યાદ રાખજે કે જો હું તારા પિતાને લખીશ તો બધું મારા મનમાં છે તે હું લખી દઈશ."

"ના, ના, ત્યારે તો ન લખશો. હું એમને કહીશ, અને એ તો જરૂર......"

"મણિ, જો સાંભળ. મને તારા તરફથી બહુ ખમવું પડ્યું છે; પણ જો તું આવું કાંઈ પગલું ભરીશ તો મારાથી વધારે નહિ ખમાય. તારા પિતા તો તને સારી પેઠે ઓળખે છે, એટલે એમને તો તું છેતરી શકીશ નહીં."

માશી ગયાં એટલે મણિ બડબડાટ કરતી પથારીમાં પડી. એટલામાં એની પડોશણ—સખી—અંદર આવી.

"બ્હેન, આ જુલમ તો જો! મારી એકની એક બ્હેનનું અન્નપ્રાશન આવે છે, અને સાશી મરે જવા દેતાં નથી."

"મણિ, તારા વર આટલા બધા માંદા છે, અને તું જવાની વાત કરે છે એ ઠીક કે? વાહ, બ્હેન!"

"પણ એમને માટે હું કશું કરતી તો છું નહિ; અને યત્ન કરું તો પણ મારાથી શું થવાનું છે? બ્હેન, આ ઘર એવું તો સ્મશાનની માફક ખાવા ધાય છે કે મારાથી તો આ સ્હેવાતું નથી!" મણિની આંખોમાં આંસુ આવ્યાં.

"મણિ, તું તો કોઇ અદ્દભુત સ્ત્રી છે. વર કરતાં કાંઇ બ્હેન વધારે છે?"

"પણ, હું તમારી બધાંની માફક ઢોંગ કરીને શાંત રહી શકતી નથી; પછી લોકો મારે માટે છો ગમે તે ધારે!"

"ઠીક, હવે તારે શું કરવું છે એ તો કહે?"

"હું તો જવાની જ—મને કોઈ અટકાવી શકશે નહિ—હા." મણિ નિશ્ચયપૂર્વક બોલી.

"વાહ! તું યે બડી જબરી લાગે છે!"

એના પિતાજીને ત્યાં જવાની વાત જરાક છેડી એટલામાં તો મણિ રડી પડી, એ સાંભળી જ્યોતિને બહુ આશ્ચર્ય લાગ્યું. એ પથારીમાં બેઠો થયો. એક તકીઓ ખેંચી એના ઉપર અઢેલીને બેઠો.

"સાશી, આ દીવો લઇ લ્યો, અને પેલી બારી જરાક ઉઘાડો ને?"

અનંત કાલની એક પ્રવાસિની, ગાઢ, શાંત રાત્રિ સર્વત્ર વ્યાપી રહી હતી; અનેક યુગોમાં અસંખ્ય મરણપથારીઓના સાક્ષી તારાઓ આકાશમાં પ્રકાશી રહ્યા હતા.

ગાઢ અંધારી રાત્રિની છાયામાં દૂર, પોતાની મણિનું રમણીય

મુખ જાણે આરેખાયલું હોય એમ જ્યોતિને ભાસ્યું. મણિની વિશાળ નીલ આંખો આંસુથી ભરપૂર હતી.

એને શાંત જોઈ માશીને કાંઈક નિવૃત્તિ વળી. એ સૂઈ ગયો હશે એમ એમને લાગ્યું.

અચિંત્યો એ ચમકીને બેઠો થયો: "માશી, આ આપણા ગરીબડા ઘરમાં મણિ–ઉછાંછળી મણિ–સુખી નહિ થાય એમ તમને બધાંને લાગતું હતું, ખરું ? પણ તમે જોયું ને...?"

"હા, ભાઈ, મેં જોયું ! મારી ભૂલ થઈ હતી; પણ વિપત્તિ મનુષ્યને કસે છે."

"માશી ?"

"બેટા, હવે જરા સૂઈ જા !"

"ના, ના, મારે જરા વાતો કરવી છે. માશી, તમે ચીઢાશો?"

"ના, ભાઈ."

"માશી, એક વખત મને જ્યારે એમ લાગ્યું કે મણિના હૃદયમાં મને સ્થાન નહિ મળે ત્યારે મેં શાંતિથી સહન કર્યું; પણ તમે..."

"ના ભાઈ, એમ ન બોલ. હું પણ તારા દુઃખમાં સહભાગી હતી !"

"માશી, માનવહૃદય કાંઈ માટીનાં ઢેફાં જેવું નથી, કે આપણે ફક્ત ઉપાડી લઈએ એટલે આપણું થાય! મને લાગ્યું કે મણિને તેના પોતાના હૃદયનું જ ભાન નહોતું. એક દિવસ, કોણ જાણે કેમ, પણ અચિંત્યો જ એને મારા તરફ......"

"હા, જ્યોતિ તું કહે છે એમ જ થયું !"

"અને તેથી એના ઉછાંછળાપણાની મેં બહુ દરકાર કરી નહિ." જ્યોતિ આંખો મીંચી કાંઈક ધ્યાનમાં પડ્યો.

એક નિઃશ્વાસ નાખી માશી શાંત રહ્યાં. જ્યોતિએ તોફાની વરસાદમાં, દદડતી હાલતમાં, બદાર અગાશીમાં અનેક રાત્રિઓ

પધાર કરી હતી અને પોતાના શયનગૃહમાં પણ જવાની દરકાર કરી નહોતી. અનેક વાર જ્યોતિ બિછાના ઉપર પડી રહેતો અને ઇચ્છતો કે: "મણિ આવીને મારું માથું દાબે. અને મારું દુઃખ કાંઇક ઓછું કરે તો કેવું સારું !" પણ તે વખતે મણિ તો કોઇ સખી સાથે નાટકમાં જવાની તૈયારી કરતી જણાતી અને જો માશી એનું માથું દાબવા જાય તો એ એમને હઠ કરી પાછાં મોકલી દેતો. આ રોષમાં અત્યંત દુઃખ સમાયલું હતું. ઘણી વાર એમને એમ કહેવાનું મન થતું કે, "જ્યોતિ, એની તું બહુ દરકાર ન કરોશ; ભાઇ. એને જરૂર પડશે–ગરજ પડશે ત્યારે એ સમજશે," પણ આવી વસ્તુ કહેવામાં ગેરસમજુતીનો ભય રહે છે.

જ્યોતિના હૃદયમાં "ઓીત્વ"ને માટે એક પવિત્ર મંદિર હતું, અને તેના સિંહાસન ઉપર મણિને સ્થાન મળ્યું હતું. આ દિવ્ય અંગના તરફથી પ્રેમ–મદિરાનો ભાગ મને નહિ મળે, એમ વિધિએ નિર્મ્યું છે.–આ કલ્પના જ જ્યોતિને ભયંકર થઇ પડતી. પરિણામે એ દિવ્ય મંદિરની દિવ્યાંગનાની પૂજા ચાલુ જ રહી; ભોગ ઉપર ભોગ અપાયા અને વરદાનની આશાનો અંત ન જ આવ્યો. અમર આશાની બલિહારી છે ! !

જ્યોતિ નિદ્રાધીન થયો હશે એમ માશીને લાગ્યું; પણ એ તો પાછો બેઠો થયો.

"માશી, તમે ધાર્યું કે મણિથી હું સુખી નથી. અને તેથી તમને એના ઉપર રોષ ઉપજ્યો, ખરું, પણ, માશી સુખ તો પેલા તારાઓ જેવું છે. બધા તારલાઓ કાંઇ અંધકારનો નાશ નથી કરતા, વચ્ચે વચ્ચે છિદ્રો પણ હોય છે. જીવનમાં આપણે ભૂલો અને ગેર-સમજુતીઓ કરીએ છીએ. પરંતુ આ છિદ્રોની વચ્ચેથી સત્ય પ્રકાશે છે...માશી, હું નથી સમજી શકતો. મારું હૃદય કાંઇક અપૂર્વ આનંદથી ઉભરાઇ જાય છે–એમ કેમ હશે ?"

કાંઇ પણ ઉત્તર દીધા વિના માશીએ પોતાના કોમળ હસ્ત

વડે તેનું માથું દાબવા માંડ્યું. ગાઢ અંધકારમાં એમનાં આંસુઓ જણાયાં નહિ.

"માશી, હજી તો એ નાની છે. મને એમ થાય છે કે મારા વિના એના દિવસો કેમ જશે ?"

"નાની ? ભાઈ, એ એવું સમજતી થઈ છે...જ્યોતિ; મારા જીવનની મૂર્તિ જ્યારે મેં ખોઇ ત્યારે હું પણ નાની હતી, પછી જ મારા હૃદયમાં સદાને માટે એમની સ્થાપના થઇ !" માશીનાં આંસુઓ અવિચ્છિન્ન વહેતાં હતા.

"પણ માશી, મને એમ લાગે છે કે મારી મણિનું હૃદય જાગૃતિનાં ચિન્હો દેખાડે છે. એટલામાં જ મારે આ જગતને..."

"ભાઇ જ્યોતિ, એવું બોલીશ નહિ. એનું હૃદય જો જાગે તો જ બહુ છે !"

કેટલાક વર્ષો ઉપર સાંભળેલું એક ગામડીઆનું રમ્ય ગીત જ્યોતિએ સાંભળ્યું. એની આંખો પણ આંસુભીની થઇ.

"માશી, કેટલા વાગ્યા હશે ?"

"ભાઇ, નવેક વાગ્યા હશે."

"હજી નવ જ થયા છે? મેં તો ધાર્યું કે પ્રભાતના બે કે ત્રણ વાગ્યા હશે ! પણ માશી, તમે જાણો છો; મારી મધ્યરાત્રિ તો સૂર્યાસ્ત સાથે જ શરૂ થાય છે !"

"ભાઈ, હવે જરા જંપીને સૂઈ જા; કાલે રાત્રે પણ તું બહુ મોડો સૂતો હતો."

"માશી ! મણી સૂઇ ગઇ ?"

"ના, ના, એ તો તારે માટે કાંજી બનાવે છે." જ્યોતિ ચમક્યો.

"ખરેખર, માશી, સાચું કહો છો ?"

"હા, ભાઇ, સાચું ! તારૂં બધું ખાવાનું એ જ કરે છે."

"મને તો લાગ્યું કે એને નહિ આવડતું હોય—"

"પણ આવું શીખતાં સ્ત્રીઓને વાર ન લાગે તો ! જરૂર પડે એની મેળે આવડે."

"આજે સવારે મેં કાંજી પીધી તે એવી તો સરસ હતી ! માશી, મને તો લાગ્યું કે તમે જ કરી હશે."

"ના, ભાઇ, મણિ મને એવું કરવા પણ દે ખરી કે ? તારાં કપડાં પણ એ ધૂએ છે ! એ જાણે છે કે તને કાંઇ પણ અસ્વચ્છ ગમતું નથી, અને એને ચીવટ પણ બહુ છે. તારી ઓરડી પણ એણે એવી સાફ અને સુઘડ રાખી છે ! જો એને હું અહીં આવવા દઉં તો તો એ સાંજે થાકીને લોથ થઇ જાય...પણ એ બધું ખરા મનથી કરે છે, હોં !"

"ત્યારે...એનું શરીર સારું છે ?"

"ડાકટર કહે છે કે માંદા માણસ પાસે એને બહુ ન રાખવી; એનું હૃદય બહુ કોમળ છે."

"પણ, માશી, એ અહીં આવવાની હઠ નથી કરતી ?"

"ભાઇ, એ તો બહુ યે હઠ કરે છે. પણ હું જરાક કહું એટલે મારૂં કહ્યું માને છે. તારી ખબર હું એને બહુ વાર આપું છું."

અશ્રુબિંદુઓની પેઠે તારાઓ વિશાળ આકાશમાં ચળકતા હતા. જ્યોતિએ ઊંચું જોયું અને આભારમાં પોતાનું માથું સહજ નમાવ્યું. એની જીવન-જ્યોતિ હવે થોડો જ સમય પ્રકાશવાની હતી, ગાઢ અંધકારમાં જ્યારે કાળે પોતાનો હાથ તેના તરફ લંબાવ્યો, ત્યારે જ્યોતિએ અગાધ શ્રદ્ધાથી એ લીધો.

એણે એક નિશ્વાસ નાખ્યો, અને કાંઈક આતુરતાથી-ચિંતાથી-એ બોલ્યોઃ—"માશી, મણિ જાગતી હોય તો એને જરા બોલાવશો ?"

"હા, ભાઈ; બોલાવું છું !"

"બહુ વાર નહિ, માશી, ફક્ત એક થોડીક ક્ષણ-મારે એને કાંઇક કહેવું છે."

એક નિઃશ્વાસ નાંખી માશી ગયાં. જ્યોતિની નાડી જોરથી

ચાલવા માંડી. એના આખા જીવનમાં એક વખત પણ મણિ સાથે બેસી નિકટ રીતે વાત કરવાનો પ્રસંગ એને મળ્યો નહોતો, આ બે વાદ્યંત્રો પ્રભુએ કાંઈક જુદી જ રીતે ઘડ્યાં હતાં અને એમને એક સૂરથી વગાડવાં, એ અશક્ય હતું.

સખીઓ સાથે મણિ જ્યારે હસીને આનંદથી વાતચીત કરતી—કલ્લોલ કરતી—ત્યારે જ્યોતિને અદેખાઈ આવતી. પોતે એમના જેવી નકામી અને તુચ્છ વાતો કરી શકતો નહીં એટલે એને પોતાનો જ વાંક વસતો. એ એના મિત્રો સાથે તુચ્છ અને સાધારણ વાતો કરી શકતો; પણ કેટલીક વાતોમાં પુરુષોને જ આનંદ પડે છે—સ્ત્રીઓને નથી પડતો. એક મનુષ્ય પોતે એકલો મહાન ફિલસૂફીભર્યો સંવાદો પોતાની જ સાથે કરી શકે, પણ તુચ્છ વિષયો ઉપર વાતો કરવાને બે જણ તો જોઈએ જ. એક શરણાઈ એકલી વગાડી શકાય પણ કરતાલની તો જોડી જ જોઈએ. અનેક વાર સંધ્યા સમયે, અગાશીમાં પોતે મણિ સાથે એકલો બેઠો હોય ત્યારે વિવિધ વિષયો ઉપર વાતો કરવાના એ પ્રયત્નો કરતો, પણ દોરી અધવચમાં જ તૂટતી, અને સંધ્યા સમયની શાંતિને પણ જાણે શરમ આવતી ન હોય એમ થતું. એને સ્પષ્ટ લાગતું કે મણિ છટકી જવા ઇચ્છે છે. એ એમ ઇચ્છતો પણ ખરો કે કોઈ ત્રીજું મનુષ્ય આવે; કારણ કે કેટલીક વખત જ્યાં બે જણ વાત નથી કરી શકતાં ત્યાં ત્રણ હોય તો વાત કરવી સહેલી પડે છે.

મણિ આવે ત્યારે શું બોલવું એનો એ વિચાર કરવા લાગ્યો પણ એવી બનાવટી—કૃત્રિમ વાતોથી કાંઈ સંતોષ મળે? આ થોડીક ક્ષણ નકામી જશે એમ એને ભય હતો—પણ મણિ સાથે નિકટ રીતે વાતો કરવાનો બહુ જ થોડો સમય હવે રહ્યો હતો.

[૩]

"બહેન, મણિ, આ શું ? તું ક્યાંક જાય છે કે શું ?"

"હા ! હું સીતારામપુર જાઉં છું."

"એટલે ! કોની સાથે ?"

"કેમ, અનાથ છે ને !"

"બહેન, મારું માન; આજે નહિ, કાલે જજે."

"પણ, માશી, બધી તૈયારીઓ થઈ ચૂકી છે. ફક્ત નીકળીએ એટલી જ વાર છે."

"એમાં શું ? એ તો પાછું છોડી નંખાશે બહેન, મારું માન, કાલે સવારે જજે." માશી ફરીથી કરગર્યાં.

"માશી, તમારા આ વહેમને હું માનતી નથી, હું આજે જઈશ તો મને શું થઈ જવાનું હતું ?"

"બહેન, જ્યોતિ તને જરાક વાર બોલાવે છે—આવીને જા."

"ઠીક, હજી થોડોક વખત છે; એમને જરા મળી આવું."

"પણ, મણિ, તું આજે જવાની છે તે એને કહીશ નહીં હો કે ?"

"વારુ, નહીં કહું. પણ હું તો જવાની જ; મારાથી નહીં રહેવાય." મણિએ સ્પષ્ટ કહ્યું.

"બહેન, હું તારા પગે પડું છું; મારું માન; મન પૂરું શાંત રાખીને એની પાસે જરા બેસજે. એને ખબર ન પડે કે તું જવાની ઉતાવળમાં છે."

"પણ હું શું કરું ? ગાડી કાંઈ મારે માટે ખોટી થશે ? અનાથ પાછો આવે એટલો વખત એમની પાસે બેસું છું." જાણે માશી ઉપર ઉપકાર કરતી હોય તેમ મણિએ ઉત્તર દીધો.

"ના, મણિ; એમ નહિ. આવી સ્થિતિમાં હું તને ત્યાં નહીં જવા દઉં. ઓ અભાગિની, તું શા માટે એને દુઃખ દે છે ? એ હવે થોડા દિવસનો મહેમાન છે ! મણિ, યાદ રાખજે, તારે આ દિવસ

તારા આખા જન્મારા સુધી સંભારવો પડશે! હજી યે મારું માન; ઈશ્વર ઉપર બેઠો બેઠો બધું યે જુએ છે, મણિ, કોઈક દિવસ તું સમજીશ ત્યારે જ તને ખબર પડશે." અત્યંત રોષમાં—દુઃખમાં માશીએ કહ્યું.

"માસી, તમે મને એમ શાપ ન દેશો, વળી!"

"અરેરે! ભાઇ જ્યોતિ, બેટા તું પણ આ દુખમાંથી છૂટે તો બહુ સારું. હું પણ શું કરું? આ જૂઠાણાનો અને પાપનો તે ક્યારે અંત આવશે? ઓ પ્રભુ!" નિરાધાર, દુઃખી પણ પ્રેમાળ માસી, સહન ન થઇ શકવાથી ચોધાર આંસુએ રડી પડયાં. ક્રૂર મણિ ચાલી ગઈ.

થોડીક વાર રહી, કદાચિત જ્યોતિ સૂઇ ગયો હશે એમ ધારી, માસી એની પાસે ગયાં. પણ એ તો બેઠો થયો.

"ભાઇ, આ તો બિચારી મણિ......"

"કેમ શું થયું? માસી, એ આવી નહીં? તમને વાર કેમ લાગી?"

"ભાઇ, હું ગઈ ત્યારે એ ચોધાર આંસુએ રડતી હતી. મેં પૂછયું તો કહે કે 'એમની કાંજીનું દૂધ ઉભરાઇ ગયું!' મેં કહ્યું: "ગાંડી, એમાં રડે છે શું કરવા? બીજું દૂધ છે ઘરમાં, પણ એની બેદરકારીથી તારી કાંજીનું દૂધ ઉભરાઈ ગયું. અને પછી વાર થશે એ દુઃખથી તો બાપડી રડવા બેઠી. પછી મેં જેમ તેમ સમજાવીને સુવાડી દીધી. હશે, હવે કાલે વાત; ભલે બિચારી બે ઘડી સૂએ—આખા દિવસના કામથી થાકીને લોથ થઈ ગઈ છે."

મણિ ન આવી તેથી જ્યોતિને સહેજ દુખ તો થયું, પણ કાંઈક શાંતિ યે વળી. મણિનાં પ્રત્યક્ષ દર્શનથી પોતાના હૃદયમાં એની જે મૂર્તિ હતી તેને કાંઈક આઘાત થાય એવો એને ભય હતો. પણ "મારી કાંજીનું દૂધ ઉભરાઈ ગયું તેથી એ આટલી બધી દુઃખી થઈ"—આ વિચારે એનું હૃદય આનંદથી છલકાયું.

" માસી ! "

" કેમ, બાઈ ? "

" માસી ! મને ખાતરી છે કે આ જગતમાં મારે હવે થોડા જ દિવસ રહ્યા છે. પણ મને દિલગીરી નથી થતી. માશી, તમે દુઃખી ન થશો હોં ! "

" વારુ, બાઈ, હું દુઃખી નહિ થાઉં. કાંઈ જીવવું જ સારું છે અને મરણ ખરાબ છે, એમ નથી. "

" માસી, હું ખરું કહું છું, હોં. મને મરણ એવું રમણીય લાગે છે ! "

જ્યોતિ વિશાળ આકાશ તરફ જોઈ રહ્યો અને મણિ પોતે જ જાણે મરણના વેશમાં આવતી હોય એમ એને લાગ્યું. એનું યૌવન અમર હતું. અસંખ્ય તારાઓ, જાણે એના વિશાળ, કાળા કેશ ઉપર આશીર્વાદનાં પુષ્પો ન ખરતાં હોય, એમ તેને લાગ્યું. અંધકારના આવરણ નીચે, પોતાની વધૂનું પ્રથમ જ દર્શન પુનઃ થતું હોય એમ એને ભાસ થયો. ગાઢ રાત્રિ મણિની પ્રેમમય દૃષ્ટિએથી જાણે ભરાઈ ગઈ. મણિ—જ્યોતિની બાલકગૃહિણી એક ભવ્ય પ્રતિમામાં ફેરવાઈ ગઈ. જન્મ અને મરણના સંગમ આગળ, તારાઓની એક વેદી ઉપર એનું સિંહાસન હતું, અંજલિ રચી જ્યોતિ લવ્યો; " હા—અંતે આવરણ ઊંચકાયું; આ અતિ ગાઢ અંધકારના પડદામાં ચીરો પડ્યો. સુંદરી ! તેં મારા હૃદયને અનેક વાર ટટળાવ્યું છે—રીબાવ્યું છે; પણ હવે તું મને તજી શકશે નહીં ! "

" માસી, મને સહેજ દુખ તો થાય છે. પણ તમે ધારો છો એટલું બધું નહીં. જાણે મારું દુખ અને જીવન—એ બે ધીમે ધીમે છૂટાં ન પડતાં હોય ! માસી, મારું જીવન, માલથી ભરેલી એક હોડીની માફક કિનારા તરફ ખેંચાતું હતું, પણ અચિંત્યું દોરડું તૂટી ગયું અને હવે મારાં બધાં દુઃખો સાથે એ હોડી સમુદ્ર તરફ ઘસડાઈ જાય છે. એ હોડી મને હજી દેખાય છે, પણ હવે તો એ પ્રભુને

આધીન છે !– પણ, માસી, મેં મણિને બે ત્રણ દિવસથી જોઈ નથી. એ કેમ જણાતી નથી ?"

"ભાઈ, લે આ બીજું ઓશીકું. જરા માથા નીચે મૂક—તને હવે જંપ વળશે."

"માસી, પેલી દુઃખથી ભરેલી હોડી ઘસડાઈ જાય છે; તેની પેઠે મણિ પણ મને છોડી ગઇ હોય ને, એમ લાગે છે. એમ કેમ હશે ?"

"ભાઈ, લે આ જરા ઠંડું પાણી પી. તારું ગળું ક્યારનું યે સૂકાઈ ગયું છે."

"માસી, મેં મારું 'વીલ' ગઈ કાલે કર્યું છે. મેં તમને દેખાડયું કે નહીં ?"

"ભાઇ, મારે જોઇને શું કરવું છે ?"

"માસી, જ્યારે બા ગુજરી ગયાં ત્યારે મારી પાસે કશું નહોતું. તમે જ મને ઉછેરીને મોટો કર્યો, પછી તો—"

"ભાઈ, એવું ન બોલ. મારી પાસે પણ શું હતું ? આ ગરીબડું ઘર અને બે પૈસા. બાકીનું બધું તો તું જાતે જ કમાયો હતો ને ?"

"પણ, માસી, આ ઘર—"

"આ ઘર ! એમાં છે શું ? અને તેં એમાં એટલો બધો ઘરસામાન ભર્યો છે કે ઘર તો બાપડું અંદર ઢંકાઇ ગયું !"

"માસી, મણીને તમારા તરફ પ્રેમ અને માન છે, ખરું ને ?"

"હા, ભાઈ, હું જાણું—પણ હવે તુ સૂઈ જા."

"માસી, 'વીલ'માં મેં બધું મણિના નામે ચઢાવ્યું છે, પણ ખરું જોતાં તો એ બધું જ તમારું જ છે. એ કોઈ દિવસ તમારું વચન નહિ ઉથાપે."

"હશે, ભાઈ, એની અત્યારથી આટલી બધી ચિંતા શી ?... પણ હવે તુ જરા સૂઈ જા."

"માસી, આ બધુ તમારું જ છેઃ પણ મારું 'વીલ' જુઓ ત્યારે જરાક પણ એમ ન ધારશો કે......"

"બેટા, આવું શું બોલે છે? તારું પોતાનું મણિને આપી જાય, એમાં મને ખોટું શાનું લાગે?"

"પણ માસી તમારે માટે પણ કેટલુંક......"

"જો, જ્યોતિ આવું તું બોલીશ તો પછી હું ચીડાઈશ. તારે મને ધનથી સંતોષવી હશે, કેમ?"

"માસી, તમને બીજું કાંઈ હું આપી શકું તો કેવું સારુ! પણ..."

"ભાઇ, તેં મને બહુ યે આપ્યું છે-હવે શું બાકી રહ્યું છે? મારા આ ઉજ્જડ અરણ્ય જેવા ઘરમાં આવીને તું રહ્યો એ ઓછું છે? કેવાં યે પુણ્ય મેં કર્યાં હશે ત્યારે તું મારે ત્યાં આવ્યો! હવે મારાં પુણ્ય ખૂટ્યાં હશે. તેમાં હું કોનો દોષ કાઢું? ભાઇ, આ ઘર, પૈસો, જમીન, વાડી બધું યે મણિને આપી દે. બેટા, મારે આવો ભાર તે શીદ જોઈએ?" માસી-સરલ, સ્નેહાળ માસી-અંતઃકરણ-પૂર્વક બોલતાં હતાં.

"હું જાણું છું, માસી, કે તમે આ દુનિયાથી-ક્ષણિક સુખ-ભોગોથી-કંટાળ્યાં છો. પણ મણિ તો હજુ યુવાન છે..."

"ભાઇ, એવું ના બોલ બલે તારું એને આપી જા...પણ ભોગવવાની વાત તો..."

"પણ, માસી, એ આ બધું ભોગવે અને સુખી થાય એમાં શી હરકત છે?"

"ના ભાઇ, તું ભૂલે છે. જ્યોતિ, તારા વિના આ બધું એને રાખ જેવું થઈ પડશે!"

જ્યોતિ કાંઈ બોલ્યો નહિ. માસીના છેલ્લા વાક્યમાં કેટલું સત્ય હતું-પોતાના વિના મણિને આ સંસાર અસાર થઇ પડશે કે કેમ એ જ્યોતિ સમજી શક્યો નહીં. આકાશ માંહેના તારલાઓ

જાણે એને કાનમાં ધીમેથી કહેતા હતા કે: "ઓ સંસારના પ્રવાસી, આ બધું ખરું છે. અમે હજારો વર્ષોથી જોઇએ છીએ, કે સુખ–ભોગની આ બધી તૈયારીઓ નિરર્થક છે–વૃથા છે !"

"માસી, જે ખરેખર આપવા જેવું હોય છે, તે આપણાથી નથી આપી જવાતું, હોં !"

"ભાઈ, આ તેં થોડું આપ્યું છે? આટલાની જ હિંમત જો એ સમજે તો બહુ જ છે."

"માસી, જરાક ઠંડું પાણી આપો, મને તરસ લાગી છે... હેં માસી, મણિ કાલે મારી પાસે આવી હતી?"

"હા, ભાઇ, પણ તું તે વખતે ઊંઘી ગયો હતો. એ થોડીક વાર તારી પાસે બેઠી; તને પવન નાખ્યો; પણ તું ન ઊઠ્યો એટલે એ તારાં લૂગડાં ધોવા ગઈ."

"વાહ! માસી, મને જરા આશ્ચર્ય લાગે છે! મણિ અંદર આવવાનો યત્ન કરતી હતી ત્યારે મને કાંઈક સ્વપ્ન જેવું લાગ્યું. જાણે આ દ્વાર સહેજ ઉઘાડું હતું અને મણિ બહારથી તેને ધક્કો મારતી હતી. પણ એ તે ઊઘડે જ નહિ...પણ. માસી, હવે તો તમે હદ કરો છો, હોં. આ મારી મરણપથારી છે તે એ ભલે જુએ. નહીં તો મારા મરણના સમાચારથી એને ગંભીર આંચકો લાગશે!"

"ભાઇ, લે, આ શાલ જરા તારા પગ ઉપર નાખું—એ કેવા ઠંડા પડી ગયા છે!"

"ના, ના માસી, મારાથી એવું કશું નથી ખમાતું—શાલ ન નાખશો."

"ભાઇ, તને ખબર છે? આ શાલ તો તારે માટે જ મણિએ ખાસ બનાવી છે. રોજ મોડી રાત્રિ સુધી જાગીને ગઈ કાલે જ એણે એ પૂરી કરી !"

જ્યોતિ શાલ જોવા લાગ્યો અને મૃદુતાથી તેણે સ્પર્શ કર્યો. જાણે શાલના ઊનની કોમળતા મણિની પોતાની ન હોય! મણિના

સ્નેહભર્યા વિચારો એમાં દોરાઓની સાથે દર રાત્રિએ વણાયા હતા. એ શાલ ફક્ત ઊનની નહોતી; મણિનો મૃદુ સ્પર્શ પણ એમાં હતો. માસીએ જ્યારે એ શાલ એના પગ ઉપર નાંખી ત્યારે જાણે મણિ દરરોજ રાત્રિએ પોતાના શાન્ત પગો ધીમેથી—કોમળતાથી દાબતી હોય એવો રમણીય અનુભવ જ્યોતિને થયો.

"પણ માસી, એને ભરતાંગૂથતાં તો નહોતું આવડતું. એવું કાંઈ એને ગમતું ના નહોતું જ !"

"ભાઈ શીખતાં તે કાંઈ વાર લાગે છે ? મેં એને જરાક દેખાડ્યું, એટલે પછી ચાલ્યું—પણ તેમાંય થોડીક ભૂલો રહી ગઈ છે."

"માસી, ભૂલો તો હોય જ. આપણે ક્યાં એને કોઈ મોટા પ્રદર્શનમાં મોકલવી છે ? ભૂલો હશે તો યે મારા પગ એનાથી ગરમ રહે છે."

જ્યોતિ હસ્યો, એના મુખ ઉપર આનંદ છવાઈ રહ્યો. પ્રતિ રાત્રિએ શાલ ગૂંથતી, ભૂલો કરતી પણ આનંદ અને ઉત્સાહથી મંડી રહેતી, એ કલ્પનાથી જ્યોતિ ખુશ થયો. કેવું રમણીય પણ કરુણારસથી ભરેલું દૃશ્ય !—જ્યોતિએ ફરીથી, સ્નેહ અને મૃદુતાથી શાલ ઉપર હાથ ફેરવવા માંડ્યો.

"માસી, ડાક્ટર નીચે આવ્યા છે."

"હા, ભાઈ આજે એ અહીં જ રહેશે.'

"પણ માસી, એમને કહેજો કે દવાની હવે કાંઈ જરૂર નથી. દવાથી આરામ થતો નથી—હું તો હવે જાગતો જ રહીશ. માસી, તમને યાદ છે ? અમારાં લગ્ન વૈશાખ શુદ પૂર્ણિમાની રાત્રિએ થયાં હતાં ! આવતી કાલે એ જ દિવસ પાછો આવશે, અને એ જ રાત્રિના તારાઓ આકાશમાં પાછા પ્રકાશશે. મણિને કદાચિત એનું સ્મરણ પણ થયું હશે. માસી, એને જરા બોલાવશો ? હું આ વાતનું સ્મરણ કરાવું. માસી, કેમ કાંઈ બોલતાં નથી ? હું ધારું છું કે ડોક્ટરે જ એમ કહ્યું હશે કે 'જ્યોતિને ઉશ્કેરશો નહિ.' પણ, માસી, મણિ

સાથે જરાક વાત કરવામાં શું? માસી, તમે એમ રડશો નહિ; આજે મને બહુ જ સારું લાગે છે, અને કાંઇ ન સમજાય એવો આનંદ થાય...ના, ના, માસી, મારાથી દુખ નથી ખમાતું, તેથી તમે રડો છો. આજ સુધી તમે શાંત હતાં અને હવે એમ ગભરાઓ છો? માસી ઇશ્વર સૌ સારું કરશે. તમે એમ રડશો નહીં!"

"ભાઈ, જ્યોતિ, હું તે શું કરું? મારાં આંસુ પણ ખૂટતાં નથી. બેટા, હવે તો નથી સહેવાતું." સ્વભાવે જ સહનશીલ અને ધીર માસી, 'જ્યોતિની પાસે હૃદય કઠણ રાખવું' એવો નિશ્ચય છતાં, શાંત ન રહી શકયાં અને ચોધાર આંસુએ રોઈ પડયાં.

"માસી, હવે તો મારાથી પણ રોઇ પડાશે, તમે શા માટે રડો છો? માસી, મને કહો તો ખરાં?" જ્યોતિ પણ રડવા જેવો થઈ ગયો.

"કાંઇ નહીં ભાઇ, લે હું મણિને બોલાવી આવું." મહા પ્રયત્ને માસી સ્વસ્થ થઈ બોલ્યાં.

"હા, માસી, હું એને અમારાં લગનની રાત્રિનું સ્મરણ કરાવું!" આનંદથી જ્યોતિ બોલ્યો.

"હા ભાઈ જો, શંભુ અહીં બારણા આગળ ઊભો છે. કાંઈ જોઈએ તો એને કહેજે, હોં!" એક નિશ્વાસ નાંખી માસી ગયાં.

મણિના શયનગૃહમાં જઈ ફરીથી માસી બેફાટ રોઇ પડયાં, એથી એમનું હૃદય કાંઇક ખુલ્લું થયું:—"ઓ ક્રૂર, દુષ્ટ, મણિ! જે તને એનું બધું આપી દે છે, એની છેલ્લી વિનંતી તો માન! ઓ અભાગિની, મરતાંને તે શીદ મારે છે!"

કોઈનાં પગલાંનો અવાજ સાંભળી જ્યોતિ ચમકયો:—"કોણ, મણિ?"

"ના, ભાઇ, એ તો હું—શંભુ. મને બોલાવ્યો?"

"જરા તારાં બાઈને બોલાવ."

"કોને?"

"મણિને."

"ભાઈ, એ તો હજી પાછાં નથી આવ્યાં."

"પાછાં નથી આવ્યાં? એટલે? કેમ ક્યાં ય ગયાં છે?"

"હા, સીતારામપુર ગયાં છે!"

"ક્યારે? શંભુ. કેટલા દિવસ થયા?"

"ત્રણેક દિવસ થયા."

જાણે વજ્રપાત થયો હોય એમ જ્યોતિ ચમક્યો. એનું માથું ફરવા લાગ્યું. વીજળી પડવાથી જેમ કોમળ વૃક્ષ નીચે પડછાઈ પડે તેમ તે પથારીમાં પડયો. પગ ઉપરની શાલને લાત મારી એણે દૂર ફેંકી દીધી.

માસી પાછાં આવ્યાં ત્યારે જ્યોતિએ મણિનું નામ પણ દીધું નહીં! એમણે ધાર્યું કે એ બધું ભૂલી ગયો હશે. એમને કાંઈક નિવૃત્તિ વળી—પણ એ ક્ષણિક જ નીવડી. અચિંત્યો જ્યોતિ બેઠો થયો.

"માસી, પેલા સ્વપ્નની વાત મેં તમને કરી કે નહીં?"

"કયું સ્વપ્ન, ભાઈ!"

"જાણે, મણિ બહારથી મારા દ્વારને ધક્કો મારતી હતી, પણ એ તો ઊઘડે જ નહીં. એ અંદર આવી શકી નહીં. માસી, હવે તો અંત સુધી એને મારા દ્વારની બહાર જ ઊભું રહેવું પડશે!" એના સ્વરમાં કાંઈક કટુતા હતી.

માસી નિરુત્તર રહ્યાં. અનેક અસત્યોથી માસી જ્યોતિને માટે જે સ્વર્ગ ધામે ધામે રચતાં હતાં—ઊભું કરતાં હતાં—તે અંતે તો એક ક્ષણમાં ચૂરેચૂરા થઈ ગયું હતું! આ ભાન થતાં માસી કંપ્યાં. જ્યારે દુઃખ આવે ત્યારે સહન કર્યા વિના છૂટકો નથી. ઈશ્વરના ઘરનો ફટકો આવે ત્યારે છટકવાનો પ્રયત્ન કરવો વૃથા છે!

"માસી, તમારો સ્નેહ હું કદી નહિ ભૂલું હોં! જન્માંતરે પણ મને એનું સ્મરણ રહેશે. મારું જીવન તમારા સ્નેહ વડે જ

સુખી હતું અને છે. માસી, આવતા જન્મમાં તમે જરૂર મારાં પુત્રી તરીકે અવતરશો. મારો બધો સ્નેહ હું તમારા ઉપર જ તે જન્મમાં વર્ષાવીશ, માસી.” જ્યોતિની કટુતા હવે જતી રહી હતી—એનું સ્થાન મૃદુતાએ લીધું હતું.

‘ના, ના, બાઇ, હવે તો મારે સ્ત્રીનો જન્મ જ ન જોઇએ. ...હું તારા પુત્ર તરીકે અવતરીશ.’

“ના, પુત્ર નહીં! માસી, તમે નાનાં હતાં તે સમયે તમારું જે અદ્ભુત સૌંદર્ય હતું તે જ સૌંદર્ય સાથે મારે ત્યાં આવજો; પછી હું તમને સારાંસારાં વસ્ત્રો પહેરાવીશ અને....”

“બાઈ, જ્યોતિ, હવે તું થાકી જઇશ. સૂઈ જા બેટા! હવે આપણે કાલે વાતો કરીશું.”

“......અને તમારું નામ હું ‘લક્ષ્મી’ પાડીશ!”

“પણ, જ્યોતિ, એ તો પુરાણા સમયનું નામ!” માસી પણ ક્ષણભર દુખ ભૂલી ગયાં.

“ને તમે પણ મારાં પુરાણાં માસી છો ને! પછી આપણે...”

“ના, બાઇ, છોકરીનો જન્મ મારે ન જોઇએ. તારાં અનેક દુખોમાં એ બાકી રહ્યું હશે! હું તો પુત્ર રૂપે જ તારે ત્યાં આવીશ.”

“માસી, તમે ભૂલો છો. એથી મારું દુખ કાંઈ ઓછું થવાનું છે?”

“બાઈ, અત્યારે પણ હું સ્ત્રી જ છું. એટલે સ્ત્રીસહજ નિર્બળતા મારામાં હોય જ. જ્યોતિ, તારા આખા જીવનમાં અનેક ઉપાધિઓથી તને મુક્ત રાખવા મેં બહુ કર્યું—પણ અંતે તે બધું નિષ્ફળ જ ગયું.” માસીનું મુખ દયાર્દ્ર થઇ ગયું.

“માસી, આ જીવનમાં જે પાઠો હું શીખ્યો, તેમને અનુભવમાં મૂકવાનો સમય મને ન જ મળ્યો. હશે, આવતા જન્મમાં

વાત......માસી, સ્વાર્થી થઈ, ફક્ત પોતાનું જ સંભાળીને બેસી રહેવું કેટલું મિથ્યા છે એ હવે હું સમજ્યો છું!"

"ભાઈ, મેં તને કોઇ દિવસ સ્વાર્થી થતાં નથી જોયો. જ્યોતિ, લેવા કરતાં આપવામાં તને હંમેશ આનંદ પડતો!"

"માસી, એક વાત તો હું નિશ્ચયપૂર્વક કહી શકું. મારા પોતાના સુખને માટે હું કોઇ દિવસ પણ નિષ્ઠુર નથી થયો—અથવા મારો અધિકાર મેં કદાપિ પણ બળાત્કારે સિદ્ધ નથી કર્યો. જૂઠાણાથી મને સંતોષ ન મળ્યો, એટલે મારે થોડો સમય વધારે થોભવું પડશે. પણ માસી, અંતે તો સત્ય જ પ્રકાશશે! પ્રભુ, મારા તરફ ઉદાર દૃષ્ટિથી જોશે જ." નાનપણથી જ જ્યોતિને ઇશ્વરમાં—ઇશ્વરના દરેક કાર્યમાં—અગાધ શ્રદ્ધા હતી; આ શ્રદ્ધા સમય જતાં વધુ ને વધુ દૃઢ થઈ હતી.

"પણ માસી, પેલું કોણ છે?"

"ક્યાં, ભાઇ? ત્યાં તો કોઈ નથી."

"માસી, જરા જુઓ ને હમણાં કોઇ ગયું."

"ના ભાઇ, એ તો તને અમસ્તુ લાગ્યું હશે!"

"પણ માસી, મને સ્પષ્ટ દેખાયું......"

"ના, ના, જ્યોતિ કોઇ નથી, હવે જરા શાંત થઇ સુઇ જા, બેટા!...લે, આ ડાકટર આવ્યા."

"જુઓ બહેન, તમારે દરદી પાસે ન બેસવું, એને ઉશ્કેરવો નહીં, સમજ્યાં? હવે તમે જરા જમી આવો. હું ભાઈની પાસે બેસું છું." ડાકટર ચીઢાયા. જ્યોતિના મુખ ઉપરનાં ચિહ્ન એમને બહુ સારાં ન લાગ્યાં.

"ના, ના, માસી, હું તમને નહીં જવા દઉં."

"ઠીક ભાઇ, હું પેલા ખૂણામાં બેસું છું!"

"ના, ના, માસી, મારી પાસે જ બેસો, તમારો હાથ હું

નહીં છોડું—અંત સુધી નહીં જ છોડું. માસી, તમારે હાથે હું ઉછર્યો છું અને તમારા જ હાથમાંથી ઇશ્વર મને લઈ લેશે."

"ઠીક, બહેન, તમે અહીં પાસે બેસો; પણ જ્યોતિ બાબુ, તમારે એક પણ શબ્દ પણ બોલવો નહિ. સમજ્યા...લો, દવાનો વખત થયો."

"દવાનો વખત! છટ્; એ સમય તો હવે ગયો. હવે દવા પીવી એ પ્રભુને છેતરવા જેવું છે. અને મરણથી હું ડરતો નથી... માસી. પ્રભુના દૂતો મને લેવાને આવ્યા છે...હવે ડાકટરની જરૂર નથી. એમને જવા દ્યો. માસી, મારે તમારી જ જરૂર છે; બીજા કોઈની નહિ. બીજું કોઇ જ નહીં. હવે વધારે જૂઠાણું મારે ન જોઈએ."

"ભાઈ, આમ ઉશ્કેરાશો નહીં! એથી..."

"ઠીક, ડાક્ટર, હવે તમે જાઓ: મને વધારે ઉશ્કેરો નહિ."

ભલા બિચારા ડાક્ટર બબડીને જતા રહ્યા.

"માસી એ ગયા? ઠીક...માસી, હવે મારી પાસે બેસો... મારું માથું જરા તમારા ખોળામાં લેશો?"

"લે, ભાઇ, આ લીધું. હવે જરા સ્વસ્થ થઇ સૂઈ જા." અંતનાં ચિન્હો હતાં. પ્રેમાળ, દુઃખી માસી ચોધાર આંસુ સારતાં હતાં.

"ના, માસી, સૂવાને હજી થોડીક વાર છે. સૂતા પછી હું પાછો નહીં ઊઠું. માસી, હજી થોડીક વાર સુધી જાગવાની જરૂર છે...કોઈ આવ્યું માસી?..."

"જ્યોતિ, ભાઈ જરાક આંખો ઊઘાડ જોઉં, મણિ આવી છે; જરા જો તો!"

"કોણ આવ્યું? સ્વપ્ન?"

"ના, ના, ભાઇ, એ તો મણિ અને એના પિતાજી આવ્યા છે. જરા આંખો ઉઘાડ જોઉં!"

"તમે કોણ છો ?"

"બાઇ, એ તો મણિ! જરા જો ને!"

"હા, બાઈ, દ્વાર તો પૂરું ઉઘાડું છે. જ્યોતિ, જરા જો તો ખરો; બેટા, આમ શું કરે છે?

"ના માસી! એ શાલ નહીં...એ શાલ તો નહીં જ! એ શાલ તો કપટ છે!"

"જ્યોતિ, આ શાલ નથી. આ તો આપણી મણિ! તારા પગ ઉપર પડી છે! બાઇ, તારો હાથ જરા એના માથા ઉપર મૂક. એને આશિષ આપ...હં, મણિ, એમ રડીશ નહિ; હવે રડવાનો બહુ વખત મળશે—થોડોક સમય શાંતિ રાખ!"

[૬]

પત્નીને દમનાર પતિ

યૌવનમાં મહાલતી, અધિક સૌન્દર્યવતી, ખીલતી પુષ્પકળી સમાન ગિરિબાલા એક મોહક સુન્દરી હતી. તેના હાવભાવ, તેની ગતિ, તેનું હાસ્ય અને તેની વાણી માધુર્યથી પ્રચ્છન્ન રહેતાં નહીં. ખીલતા ભૂરા રંગનાં વસ્ત્ર ઘણી વાર પહેરીને તે પોતાની અગાસીમાં જ્યારે અહીં તહીં વિચરતી ત્યારે તેના પ્રત્યેક અંગમાં યૌવન ઝળકી રહેતું. કોઇ વેલીનાં પર્ણ તોડીને ચૂંથી નાખવામાં અને ઊંચે ફેંકી દેવામાં તે ઘણીવાર મજા માનતી. તેના કરકંકણનો ખખડાટ, જાણે ચાંદીની ઘંટડીના મધુરા રણકાર સમાન લાગતો. તેની કેડે ખોસેલા કૂંચીઓના ઝુમખાને ખખડાવવામાં, અગાસીની પાળ ઉપર પગ લાંબા કરીને બેસવામાં, વળી પોતાનો કાળો લાંબો અંબોડો વિખેરી આરસીમાં જોઇ પાછો તે બાંધી દેવામાં અને એવાંએવાં અનેક અકારણ કાર્યમાં પ્રવૃત્ત થઇને જ્યારે થાકી જતી ત્યારે આરામ માટે બિછાનામાં ઢળી પડતી.

ગિરિબાલાનું લગ્ન એક શ્રીમંત પતિ સાથે થયું હતું. એટલે ગૃહકાર્યમાં માત્ર ઊપર ટપકેની દેખરેખ સિવાય તેને અન્ય કોઇ કરવાનું ન હતું. દુર્ભાગ્યે તેનો પતિ સ્વચ્છંદી હતો. તે સદ્ગુણી, સ્વરૂપવતી હતી તે છતાં ગોપીનાથને તેની દરકાર ન હતી. ગોપીનાથ કોલેજમાં અભ્યાસ કરતો હતો તે વખતે તેનું લગ્ન થયું હતું. પણ એ સમયથી જ તેને ગિરિબાલા સાથે વાતચીત કરવી પસંદ પડતી નહીં. તેને મન ગિરિબાલા કોલેજની બીજી બાલાઓ જેવી હોંશિયાર

અને મિલનસાર ન હતી. જ્યારે પણ ગિરિબાલા તેને પોતાની સાથે થોડીક ક્ષણ વાતચીત કરવા, રમવા કે બેસવા કહેતી, ત્યારે તે 'વડીલ જનો જોશે તો ખોટું દેખાશે' એવું બહાનું કાઢતો. ગોપીનાથ જ્યારે એકાદ ગાયન ગાતો કે મોટેથી વાંચતો ત્યારે ગિરિબાલા તેની કને કાંઇક બહાનું કાઢીને આવતી અને બારણા પાસે ઊભી રહી પતિનું વદન નીરખવામાં આનંદ માનતી; પરંતુ ગોપીનાથ તેને જોતો કે તરત જ પાછું પ્રથમનું બહાનું કાઢીને તેનાથી દૂર થઇ જતો!

એ બેનાં લગ્ન બાદ ટૂંક સમયમાં જ ગોપીનાથના પિતા સ્વર્ગસ્થ થયા. પરિણામે ગૃહવ્યવસ્થા ગોપીનાથને શિરે આવી પડી. તે શ્રીમંત હતો એટલે અનેક તાળીમિત્રો, સગાંસંબંધીઓ તેની આસપાસ ઊભરાવા લાગ્યાં અને જાણે તેમનો અધિક સ્નેહ હોય એમ દર્શાવવા લાગ્યાં. આમ ખુશામતથી એની અધોગતિનો પ્રારંભ થયો. આ સમય દરમ્યાન સુશીલ ગિરિબાલા અને સ્વચ્છંદી ગોપીનાથના વિચાર–આચારોમાં અંતર વધતું ગયું.

શ્રીમંત યુવકોનાં દિલ ક્ષણિક વાહવાહથી લોભાઈને સમાજ અને મંડળોમાં અગ્રેસર થવા બહુ તલપે છે. અનેક યુવકો તેમાં પતંગની પેઠે ઝંપલાય છે. આવી મોહક જિંદગી ભોગવવા ગોપીનાથ આકર્ષાયો. દ્રવ્યવાનની જગત કેવી પૂજા કરે છે? ગોપીનાથ મિત્રમંડળમાં જેમ તારકગણમાં ચન્દ્ર ન હોય તેવો હતો; તેના વિનોદમાં સર્વને જાણે આનંદ પડતો; આજકાલ સર્વસામાન્ય થઈ પડેલું સૂત્ર "અમે કોઇની પરવા રાખતા નથી." એ ગોપીનાથને બહુ ગમતું. કુકૃત્યો પ્રસંગે તો ખાસ. તે એવાં કૃત્યોથી એવો તરબોળ થઇ જતો કે જાણે કોઈને તેમાં પોતાનાથી પહેલો આવવા દેતો નહીં! એથી તે પોતાને કૃતાર્થ ગણતો.

ગિરિબાલાને સુધા નામે એક સંગીત અને નૃત્યકલામાં પ્રવીણ

સખી હતી. તે કાવ્યો રચતી, તે બુદ્ધિમતિ હતી અને ગિરિબાલાની અવદશા જોઈ તેને ભારે ખેદ થતો. ગિરિબાલાના સૌન્દર્યની જ્યારે તે પ્રશંસા કરતી ત્યારે તેને ગમતી હોવા છતાં યે બહારથી કહેતી કે "જા રે અલિ સુધા ! તું નકામી લવલવ કરે છે. શું હું નકી રૂપવતી છું ? ના, મારા સમ ખા જોઈએ !" એવાં અનેક આડંબરનાં અને ખોટી લજ્જાનાં વાકયો સુધાને આડકતરી રીતે પ્રશંસામાં ઉત્તેજન દેતાં અને એ શ્રવણ કરી વારંવાર ગિરિબાલા હર્ષ અને સંતોષ પામતી. "રહો તારો સ્નેહ જન્માન્તરેપિ" એ લીટીથી આરંભાતું સુધાવિરચિત એક કાવ્ય ગિરિબાલાને બહુ પસંદ પડ્યું હતું; ઘણી વાર ઉભય સહચરીઓ એક થઈ એ ગાન લલકારતી. ગિરિબાલાનું પતિઘેલું ભોળું હૃદય બહુ વાર ઈચ્છતું કે મારા પતિ પણ મને એવું કહે તો કેવું સારું ? પણ એને એ ખબર ન હતી કે પોતાના સ્વામીનું સ્નેહપાત્ર પોતે નથી, પરન્તુ જાણીતી નાટકકાર લવિંગિકા છે !

નાટકકાર લવિંગિકા નૃત્યકલા અને અભિનયમાં બહુ કુશળ ગણાતી. પ્રેમમાં નિરાશ થયેલી પતિઘેલી ભોળી ભામિનીનો અભિનય તે બહુ જ છટાયુક્ત રીતે ભજવી બતાવતી. જનસમૂહમાં લવિંગિકા એક પ્રશંસાપાત્ર અને લોકપ્રિય નાટકકાર લેખાતી. ગિરિબાલા આ પ્રશંસા સાંભળીને નાટકશાળામાં તે નાટકકારને જોવા આતુર બની; પરન્તુ ગોપીનાથ આડો આવ્યો. કુલિન સ્ત્રીઓથી નાટકશાળામાં ન જવાય એવું જણાવીને તેણે ગિરિબાલાને નાટક ન બતાવ્યું. એટલે ગિરિબાલા પોતે તો ન જઈ શકી પણ તેણે સુધાને આગ્રહ કરીને મોકલી. સુધાએ નાટકકારને જોઈ આવીને તેના લાવણ્યનાં, તેના વિવિધ અભિનયનાં, તેના કંઠનાં, નૃત્યનાં–ઈત્યાદિનાં એવાં તો વખાણ કર્યાં કે, ગિરિબાલા હવે લવિંગિકાને જોવા સવિશેષ આતુર બની ગઈ. ગોપીનાથ પણ એક દિવસ લવિંગિકાની પ્રશંસામાં ભળ્યો અને આથી ગિરિબાલાને લવિંગિકાનો ઝબ્બો આવી. કારણ अति स्नेह पाप-

શંકા. ગોપીનાથના વર્તન વિષે તેને તર્કવિતર્ક ઉદ્દભવ્યા અને ગમે તેમ કરીને પણ એક વખત તો એ નાટકકારને જોવી જ, એવો તેણે પોતાના મનમાં નિશ્ચય કર્યો. ગોપીનાથ ઘણી રાત્રિઓ ઘર બહાર જ વીતાવતો. પરિણામે ગિરિબાલા એક રાત્રે સુધા સાથે નાટકશાળામાં જઈ પહોંચી. દિવસો જતાં આખરે ગોપીનાથે રાત્રે ઘેર જ આવવું તજી દીધું અને એ સ્થિતિમાં પતિઘેલી ગિરિબાલા દુખી બની. તેને કોઈ ચેન પડતું નહીં, તેને વાતચીતો ગમતી નહીં તેને ભોજન પણ ભાવતાં નહીં અને આવી દશામાં તેને લવિંગિકા ઉપર વહેમ આવ્યો; આથી પુનઃ એક રાત્રે તે નાટકશાળામાં ગઈ.

નાટક શરૂ થવાની હજી વાર હતી. પ્રેક્ષકો આનન્દથી વાર્તાલાપ કરતા અને આતુરતાથી રાહ જોતા કે પડદો ક્યારે ઉઘડશે? સહુ કોઇ લવિંગિકાનાં વખાણ કરતા. ગિરિબાલા એ બધું જોઈ રહી હતી. આખરે પહેલી ઘંટડી થઈ, રંગભૂમિ ઉપર રોશની થઇ. હારમોનિયમના સૂર અને તબલાના ઠેકાની મિલાવટ કરવાનું શરૂ થયું. ઘંટડી થઇ, લોકો ટમટમી રહ્યા અને ત્રીજી ઘંટડી થતાં પડદો ઉઘડી નાટક શરૂ થયું. લોકો શાન્ત બન્યા. નાટકના પ્રારંભે વ્રજ–ગોવાલણીનો ગરબો હતો. ગોપીઓ કૃષ્ણ માટે ફરિયાદ કરતી હતી. ગરબો બહુ સાદો હતો; પણ વ્રજભાષાની લિજ્જત, વ્રજવાસીઓની ભાર મૂકીને બોલવાની મધુરી છટા અને સુન્દર ઉચ્ચાર, ગરબાની મીઠાશમાં ઓર મઝા આપતા. પ્રેક્ષક વર્ગ તેથી ભારે આનન્દાવેશમાં આવી ગયો, તાલબદ્ધ તાળીઓ પાડવા લાગ્યો અને સર્વત્ર રુચિકરતા છવાઇ રહી. ગિરિબાલા પ્રથમ કોઇ વાર ન સાંભળેલો આવો સાદો મીઠો ગરબો શ્રવણ કરીને બહુ ખુશી થઈ. સુધા કહેતી હતી કે હવે ઘણું મોડું થયું છે તેથી ઘેર ચાલ, પણ ગિરિબાલા માનતી નહીં. નાટકનો તૃતીય અંક શરૂ થયો. રિસાયલી રાધાને કૃષ્ણ અનેક રીતે મનાવતો પણ રાધાનો રોષ જરાયે ઘટતો નહીં. આ દેખાવ ગિરિબાલાને બહુ ગમ્યો.

એક નાટક ગમે તે કોઇ ઉદ્દેશથી લખાયેલું હોય છે, તદપિ લોકો પોતાની ભિન્નભિન્ન રુચિ અનુસાર તેની કિંમત આંકે છે: એક જ નાટક આથી ભિન્નભિન્ન લોક ઉપર ભિન્નભિન્ન અસર કરે છે. કોઈકને પોતાની જ સ્થિતિનો તાદૃશ ચિતાર તેમાં આલેખાયેલો જણાય છે; કોઇકને તે નથી પણ ગમતું. ગિરિબાલાને આ નાટક જોઈ એવા વિચાર ઉદ્‌ભવ્યા કે: “ શું મારા સ્વામીએ પણ મને રોષ ચઢે એવાં કારણ નથી આપ્યાં ? રાધાએ કૃષ્ણને વશ કર્યો હતા એ પુરાણપ્રસિદ્ધ છે. રાધા એક સ્ત્રી હતી. શું હું પણ સ્ત્રી નથી ? હું પણ મારા સ્વામીને વશ ન કરી શકું ?” આવા તરંગ—રંગમાં ગૂંચવાયલી ગિરિબાલાને સુધાએ થોડી વાર પછી યાદ આપી કે નાટક પૂરું થયું છે. એમ છતાં ગિરિબાલા પોતાની જગ્યાએથી ઊઠી નહીં. પ્રેક્ષકવર્ગ જવાની ધમાલમાં પડયો. તો પણ પોતાની સ્વપ્નદશામાંથી ગિરિબાલા જાગૃત થઈ નહી. રાધાનું રીસાવું-કૃષ્ણનું મનાવવું એ દૃશ્ય તેની આંખ આગળ તરવરતું રહ્યું. આખરે સુધાએ ઘણો આગ્રહ કરીને તેને કહ્યું કે—“નાટકશાળામાંની રોશની હવે બુઝાવી દેવાશે, માટે વધુ વાર રોકાવું ઇષ્ટ નથી.”

ગિરિબાલા ઘેર પહોંચી ત્યારે રાત ઘણી વીતી ગઈ હતી. તેના ખંડમાં દીપક મંદ પ્રકાશ આપી રહ્યો હતો. પલંગ બારી પાસે હોવાથી મચ્છરદાનીના છેડા પવનમાં આમતેમ હાલ્યા કરતા હતા. પતિત્યક્તા ગિરિબાલાને એ ખંડ સ્મશાનવત લાગ્યો.

હવે ગિરિબાલાને ગૃહમાં ગોઠતું નહીં. કંઈક આનન્દ અને શાન્તિ મેળવવા માટે તે પ્રતિ શનિવારે નાટક જોવા જતી, પણ તેને નાટકો પ્રથમની માફક મોહક લાગતાં નહીં, તેમાંનાં કેટલાંક હલકાં ગાયનો, અસભ્યોદ્દિત અભિનય, ઇત્યાદિ ગમતાં નહિ, એમ છતાં નાટકો જોયા વિના તે રહી શકતી નહી એક દિવસ અચાનક ગોપી-

નાથને તેના તાળીમિત્રો સાથે દારુમાં મસ્ત થઈને લવિંગિકા પ્રત્યે સ્નેહ દર્શાવતો ગિરિબાલાએ જોયો, તેને તેથી બહુ ખેદ થયો. એકાદ પ્રસંગ મળ્યે વિનવણી અને સ્નેહયુક્ત ઠપકાથી પોતાના સ્વામીને એ માર્ગે જતો વાળવો, એવું તેને થયું. એવો પ્રસંગ મળે તે માટે શુદ્ધ અંતઃકરણે ગિરિબાલાએ પ્રભુ-પ્રાર્થના કરી.

[૨]

ફાલ્ગુન માસની ચતુર્દશીની રાત્રિ ! ગિરિબાલા ખીલતા ભૂરા રંગના વસ્ત્ર પહેરી અગાસીમાં આમતેમ ફરતી હતી. વસ્ત્રાલંકારનો તેને ઘણો શોખ હતો. ઘણુંખરું જમ્યા પછી તે આભૂષણાદિ પહેરીને તે ચાંદનીના મ્લાન વદનથી ફરતી હતી તે છતાં યે સુંદર અને મોહક લાગતી હતી. સુધા હંમેશાં ગિરિબાલાના વસ્ત્રાલંકારનું બારીક નિરીક્ષણ કરીને જ્યારે તેની પ્રસંશા કરતી, ત્યારે ગિરિબાલાને તે પહેરેલાં સાર્થક લાગતાં.

ધીમે ધીમે રાત્રિ વ્યતીત થવા લાગી. સહુ કોઈ કામકાજથી પરવારી નિદ્રાદેવીને શરણ થયાં. ચંદ્રપ્રકાશ ખીલ્યો. ગિરિબાલા સુધા સાથે મન્દ મીઠા સૂરથી ગાન ગાતી અગાસીમાં ફરતી હતી. શાંત રજનીમાં એ સૂર દિગન્તમાં વ્યાપી રહ્યો. ગિરિબાલાનાં નૂપુરનો ઝંકાર જાણે તેના સંગીતમાં તાલ આપતો હોય એમ લાગતું. આવા આનંદમાં પ્રવૃત્ત થયેલી બન્ને સખીઓ સમક્ષ એકાએક ગોપીનાથ આવીને ઊભો રહ્યો. સુધા લજ્જાળુ બની, ઘૂંઘટ તાણી, ઝડપથી ત્યાંથી જતી રહી. અત્યારે એક વાર ફરીથી ગિરિબાલાના શૂન્ય હૃદયમાં આશાના અંકુર ફૂટ્યા. અંધ આશાએ કોને પોતાની ગતિ સાથે દોર્યાં નથી ? ગિરિબાલાને આજ લાગ્યું કે હવે કૃપાળુ પ્રભુએ મારા તરફ કૃપાદૃષ્ટિ કરી છે; પણ હા ! દગાખોર આશા ! તારા

ફંદ કોને ફસાવતા નથી? હજી રાધા થવાનો સમય ગિરિબાલા માટે દૂર હતો. તેના જીવનના અંધકારનો પટલ હજી ઊઘડયો ન હતો. ગિરિબાલા હર્ષસહિત સ્વામી સન્મુખ જઇને ઊભી રહી અને બોલી: "અહોભાગ્ય મારાં ઓ નાથ! કે આજ ઘણે દિવસે તમે પાછા–" વચમાં જ ગોપીનાથ ખોખરા સ્વરે બોલ્યોઃ "ગિરિબાલા! આજ મને તારી કૂંચીઓની જરૂર છે."

ચન્દ્ર વાદળમાં ઢંકાઇ ગયો હતો. ચાંદની ફિક્કી પડી ગઇ હતી અને પવનની લહરીઓ પુષ્પપરાગ દૂરથી લાવતી હતી. ગિરિબાલાના કેશની લટો વિખરાઇને તેના કપોલપ્રદેશ ઉપર ફરફરતી હતી, ગોપીનાથના વખાણ સાંભળીને તેના મુખ ઉપર શરમ અને રોષનાં ચિન્હ જણાયાં. એમ છતાં આછી ચાંદનીમાં તેનું ફિક્કું પણ રક્તવર્ણ બનેલું વદન સુંદર દેખાતું હતું. થોડોક વખત વિચાર કર્યો બાદ તે કંપિત પરંતુ મંદ સ્વરે બોલી: "હું તમને કૂંચીઓ ઘણી ખુશીથી આપીશ. પણ તે એક શરતે......"

ગોપીનાથે ગુસ્સાથી કહ્યું: "અત્યારે નાહક વિલંબ કરવાની જરૂર નથી. મને એકદમ કૂંચીઓ આપ."

અશ્રુપૂર્ણ નેત્રથી ગિરિબાલાએ કહ્યું: "પણ નાથ! મારું કહેવું સાંભળો તો ખરા? કૂંચીઓ ખુશીથી લઇ જાઓ, પણ નાથ! મને આમ એકલી મૂકીને ન જશો."

કઠોર સ્વરે તે બોલ્યો: "ના, તે નહીં બને."

"તો કૂંચીઓ નહીં આપું." ગિરિબાલાએ ન છૂટકે આ કડક ઉપાય અજમાવ્યો. પરંતુ તે સાંભળીને ગોપીનાથ વધુ ગુસ્સે થયો. દારૂની ધૂનમાં તે અત્યારે મસ્ત હતો. તેના શયનખંડમાં જઈ તે જાતે કૂંચીઓ શોધવા લાગ્યો, બિછાનું ચૂંથી નાખ્યું, ઉશીકાં અહીં તહીં ફેંકી દીધાં. ગિરિબાલાની પેટીઓ, તેનાં ખાનાં વગેરે ખોલી નાખ્યાં. ગુસ્સામાં ગિરિબાલાની ચિત્રની સુંદર પેટી પણ ફેંકી

દીધાથી ભાંગી ગઈ. એમ છતાં પણ કૂંચીઓનો પત્તો ન મળ્યો ! ગિરિબાલા આ સર્વ દશ્ય બારણા પાસે ઊભી ઊભી જોતી હતી. આંખો આંસુથી ભરપૂર હતી. પુનઃ ક્રોધાન્ત ગોપીનાથ ગિરિબાલા આ સર્વ દશ્ય બારણા પાસે ઊભી ઊભી જોતી હતી. આંખો આંસુથી ભરપૂર હતી. પુનઃ ક્રોધાન્ત ગોપીનાથ ગિરિબાલા પાસે આવ્યો અને ધમકી આપતો બોલ્યોઃ "યાદ રાખજે કે કૂંચીઓ નહીં મળે તો તેનું પરિણામ ઘણું ગંભીર આવશે !" ભયગ્રસ્ત થયેલી અબળા મૌન રહી. ઉત્તર ન મળતાં વધારે ગુસ્સે થયેલા ગોપીનાથે એકદમ તેના ઉપર સખ્ત પ્રહાર કર્યો—એક નહીં અનેક પ્રહાર ! પ્રહારાન્તે દાનવ સમ મસ્ત બનેલા ગોપીનાથે ગિરિબાલાના અંગ ઉપરના સર્વ અલંકાર બળાત્કારે કાઢી લીધા અને તે લઈને ચાલતો થયો !

ગિરિબાલાએ આખી રાત રોઈ રોઈને પૂરી કરી. તેને પોતાના ઘરમાં બિલકુલ ચેન પડયું નહીં. પ્રાતઃકાળે તે પોતાના પિતાના ત્યાં રહેવા ગઈ.

[૩]

"મનોરમા"નો ખેલ થોડા વખતમાં બહાર પડનાર હતો. દરેકે દરેક વર્તમાનપત્રમાં તેની મોટી જાહેરખબર પ્રકટ થવા કરતી. આ નાટકમાં લલિંગિકા મનોરમા થનાર હતી. ગોપીનાથ નાટકના "રિહર્સલ" વખતે પણ હાજર રહી, લલિંગિકાને અભિનયાદિમાં ઉત્સાહ અર્પતો—હર્ષઘેલો બનતો તેની અધિકાધિક પ્રસંશા કરતો. પણ તેની વર્તણુંક મર્યાદાની સીમા ઉલ્લંઘન કરનારી હોવાથી નાટકના માલિકને પણ ગમતી નહીં. ઘણી વખત ગોપીનાથ ગર્ભશ્રીમંત હોવાથી નાટકનો માલિક અવિનય સાંખી રહેતો; પણ એક વાર જ્યારે કામાન્ધ ગોપીનાથ સ્ત્રી–નાટકકારોના અલગ ઓરડામાં પણ

લવિંગિકા પાસે ઘુસી ગયો, ત્યારે નાટકનો માલિક એ રીતભાત સહન કરી શક્યો નહીં. એકદમ પોલિસોના માણસોને બોલાવીને તેણે તેની નાટકશાળાની બહાર કઢાવ્યો!

ગોપીનાથને આ અપમાન બહુ સાલ્યું. તેણે તેનું વેર લેવાનો નિશ્ચય કર્યો. જે રાત્રે મનોરમાનો ખેલ પહેલી વાર ભજવી બતાવવાનો હતો, તે જ રાત્રે ગોપીનાથ લવિંગિકાને ખૂબ લાલચ આપીને ઉઠાવી ગયો! નાટકનો માલિક આથી ગભરાટમાં પડ્યો. નાટકશાળામાં ત્યારે ગડબડ થઈ રહી. ઉત્સાહભર્યા નાટક જોવા આવેલા પ્રેક્ષકો નિરાશ થઈ પાછા ફર્યા. માલિકે વિનયપૂર્વક રંગભૂમિ ઉપર આવીને જાહેર કર્યું કે પ્રેક્ષકવર્ગની હું ક્ષમા માંગું છું. જ્યાં સુધી લવિંગિકાને બદલે નવી નાટકકાર મળશે નહીં ત્યાં સુધી ખેલ બહાર પાડી શકાશે નહીં.

નાટક કંપનીની પ્રતિષ્ઠાને આ બનાવથી ભારે હાનિ પહોંચી. ગોપીનાથ પોતાના અપમાનનું આવું વેર વળેલું જોઈ ખુશી થયો. પણ થોડાક જ દિવસો વીત્યા બાદ નાટકના માલિકને લવિંગિકાને બદલે કામ કરનાર સ્ત્રી–નાટકકાર મળી આવી. ખેલ ફરીથી વિશેષ ભપકા સાથે બહાર પડ્યો. એટલું જ નહીં પણ તેની જાહેરખબર વિશેષ પ્રમાણમાં ફેલાવ્યાથી ટિકિટો માટે તૂટાતૂટ ઘણા દિવસો પહેલાં શરૂ થઈ. ઘણાઓને તે મળી પણ શકી નહીં. ખેલ ધારેલે દિવસે ભજવાયો અને સફળતાથી સંપૂર્ણ થયો.

નવીન સ્ત્રી–નાટકકારની પ્રશંશા સર્વત્ર ફેલાઈ રહી. લોકોએ તેણે બહુ જ વખાણી. ગોપીનાથના કર્ણે આ પ્રશંશા પહોંચતાં તેને નવી નાટકકારને જોવાની તીવ્ર ઇચ્છા થઈ. તે મનોરમાનો ખેલ જોવા એક રાત્રે હાજર થયો. નાટકનું વસ્તુ આવું હતું:—

"પ્રારંભથી પતિથી તજાયલી મનોરમા સાસરે એકલી જ રહે છે. મનોરમાનો પતિ પહેલું લગ્ન ગુપ્ત રાખી, દ્રવ્યને લોભે કોઈ શ્રીમંત કન્યા સાથે બીજી વારનું લગ્ન કરવા યત્ન કરી રહ્યો છે. બીજી

વખતના લગ્નમાં ચોરીમાં મંગળફેરા વખતે ચાર ફેરા ફર્યાં બાદ કન્યા ઘૂંઘટ ખોલે છે અને જુએ છે તો શ્રીમંતની પુત્રીને બદલે મનોરમા જ ! મનોરમાએ આ ગોઠવણ કન્યાના પિતા સાથે મળીને, તેનો પતિ જાણે નહીં તેવી રીતે કરી હતી. મનોરમા જાહેર થયાથી તેના પતિને ખોટું લાગે, પરન્તુ તે પછી લોકલજ્જાથી મનોરમાના વિનવણીભર્યા સ્નેહથી તે કુમાર્ગે જતો અટકે છે.”

આવી વસ્તુસંકલનાવાળા નાટકના અંતિમ અંકમાં મનોરમાનું લગ્ન જ્યારે તેના પતિ સાથે જ થવાનો દેખાવ આવ્યો, ત્યારે પ્રેક્ષકવર્ગ બહુ શાન્ત હતો. ગોપીનાથ અત્યાર સુધીમાં નવી નાટકકારનો અભિનય જોઈ તેના મુક્તકંઠે વખાણ કરતો હતો. પરંતુ મંગળફેરા ફર્યાં બાદ જ્યાં ઘૂંઘટ ખોલવાનો દેખાવ આવ્યો. ત્યારે નાટકકારે ગોપીનાથ બેઠો હતો તે તરફ પોતાની કટાક્ષભરી નજર ફેરવી. એ જોતાં જ ગોપીનાથ ઉછળ્યો અને “ગિરિબાલા !” એવી બૂમ પાડતો, ક્રોધથી રાતચોળ થઈ ગયેલો, તે પ્રેક્ષકવર્ગની વચ્ચે થઈને દીવાના જેવો રંગભૂમિ ઉપર ધસી ગયો. એ વખતે નાટકનો “ડ્રોપસીન” પડયો અને નાટકના માલિકે પોલિસના માણસોની મદદથી ગોપીનાથને એકદમ નાટકશાળામાંથી બહાર કઢાવ્યો.

☆

[૭]

રાજ-મુકુટની સ્પર્ધા

ત્રિપુરાના નૃપાલ અમરમાણિક્યના સૌથી નાના પુત્રનું નામ રાજધર હતું. તેને સેનાપતિ ઇશાખાં કોઈ કોઈ વાર તેનું નામ દઈને સંબોધતા હતા, રાજધરને એ અયુક્ત લાગતું હતું. એક રાજકુમારને એવી રીતે ખુલ્લે નામે બોલાવવો એ તેનું અપમાન કરવા સમાન છે એમ તે માનતો. પ્રસંગોપાત એક દિન તેણે સેનાપતિને ચેતવણી આપી કે—"જુઓ સેનાપતિ, તમે નામ દઈને મને ના બોલાવો !"

સેનાપતિ તીરોને સાફસુફ કરતા હતા. રાજધરની વાત સાંભળીને તે કાંઇ બોલ્યા નહીં. તેમણે મોં ઊંચું કરીને એક વાર રાજધર પ્રતિ જોયું; ભવાં ચઢાવ્યાં અને ફરીથી નીચું જોઇ પોતાનાં તીરો સાફ કરવા માંડયાં.

રાજધરે કહ્યું:—"હવેથી જો તમે ફરીથી મારૂં નામ દઈને મને બોલાવશો તો હું મહારાજાને કહી દઇશ."

વૃદ્ધ ઈશાખાંએ ફરીથી માથું ઊંચું કરી રાજધર તરફ જોયું અને કડક અવાજથી કહ્યું:—"બહુ સારુ !"

રાજધરે પોતાની તરવારનું મ્યાન જમીન ઉપર પછાડીને કહ્યું:—"એમ કે ? જોજો ત્યારે."

ઇશાખાંએ પોતાના શિષ્ય રાજધરના મિજાજ તરફ દુર્લક્ષ્ય

આપી હસવા માંડયું. તેમને આ પ્રકારે બેપરવાઈથી હસતા જોઇને રાજધરની આંખો ક્રોધાવેશમાં લાલચોળ બની ગઇ.

ઇશાખાંએ હસવાનું ચાલુ રાખ્યું તથા હાથ જોડીને કહ્યું:—"મહામહિમ મહા રાજાધિરાજ શ્રીમાન રાજધરસિંહ સાહેબ બહાદુરને મારે હવેથી કેવા નામથી સંબોધવા ? હુઝુર, જનાબ, જહાંપનાહ, મહેરબાન ખુદાવન્દ, શાહનશાહ—જે નામે બોલાવવાનો હુકમ થશે એ નામે ઝૂકી ઝૂકીને બોલાવીશ. બોલો શ્રીમાન !"

રાજધરે પોતાના સ્વાભાવિક કર્કશ સ્વરને દ્વિગુણો કડક કરતાં કહ્યું:-"સાંભળો સેનાપતિ, જો કે હું તમારો શિષ્ય છું, તો પણ હું રાજકુંવર છું. તમારે એ બાબતનો વિચાર અવશ્ય કરવો જોઇએ."

સેનાપતિએ પણ હવે ગુસ્સો દર્શાવી ઉત્તર દીધો:—"ચૂપ રહો, હવે વધુ ન બોલો. તમારી સાથે હું એવી નમાલી વાતો કરવા માગતો નથી, મને બીજા ઘણાં કામો છે." એટલું કહી તેઓ તીરનાં ફળ તરફ જોવા લાગ્યા.

એ વખતે વિશાળ શરીરવાળો ત્રિપુરાનો બીજો રાજકુમાર ઇન્દ્ર-માણિક્ય ત્યાં આવી પહોંચ્યો. તે માથું ધુણાવતો ધુણાવતો અને હસતો હસતો પૂછવા લાગ્યો:-"કહો ખાં સાહેબ, શું ચાલી રહ્યું છે ?"

ઇશાખાંએ તીર નીચે નાખી દઇને ઇન્દ્રકુમાર તરફ પ્રેમભરી દૃષ્ટિ કરી કહ્યું-"શું કહું ? અહીં એક મોટો તમાશો થયો છે. તમારા આ નાના ભાઈ ચક્રવર્તી મહારાજાને હું "જનાબે આલી" "જહાંપનાહ" વગેરે વિશેષણોથી સંબોધતો નથી તેથી તેમની કીર્તિને હાનિ પહોંચે છે. આથી તેઓશ્રી મારા ઉપર અત્યંત ક્રોધિત થયા છે !" એમ કહી તેમણે હસતાં હસતાં ફરીથી તીર ઉઠાવી લીધું. ઇન્દ્રકુમારે પૂછ્યું:—"શું ખરી વાત છે ?" એટલું કહ્યા પછી તેણે ખૂબ મોટેથી હસવા માંડયું. રાજધરનો ગુસ્સો વધી ગયો. અને તે બોલ્યો:—"ભાઈ, એટલું બધું શું હસો છો ? ચૂપ રહો." ઇન્દ્રકુમારે કહ્યું;—"રાજધર, તને શું 'જહાંપનાહ'

કહીને અમારે બોલાવવો ?' ઇન્દ્રકુમાર હસી પડયો.

રાજધરઃ "ભાઇ, તમે હસતાં બંધ નહીં થાઓ શું ?"

ઈન્દ્રકુમારે હસતાં હસતાં કહ્યું—"જનાબ—"

રાજધર પોતાનો ક્રોધ સમાવી શકયો નહીં. અધીરતાથી તેણે કહ્યુંઃ—"ભાઇ, તમારામાં બિલકુલ સમજ નથી."

ઈન્દ્રકુમારે રાજધરના વાંસા ઉપર હાથ ફેરવતાં ફેરવતાં કહ્યુંઃ—"ભાઈ, શાન્ત થા, શાન્ત થા, બહુ ક્રોધ ન કર. તારી પંડિતાઈ તું તારી પાસે જ રહેવા દે. હું તે છીનવી લેવા ઇચ્છતો નથી."

ઈશાખાં પોતાનું કામ કરતાં રાજધર તરફ વક્ર દૃષ્ટિપાત કરતાં, હસીને બોલ્યોઃ—"હજુરની અક્કલ આજકાલ ઘણી જ વધી ગઈ છે !"

ઈન્દ્રકુમારઃ—"એ દૂરાતિદૂર બુદ્ધિને પહોંચવું એ અમારી શક્તિની વાત નથી !"

રાજધર આ ઉભયની વ્યંગપૂર્ણ વાતોથી ગુસ્સે થઈને તરત જ ત્યાંથી ઊઠીને ઊભો થયો. તે ક્રોધના આવેશમાં એટલા તો જોરથી ચાલ્યો કે મ્યાનની અંદર રહેલી તરવાર પણ ખણખણાટ કરી રહી.

[૨]

રાજકુમાર રાજધરનું વય ૧૯ વર્ષનું છે. રંગે શ્યામ, કદમાં ઠીંકણો અને બદનમાં મજબૂત છે. આંખો ઝીણી ઝીણી છે પણ દૃષ્ટિ બહુ સતેજ છે. દાંત કંઇક મોટા છે. કંઠ-સ્વર શૈશવાવસ્થાથી જ કઠોર છે. એ સમયે રાજકુમારો જેમ મોટા મોટા વાળ રાખતા હતા તેમ રાજધરે રાખ્યા નથી. તેના માથાના વાળ સીધા અને નાના નાના છે. સૌને એવો વિશ્વાસ હતો કે રાજધરની બુદ્ધિ તીવ્ર છે અને રાજધરને પણ પોતાના સંબંધમાં એવો જ વિશ્વાસ છે. પોતાની એ બુદ્ધિ આગળ પોતાના બે ભાઇઓને તે કાંઇ વિસાતમાં

લેખતો નથી. રાજધરના પ્રખર પ્રતાપથી બહારના લોકો ડરે છે; મહેલની અંદરના માણુસો પણ તેનું નામ સાંભળી કંપે છે. જ્યારે કાંઈ કામ ન હોય ત્યારે રાજધર હંમેશાં પોતાની હોશિયારી બતાવતો ફરે છે. દરબારના નોકરોમાંથી કોઇ તેને રાજા કહે છે, કોઈ હાથ જોડે છે, સલામ કરે છે, અને પ્રણામ કરીને, જાણે તેનાથી પોતાને છુટકારો મેળવે છે. હમેશાં સૌના ઉપર તે નજર રાખતો રહે છે કોઇ તેની નજરમાંથી છટકી જઇ શકતું નથી. તેણે ક્રમશઃ બધા રાજકીય પદાર્થો હસ્તગત કરી લીધા છે. તે બધી વસ્તુઓ પોતાના કબજામાં રાખવા માગે છે. એમ કરવામાં તેને જરાકે લજ્જા ઉપજતી નથી. તેણે એક વખત યુવરાજ ચન્દ્રમાણિક્યનો અશ્વ ભારે ચતુરાઈથી પોતાના કબજામાં લઈ લીધો હતો. એ જોઇને યુવરાજ હસ્યા હતા, પરન્તુ તેમણે તેને કાંઇ કહ્યું ન હતું. આવી જ રીતે તેણે રાજકુમાર ઇન્દ્રકુમારનું ચાંદીથી મઢેલું એક ધનુષ પચાવી પાડયું હતું, પણ ઇન્દ્રકુમારે તરત જ તેને સંભળાવી દીધું કેઃ—"જો ભાઈ, જે વસ્તુ તેં હમણાં લીધી છે તે અત્યારે હું તારી પાસેથી લેવા માગતો નથી; પણ હવે પછી જો તું મારી કોઈ વસ્તુ પર હસ્તક્ષેપ કરીશ તો મને એવા ઉપાય યોજવાની ફરજ પડશે કે એ પછી ફરીથી તું કોઇ વસ્તુ ઉઠાવી શકે નહીં."

પરન્તુ રાજધર પોતાના મોટા ભાઈઓની વાત ઉપર જરાકે ધ્યાન આપતો નહિ, કેટલા યે લોક તેના આચરણ જોઇને પરોક્ષમાં કહેતા કે નાના રાજકુમારનો જન્મ જો કે રાજાના ઘરમાં થયો છે તથાપિ રાજકુમાર જેવાં તેના કૃત્ય નથી.

મહારાજ અમરમાણિક્યને રાજધર ઉપર કંઈક વિશેષ પ્રેમ હતો. રાજધરને આથી ગર્વ ઉપજતો. આજ તેણે પિતા પાસે જઇને ઈશાખાંની નાલિશીની ફરિયાદ કરી.

રાજાએ ઈશાખાંને બોલાવીને કહ્યુંઃ "સેનાપતિ, રાજકુમાર હવે મોટો થયો છે. હવે તેને યથોચિત સન્માન ઘટે છે."

વૃદ્ધ ઇશાખાંએ કહ્યું : "મહારાજ, બાલ્યાવસ્થામાં આપ જ્યારે મારી પાસે યુદ્ધ-કળા શીખવા આવતા, ત્યારે આપને હું જેવું માન આપતો તેથી લગારે ઓછું સન્માન હું આપના રાજકુમારોને આપતો નથી."

રાજધરઃ—"મારું કહેવું એટલું જ છે કે તમે મને મારું નામ દઇને ન બોલાવો."

ઇશાખાંએ તરત જ મોં ચઢાવીને કહ્યુંઃ—"ચૂપ રહો. હું અત્યારે મહારાજ સાથે વાત કરું છું." મહારાજ તરફ ફરીને તેમણે કહ્યુંઃ—"માફ કરશો. આપનો આ નાનો કુમાર રાજપરિવારને લાયક નથી. તેના હાથમાં તરવાર શોભતી નથી. તે કોઇ લેખકની પેઠે કલમ ચલાવવામાં જ બહાદુર થશે. બીજું કોઈ કામ તેનાથી થઇ શકશે નહીં."

એ સમયે યુવરાજ ચન્દ્રમાણિક્ય અને ઇન્દ્રકુમાર ત્યાં આવ્યા. ઇશાખાંએ તેમના તરફ જોઇને કહ્યુંઃ "જુઓ મહારાજ, આ બેયે રાજકુમાર જ છે તો !"

રાજાએ રાજધર તરફ જોઇને કહ્યુંઃ—'રાજધર, ખાં સાહેબ કહે છે, તે સાંભળ્યું? તું અસ્ત્ર વાપરવામાં તેમને સંતોષકારક લાગ્યો નથી.'

રાજધરઃ "મહારાજ, અમારી અસ્ત્રવિદ્યાની આપ પરીક્ષા લ્યો, જો હું સર્વ કરતાં ઉત્કૃષ્ટ ન લાગું તો મને રાજધાનીમાંથી બહાર કાઢી મૂકજો. હું પોતે જ, એવી સ્થિતિમાં, રાજધાની તજીને ચાલ્યો જઇશ."

રાજાઃ "ઠીક. થોડા વખતમાં હું એની પરીક્ષા લઈશ. તમારામાંથી જે ઉત્તમ નીવડશે તેને હિરક-જડિત તરવાર બક્ષિસ તરીકે આપીશ."

[૩]

ઇન્દ્રકુમાર બાણુ મારવામાં બહુ નિપુણુ હતો. એક વાર તેના એક નોકરે મહેલની અગાશીમાંથી એક મહોર નીચે નાંખી, એ મહોર નીચે પડવા પામી નહીં. કુમારે વચમાંથી જ તીર મારીને એ મહોરને સો હાથ દૂર ફેંકી દીધી. રાજધર ઇર્ષ્યાથી મહારાજ સામે બડાઈ તો મારી આવ્યો હતો, પણ હવે તેના મનમાં ભારે ચટપટી થઇ રહી. યુવરાજ સંબંધી તેને કાંઈ ચિન્તા ન હતી, પરન્તુ ઇન્દ્રકુમારની બરાબરી કરવાનું કામ જરા દુર્ઘટ હતું. રાજધરે વિચાર કરતાં આખરે એક યુક્તિ યોજી કાઢી. તેણે મનમાં ને મનમાં હસતાં હસતાં કહ્યું:–"હું તીર તાકવામાં ભાઈની તોલે આવું તેમ તો નથી, પણ મારી બુદ્ધિ તીર કરતાં પણ વધારે સતેજ છે. એની મારફત બધાંયે લક્ષ્ય હું વીંધી શકું એમ છું."

આવતી કાલે પરીક્ષા થનારી છે. યુવરાજ, ઇશાખાં અને ઇન્દ્રકુમાર પરીક્ષાના સ્થળના વ્યવસ્થા કરવા ગયા છે. રાજધરે ત્યાં જઇને કહ્યું: "ભાઇ, આજ પૂર્ણિમા છે. રાત જ્યારે વાઘ ગોમતી નદીને કિનારે પાણી પીવાને આવે ત્યારે તેનો શિકાર કરવા આપણે જઇએ તો ?"

ઇન્દ્રકુમારે વિસ્મિત થઇને કહ્યું:–ભારે આશ્ચર્યની વાત છે કે આજ રાજધરને શિકારની વાત સૂઝી છે. રાજધરને મોંએથી આવી વાત તો પૂર્વે મેં કદી પણ સાંભળી નથી!"

ઇશાખાંએ હસીને કહ્યું:—"શું એ શિકારી નથી? તે ઘરની અંદર જાળ બિછાવીને શિકાર કરે છે ને? એનો શિકાર બહુ ભયંકર હોય છે! રાજદરબારમાં એવું કોઇ પણ નહીં હોય કે જે તેના ફન્દામાં કંઇ નહીં તો એક વાર પણ ફસ્યું ન હોય!"

ચન્દ્રમાણિક્યે જોયું કે રાજધરને આ વાતથી ઘણું ખોટું

લાગ્યું છે. તે દુઃખી બનીને બોલ્યો—"સેનાપતિજી, જેવી આપની તરવાર છે તેવી જ આપણી વાણી છે. બન્નેને પાણી પાયેલું છે. જેના ઉપર તેનો પ્રહાર થાય છે તેનો મર્મચ્છેદ કરી નાખે છે."

રાજધરે હસીને કહ્યું:–"ભાઇ, આપ મારા માટે ચિન્તા કરશો નહીં. ખાં સાહેબની વાત બેશક છૂરીની ધાર જેવી તીખી છે. પણ તે મારા કાનમાં કબૂતરની પાંખના ફફડાટ કરતાં કોઇ વિશેષ રીતે પ્રવેશ કરી શકતી નથી."

ઇશાખાંએ પોતાની સફેદ વાળવાળી દાઢી ઉપર હાથ ફેરવતાં કહ્યું: "તને કાન જ ક્યાં છે? જો તે હોત તો આટલા દિવસોમાં હું તને ક્યારનો યે સીધો બનાવી શક્યો હોત!"

ઇન્દ્રકુમાર ઇશાખાંની વાત સાંભળીને ખિલખિલાટ હસી પડયો. ચન્દ્રમાણિક્ય ગંભીર ભાવ ધારણ કરીને કાંઇ બોલ્યો નહિ. યુવરાજને ગંભીર બનેલા જોઈને ઇન્દ્રકુમારે ઝટ પોતાનું હાસ્ય બંધ કર્યું. અને તેની પાસે જઇને ઘણી કોમળતાથી કહ્યું:–"ભાઈ, તમારી સલાહ શું છે? આજ રાત્રે શિકાર કરવા જઇશું કે?"

ચન્દ્રમાણિક્ય:–"ભાઇ અમે તારી સાથે શિકાર કરવા આવવાને લાયક નથી. તારા જેવો નિપુણ ચાહે ત્યાં જઇ શકે છે. અમારી અનભિજ્ઞતાથી તારો ઉત્સાહ મંદ પડી જાય છે. તું વનમાં જઇને ગમે તેવા હિંસક પ્રાણીઓને પણ ઠાર કરી શકે છે. અમે કેવળ શિયાળવાં, સસલાં અને પખીઓનો જ શિકાર કરી શકીએ એવા છીએ."

ઇન્દ્રકુમારની પ્રશંસા સાંભળીને ઇશાખાં બહુ ખુશ થયા અને સ્નેહથી ઇન્દ્રકુમારની પીઠ થાબડીને કહેવા લાગ્યાઃ "યુવરાજ ખરું કહે છે. તારું તીર નિશાન ઉપર અચૂક ચોંટી જાય છે. તીરન્દાજીમાં તારી સાથે કોણ હોડ કરી શકે એમ છે?"

ઇન્દ્રકુમાર:—"નહીં, નહીં, આ હસવા જેવી વાત નથી.

ભાઇ, તમારે શિકાર કરવા આવવું જ જોઇએ. તમે નહીં આવો તો પછી કોણુ આવશે ?"

યુવરાજ:—"વારુ, ચાલો, હું પણુ આવીશ. આજ રાજધરને શિકાર ખેલવાની ઇચ્છા થઇ છે તો તેને નિરાશ નહીં કરું."

ઇન્દ્રકુમારનું પ્રસન્ન મુખ એકાએક મ્લાન પડી ગયું. તેણે ખિન્ન ભાવે પૂછયું: "શું ભાઈ, મારી ઇચ્છાથી નહીં આવો ?"

ચન્દ્રમાણિક્ય: "ભાઇ આ તું શું કહે છે ? તારી સાથે તો હું હરરોજ શિકાર કરવા આવું છું !"

ઇન્દ્રકુમાર: "એથી મારી વાત તો હવે જૂનીપુરાણી થઇ ગઇ ખરું ને ?"

ચન્દ્રમાણિક્ય: "મારી વાતનો તું આવો અનર્થ કરે છે, તેથી મને ભારે ખેદ થાય છે !"

ઇન્દ્રકુમાર: "નહીં ભાઈ, હું તો મશ્કરીમાં કહેતો હતો. હું શિકાર કરવા અવશ્ય આવીશ. ચાલો આપણે તૈયારીઓ કરી મૂકીએ."

ઇશાખાંએ મનમાં ને મનમાં જ કહ્યું: "ઇન્દ્રકુમાર દશ બાણોનો પ્રહાર પોતાની છાતી ઉપર સહન કરી શકે છે, પરન્તુ ભાઇની એક સાધારણ અપમાનની વાત સહન કરી શકતો નથી !"

[૪]

આખરે જ્યારે જવાની બધી ગોઠવણો પૂરી થઇ ત્યારે રાજધર ધીરે ધીરે ઇન્દ્રકુમારની સ્ત્રી કમલાદેવીના ખંડમાં ગયો.

કમલાદેવીએ હસીને કહ્યું: "દિયરજી, આ શું ? તમે એકાએક આ પ્રમાણે ધનુષ્ય-બાણ ધારણ કરીને તથા કવચ પહેરીને કેમ આવ્યા છો ? શું મને તો લક્ષ્ય તરીકે નથી ધારી ?"

રાજધરઃ "નહીં, ભાભી! આજ અમે ત્રણે ભાઇઓ શિકાર કરવા જવાના છીએ. આથી જ મેં આ વેશ ધારણ કર્યો છે"

કમલાદેવીએ કંઇક અચંબાથી કહ્યું: "શું તમે પણ જશો? આજ ત્રણે ભાઇઓ એક સાથે શિકાર કરવા જાઓ, એ તો ઠીક નહીં. એ તો ત્રિકંટક યોગ થયો!"

કમલાદેવીની વાત જાણે હાંસીપાત્ર હોય એમ બતાવીને રાજધર ખૂબ હસ્યો; પણ કશું બોલ્યો નહીં.

કમલાદેવીઃ "નહીં, નહીં, એવું નહીં જ બને. એ રોજ રોજ શિકાર કરવા જાય અને અહીં હું એકલી શોક-સાગરમાં ડૂબેલી રહું કે?"

રાજધરઃ "આજ તો અમે શિકાર કરવા માટે રાતનો વખત પસંદ કર્યો છે!"

કમલાદેવીએ મસ્તક ધુણાવીને કહ્યું: "એવું તે કદી થાય? જોઉં છું કે આજ એ કેવા શિકારે જાય છે!"

રાજધર "ભાભી એક કામ કરો. તેનાં ધનુષ-બાણ ક્યાંય છુપાવી દો."

કમલાઃ "ક્યાં સંતાડું?"

રાજધરઃ "લાવો, મારે હવાલે કરો. હું તેને એવી જગ્યાએ સંતાડી દઇશ કે તેને જડે જ નહીં."

કમલાઃ "વાત તો ખોટી નહીં. જોવાનો ઠીક તમાશો થશે." થોડી વાર વિચાર કરીને વળી પાછી તે મનમાં ને મનમાં બોલીઃ "પણ એમાં રાજધરની મતલબ કંઇક જુદી જણાય છે. માત્ર મારા ઉપર ઉપકાર કરવાને જ તે અહીં આવ્યા હોય, એવું તો માનતી નથી." પ્રકાશમાં તેણે કહ્યું: "ચાલો ત્યારે તેમના અસ્રાગારમાં!" કમલાદેવી રાજધર સાથે ઇન્દ્રકુમારના અસ્રાગારમાં ગઇ. રાજકુમાર જેવો તેમાં પેઠો કે કમલાએ બહારથી કમાડ વાસી દઇને તાળું

વગાવી દીધું. કમલાદેવીએ બહારથી હસતાં હસતાં કહ્યું: "દિયરજી, હવે હું જાઉં છું." તે હસતી હસતી જતી રહી.

સાંજે ઇન્દ્રકુમાર પોતાના શયનગારમાં આવીને શસ્ત્રાગારની કૂંચી શોધવા લાગ્યો. કૂંચી જડી નહીં. કમલાદેવી હસતાં હસતાં બોલી: "હં, હું સમજી ગઈ! તમે મને શોધો છો! પણ હું તો આ રહી–ખોવાઈ નથી!"

શિકારનો સમય થઇ ગયો છે, એ જોઇને ઇન્દ્રકુમાર કમલાદેવીની વાતનો કશો જવાબ ન આપતાં વ્યગ્રતામાં જ કૂંચી શોધતો રહ્યો. હવે કમલા તેની સામે જઈને ઊભી રહી અને હસતી હસતી બોલી: "આટલા બધા ગભરાઈ શાને ગયા છો? આ તમારી સામે જ હું ઊભી છું તો! આમ કેમ નકામા અહીં તહીં મારી શોધખોળ કરી રહ્યા છો?"

ઇન્દ્રકુમાર કંઇક અધીર બનીને બોલ્યો: "પ્રિય! અત્યારે હાંસીનો સમય નથી. મારી એક વસ્તુ ખોવાઇ ગઈ છે. તેની તપાસમાં વિઘ્ન ન નાખો. એ ખોવાયલી વસ્તુ ઘણી જરૂરી છે."

કમલા: "તમારું શું ખોવાયું છે, તે હું જાણું છું. મારી એક વાત માનો તો હમણાં જ તેનો પત્તો લાવી આપું."

ઇન્દ્રકુમાર: "વારુ, માનીશ."

કમલાદેવી: "સાંભળો ત્યારે. તમારે આજે શિકારે ન જવું. આ લ્યો તમારી કૂંચી."

ઇન્દ્રકુમાર: "એમ તે કાંઇ બને? શિકારે તો મારે જવું જ જોઈએ."

કમલાદેવી: "ચન્દ્રવંશમાં જન્મ ધારણ કરીને આપ ખરેખરા સત્યવાદી નીવડયા! એક સાધારણ પ્રતિજ્ઞા પણ તમારાથી પાળી શકાતી નથી ને?"

ઇન્દ્રકુમાર: "વારુ, તું શા માટે નાહક ટાણાં મારે છે? પ્રતિજ્ઞા પાળીશું. પછી કાંઇ? આજે હું શિકાર કરવા નહીં જાઉં."

કમલાદેવી: "તમારી એક બીજી વસ્તુ ખોવાઇ ગઇ છે, તે તમને યાદ નથી શું?"

ઇન્દ્રકુમાર: "ના, મને તો યાદ નથી!"

કમલાદેવી: "તમારી સાત બાદશાહતનો અણમોલ હીરો. તમારો સોનાનો ચાંદ!"

ઇન્દ્રકુમારે મન્દ હાસ્ય કર્યું. કમલાદેવીએ તેને પોતાની સાથે આવવા કહ્યું. તેઓ શસ્ત્રાગાર તરફ ગયાં. કમલાદેવીએ કૂંચી વડે તેનાં દ્વાર ઉઘાડી નાખ્યાં.

ઇન્દ્રકુમારે જોયું કે વચ્ચોવચ રાજધર ચુપચાપ બેઠો છે. તેને આ સ્થિતિમાં જોઇ ને ઇન્દ્રકુમારથી ખૂબ હસ્યા વિના રહેવાયું નહીં. તેણે રાજધરને કહ્યું: "આ શું? રાજધર, તું અહીં ક્યાંથી?"

કમલાદેવી: "આપણું એ બ્રહ્માસ્ત્ર છે!"

ઇન્દ્રકુમાર: "હા, બધાં અસ્ત્રો કરતાં એ વધારે સતેજ છે."

રાજધર: (સ્વગત) "હું તમો લોકોના જીહ્વાસ્ત્ર કરતાં તો વધારે સતેજ નથી જ." (પ્રકાશ) "ભાભીએ મને છેતરીને આ ઓરડામાં પૂર્યો છે!" એમ કહેતો કહેતો તે બહાર આવ્યો.

ઇન્દ્રકુમાર: "આ ઓરડો કંઇ ઠઠ્ઠામશ્કરી માટે રાખેલો નથી. અહીંની ઠઠ્ઠામશ્કરી તો ભયંકર ધારવાળાં શસ્ત્રાસ્ત્રોમાં જ થાય છે. તું કેવી રીતે અંદર આવ્યો તેમાં!"

રાજધર: "આજ રાત્રે આપણે શિકાર કરવા જવાનું હતું ને, તેથી મેં જઇને મારાં અસ્ત્ર તપાસ્યાં તો તેમની ધાર જતી રહી હતી. આથી તે મેં સમારકામ માટે મોકલી આપ્યાં અને કાલે પાછી પરીક્ષા થવાની છે એટલામાં તે આવી જશે. દરમ્યાન આજ રાતને માટે મારી પાસે કોઇ સારું અસ્ત્ર ન હોવાથી હું તે તમારી પાસેથી છીનું લેવા આવ્યો હતો."

ઇન્દ્રકુમાર: "આથી જ આખું શસ્ત્રાગાર તેણે તને છીનું

આપી દીધું હોય એમ જણાય છે!" એમ કહીને ફરીથી ઇન્દ્રકુમાર હસ્યો અને બોલ્યો: "તો પછી આમ એમ ને એમ બહાર કેમ આવ્યો? ઉછીનું લેવાની મુદત શું પૂરી થઇ ગઇ? ફરીથી જઇને અશ્વ-શાળામાંથી લઈ આવે ને?" પુનઃ ઇન્દ્રકુમારે હાસ્ય કર્યું. આમ ઉપરા ઉપરી હાસ્ય થતાં જોઈ રાજધર સ્વગત બોલ્યો: "હસો, ખૂબ હસો. હું પણ આ તમાશા ઉપર ખૂબ હસીશ, પણ હમણાં નહીં, સમય આવવા દો." (પ્રગટ) "ભાઈ, હું આજ શિકાર કરવા જવાનો નથી." એટલું કહી રાજધર ત્યાંથી જતો રહ્યો.

કમલાદેવીએ હવે ગંભીર ભાવ ધારણ કરીને કહ્યું: "વહાલા, તમે હવે શિકારે જાઓ, ખુશીથી હું તમને પ્રતિજ્ઞામાંથી મુક્ત કરું છું."

ઇન્દ્રકુમાર: "વારુ." તેણે ધનુષ પર તીર ચઢાવીને બહુ જ ધીરેથી કમલાદેવી તરફ ફેંક્યું. તીર કમલાના ચરણ પાસે જઇ પડ્યું. કુમારે કહ્યું: "હા! હું નિશાન ચૂકી ગયો! હવે હું શિકારે નહીં જાઉં."

કમલા: "હું સાચું કહું છું, તમે શિકારે ઘણી ખુશીથી જાઓ."

ઇન્દ્રકુમાર કાંઇ ન બોલતાં, ધનુષબાણ એક ખૂણે ફેંકી દઇને બહાર જતો રહ્યો. તેણે યુવરાજ પાસે જઈને કહ્યું: "ભાઇ, આજ શિકારે જવાનો સુયોગ નથી."

ચન્દ્રમાણિકયે હસતાં હસતાં કહ્યું: "હું પહેલેથી જ સમજી ગયો હતો!"

[૫]

આજે પરીક્ષા થનાર છે. રાજભવનની બહારના મેદાનમાં ઘણા લોકો એકત્ર થયા છે. પરીક્ષાનું સ્થળ પહાડી ભૂમિમાં નક્કી

કરવામાં આવ્યું છે. નીચેથી તે ઉપર સુધીની આસપાસની બધી જગ્યા લોકોથી ખીચોખીચ ભરાઇ ગઈ છે. છોકરાં ઝાડ ઉપર ચઢી બેઠાં છે.

એક છોકરાએ ઝાડ ઉપરથી ધીરે ધીરે હાથ લાંબો કરીને એક મોટા ભાયડાની પાઘડી ઉઠાવી એક બીજા ભાયડાને માથે મૂકી દીધી. જેની પાઘડી ઉઠાવી હતી તે છોકરાને પકડવા મથતો હતો પણ તેનો પ્રયાસ સફળ થયો નહીં. જ્યારે તે ઝાડ ઉપર કોઇ પણ રીતે ચઢી શક્યો નહીં ત્યારે લાચાર બનીને ઝાડની જે ડાળ ઉપર તે છોકરો બેઠો હતો તે હલાવવા મંડયો. પેલો છોકરો મોંના ચાળા કરતો કરતો એક ડાળ ઉપરથી બીજી ડાળ ઉપર વાંદરાની પેઠે કુદકા મારવા લાગ્યો. આ રીતે તે માણસની દુર્દશા અને ગુસ્સો એ સ્થળે ભારે ગમ્મત રૂપ થઇ પડયાં.

એક રબારી એક મટુકીમાં દહીં ભરીને ઘર તરફ જતો હતો. રસ્તામાં લોકોની ભારે ગીર્દી હતી, એથી તે પેલા જ ઝાડ નીચે ઊભો રહ્યો. થોડી જ વારમાં એના માથા ઉપરની મટુકી જ ઊપડી ગઈ. વાતવાતમાં તો તે મટુકી એક હાથમાંથી બીજામાં એમ કેટલે યે દૂર જતી રહી, રબારી કંઇક વાર સુધી "હેં! કયાં ગઇ?" એમ જ કહેતો ચારે તરફ જોતો રહ્યો!

એક માણસે કહ્યું: "ભાઈ, તું જબરો! દહીં સાથે મટુકી પણ હજમ કરી ગયો! તને એથી કાંઇ નુકસાન થશે, એનો યે વિચાર ન આવ્યો?"

રબારી બિચારો લાચારીથી જતો રહ્યો. હરસુ હજામ ઉપર ગામના લોકોને ખૂબ ચીઢ હતી. તેને ભીડમાં જોઇને સૌ કોઇ તેની મજાક કરવા લાગ્યા. તે જેમ જેમ ચીઢાવા લાગ્યો તેમ તેમ લોકસંખ્યા વધતી ગઇ. ચારે પાસ ચટચટ તાળીઓ પડી રહી. હજામનું મોં ક્રોધથી રાતુંપીળું થઇ ગયું. પરસેવાથી તે તરબોળ થઈ ગયો.

આખરે તેને પણ ગીદીંમાંથી દૂર થવું પડ્યું અને ચીડાયલો ચીડા-યલો ને ઘેર પાછો ફર્યો.

લોકોની ભારે ભીડમાં કંઇક નાનાં બાળકો મોટા માણસોની સાથે બેસીને તમાશો જોવા આવ્યાં હતાં તેમણે રોવાનું શરુ કર્યું. કેટલી યે જગ્યાએ કંઈ ને કંઈ જાતનો કોલાહલ મચી રહ્યો. એટ-લામાં પરીક્ષાના પ્રારમ્ભનું સૂચન કરનારાં વાજિંત્ર વાગવા લાગ્યાં, 'જય જય' શબ્દોચ્ચારથી દિશાઓ ગાજી રહી. હવે કોલાહલ સંભ-ળાતો નથી. માત્ર તદ્દન નાનાં બચ્ચાંના રૂદનનો અવાજ ક્યાંક ક્યાંક સંભળાય છે, વળી પોતપોતાના માલિક સાથે આવેલાં કૂતરાં પોતાનાં મોં ઊંચા કરીને ભસવા મંડયાં છે. ઝાડ ઉપર બેઠેલી ચકલીઓ ત્યાંથી ભયભીત થઇ ઊડી ગઈ છે અને આકાશમાં ઊડવા લાગી છે. ચતુર કાગડા દૂરના ઝાડ ઉપર બેસીને કોઈ વાર ગર્દન હલાવે છે; તો કોઈ વાર પાંખ ફફડાવે છે અથવા તો સ્થિર ચિત્તે આ જનસમૂહ કેમ એકઠો થયો છે, તેનો વિચાર ચલાવે છે, અને છેવટે ભયનું કંઇ કારણ ન જોતાં તેઓ "કાંઉ, કાંઉં," કરવા લાગ્યા છે!

પ્રાતઃકાલીન સૂર્યનાં કિરણમાં ચમકતાં રત્નજડિત સુવર્ણ સિંહાસન ઉપર રાજા આવીને બેઠા રાજકુમારો પોતપોતાનાં હાથમાં ધનુષ-બાણ સમેત એક બાજુએ બેઠા. રાજસંબંધીઓ ઇત્યાદિ યથો-ચિત સ્થાનોએ બેઠા. ચમ્મરધારીઓ ચમ્મર હલાવવા લાગ્યા. રાજ્ય-ઝંડો રાખનાર એક પૂરુષે ઝંડા સાથે ઊભો રહ્યો. બન્દીગણે સ્તુતિ શરૂ કરી. સૈન્યગણ સજ્જ સમારી યથોચિત ઊભો રહ્યો. ઢોલશરણાઈ વગાડનારાઓ ભારે ઉત્સાહમાં આવી જઇને નાચી નાચીને, માથાં હલાવી હલાવીને ખૂબ જોરથી અવાજો કાઢવા લાગ્યા. ચારે પાસ હવે પરીક્ષાની શરૂઆતની પ્રતીક્ષા જોવાઇ રહી. હવે પરીક્ષાનો સમય થયો. ઈશારાએ રાજકુમારોને તૈયાર થવા કહ્યું.

ઇન્દ્રકુમારે યુવરાજને કહ્યું: "ભાઈ, આજ તમારે જરૂર જીત મેળવવી પડશે. નહીં જીતો એ સારું દેખાશે નહીં."

યુવરાજે હસીને કહ્યું: "સારું કેમ ન દેખાય! મારું તીર લક્ષ્યભ્રષ્ટ થશે તો પણ, સંસારનું કામકાજ પહેલાં જેમ ચાલતું હતું તેમ જ ચાલુ રહેશે. તું ગમે તેમ ધારે પણ મારી જીતનો સંભવ નથી."

ઇન્દ્રકુમાર: "ભાઈ, જો તમે લક્ષ્ય વીંધશો નહીં તો હું જાણી જોઇને લક્ષ્ય ખાલી જવા દઇશ."

યુવરાજે ઇન્દ્રકુમારનો હાથ ઝાલીને કહ્યું: "બાલિશતા ન દાખવ. એથી આપણા ઉત્સાહનું નામ ડૂબશે!"

રાજધર ચિન્તાભરપૂર વીલે મ્હોંએ, ચૂપકીદીથી ઊભો રહેલો છે.

ઇશાખાંએ યુવરાજને કહ્યું: "વખત થયો!"

યુવરાજે ઇષ્ટદેવનું સ્મરણ કરીને ધનુષ હાથમાં લીધું.

લગભગ બસો હાથ દૂર પાંચ છ કેળના થાંભલા એકત્ર કરીને બાંધીને ઊભા કર્યા છે. તેના મધ્યમાં એક મોટું પાદડું લક્ષ્ય-ચિન્હ સાથે બાંધવામાં આવ્યું છે. લક્ષ્ય-ચિન્હ એક કાળો ડાઘ અંકિત કરીને નક્કી કરેલું છે. પ્રેક્ષકો અર્ધચન્દ્રકારે મેદાનને ઘેરીને ઊભા રહ્યા છે. જે તરફ લક્ષ્ય છે, તે તરફ કોઇ નથી. તે તરફ જવાનો પ્રતિબંધ છે.

યુવરાજે ધનુષ પર તીર ચઢાવ્યું. નિશાન તાક્યું. તીર ફેંક્યું. તીર લક્ષ્યથી જરાક ઉપર થઇને જતું રહ્યું. ઇશાખાંનું વદન ફીકું પડી ગયું. તેના સફેદ મોં ઉપર કાળાશ છવાઈ. પણ તે કાંઇ બોલ્યો નહીં. ઇન્દ્રકુમારે એવું લાગ્યું કે, જાણે ભાઈએ પોતાને તક આપવા માટે જાણી જોઇને આમ કર્યું છે. આખરે તેને ધનુષ હલાવતાં હલાવતાં ઇશાખાંને કહ્યું: "ભાઈ ધ્યાન આપીને કામ કરે તો બધું યે કરી શકે એવા છે; પણ એ કશું યે મન ઉપર લેતાં નથી."

ઇશાખાં: "તારા ભાઇની બુદ્ધિ સર્વ જગ્યાએ ચાલે છે. પણ તીર આગળ ચાલતી નથી. તેનું કારણ એ કે તેની બુદ્ધિ એવી સતેજ નથી."

ઇન્દ્રકુમારને ઇશાખાંની આ વાતથી માઠું લાગ્યું. ઇશાખાં

તેના મનનો ભાવ સમજીને ત્યાંથી ખસી ગયા અને રાજધરને કહેવા લાગ્યા: "હવે તું લક્ષ્યવેધ કર."

રાજધર: "વચેટ ભાઇનો હવે વારો છે. પહેલાં એમને કહો."

ઇશાખાં: "અત્યારે સવાલ જવાબ કરવાનો વખત છે? હું કહું છું તેમ કર."

રાજધરની આંખો ગુસ્સાથી લાલચોળ થઇ થઇ પણ તે કાંઇ બોલ્યો નહીં. તેણે ધનુષબાણ ઉઠાવ્યાં. નિશાન તાકી તીર ફેંક્યું, તીર જમીનમાં જઇને ચોંટ્યું, તેનું તીર થાંભલાને જરાકે સ્પર્શ કરી શક્યું નહીં.

યુવરાજે રાજધરને કહ્યું: "તારું તીર લક્ષ્યની ઘણું જ પાસે પહોંચ્યું હતું: પણ જરાક આઘું રહી ગયું, નહીંતર જરૂર લક્ષ્યને વીંધી નાખત."

રાજધરે સરાઇથી કહ્યું—"લક્ષ્ય તો વીંધાઇ ચૂક્યું છે. આઘેથી બરાબર દેખાતું નથી."

યુવરાજ:—"નહીં, રાજધર, એ તારો ભ્રમ છે. નિશાન વીંધાયુ નથી."

રાજધર:—"ચોક્કસ વીંધાયું. પાસે જઇને જોતાં તરત જણાશે."

યુવરાજ એ પછી કાંઇ બોલ્યા નહીં. ઇશાખાંની આજ્ઞાથી ઇન્દ્રકુમારે અત્યંત અનિચ્છાનો ભાવ પ્રકટ કરીને ધનુષ ઉઠાવ્યું. યુવરાજે તેની પાસે જઇને મન્દ સ્વરે કહ્યું: "જો ભાઇ, હું તો અસમર્થ નીવડ્યો છું. મારા ઉપર ક્રોધ કરીને મારું અનુકરણ કરવું અન્યાયી થઇ પડશે. જો આજ તું લક્ષ્ય નહીં વીંધે તો તારું એ લક્ષ્ય-ભ્રષ્ટ તીર અવશ્ય મારા હૃદયમાં ભોંકાશે. હું તને આ સાચે-સાચું કહું છું."

ઇન્દ્રકુમારે વડીલ બન્ધુની ચરણરજ પોતાને મસ્તક ચઢાવી કહ્યું: "ભાઇ, તમારા આશીર્વાદથી આજે અવશ્ય લક્ષ્ય-ભેદ કરીશ; એમાં કાંઇ શંકા રાખશો નહિ."

ઇન્દ્રકુમારના તીરે લક્ષ્ય વીંધી નાંખ્યું. વાજિત્ર વાગવા લાગ્યાં. ચોપાસ જયજયકાર ધ્વનિ થઈ રહ્યો. યુવરાજે પુલકિત બનીને ઇન્દ્રકુમારને પ્રેમાલિંગન કર્યું. ઇન્દ્રકુમારની આંખો આનંદાશ્રુથી છલકાઇ ગઇ. ઇશાખાં આનન્દાવેશમાં આવી જઇ કહેવા લાગ્યાઃ "કુમાર, ખુદાના ફઝલથી તારી ઉમ્મર હજાર વર્ષની થાઓ."

મહારાજ જ્યારે ઇન્દ્રકુમારને ઇનામ આપવા તૈયાર થયા, ત્યારે રાજધરે તેમની પાસે જઇને કહ્યું: "આપ સર્વની ભૂલ છે. મારું જ તીર લક્ષ્યમાં જઈ ચોંટયું છે."

મહારાજઃ "કદી એમ બને નહીં."

રાજધરઃ "મારી વાત ઉપર વિશ્વાસ ન હોય તો લક્ષ્ય પાસે જઇ આપશ્રી ન્યાય કરો." સૌ લક્ષ્યસ્થાને ગયા, ત્યાં જતાં સૌએ જોયું કે—જે તીર ધરતી પર પડેલું છે તેના ફળ ઉપર ઇન્દ્રકુમારનું નામ લખેલું છે, અને જે તીર લક્ષ્યમાં છે તેની ઉપર રાજધરનું નામ અંકિત છે.

રાજધરઃ—મહારાજ, હવે વિચાર કરો."

ઇશાખાં:—"જરૂર ભાથાં બદલાયલાં જણાય છે."

એ સંબંધી પણ તપાસ થઈ. ભાથાં બદલાયેલાં ન હતાં. બન્ને પાસે પોતપોતાના જ હતાં. સૌ જણ આશ્ચર્યસહિત એક બીજાના મોં સામે તાકવા લાગ્યા.

ઇશાખાઃ—"ફરીથી પરીક્ષા લેવી જોઈએ."

રાજધરે ભારે ઉદાસીનતાથી કહ્યું:—"હું વારંવાર પરીક્ષા આપવા ઇચ્છતો નથી. મારા ઉપર આ પ્રકારે અવિશ્વાસ કરવો, એ ઘણો અન્યાય છે. મારે ઇનામ નથી જોઇતું. ઇન્દ્રકુમારભાઈને તે આપો." એમ કહીને રાજધરે ઇનામની તરવાર ઇન્દ્રકુમાર તરફ ધરી.

ઇન્દ્રકુમાર ઘણીજ ગ્લાનિ સહિત બોલી ઊઠ્યો:—"ધિક્કાર છે મને! હું તારા હાથથી આ ઈનામ શી રીતે લઈ શકું? એ તું જ લે." એમ કહીને તેણે તરવાર ઊઠાવીને રાજધર તરફ ફેંકી દીધી.

રાજધરે હસીને ઇન્દ્રકુમારને પ્રણામ કર્યો અને તરવાર લઈ લીધી.

ઇન્દ્રકુમારે રાજધરના આ વ્યવહારથી દુઃખિત બનીને રુદ્ધ કંઠસ્વરે પિતાને કહ્યું:—"મહારાજ, આરાકાનના રાજા સાથે થોડાક જ વખતમાં જે યુદ્ધ થવાનું છે, તેમાં જઈને હું ઇનામ મેળવવા હકદાર થઈ આવીશ. આપ મને યુદ્ધમાં જવાની આજ્ઞા આપો."

ઇશાખાંએ ઇન્દ્રકુમારનો હાથ પકડીને કડક અવાજે કહ્યું:—"તેં મહારાજનું અપમાન કર્યું છે. તેં એમની તરવાર ઉઠાવીને દૂર ફેંકી દીધી છે, તું સજાને લાયક બન્યો છે."

ઇન્દ્રકુમારે બલપૂર્વક હાથ તરછોડી નાખીને જવાબ દીધો:—"દૂર જા બુઢ્ઢા, મને અડકીશ નહીં."

વૃદ્ધ ઇશાખાં એકાએક ખિન્ન થઇને બોલ્યાઃ—"કુમાર સાહેબ આ શું? મારી સાથે આવો વ્યવહાર! શું આજ તમારો મિજાજ હાથથી ગયો છે!"

ઇન્દ્રકુમારની આંખોમાં આંસુ ભરાઇ આવ્યાં. એ દશામાં તેણે કહ્યું:—'સેનાપતિજી! મને માફ કરો. આજ ખરેખર મારા મિજાજ ઠેકાણે નથી."

યુવરાજે સ્નેહપૂર્વક કહ્યું:—"બન્ધુ, આ પ્રકારે અધીર બનવાની શી જરૂર છે? સ્વસ્થ થા. ચાલ. આપણે ઘેર જઇએ."

ઇન્દ્રકુમારે પિતાના ચરણ સ્પર્શ કરીને કહ્યું:—"મહારાજ, મારો અપરાધ ક્ષમા કરો." યુવરાજ તરફ જોઇને તે બોલ્યોઃ—" ભાઈ, ખરેખર આજ હું હારી ગયો છું!"

રાજધરે કેવી રીતે વિજયલાભ મેળવ્યો, તે કોઇને સમજાયું નહીં.

(૬)

પરીક્ષાને પહેલે દિવસે જ્યારે રાજધરને કમલાદેવીએ ઇન્દ્રકુમારના અસ્ત્રાગારમાં પૂર્યો હતો ત્યારે એ ભાઇસાહેબે ઇન્દ્રકુમારનાં તીરોના ભાથામાંથી એક તીર કાઢીને તેના ઉપર પોતાનું નામ અંકિત કર્યું હતું અને તેને પોતાના ભાથામાં ઘુસાડી દીધું હતું. બીજું પોતાના નામથી અંકિત કરેલું તીર તેણે એવી યુક્તિથી ઇન્દ્રકુમારના ભાથામાં ખોસ્યું હતું કે સૌથી પહેલું તે જ તીર ઇન્દ્રકુમારના હાથમાં આવે. રાજધરે આ યુક્તિથી જેમ ધાર્યું હતું તેમ જ પરિણામ આવ્યું. ઇન્દ્રકુમારે દૈવયોગે રાજધરે મૂકેલું તીર જ ભાથામાંથી અજાણતાં કાઢયું હતું અને એ તીર લક્ષ્ય વીંધી ગયું હતું. રાજધરે તો ઇન્દ્રકુમારના નામનું જ તીર ફેંક્યું હતું. આ સફાઇબંધ રચેલી રચનાનો વિચાર કરતાં કરતાં રાજધરની આ ચાલાકી તેની સમજમાં આવી ગઇ. પણ એ વાત તેણે હવે ચૂંથી નહીં, માત્ર એની અશ્રદ્ધા રાજધર પ્રતિ વિશેષ વૃદ્ધિંગત થઇ.

ઇન્દ્રકુમાર મહારાજ પાસે જઇને વારંવાર કહેવા લાગ્યો:—"આરાકાનના રાજા સાથે યુદ્ધ કરવા માટે મને મોકલો."

મહારાજ કશો ય ઉત્તર ન દેતાં, આ વિષય ઉપર વિચાર કરવા લાગ્યા. આ એ જમાનાની વાત છે કે જ્યારે ત્રિપુરા સ્વતંત્ર હતું, અને ત્રિપુરાને આધીન હતું. અત્યારે તેને લગભગ ૩૦૦ વર્ષ થયાં હશે. આરાકાનની સરહદ ચટગામની તદ્દન નજદીક હતી, એથી આરાકાનનો રાજા કોઇ કોઇ વાર ચટગામ ઉપર ચઢી આવતો હતો, આરાકાન અને ત્રિપુરાને પરસ્પર વિરોધ થવાનું એ કારણ હતું. અમરમાણિક્યને આજ કાલ આરાકાન–પતિ સાથે આ પ્રકારનો જ કલહ છે. ઇન્દ્રકુમારે યુદ્ધનો સંભવ દેખીને યુદ્ધમાં જવાની સૂચના કરી છે. રાજાએ બહુ જ વિચાર કરી જોયા પછી એવું જાહેર કર્યું કે: "ત્રણે ભાઇઓએ સાથે મળીને લડવા જવું." ૧૫૦૦૦ની સેના

એ કુમારોને સ્વાધીન કરવામાં આવી. દરેક ભાઈએ પોતાના તાબાની ૫૦૦૦ની સેના લઈને ચટગામ તરફ કૂચ કરી. ઈશાખાંએ મુખ્ય સેનાપતિ તરીકે તેમની સાથે પ્રયાણ કર્યું. કર્ણફુલી (કર્ણપુષ્પ) નદીને પશ્ચિમ કિનારે તેમણે છાવણી નાખી. આરાકાનની થોડીક સેના આ પાર છે. આરાકાનનો રાજા અસંખ્ય સેના સાથે નદીની પેલી પાર છે અને કેટલીક સેના આ પાર છાવણી નાંખી રહી છે. તેના ૨૨૦૦૦ સૈનિકો લડવા માટે તૈયાર થઈને નદીને પશ્ચિમ કિનારે, હુમલાની વાટ જોતા બેસી રહ્યા છે.

લડાઈનું મેદાન પહાડી ભૂમિમાં જ હતું. સામસામા બે પહાડો ઉપર ઉભય પક્ષની સેનાઓ પડી છે. બંને સેનાઓ જો લડવા માટે ઉદ્યુક્ત થાય તો એ બે પહાડોની વચ્ચે આવેલા પ્રદેશમાં ઝપાઝપી થવાનો સંભવ છે. પહાડની ચારે તરફ એક સઘન વન આવેલું છે. પહાડની આસપાસ વસતા લોકોનાં ઘર ખાલી પડેલાં છે. એ લોકો ઘર છોડીને નાસી ગયેલા છે.

બન્ને બાજુની સેનાઓ એક સપ્તાહથી પરસ્પર આક્રમણ કરવાની મુરાદ રાખી રહી છે. ઇન્દ્રકુમાર યુદ્ધ કરવા ઘણો આતુર છે; પરન્તુ યુવરાજ એમ ચાહે છે કે પહેલાં શત્રુની સેના ભલે હુમલો લાવે. આથી તેઓ વિલમ્બ કરે છે. પણ આરાકાનની સેના પોતાની જગ્યાએથી ખસતી નથી. સ્થિર ભાવે પડી રહી છે. આખરે ઇન્દ્રકુમારે શત્રુ–સેના ઉપર આક્રમણ કરવાનો નિશ્ચય કર્યો.

આખી રાત હુમલાની તૈયારીઓમાં વીતી ગઈ. રાજધરે કહ્યું: "ભાઈ, તમે બન્ને દસ હજારની ફોજ લઈને હુમલો કરો, અને પાંચ હજારની સેના મારી પાસે રહેવા દો. જરૂરને પ્રસંગે તે કામ લાગશે." ઇન્દ્રકુમારે હસીને કહ્યું: "હું સમજી ગયો. રાજધર અમારાથી અલગ રહેવા ધારે છે!"

યુવરાજ: "નહીં, તારો એ વિચાર બરોબર નથી. રાજધર ખરું કહે છે." ઈશાખાંએ પણ રાજધરની આ સૂચના સ્વીકારી.

યુવરાજ અને ઈન્દ્રકુમારે દસ હજાર સૈનિકોને પાંચ ભાગમાં વહેંચી નાખ્યા અને દરેક ભાગના બબ્બે હજાર સિપાઈઓને એવો હુકમ ફરમાવ્યો કે એકી સાથે એક જ વખતે પાંચે ભાગોએ શત્રુઓ ઉપર હુમલો કરવો જેથી તે છિન્નભિન્ન થઈ જાય. સૌથી આગળ તીરન્દાજ, તે પછી તરવારવાળા, તે પછી બરછીવાળા, પાયદળ અને સૌથી છેલ્લા ઘોડેસ્વારો, આ પ્રમાણે સેના આગળ ચાલી. આરાકાનની મગજાતીય સેના વાંસથી ભરપૂર એક ગાઢ જંગલમાં મોરચો માંડીને પડી હતી. પહેલા દિવસના હુમલાથી કશું વળ્યું નહીં. ત્રિપુરાની સેના દુશ્મનોની ફોજને પાછળ હઠાવી શકી નહીં.

[૭]

બીજા દિવસની લડાઈનું પણ કંઈ પરિણામ આવ્યું નહીં, જ્યારે અર્ધી રાત ગઈ અને જે વખતે બન્ને બાજુની સેના વિશ્રામ લેતી હતી, જે વખતે બન્ને દળના પડાવોમાં ક્યાંક ક્યાંક તાપણા સળગી રહ્યાં હતાં, ગીધડાંનાં ઝૂંડ ને ઝૂંડ લડાઈના મેદાનમાં એકત્ર થઈને જાણે કપાયલા હાથપગવાળાં મડદાંને જોઈને એક સાથે રોઈ ઊઠતાં હતાં, તે વખતે પોતાની છાવણીમાંથી બેએક કોશ દૂર કર્ણફૂલી નદી ઉપર નાવને શ્રેણીબદ્ધ બાંધીને રાજધર પોતાની ૫૦૦૦ સેનાને સાથે લઈને નાવનો પુલ બનાવવામાં રોકાયો હતો. સાથે એક મશાલ પણ નથી. કોઈ કંઈ બોલતું પણ નથી. પુલની તૈયારી પૂરી થતાં રાજધર ઘણી સાવધાનીથી એ પુલ ઉપરથી પોતાની સેનાને ઉતારવા લાગ્યો. નાવની નીચે અન્ધકારમાં જેમ નદીનો પ્રવાહ વહી રહ્યો છે તેમ તેની ઉપર પણ મનુષ્યોનો સ્રોત વહી રહ્યો છે. નદીમાં પૂર આવેલું છે, એથી સૈન્યગણ ઘણું ઊતરે છે. રાજધરને સેનાધિપતિ ઈશાખાંએ એવો આદેશ આપેલો છે કે, આજ રાત્રે ચૂપચાપ પોતાની સેના સાથે તેણે નદીના જલપથની ઉત્તર તરફ જવું અને કિનારે ઊતરી શત્રુદલની પાછળ આવેલા જંગલમાં છુપાઈ રહેવું. યુવરાજ અને ઈન્દ્રકુમાર

અવારમાં શત્રુસેના ઉપર સામેથી આક્રમણ કરશે. જ્યારે દુશ્મનનું સૈન્ય લડતાં લડતાં થાકી જાય, ત્યારે સંકેત પ્રમાણે રાજધરે પાછળથી એકાએક શત્રુસેના ઉપર તૂટી પડવાનું છે. આથી આ પ્રમાણે નાવના પુલનો બંદોબસ્ત કરવામાં આવેલો છે. પરન્તુ રાજધર ઇશાખાંની વાત માને એવો ક્યાં પાંશરો છે ? તે પોતાની સેના સાથે નદીપાર તો થયો પણ તેણે પોતાના મનમાં જુદો જ નિશ્ચય કરેલો છે અને તે કોઇને જાહેર કરતો નથી. તે પોતાની સેનાને સાથે લઇને નિઃશબ્દ આરાકાનના રાજાના તંબુ તરફ ચાલ્યો. ચારે પહાડ છે. વચમાં પહાડી જમીનની મધ્ય ભાગમાં તંબુ આવેલો છે. તેમાં સૌ કોઇ નિર્ભયપણે સૂતા છે. તંબુની આસપાસ તાપણાં સળગે છે. તેના પ્રકાશમાં દૂરથી એ જગ્યાનો કંઇક વિશેષ આભાસ પડે છે. પહાડ ઉપર ગાઢ જંગલ આવેલું છે. એ જંગલની વચ્ચે થઈને રાજધરની સેના સાવધાનતાપૂર્વક પહાડની બીજી તરફ નીચે ઊતરવા લાગી. વર્ષાનું પાણી જેમ પહાડ ઉપરથી ઢળી ઢળીને નીચે પડે તેમ હથીઆરબંધ સિપાઇઓ અંધારી રાતમાં જ્યાં ત્યાંથી નીચે પડવા લાગ્યા. જ્યારે બધા ઊતરી રહ્યા ત્યારે ધીરે ધીરે તંબુ તરફ તેઓ જવા લાગ્યા. ત્યાં પહોંચતાં જ પાંચે હજાર માણસોએ 'હર હર મહાદેવ" એવી સામટી ગર્જના કરી મૂકી. એ શબ્દોથી જાણે રાજાનો નાનો તંબુ ફાટી ગયો. સુતેલાઓ "શું છે ? હેં !" એમ કહેતા સફાળા ઊઠીને બહાર નીકળી આવ્યા. કેટલાકને એ દુઃસ્વપ્ન લાગ્યું; કોઇક ભૂતનો ઉત્પાત સમજ્યો અને કોઈક તો બણુચક જેવા ચૂપ થઇને ઊભા રહ્યા.

રાજાને સહેલાઇથી બન્દીવાન કરવામાં આવ્યો. રાજાએ કહ્યું:– "મને કેદ કરવાથી કે મારી નાંખવાથી લડાઈ બંધ પડશે નહીં. મારા પછી તરત જ મારા સૈનિકો હામચૂ પાચૂને રાજા બનાવતાં લડાઇ જેમ ચાલે છે તેમ જ ચાલશે. છતાં પણ હું હાર સ્વીકારીને સંધિપત્ર લખી આપું છું. મારાં બન્ધન છોડી નાંખો."

રાજધરને તો એ જ જોઇતું હતું. આરાકાનના રાજાએ પરાજય સ્વીકારીને સન્ધિપત્ર લખી આપ્યું. હાથીદાંતનો બનાવેલો એક અતિમૂલ્ય મુકુટ, પાંચસો મણિપુરી ઘોડા અને ત્રણ મોટા હાથી ઉપહાર તરીકે આપવામાં આવ્યા. આ પ્રકારે અનેક વ્યવસ્થા કરતાં કરતાંમાં પ્રાતઃકાલ થયો. સૂર્ય ભગવાન દેદીપ્યમાન થયા. અંધારી રાતમાં જે લોકો ભૂતનો ઉત્પાત માની બેઠા હતા તેમને હવે સમજાયું કે એ તો મનુષ્ય-ઉત્પાત જ હતો! આરાકાનની આખી સેના શરમિંદગીમાં પડી જઈ પસ્તાવા લાગી. ચારે તરફ મોટા મોટા પહાડ પહાડ સૂર્યપ્રકાશમાં જાણે એ સેનાની લજ્જા નિહાળતા ચુપકીદીથી ઊભા રહ્યા છે.

રાજધરે આરાકાનના રાજાને કહ્યું: "હવે ઢીલ ન કરશો. તરત જ યુદ્ધ બંધ કરવાનું હુકમનામું કાઢો. પેલી પાર ત્રિપુરાની સેના સાથે જે ભયંકર લડાઇ શરૂ કરી દેવાઇ છે, તે રોકો."

આરાકાનના રાજાએ સત્વર યુદ્ધ બંધ કરવાના હેતુથી એક આજ્ઞાપત્ર લખી દૂત સાથે સેનાપતિ ઉપર મોકલી આપ્યું. એ દૂતની સાથે થોડીક સેના પણ મોકલવામાં આવી.

[૮]

જે વખતે પ્હો બરાબર ફાટયો ન હતો, તે વખતે યુવરાજ અને ઇન્દ્રકુમારે સેનાને બે વિભાગમાં વહેંચીને પૂર્વ અને પશ્ચિમ તરફ આરાકાનની સેના ઉપર હુમલાઓ કરવા માંડયા. રૂપનારાયણ હજારીએ સેનાની સંખ્યા ઓછી જોઈને કહ્યું:—"આપણી સાથે પાંચ હજાર સૈનિકો વધુ રાખ્યા હોત તો કાંઇ ચિંતા રહેત નહીં."

ઇન્દ્રકુમાર:—"ત્રિપુરારી ભગવાનની કૃપા હશે તો આટલી જ સેનાથી જીતીશું. અને જો તેની કૃપા નહીં હોય તો આપણે જરૂર સંકટમાં ફસીશું. ત્રિપુરાવાસીઓ જેટલા ઓછા મરે તેટલા ઠીક. શંકરની કૃપાથી આજ આપણે અવશ્ય જીત મેળવીશું." એમ કહીને

ઇન્દ્રકુમારે "હર હર મહાદેવ"ના નિનાદ સાથે જોરથી પોતાના ઘોડા ઉપર સવાર થઇને શત્રુઓ ઉપર હુમલો કર્યો. તેના તીવ્ર તેના ઉત્સાહથી સૈનિકોમાં ચારે પાસ ઉત્સાહ ફેલાઇ રહ્યો. ઉષ્ણુ કાલના દિવસોમાં દક્ષિણુ દિશાનો પવન ફૂંકાતાં જેમ ઘરનાં છાપરામાં આગ વિશેષ જોરથી ફાટી નીકળે છે તેમ તેની સેના ઉત્સાહ પામીને દોડવા લાગી. તેની ગતિને કોઇ રોકી શક્યું નહીં; દુશ્મનોનો દક્ષિણુ બાજુનો મોરચો તૂટયો. બન્ને બાજુની સેના સામસામી થઈ ગઈ. તરવાર અને બરછીઓનો ઉપયોગ શરૂ થયો. ખેતરમાં જેમ ઘાસ કાપવામાં આવે તેમ ફટોફટ શત્રુ સેનાનાં શિર ધડથી કપાઇને જુદાં થવા લાગ્યાં. પણુ ઇન્દ્રકુમારના ઘોડાએ દગો દીધો. તેનો પગ કપાઇ જવાથી તે જમીન ઉપર પડી ગયો. ઇન્દ્રકુમાર પણુ તેની સાથે પડયો. ચારે બાજુ ધાંધલ મચી રહ્યું પણુ ઇન્દ્રકુમાર સ્ફૂર્તિથી પાછો ઊઠયો અને એક બીજા અશ્વ ઉપર સ્વાર થઇને બમણુા જોશથી શત્રુઓની વચમાં ઘૂમવા લાગ્યો. સૂર્યપ્રકાશમાં ચમકતી તેની તરવાર શત્રુ–સેનાના લોહીથી રંગાઇને લધુ દેદીપ્યમાન જણુાવા લાગી. ઇન્દ્રકુમાર વારંવાર "હર હર મહાદેવ"ના પોકાર જગાવતો હતો. તેનું પ્રબલ સાહસ જોઇ મગસેના તેની ઉપર હલ્લો કરવાનું સાહસ કરી શકી નહીં. શત્રુઓએ હવે એક પ્રપંચ રચ્યો. તેઓ ઇન્દ્રકુમારની સેના આગળથી દૂર ખસી ગયા અને યુવરાજના સૈન્ય ઉપર આક્રમણુ કરવા લાગ્યા. મગસેનાના બળ આગળ યુવરાજની સેના ટકી શકી નહીં. તે અસ્તવ્યસ્ત થઈ ગઇ. કોણે કઇ તરફ જવું, તેની સમજ પડી નહીં. તે નાસવા લાગી. તેને રોકવા માટે યુવરાજે અને ઇશાંખાંએ બહુ પ્રયત્ન કર્યો પણુ વ્યર્થ. પાસે જ ક્યાંક રાજધરની સેના છુપાઇ રહી હશે. તેને મદદ માટે બોલાવવાને ઇશાખાંએ વારંવાર રણુશિંગડું ફૂકયું, પણુ રાજધરની સેનાના આગમનનાં કાંઇ લક્ષણુ જણુાયાં નહીં.

ઇશાખાં ગુસ્સે થઇને કહેવા લાગ્યાઃ—"તેને બોલાવવો નિરર્થક

છે. તે આવા કટોકટીને વખતે જાણી જોઇને બહાર આવશે નહીં."
તે ઘોડા ઉપરથી ઊતરીને પશ્ચિમ તરફ મોં રાખીને જલ્દી જલ્દી નમાજ પઢવા લાગ્યા. આખરે પોતે મરવા માટે તૈયાર બનીને, જાણે પોતાનો દેહ છે જ નહીં એમ માનીને ઘણી વીરતાથી શત્રુઓ સાથે લઢવા લાગ્યા. ચારે તરફથી મૃત્યુ જેટલું તેને ઘેરવા લાગ્યું તેટલુ જ જાણે યુવાનીનું જોશ તેમના શરીરમાં પ્રવેશવા લાગ્યું.

ઇન્દ્રકુમાર શત્રુની સેનાને ખૂબ હેરાન કરીને વિજય પ્રાપ્ત કરીને પાછો ફરતો હતો ત્યાં તેણે જોયું કે યુવરાજનું લશ્કર પાછું નાસી જાય છે. તરત જ તે સૈનિકો પાસે ગયો અને તેમનામાં ઉત્સાહ આણીને તેમને પાછા લઢવા માટે તેડી લાવ્યો હતો. યુવરાજનાં થોડાંક માણસો ઢંગધડા વિના અહીં તહીં શત્રુ સેના સાથે લઢતાં હતાં. પાછા આણેલા લશ્કરીઓ તેમને કાંઇ મદદરૂપ થઈ પડયાં નહીં. એ વખતે રાજધર તરફથી મદદ આવી પહોંચે એવી તીવ્રઇચ્છા પ્રદર્શિત થઈ અને બ્યુગલ વારંવાર વગાડવામાં આવ્યું; પણ તેનો કાંઇ પ્રત્યુત્તર મળ્યો નહીં.

આ સમયે એકાએક જાણે મન્ત્રવત્ સૌ ખચકી ગયા. મગજાતિની સેના જ્યાં હતી ત્યાં જ ચિત્રવત્ ખડી થઈ રહી. આરાકાનના રાજાની સેનામાંથી સન્ધિની પતાકા લઇને કેટલાક સૈનિકો આગળ આવ્યા. આરાકાનના રાજાએ પોતાની હાર કબૂલ રાખી છે, એ જાણીને ત્રિપુરાસેના હર્ષથી કૂદવા લાગી. 'હર હર મહાદેવ"નો ગંભીર કલરવ જાણે આકાશપટને હચમચાવી રહ્યો. મગસૈનિકો બારે આશ્ચર્યથી એક બીજાનું મોં જોવા લાગ્યા.

[૯]

રાજધર જ્યારે જીતનો ઉપહાર લઇને પોતાના ભાઇઓની છાવણીમાં આવ્યો ત્યારે તે ખૂબ હસતો હતો. અટ્ટહાસ્યથી તેની આંખમાંથી આંસુ નીકળતાં હતાં. તેણે ઇન્દ્રકુમારને હાથીદાંતનો

મુકુટ દેખાડીને કહ્યું:—"જો ભાઇ, યુદ્ધની પરીક્ષામાં ઉત્તીર્ણ બનીને મેં આ બક્ષિસ મેળવી છે!"

ઇન્દ્રકુમાર ક્રુદ્ધ થઇને બોલ્યો:—"યુદ્ધ! યુદ્ધ તેં ક્યારે કર્યું? યુદ્ધની પરીક્ષા તેં ક્યારે ઉત્તીર્ણ કરી? એ બક્ષિસ તારી નથી. એ મુકુટ યુવરાજ પહેરશે!"

રાજધર—"તે હું જીતીને લાવ્યો છું! આથી પહેલાં તે મુકુટ હું પહેરીશ અને પછી બીજુ કોઈ ભલે પહેરે."

યુવરાજ:—"રાજધર ખરું કહે છે. એ મુકુટ રાજધરને જ મળવો જોઇએ."

ઇશાખાંએ ચીઢાઈને રાજધરને કહ્યું:—"તારી હોંશિયારી તો ખૂબ વધી પડેલી જણાય છે. એ મુકુટ પહેરીને તું ત્રિપુરાના લોકો આગળ જઈશ? તું સેનાપતિની આજ્ઞાભંગ કરીને લઢાઇમાંથી નાસી ગયો હતો, એ કલંક આ મુકુટની અંદર છૂપાવી નહીં શકાય. તું એક ભાંગેલું હાડકું માથા ઉપર બાંધીને પછી દેશમાં આવજે, તારા શિર ઉપર એ જ શોભશે."

રાજધર:—"ખાં સાહેબ, હવે તો તમારા મોંમાંથી ખૂબ વાતો વાતો ફૂટી નીકળતી જણાય છે.! મેં યુદ્ધમાંથી નાસી જઇને તમારા પ્રાણ બચાવ્યા ન હોત તો તમે આટલી વાર જીવતા ક્યાંથી હોત? એની કેં ખબર છે?"

ઇન્દ્રકુમાર:—"જ્યાં હોત ત્યાં હોત, પણ કાંઇ લડાઇથી ડરીને કોઈ જગ્યાએ છુપાઈ બેસત તો નહીં?"

યુવરાજ:—"ઇન્દ્રકુમાર, તું ન્યાયની રીતે બોલતો નથી. તારે સત્ય વાત કહેવી જોઈએ, રાજધર ન હોત તો આજ આપણા ઉપર વિપત્તિનાં વાદળ જ ધસી પડત."

ઇન્દ્રકુમાર:—"ભાઈ, તમે આ શું કહો છો? રાજધર આપણી સાથે આવ્યો ન હોત તો કાંઇ હાનિ થાત નહીં. આ મુકુટ તેના વિના હું જ જીતી લાવ્યો હોત. રાજધર આ મુકુટ ચોરી કરીને

લાવ્યો છે. હું એ મુકુટ યુદ્ધમાં જીતીને લાવ્યો હોત અને આપને જ પહેરાવત. હું પોતે તો પહેરત જ નહીં."

યુવરાજે પોતાના હાથમાં મુકુટ લઈને રાજધરને કહ્યું: "ભાઈ, તેં જ આજે વિજય પ્રાપ્ત કર્યો છે. તું ન હોત તો આજ અમારી શી દુર્દશા થાત તે કહી શકાતું નથી. આટલી થોડી સેનાથી અમે શું કરી શકત? હું મારે હાથે જ આ મુકુટ તને પહેરાવું છું." એમ કહીને યુવરાજે મુકુટ તેને પહેરાવ્યો,

આ જોઈ ને ઇન્દ્રકુમારનું કાળજું જાણે ચીરાઈ ગયું. તે બૂમ પાડીને કહેવા લાગ્યો કે—"મેં તમારી સાથે રહીને તમારા દેખતાં રણાંગણમાં યુદ્ધ કર્યું છે, છતાં મારી જરાકે પ્રશંસા નહીં અને રાજધરે રાતની વખતે જઈ ને મુકુટની ચોરી કરી તેનાં ખૂબ વખાણ! શું મેં રણભૂમિમાં જરાકે કાયરપણું દાખવ્યું છે? જરાકે આરામ પણ લીધો છે? ભાઈ, તમે શું જોઈને રાજધરને આટલો બધો વખાણો છો! રાજધર સિવાય શું કોઈ પણ તમને સંકટમાંથી ઉગારત નહીં?"

યુવરાજે ક્ષુબ્ધ થઈને કહ્યું: "ભાઈ, હું તારા પરાભવની વાત કરતો નથી. તેં તો—"

ઇન્દ્રકુમાર યુવરાજની વાત સાંભળવા ઊભો રહ્યો નહીં અને ઘણો જ ગુસ્સે થઈને ત્યાંથી ચાલ્યો ગયો.

ઈશાખાંએ યુવરાજને કહ્યું: "યુવરાજ, મુકુટ કોઈ ને પણ અર્પણ કરવાનો તને અધિકાર નથી. હું સેનાધિપતિ છું. મારી ઇચ્છા હશે તેને હું એ મુકુટ આપીશ." એટલું કહીને ઈશાખાંએ રાજધરના માથા ઉપરથી મુકુટ ઉતારી લીધો અને યુવરાજને પહેરાવવા તેની તરફ તેઓ આગળ વધ્યા—

યુવરાજે તરત જ કહ્યું: "નહીં; એ મુકુટ હું ધારણ કરવાની ઇચ્છા રાખતો નથી—"

ઈશાખાં: "જો તું નહીં પહેરે તો કોઈથી પણ પહેરી શકાશે નહીં" એમ કહીને તેણે પોતાના પગની ઠોકર મારીને મુકુટને કર્ણ-

કૂલી નદીના જળમાં ફેંકી દીધો ! એ પછી કહ્યું: "રાજધરે યુદ્ધના નિયમોનો ભંગ કર્યો છે. આ મુકુટ લાવવા માટે તે સજાને પાત્ર થયો છે."

[૧૦]

ઇન્દ્રકુમાર પોતાની સેના લઇને જતો રહ્યો. યુદ્ધ પૂરું થયું, એમ જાણીને યુવરાજની સાથે સેના પોતાના તંબુઓ સમેટી લઇને દેશમાં પાછી ફરવાની તૈયારીઓ કરી રહી છે. એ સમયે સહસા વિઘ્ન નડયું.

ઇશાખાંએ જ્યારે મુકુટ નદીમાં ફેંકી દીધો ત્યારે રાજધરે મનમાં ને મનમાં કહ્યું: "ઠીક છે. હું બતાવીશ કે મારા વિના તમારો ઉદ્ધાર શી રીતે થશે ?"

રાજધર પોતાના મામાના દીકરા પાસે જઇ કહેવા લાગ્યોઃ– 'ધુરંધર, મુકુટ જે જગ્યાએ ગયો છે તે જ કર્ણફૂલીના જળમાં મારા યુદ્ધનો જય પણ હું વિસર્જન કરીશ.'

ધુરંધર—શું જીતીને ફરી હારીશ ?

રાજધર—હા, આ વખતે હારને જીતીશ. ઇન્દ્રકુમારના અહંકારને ધૂળમાં મેળવી દીધા સિવાય હું પાછો ફરીશ નહીં. મારા હાથની જીત એ નહીં સ્વીકારે ? જોઉં છું કે, આ વખતે એ પોતે એકાએક કેમ કરીને જીતી શકે છે !

ધુરંધર—ભાઈ, એટલો બધો નિશ્ચિત ન થતો–દૈવવશાત્ એ કદાચ જીતી પણ જાય ! ખરી વાતમાં ખાર શો ? યુદ્ધવિદ્યા ઇન્દ્રકુમાર સારી રીતે શીખ્યો છે.

રાજધર—ઠીક છે. એ બધા વિચારો પછીથી થશે. અત્યારે એક કામ કરવું પડશે. આરાકાનરાજ સૈન્ય લઈને કાલે સવારે જ ચાલ્યા જવાના છે. વાત એવી છે કે, જ્યાં સુધી, તેઓ ચટગામની સીમા પાર કરીને ચાલ્યા ન જાય ત્યાં સુધી, તેમના સેનાધિપતિઓ

આપણી છાવણીમાં કેદ રહે! ને છાવણી ઉપાડે તે પહેલાં જ, આજ રાત્રે તું છાનોમાનો મારો કાગળ લઇ તેમની આગળ જજે.

ધુરંધર—કાગળમાં શું લખ્યું છે તે મારે જાણવું જ જોઇએ, કેમકે, કદાચ એકાદ બે વાત કહેવાની જરૂર પડે તો એથી કરીને તે પ્રમાણે કહીને, કામ પૂરું કરીને આવી શકું.

રાજધર—મેં લખ્યું છે કે, હું અપમાનિત બન્યો છું. અને તેથી મારા ભાઈઓ પાસેથી વિદાય લીધી છે, મારું પાંચ હજારનું સૈન્ય લઇને, હું ઘેર ચાલ્યા જવાનું બહાનું કાઢી, દૂર ચાલ્યો જઇશ ઇન્દ્રકુમાર પણ ભાઈ ઉપર રીસ કરીને ચાલ્યો ગયો છે. સૈનિકો પણ, યુદ્ધ પતી ગયું એમ જાણીને પાછા ફરવા તૈયાર થઇ રહ્યા છે —આવી તકે આરાકાનરાજ જો એકાએક આક્રમણ કરે તો તેથી ત્રિપુરાના સૈન્યનો પરાજય થાય.

ધુરંધર—પરાજય તો થશે-પણ ત્યાર પછી? તું પણ છેવટ 'હાય હાય' કરીને મરીશ નહીં કે? જો કદી આગ લગાડવી હોય તો પ્રથમ પોતાના ઘરને સંભાળીને પછી લગાડવી જોઈએ.

રાજધર—મને સાવધાન કરવાને માટે, મારે બીજા કોઈની બુદ્ધિની જરૂર નથી. તું તારે તૈયાર થા—જોજે કે આ બાબતમાં કોઈ પણ કશું જાણવા ન પામે-આપણા સૈનિકો પણ નહીં! કદી કોઈ ને સંદેહ આવ્યો તો બધું યે ધૂળમાં મળી જશે!

ધુરંધર—જો રાજધર, મને સાવધાન કરવાને માટે પણ બીજા કોઈની બુદ્ધિની જરૂર નથી. તું નિશ્ચિંત રહે.

[૧૧]

ઇન્દ્રકુમાર સ્વતંત્ર થઇ જતો રહ્યો. યુવરાજ જ્યાં દેશમાં પાછો ફરતો હતો ત્યાં શત્રુએ એકાએક તેના ઉપર આક્રમણ કર્યું. રાજધર ક્યાં ગયો તે જણાયું નહીં. યુવરાજ પાસે ૩૦૦૦ માણસો જ બાકી છે. આ સ્થિતિમાં ઇશાખાંએ કહ્યું—યુવરાજ, અલ્લાનું સ્મરણ કરો! આજ

ધણો સખ્ત સમો આવ્યો છે.

યુવરાજ—સખ્ત શાનો, ખાં સાહેબ! ભગવાનની ઇચ્છા થાય ત્યારે મરવું પણ સખ્ત નથી, બચવું પણ સખ્ત નથી. સઘળું સહજ છે!

ઇશાખાં—મહારાજ તમને બધાંને મારા હાથમાં સોંપીને નિશ્ચિત હતા; અને એટલા માટે મારા સામે આક્ષેપ થાય છે! નહીં તો યુદ્ધક્ષેત્રમાં મૃત્યુ એ તો લગ્નશૈયાની નિદ્રા છે. યુવરાજ, તમે નાસવાનો યત્ન કરો–યુદ્ધનો ભાર મારા ઉપર ભલે રહ્યો.

યુવરાજ—તમે મારા અસ્ત્ર-ગુરુ; અને તમારે મોંએ આવો ઉપદેશ? એ ઘટતું નથી! તે સિવાય બીજો રસ્તો પણ ક્યાં નથી? મરવાને માટે જેવી સારી તક આજે મળી છે તેવી નાસવાને માટે નથી. હે હરિ, બાજી તારે હાથ છે!

ઈશાખાં—પણ ભાઈ, હૈયામાં એક પ્રકારની આગ સળગે છે. ઇન્દ્રકુમાર રીસે ભરાઇને દૂર ચાલ્યો ગયો; તેના એ અપરાધની શિક્ષા આપવાને માટે ઘણે ભાગે હું જીવતો રહી શકીશ નહીં.

યુવરાજ—જો આપ કદી જીવતા ન રહેવા પામો તો, સેનાપતિજી એના કરતાં એની સજા વિશેષ કઈ? એ તમને પિતાતુલ્ય ગણે છે.

ઈશાખાં:—યા અલ્લા! એ વાત ખરી છે, ભાઈ, આજ મને જણાય છે કે, મને સમય નહિ મળે; જો કદી તમને તક મળે તો એને કહેજો કે, ઇશાખાં જીવતો રહ્યા હોત તો, તને સજા આપત–પણ, મરણ પહેલાં તને ક્ષમા કરી છે! બસ, હવે વખત નથી–જાઉં છું ભાઈ, એક વાર ભેટી લઇએ આવ.

એટલું કહીને ઇશાખાંએ યુવરાજને આલિંગન કર્યું અને કહ્યું: "ભાઈ, હું અલ્લાને હાથ તને સોંપું છું. તે તારું રક્ષણ કરો."

યુવરાજ—ખાંસાહેબ, આટલા બધા દિવસોમાં મેં આપના કેટલા અપરાધ કર્યા છે? એ સર્વ માફ કરતા જાઓ!

ઇશાખાં—ભાઇ, હું તને જન્મકાળથી જ જોતો આવું છું. કોઇ દિવસ તેં કોઇ પણ અપરાધ, જમે થવા દીધો નથી. તરત ને તરત જ બધા નિકાલ કરી નાંખ્યા છે–આજ હું માફ કરું એવું કશું બાકી નથી. તારો નિર્મલ પ્રાણ કદી અલ્લા આજે લઇ લે તો, એના સ્વર્ગોદ્યાનમાં કોઇ પણ ફૂલની પાસે, તે મ્લાન થશે નહિ.

થોડી વાર પછી ઇશાખાંએ પુનઃ કહ્યું: "હવે વિલંબ કરવો ઉચિત નથી. ચાલ, આપણે ઉત્સાહથી શત્રુ સાથે લડીને દેહવિસર્જન કરીએ."

એટલું કહીને ઇશાખાંએ શત્રુસેનાનું જે બાજુએ ઓછું સૈન્ય હતું તે તરફ વેગથી અશ્વ દોડાવ્યો. ત્રિપુરાની સેના નાસવાનો કોઇ માર્ગ ન જોઇને, મરવાની જરાકે દરકાર કર્યા વિના દીવાના સૈન્યની માફક યુદ્ધ કરવા લાગી. ઇશાખાંએ બન્ને હાથમાં બે તરવારો લીધી હતી. તેની વીરતા જોઇને શત્રુસેના ચકિત થઇ ગઇ. કોઇની હિમ્મત ન હતી કે તેની સામે જઇને કેદ કરવા યત્ન કરે. કોઇ પણ શત્રુ તેની આગળ ખડો રહી શક્યો નહીં. શત્રુઓએ દૂર જઇને તેના ઉપર બાણોનો વરસાદ વરસાવવા માંડ્યો. રણભૂમિ સમીપ એક નાનું સરખું પાણીનું વહેળુ હતું તેનું પાણી લોહીથી લાલ બની ગયું.

ઇશાખાં દુશ્મનોના દળમાં ઘૂમતો ઘૂમતો એક પહાડના શિખર સુધી પહોંચી ગયો. એ સમયે એક તીર અચાનક તેના શરીરમાં ભોંકાયું. તે 'અલ્લા'નું નામ દઇને ઘોડા ઉપરથી નીચે પડી ગયો. ફરી ઊઠવા પામ્યો નહીં.

યુવરાજના ઘૂંટણમાં એક તીર પેસી ગયું. પડખામાં પણ એક તીર વાગ્યું. તેના હાથીનો મહાવત માર્યો ગયો. હાથીને પણ બાણ વાગ્યાં, જેથી તે ગાંડા માફક ગમે ત્યાં દોડવા લાગ્યો. આખરે નાસતો નાસતો તે હાથી સૈન્યથી વિખુટો પડી ગયો. યુવરાજે તેને પાછો ફેરવવાને બહુ યે યત્ન કર્યો પણ નિરર્થક! યુવરાજને પોતાને પડેલા ઘામાંથી હવે રૂધિર વહેવા લાગ્યું. કર્ણફૂલી નજદીક હાથી જઈ

પહોંચ્યો; તે તખતે યુવરાજ પોતાને થયેલા જોખમથી મૂર્છિત થઇને હાથી ઉપરથી નીચે પડી ગયો.

[૧૨]

રાત્રિનો સમય છે. ચન્દ્રમા ઉદિત થયો છે. બીજા દિવસોએ રાત્રે ચન્દ્રમાનો જે પ્રકાશ મેદાનની હરિયાળી ભૂમિ ઉપરનાં અનેક પ્રકારનાં નાનાંનાનાં જંગલી ફૂલો ઉપર પડતો હતો તે આજ શસ્ત્રાસ્ત્ર મનુષ્યોના કપાયલા હાથ, પગ, મસ્તક અને નિર્જીવ શરીરો ઉપર પડી રહ્યો છે. સ્ફટિક સમાન જે સ્વચ્છ જળમાં ચંદ્રમાનું પ્રતિબિંબ નાચ્યા કરતું હતું તેમાં આજે મરેલા ઘોડાઓની લાશોની લાશો પડેલી છે. એ સ્રોતનું જલ આજ તદ્દન રક્તમય બની ગયું છે. દિવસે મધ્યાહ્ન કાળના તડકામાં જે સ્થળે મૃત્યુનું ભયંકર નૃત્ય થઇ રહ્યું હતું, દિવસે જ્યાં ભય ક્રોધ, નિરાશા અને હિંસાના તરંગની લહરીઓ છવાઇ રહી હતી, જે રણભૂમિનું સ્વચ્છ આકાશ શસ્ત્રાસ્ત્રોના ઝણઝણાટથી, અશ્વોના હણહણાટથી, ઉન્મત્તવત સેનાના રૂદ્ર રૂપ કિલકિલાટથી, ઘાયલ થયેલાંઓના આર્તનિનાદથી, અને રણશૌર્ય ચઢાવનારાં વાજિત્રના હમહમાટથી જાણે મથિત થઇ રહ્યું હતું, તે આજ આ ચાંદનીની અગાધ શાન્તિમાં વિષાદ ધારણ કરીને જાણે સૂઈ રહ્યું છે, અને જાણે મૃત્યુની નૃત્ય—લીલા જામી ગઈ છે. રણાંગણ રૂપ આ મોટી નાટકશાળાનાં પાત્રો જાણે પોતપોતાના વેશ ભજવી રહીને હવે નિદ્રિત થઇ ગયાં છે. ઉત્સવનું અહીં નામ નથી. સર્વત્ર ભયંકરતા અને નિઃશબ્દતા છવાઈ રહી છે. એક તરફ ઊંચા પહાડોની વિસ્તૃત છાયા અને બીજી તરફ ચન્દ્રમાનો પ્રકાશ દેખાઇ રહ્યાં છે. ચાંદનીમાં ક્યાંક ક્યાંક મોટાં મોટાં વૃક્ષ દેખાય છે. તે પોતાની ડાળીઓ ચોતરફ ફેલાવીને જાણે રણભૂમિની ભયાનકતા ઢાંકવા માટે અન્ધકાર કરવા મથે છે.

ઇન્દ્રકુમાર લડાઇના સર્વ વૃત્તાંતથી માહિત થઇને યુવરાજની શોધ કરવા આવ્યો છે. યુવરાજ કર્ણફૂલી નદીને કિનારે ઘાસ ઉપર પડેલા છે. બાણવ્યથાથી તે અતિ પીડિત છે. તેને જ્યારે તૃષા લાગે છે ત્યારે નદીના જલની અંજલિ ભરીને તે પીએ છે. વચ્ચે વચ્ચે એકદમ અચેત થઇ જતાં આંખો બંધ કરી પડી રહે છે. ઠંડો વાયુ વાઈ રહ્યો છે. કલકલ નિનાદ કરતી નદીનું જળ નિરન્તર વહ્યું જાય છે. મનુષ્ય એક પણ નથી. ચારે તરફ પહાડના પહાડ! શૂન્યાકાર જંગલ જાણે ખાવા ધાય છે.

ઇન્દ્રકુમાર શોધ કરતો કરતો જ્યારે અહીં આવ્યો અને યુવરાજને અચેત અવસ્થામાં પડેલો જોયો, ત્યારે વિદિર્ણ હૃદયે તેણે "ભાઈ!" એ શબ્દોચ્ચાર કર્યો. હા! પણ એ કરૂણ સ્વરનો તેવો જ પડઘો જાણે આકાશ પાતાલ કંપીને કાઢતાં હોય તેમ પાછો આવ્યો. ચન્દ્રમાણિક્ય એ શબ્દ શ્રવણ કરતાં કંઈક હેંશમાં આવ્યો. તેણે કહ્યું: "કોણ? ભાઈ ઇન્દ્રકુમાર? આવ ભાઇ!"

ઇન્દ્રકુમાર પોતાના મોટા ભાઇના બન્ને બાહુપાશની વચમાં બદ્ધ થઈને એક બાલકની પેઠે મુક્ત કંઠે રૂદન કરવા લાગ્યો.

કલુષિત મંદ સ્વરે ચંદ્રમાણિક્યે કહ્યું:—"ન રો બાપુ! ન રો. તારું રૂદન દેખી મારું હૃદય ચીરાઈ જાય છે. બન્ધુ! છેલ્લી વાર તને જ નિહાળવા ખાતર હું પ્રાણ ટકાવી રહ્યો છું. મારા ઉપર તને રોષ ઊપજ્યો હતો? શું તારો રોષ લઈને હું મરી જાઉં? નહીં. હવે મેં તારું મુખ જોયું. તારો પ્રેમ પ્રાપ્ત કર્યો. તારા મનનો રોષ હવે જતો રહેલો જણાય છે. હાશ! હું એ જ ચાહતો હતો. હવે મને કોઇ વાતની ચિન્તા નથી. હે ભગવન! હવે હું તારે શરણ છું!" યુવરાજે એટલું કહીને પોતાના શરીરમાં વાગેલાં બાણ બહાર ખેંચી કાઢ્યાં. તીર બહાર નીકળતાં જ ઘામાંથી રક્તધારા જોરથી નીકળવા લાગી. યુવરાજની નાડી ક્ષીણ થવા લાગી. દેહમાં શીતળતા વ્યાપવા માંડી. તેણે ખિન્ન સ્વરે કહ્યું: "હું મરું છું તેનો મને શોક

નથી થતો. પરન્તુ હાર મારી થઈ છે!"

ઇન્દ્રકુમાર: "નહિ ભાઈ, હાર તમારી નથી થઇ—મારી થઈ છે. આ પરાજયના અપયશનો હું ભાગી થયો."

ચન્દ્રમાણિક્ય પોતાનો અન્તિમ સમય આવેલો જોઈને મનમાં ઇશ્વરપ્રાર્થના કરવા લાગ્યો "હે દયામય! મારે માટે આ સંસારનો ખેલ હવે ખતમ થયો! બસ, હવે મને તારી ગોદમાં સ્થાન આપ." તેણે પોતાની આંખો બંધ કરી દીધી.

પ્રાતઃકાલે જ્યારે નદીના પશ્ચિમ કિનારા ઉપર ચન્દ્રમાનો રંગ ફિક્કો પડી ગયો, ચન્દ્રમાણિક્યના મુખની શોભા પણ મ્લાન થઈ ગઇ. ચન્દ્રમાની સાથે સાથે જ ચન્દ્રમાણિક્ય પણ સંસાર—સમુદ્રને પેલે પાર પહોંચ્યો.

*

આરાકાનના વિજયી સૈન્યગણોએ આખા ચટગામને કબજે કર્યું. ત્રિપુરાની રાજધાની ઉદયપુરને પણ લૂટી લીધી. અમરમાણિક્ય નાસીને દેવઘાટ ગયો; જ્યાં તેણે આત્મહત્યા કરી. ઇન્દ્રકુમારે શત્રુ સહ લઢતાં લઢતાં જ વીરોચિત ગતિ પ્રાપ્ત કરી. લઢાઇમાં પીઠ દેખાડી દેશમાં પાછા ફરવું તેને પસંદ પડ્યું નહીં.

રાજધર રાજા થયો. ત્રણ વર્ષ રાજ્ય કરીને આખરે નદીનાં જળમાં ડૂબી મુઓ. એ પછી ઇન્દ્રકુમારનો પુત્ર કલ્યાણમાણિક્ય રાજા થયો. તે પોતાના પિતા જેવો વીરકેસરી હતો. જ્યારે શાહજહાં બાદશાહે ત્રિપુરા પર હુમલો કર્યો ત્યારે બાદશાહી સૈન્યને પરાજિત કરનાર કલ્યાણમાણિક્ય જ હતો.

[૮]

વહાલું વતન

ફટિક ચક્રવર્તી ગામના છોકરાઓનો મુખી હતો. એક દિવસ નદી આગળના કીચ્ચડની અંદર વહાણ બનાવવા માટે પડેલા લાકડાના ઢીમચાને તેણે ઉઠાવીને નદીમાં ફેંકી દેવાનો વિચાર કર્યો. તેણે પોતાની ટોળીને કહ્યું—" આ ઢીમચું આખું ખસેડી નદીમાં નાંખી દઈશું એટલે તેનો ધણી ગુસ્સે થશે અને એ જોવાની ખૂબ મઝા પડશે. ચાલો, આપણે ઉઠાવીએ." બધાને એ વાત પસંદ પડી અને તેમ કરવાનું ઠર્યું. પણ જેવું તે લાકડું ઉઠાવવામાં આવે છે કે તરત જ ફટિકનો નાનો ભાઈ તેના ઉપર જઈ બેઠો. છોકરાઓ આથી ચીઢાયા અને તેને ધક્કો મારી ઊઠવા કહેવામાં આવ્યું. પણ ફટિકનો નાનો ભાઈ કહેઃ—"આવી નકામી રમત શા માટે રમવી જોઈએ?" તે ઊઠયો નહીં. ફટિક ગુસ્સે થઈને બોલ્યોઃ—" માખન, તું ઊઠીશ નહીં, તો યાદ રાખજે હં, અમે તને ફટકાવીશું."

તેના જવાબમાં માખન લાકડાની વચ્ચોવચ જઈ બેઠો.

હવે ફટિકે છોકરાઓના સરદાર તરીકે પોતાની ફરજ બજાવવાનો તથા પોતાનું માન ટકાવી રાખવાનો નિશ્ચય કર્યો. પ્રથમ તેને માની દહેશત લાગી પણ પોતાનું અપમાન કેમ વિસરાય? તેણે ટોળીને હુકમ કર્યોઃ—" માખન ભલે બેઠો તેના ઉપર. આપણે તો એ લાકડું ગબડાવીશું જ."

માખન પણ હઠીલો હતો. તે ડર્યો નહીં—પોતાની જગ્યાએ બેસી જ રહ્યો. છોકરાઓ ઉપર જોર અજમાવવા મંડયાઃ—"એક, બે, ત્રણ" સરદારનો હુકમ અને લાકડું ગબડયું! માખન મૂર્ખ

કર્યો. ફટિક હોંશિયાર ગણાયો. છોકરાઓ આનન્દાવેશમાં આવી જઇ, કિકિયારીઓ પાડવા લાગ્યા; પણ ફટિક જરા પોચો હતો. માખનની હાર થવાથી તે શું કરશે, એની તેને ખબર હતી. થોડીક જ વારમાં માખન બૂમો પાડતો ઊભો થયો. ફટિકને લાતો લગાવવા લાગ્યો અને સાથે મોટેથી રડવા પણ લાગ્યો. લાતો મારી વેર વાળવાનો સંતોષ માની તે રડતો રડતો જ ઘેર ગયો.

ફટિક નદી કિનારે પાણીમાં, એક અર્ધી—ડૂબેલી નાવની કોર ઉપર, ઘાસનું તરણું ચાવતો ચાવતો, 'માતા ધમકાવશે.' એ ભયથી વિચાર કરતો કરતો બેઠો. એ સમયે છોકરાઓ વેરાવા લાગ્યા. ભૂરા વાળવાળો, કાળી મૂછોવાળો આધેડ વયનો એક અજાણ્યો માણસ એક હોડીમાં બેસીને ત્યાં આવ્યો. ફટિકને તેણે પૂછ્યું:—"ચક્રવર્તી ક્યાં રહે છે?" ફટિકે કહ્યું:—'ત્યાં." પણ તે કઈ તરફ આંગળી ચીંધતો હતો, એ સમજાતું ન હતું. અજાણ્યાએ ફરીથી એનો એ સવાલ કર્યો. મનમોજી ફટિકે બેદરકારીથી પોતાના પગ હલાવતાં હલાવતાં કહ્યું:—"જા, શોધી કાઢ તારી મેળે." ઘાસ ચાવવાની ક્રિયા હજી ચાલુ જ રહી. એટલામાં ઘેરથી એક નોકરે આવીને ફટિકને કહ્યું:—"માજી બોલાવે છે." ફટિકે કહ્યું:—"હું નથી આવતો!" નોકર:—"એમ કે?" એટલું કહીને તેણે તેને ઊંચક્યો અને તેની બૂમો, લાતંલાત અને તોફાનને ન ગણકારતાં તે તેને ઘરમાં લઇ ગયો.

ફટિક ઘરમાં ગયો કે તરત જ માએ ગુસ્સાથી કહ્યું:—"કેમ, માખનને તું હંમેશ કેમ માર્યા કરે છે?"

"મેં એને માર્યો જ નથી. કોણે કહ્યું કે—મેં એને માર્યો?"

માએ મોટેથી બૂમ પાડીને કહ્યું:—'જૂઠું ના બોલ, તેં જ એને માર્યો!"

ફટિક:—"નથી માર્યો, એને પૂછી જુઓ જોઇએ?"

માખને કહ્યું:—"હા, ફટિકે જ મને માર્યો છે!" ફટિકને એ

કહેવું અન્યાયી લાગ્યું. તે એકદમ માખન તરફ ધસ્યો અને તેને પકડીને બે ધપ્પા લગાવી કહ્યું: "જૂઠું બોલવા માટે આ બે ધપ્પા વધારે !"

ફટિકની માતાનો ગુસ્સો હવે વધી ગયો. છોકરાઓના મુખી સાહેબને તેણે ખૂબ ફટકાર્યો. ફટિકે માને ધક્કો માર્યો. માએ કહ્યું: "હરામખોર ! તારી માને પણ મારતાં શરમાતો નથી ?"

એ વખતે ભૂરા વાળવાળો અજાણ્યો ત્યાં આવી પહોંચ્યો. તેને જોતાં જ ફટિકની માએ કહ્યું: "ભાઈ, આવી પહોંચ્યો કે ?"

માતા તેને પગે પડી. ભૂરા વાળવાળો તેનો ભાઈ હતો. તેનાં લગ્ન પછી તે કલકત્તેથી મુંબાઈ વહેવાર માટે ગયો હતો. તે મુંબાઈમાં હતો ત્યારે પોતાના બનેવીના અવસાનના સમાચાર તેને મળ્યા હતા. એ પછી તે આજે અહીં આવ્યો હતો અને પોતાના બનેવીના ઘરનું ઠેકાણું પૂછતો પૂછતો, જે વખતે ફટિકને માર પડતો હતો તે વખતે તેના ઘરમાં આવી પહોંચ્યો હતો.

બહેન ખબરઅંતર પૂછવામાં રોકાઈ. ફટિક શરમાઈને ત્યાંથી છટકી ગયો.

[૨]

ભાઈએ થોડાક દિવસ બહેનને ત્યાં રહ્યા બાદ એક દિવસ બહેનને છોકરાંના શિક્ષણ વિષે પૂછપરછ કરી. બહેને કહ્યું: "ફટિક બહુ રમતિયાળ છે, આળસુ અને મસ્તીખોર; ભણતો નથી અને બધાને બહુ પજવે છે. માખન બહુ સારો છોકરો છે. શાન્ત અને કહ્યાગરો છે." આથી ભાઈએ ફટિકને સુધારવાનું મન ઉપર લીધું. તેણે તેને પોતાની સાથે મુંબાઈ લઈ જવાનું નક્કી કર્યું, બહેનને એ વિચાર જણાવતાં તેને એ સૂચના પસંદ પડી. મામાએ ફટિકને પૂછ્યું: "તને મુંબઈ આવવું ગમશે કે ?"

ફટિક ખુશી થતો થતો બોલ્યો: "હા, ગમશે."

માતાને કોઇક અજબ કારણથી ફટિક તરફ અણગમો હતો અને બન્ને ભાઈઓ વચ્ચે પણ પ્રીતિ ન હતી. માને ફટિક જશે તેથી નિરાંત વળી.

ફટિક મામાને હંમેશાં પૂછતો: "આપણે ક્યારે જઇશું?" અને મામા હમેશાં જવાબ દેતા: "થોડાક દિવસમાં." ફટિક કોઈ દિવસ જવાના વિચારમાં ને વિચારમાં આખી રાત ઊંઘ વિના કાઢતો. ફટિકે મુંબાઇ જવાનું ઠર્યાથી પોતાની મોટી પતંગ, પોતાની લખોટીઓ, માછલી પકડવાની સોટી અને બીજી રમવાની વસ્તુઓ પોતાના ભાઇને બક્ષિસ આપી અને જતી વખતે ભાઈ તરફ અણધાર્યું વહાલ બતાવ્યું.

ફટિક મુંબાઈ પહોંચ્યો છે. મામીને તેણે પહેલી જ વખત જોઇ, જોતાં જ ઉભયને એક બીજા પ્રતિ અણગમો આવ્યો. મામી પોતાનાં ત્રણ છોકરાંથી જ કંટાળી હતી; ત્યાં આ ચોથો બાળક તેને વળગાડ રૂપ લાગ્યો.

સંસારમાં ૧૪ વર્ષનો છોકરો જેટલો કંટાળો આપે છે તેટલો કોઇ આપતું નથી. તેનું બાળપણ વહી ગયું હોવાથી તે બાળક ગણાતો નથી, તેમજ યુવાનીમાં પ્રવેશ્યો હોવાથી યુવાન પણ ગણાતો નથી. તે બાળકની માફક વાત કરતો હોય છે તો લોકો તેને છોકરવાદ જ રહ્યો એમ ઠપકો આપે છે. મોટાની માફક વાત કરે છે તો તેને અસભ્ય કહે છે. ખરું જોતાં તેની વાતચીત ન બાળકમાં કે ન જુવાનીમાં ખપે તેવી હોવાથી તે કંટાળા રૂપ થઇ પડે છે. વળી તેનો દેખાવ પણ એ ઉમ્મરે વિચિત્ર થતો જાય છે. એકદમ આડો ને ઊભો વધી જતાં તેનાં કપડાં તેને નાનાં પડે છે. અવાજમાં કંઇક ધ્રૂજારી આવી જાય છે. મોઢું બેડોળ બની જાય છે, કંઇક સાવચેતીથી કામ કરવા જતો હોવા છતાં આવડ ન હોવાથી બાળક જેવી જ ભૂલ કરી દેતાં મૂરખ ગણાય છે અને કોઇક સ્થળે ન છાજતું શરમાળપણું બતાવતાં પણ મૂરખ કહેવાય છે. બાળપણું અને જુવાની

વચ્ચે ઝોલા ખાતું ૧૪ વર્ષનું વય કંટાળા સમાન છે.

આ વયમાં આવેલા છોકરાને એકદમ એવી લાગણી ઊપજે છે કે–બીજાં માણસોએ તેના તરફ વહાલ બતાવવું જોઇએ. જેઓ તેમ નથી કરતાં તેઓને તે જીવન સુધી તિરસ્કારતાં શીખે છે. જેઓ તેને ચાહે છે તેના ઉપર તે હંમેશ માટે પ્રીતિ બતાવતો રહે છે. એક અજબ સંસ્કારની ભૂમિ તે ૧૪ વર્ષનું વય છે. ૧૪ વર્ષના બાળકને પોતાનું ઘર બહુ ગમે છે. તેને બીજાના ઘરમાં રહેવાનું નથી ગમતું. સ્ત્રીઓ જો તેને વહાલના શબ્દો કહે છે તો તે કાલોઘેલો થઈ જાય છે. ઠપકો આપે છે તો તે અસહ્ય થઇ પડે છે. ૧૪નું વય વિચિત્ર છે.

આ વયમાં આવેલા ફટિકે, મામીને ઘેર પોતે અણગમતો પરોણો છે. એમ જોઇ લીધું. પળે પળે વગર વાંકે મામી મહેણાં મારતી. છતાં મામી તેને કાંઈ વિશ્વાસનીય કાર્ય સોંપતી તો તે ઘણો ખુશ થઈ જતો અને એ કાર્યમાં એટલો બધો તલ્લીન થઇ જતો કે વખત વહી જવાનું તેને ભાન રહેતું નહીં. મામી આથી તેને ઠપકો આપીને શાળાના પાઠ કરવા મોકલતી. ફટિકને લાગતું કે—મામી તેને ચાહતી નથી. વારંવાર તે ઘરમાંથી બહાર નીકળી ખુલ્લી હવામાં જવા ઇચ્છતો. પણ તેવી જગ્યા તેને આ મોટા શહેરમાં મળતી નહીં. હમેશાં રાત્રે ઘેર પાછા જવાનો વિચાર કરીને તે સૂઈ જતો અને તેને લગતા સ્વપ્નતરંગમાં રમતો. વહાલા વતનનું મોટું મેદાન, હોડીઓમાં રમવાની નદી અને વતનના છોકરાઓની ટોળી–તેને હમેશાં યાદ આવતાં. એ બધામાં તેને પોતાની માની યાદ ઘણી જ આવતી. મા તેને મારતી, નાના ભાઇનું ઉપરાણું લેતી તો પણ તેજ માતા પાસે જવાનું તેને હવે બહુ મન થતું. એક જાતનો પશુવૃત્તિ જેવો શારીરિક પ્રેમ તેને જોઇતો ન હતો. પોતાના પર પ્રીતિ રાખનાર પાસે પોતાને રહેવું ગમતું હતું. આવી પ્રીતિની મામાને ત્યાં ઊણપ જોવાથી તેની મનોવ્યથા વધી ગઇ હતી. સાયંકાળે જેમ વાછરડાને ગાય પાસે જવાની આતુરિત ઇચ્છા થાય છે, તેવી

ઈચ્છા તેને થતી. આમ લગભગ પશુવૃત્તિવાળો પ્રેમ આ શરમાળ, બીકણ, પાતળા અને કદરૂપા બની ગયેલા ૧૪ વર્ષના છોકરામાં તનમનાટ કરી રહ્યો હતો. આવા તેના વિકારની દરકાર કોઈએ કરી નહી. ફટિક આથી મનમાં ને મનમાં બળી રહ્યો છે. તેનું ભણતર નિષ્ફળ નીવડવા માંડયું છે. તે મૂઢ જેવો બેસી રહે છે. શાળામાં મહેતાજીના હાથનો માર મૂંગે મોઢે ખાયા કરે છે. બીજા છોકરાઓ રમવા જાય છે પણ તેનું દિલ રમતમાં ગોઠતું નથી. બારીએ બેસીને દૂર—દૂર આવેલા મકાનોનાં છાપરાં તરફ તે એકી નજરે જોઈ રહે છે.

[૩]

એક દિવસ તેણે બધી હિંમત એકઠી કરીને મામીને પૂછ્યું: “મારે ઘેર જવું છે. ક્યારે મોકલશો?”

“રજાઓ પડશે ત્યારે.”

પણ રજાઓ તો નવેમ્બરમાં પડવાની હતી અને અત્યારે જુન માસ ચાલતો હતો.

એક દિવસ ફટિકની ચોપડી ખોવાઈ. ચોપડી હતી ત્યારે તેને તેમાંના પાઠ આવડતા નહીં, ચોપડી ખોવાઈ એટલે વળી ખાસ નહીં આવડવાનો સંભવ હતો. શિક્ષકે દરરોજ તેને મારવા માંડયો. મામાના છોકરાઓ તેની હાંસી કરતા. આખરે તે મામી પાસે ગયો અને ચોપડી ખોવાઇ ગઇ છે. એમ કહ્યું.

મામીએ તડૂકો કરીને કહ્યું: “મૂર્ખ! મહિનામાં તું પાંચ ચોપડીઓ ખોઈ નાખે છે, એટલે હરરોજ હું કેટલી નવી ચોપડીઓ મંગાવી આપું?” નવી ચોપડી ન મળી.

રાત્રે નિશાળેથી આવતાં ફટિકનું માથું દુ:ખવા લાગ્યું. વરસાદની ઋતુ. ઠંડી ચઢી. શરીર ગરમ થયું. મેલેરીઆ થશે એવો સંભવ જણાયો. પણ ફટિકે મામી વઢશે, એ બીકથી પોતાના નરમ શરીરની વાત કોઈને કરી નહીં.

સવારે સ્ફટિક ક્યાંયે દેખાયો નહીં. પાડોશીઓને ત્યાં શોધ કરી તો પત્તો લાગ્યો નહીં, પોલીસખાતાને ખબર અપાઇ. છેક સંધ્યાકાળે પોલિસના માણસો સ્ફટિકને મામાને ઘેર લઇ આવ્યા. અત્યારે પણ વરસાદ પડતો હતો. રસ્તાઓમાં કીચ્ચડ બહુ જ હતો. પોલીસનાં બે માણસોએ સ્ફટિકને ઉંચક્યો હતો. તેનાં કપડાં પાણીથી ભીંજાઈ ગયેલાં હતાં. શરીર તાવથી ગરમ હતું. આંખો લાલચોળ થઈ ગઇ હતી. બદન આખું ધ્રૂજતું હતું. મામાએ તેને ઊંચકીને ઘરમાં આણ્યો. ઓરડામાં સુવાડયો. અંધારી મામી બોલી ઊઠી: "આ છોકરાથી આપણે કેટલાં બધાં હેરાન થયાં! એને શા માટે તેને ઘેર મોકલી દેતા નથી?"

સ્ફટિકે આ શબ્દો સાંભળ્યાં. તેને બહુ જ માઠું લાગ્યું. તે રડી પડયો. વિહ્વળ દશામાં આ બિચારો વહાલભૂખ્યો બાળક બોલ્યો: "મામા, હું ઘેર જતો જ હતો. આ લોકો મને પાછા લઇ આવ્યા!"

ખિન્ન મને અને હૃદયની અકળામણથી દર્દ વધ્યું. તાવ ઊતર્યો નહીં. આખી રાત તેણે લવલવ કર્યા કર્યું. મામાએ ડાક્ટરને બોલાવ્યો. સ્ફટિક તાવથી લાલચોળ બની ગયલી આંખો ઉઘાડીને બોલ્યો: "મામા, રજાઓ પડી કે? હું ઘેર જાઉં?"

મામાને આ શબ્દો સાંભળી રડવું આવ્યું. તેમણે સ્ફટિકનો ગરમ અને નબળો પડી ગયલો હાથ પોતાના હાથમાં લઇ તેને કહ્યું: "તને તાવ ઊતરશે એટલે મોકલીશું, ભાઇ!" મામા આખી રાત સ્ફટિક પાસે જાગ્રત દશામાં બેસી રહ્યા. લવારીમાં છોકરો લવ્યો: "ઓ મા! મને મારીશ નહીં. હું તને સાચું કહું છું."

બીજે દિવસ. સ્ફટિકને થોડું ભાન આવ્યું. પોતે જાણે કોઇને શોધતો હોય તેમ પથારીમાં બેઠો થઈ આકળવિકળ નજરે આમ તેમ જોવા લાગ્યો. નિરાશ થયો હોય તેમ નિઃશ્વાસ નાખી પાછો પથારીમાં પડયો. આંખો મીંચી દીધી.

મામાએ સ્ફટિકને કહ્યું: "સ્ફટિક, માને બોલાવવા મેં માણસ

મોકલ્યું છે. મા આવશે."

સાંજ પડી. ડાક્ટરે ગંભીર અવાજે કહ્યું: "દર્દીની હાલત ઘણી જ ખરાબ છે. તેના બચવાની આશા નથી."

ફટિકની લવારી ચાલુ રહી "નિશાનીની પાસે જવાને ચાર વાંમ રહ્યા. હા, હવે ત્રણ વામ રહ્યા. નિશાની પાસે જવાને—" ફટિક પોતાના વતનમાં નદીકિનારે જ રમતો હતો. કદી નદીમાં પડીને તરતો. નહીં, આજ તે અગાધ અને અગમ્ય સાગરમાં પડયો છે. તે નાવમાંથી ગબડી પડયો છે. બચાવનાર માલિક વિના કોઇ નથી.

[૪]

દીવાઓ થવાની તૈયારી છે. થોડી વારમાં રાત્રિ પડશે. ફટિકની માતા તેની માંદગીના સમાચાર જાણીને ગભરાયલી દશામાં મુંબાઈ આવી પહોંચી છે. દુખથી સિસકારા મારતી આમતેમ લથડોમાં ખાતી, તે ફટિકવાળા ઓરડામાં દાખલ થઈ. ફટિકની બેભાન દશા જોઇ માતા મોટેથી રડવા લાગી. ભાઈએ બહેનને શાન્ત કરવા વ્યર્થ યત્ન કર્યો. માતા છોકરાની પથારીમાં પડીને કહેવા લાગી: "ફટિક, મારા વહાલા રત્ન, મારા પ્રાણ, મારા જીવના આરામ!"

ફટિક બેભાન દશામાં શાન્ત પડી રહ્યો છે. પહેલાં તે અકળામણથી હાથ આમ તેમ પછાડતો. હવે પછાડતો નથી. તે બોલ્યો: "શું?"

માએ ફરીથી કકળાણ કરી મૂકયું: "ફટિક, મારા, બાપુ, મારા બેટા!" ફટિકે ધીમેથી માથું ફેરવ્યું અને કોઈના તરફ નજર કર્યો વિના બોલ્યો: "મા, છેવટે રજા પડી છે!"

[૯]

બાળ-વિધવા

મારી પાડોશણ બાળવિધવા હતી. વૃન્તરહિત શેફાલિકાની પેઠે તે કોઈ અન્તઃપુરની ફૂલશય્યાને માટે નહીં, પરંતુ દેવપૂજાને માટે આ સંસારમાં રહી ગઈ હતી. હું મનમાં ને મનમાં તેની પૂજા કર્યા કરતો હતો. બીજા કોઇ ભાવથી હું તેની તરફ જોતો હતો કે નહીં, એ બતાવવાની મારી ઇચ્છા નથી. મારો પ્રિય મિત્ર નવીનમાધવ પણ એ સંબંધમાં કંઈ જાણતો ન હતો. મારા મનના ભાવોને એ પ્રમાણે ગુપ્ત અને એટલા માટે જ નિર્મળ રાખવાનો મને કાંઇક પણ ગર્વ હતો.

પરંતુ મનનો વેગ પહાડી નદી જેવો છે. તે પોતાના જન્મ-શિખર પર સ્થિર રહેવા ઇચ્છતો નથી; કોઇ પણ પ્રકારે તે બહાર નીકળવાની ચેષ્ટા કરે છે અને કૃતકાર્ય ન થાય તો મનને દુઃખ પહોં-ચાડે છે. હું વિચાર કરવા લાગ્યો કે કવિતા દ્વારા મારા હૃદયના ભાવો પ્રકાશિત કરું; પરંતુ કુંઠિતા લેખિનીએ આગળ વધવા સાફ ના પાડી.

આશ્ચર્યની વાત એ બની કે બરાબર એ વખતે મારા મિત્ર નવીનમાધવને પણ કવિતા કરવાની પ્રબળ ઇચ્છા થઇ. બિચારો ભારે આપત્તિમાં ફસી ગયો. છંદ અને માત્રાનું કાંઇ પણ જ્ઞાન ન હોવા છતાં તેણે પાછો પગ ભરવાની ઇચ્છા કરી નહીં. આ જોઇ હું અવાક બની ગયો.

આખરે નવીને એ વિષયમાં સહાય અને સંશોધનને માટે મારું શરણુ લીધું. કવિતાનો વિષય નવો નહોતો તેમ જૂનો પણુ નહોતો. પ્રિયતમા પ્રત્યે પ્રેમીની કવિતા હતી. મેં હસીને પૂછ્યું: " કેમ મિત્ર, એ કોણુ છે ?"

નવીને વાત ઉડાવી દીધી. તેની કવિતાઓનું સંશોધન કરતાં મને બહુ મઝા પડવા લાગી. એ કવિતાઓ દ્વારા હું તેની કાલ્પનિક પ્રિયતમા પ્રત્યે મારા રૂદ્ધ આવેગનો પ્રયોગ કરવા લાગ્યો. બે બચ્ચાં-ની મરઘી હંસનું ઇંડું મેળવી જે રીતે તેને પોતાના હૃદય સાથે ચાંપીને બેસે છે, તે રીતે હું પણ નવીનમાધવના ભાવોને મારા હૃદયના સઘળા ઉત્તાપથી દબાવી બેઠો. નવીનની કવિતાનું સંશોધન હું એટલું કરતો હતો કે તેમાં લગભગ પંદર આના મારા તરફથી મેળવી દેતો.

નવીન વિસ્મિત થઇને કહેતો—" બરાબર, આવી જ વાત કહેવા હું પણુ ઇચ્છતો હતો; પરંતુ કળા ન આવડવાથી ભાવો દર્શાવી શકતો નહોતો. તું આ સઘળા ભાવો કયાંથી લાવ્યો ? "

હું કવિની રીતે ઉત્તર આપતો—" કલ્પનાથી. " કેમકે નીરવ કલ્પના, એ એક સત્ય છે. મુખ સત્ય ઘટનાના ભાવ–સ્રોતને બંધ કરી દે છે; પરંતુ કલ્પના તેના માર્ગને ખુલ્લો કરે છે.

નવીન કાંઇક વિચાર કરી મોટી ગંભીરતાથી કહેતો—હું પણુ એ જ જોઉં છું! ઠીક છે! વળી ફરીને કેટલીક વાર પછી કહેતો —" ઠીક છે! ઠીક છે!"

એક દિવસ નવીને કહ્યું:—" કવિતાઓનો મોટો ભાગ તું લખે છે, માટે તારા જ નામથી તે પ્રકટ થવી યોગ્ય છે."

મેં કહ્યું—" ના, એમ નથી. હું તો એમાં થોડો જ ફેરફાર કરું છું. "

ધીરે ધીરે નવીનને પણુ એવો જ વિશ્વાસ બેસી ગયો.

[૨]

જ્યોતિષી જે રીતે નક્ષત્રોના ઉદયની અપેક્ષાથી આકાશની તરફ દૃષ્ટિ રાખે છે, તે રીતે હું પણ પાસેના મકાનની બારી તરફ વારંવાર જોયા કરતો હતો. એ વાત છુપાવી શકતો નથી. કદી મારો તે દૃષ્ટિક્ષેપ સાર્થક પણ થઈ જતો હતો, ભાગ્યદેવીના શાપથી બ્રહ્મ-ચારિણી બનેલી એ રમણીની સૌમ્ય મુખશ્રી સાથે પ્રતિબિંબિત બની એક શાન્ત અને સ્નિગ્ધ જ્યોતિ મારા સઘળા ચિત્તક્ષોભને પળ માત્રમાં દૂર કરી દેતી હતી.

પણ તે દિવસે મેં એક એકાએક શું જોયું ? મારા ચંદ્રલોકમાં પણ શું હજુ સુધી ઉત્તાપ છે ? ત્યાંની જનશૂન્ય સમાધિમગ્ન ગિરિ—ગુહાઓનો સઘળો અગ્નિદાહ શું હજુ સુધી મોક્ષપદને નથી પહોંચ્યો ?

વૈશાખ મહિનો હતો. આકાશમાં વાદળાંઓ ચઢી આવ્યાં હતાં. મારી પાડોશણ એ વખતે બારીમાં એકલી ઊભી હતી એ દિવસે મેં તેની આંખોમાં ચારે તરફ ફેલાએલાં નિબિડ વેદનાનાં ચિહ્ન દેખ્યાં છે—મારા ચંદ્રલોકમાં હજુ સુધી ઉત્તાપ છે. હજુ સુધી ત્યાંના નિઃશ્વાસ ઉષ્ણતાથી પરિપૂર્ણ છે. તેની આંખોની વ્યગ્રતા—વ્યાકુળતા કેવી કાતર જણાય છે ! ભયકંપિત પક્ષીની પેઠે તે બહુ વેગથી ઊડે છે, પણ તે સ્વર્ગની તરફ નહીં,—મનુષ્યના હૃદયની તરફ ઊડે છે.

બસ, એ વખતથી મારા માટે મારા ચિત્તને સુસ્થિર રાખવાનું કઠિન થઇ ગયું; હવે કેવળ કવિતાઓના સંશોધનથી તૃપ્તિ નતી નહોતી. કોઇ પણ પ્રકારે કંઈ કામ કરવાને માટે હું ચંચળ થઇ રહ્યો. છું.

સંકલ્પ કર્યો કે બંગદેશમાં વિધવાવિવાહનો પ્રચાર કરવાને

કે બાકી રાખવું નહીં. કેવળ ભાષણો અને લેખોથી જ નહીં, પરન્તુ ધનથી પણ મદદ કરવાને માટે તૈયાર થવું.

નવીન મારી સાથે વાદવિવાદ કરવા લાગ્યો. તે બોલ્યોઃ "ચિર વૈધવ્યમાં એક પવિત્ર શાંતિ છે. અષ્ટદશીની ક્ષીણ જ્યોત્સ્નાલોકિત સમાધિભૂમિની પેઠે તેમાં એક વિલક્ષણ રમણીયતા છે. વિવાહની સંભાવના માત્રથી એ સર્વનો નાશ થઈ જશે."

એ સઘળી કવિત્વની વાતો સાંભળીને મને ક્રોધ ઊપજતો, દુકાળના દિવસોમાં જે માણસ નિર્ધનતાથી ભૂખે મરી રહ્યો છે, તેની સામે ખાદ્ય વસ્તુઓ ઉપર ઘૃણા પ્રકટ કરવી અને ફૂલોની સુગંધી તથા પક્ષીઓના ગાનથી તેનું પેટ ભરવાની કોશીશ કરવી એ મૂર્ખતા નહિ તો બીજુ શું છે?

મેં કહ્યું—"ભાઈ, ચિત્રકાર અને શિલ્પી લોક કહે છે કે કળા-શિક્ષિત દૃષ્ટિથી બળી ગયેલા મકાનમાં પણ ઘણું સૌન્દર્ય દેખાય છે; પરન્તુ મકાનને એવી રીતે જોવા માત્રથી કામ નભી શકતું નથી. તેમાં વાસ કરવાની જરૂર પડે છે. અને તેથી શિલ્પી ગમે તે કહે; પરંતુ મકાનને મરામત જરૂરી છે. વૈધવ્ય વિષે તું તો દૂર બેઠો બેઠો કવિતા કરવા ચાહે છે; પરંતુ તેની અંદર આકાંક્ષાપૂર્ણ માનવહૃદય પોતાની વિચિત્ર વેદના સાથે વાસ કરી રહેલું છે, એ પણ તારે જાણવું આવશ્યક છે."

નવીને એક દીર્ઘ નિઃશ્વાસ નાંખી, મારી સઘળી વાતો માની લીધી.

એક અઠવાડીઆ પછી નવીને આવીને કહ્યું;—"જો તું મને મદદ કરે તો હું વિધવાવિવાહ કરવા માટે તૈયાર છું."

એ સાંભળીને મને ઘણો આનંદ થયો. નવીનને હૃદય સાથે ચાંપીને મેં કહ્યું—'જે ખર્ચ થશે તે હું આપીશ.' નવીને સંતુષ્ટ થઈ, પોતાની સઘળી હકીકત મને કહી સંભળાવી.

મને માલૂમ પડયું કે નવીનની પ્રિયતમા કાલ્પનિક નહોતી.

તે કેટલાક દિવસોથી એક વિધવા ઉપર પ્રેમ કરતો હતો, પરંતુ તે વાત તેણે કોઈની પાસે પ્રકટ કરી નહોતી. માસિક પત્રમાં મારી કવિતાઓ નવીનના નામથી પ્રકાશિત થતી હતી, તે માસિક એ વિધવા મંગાવતી હતી. કવિતાઓ વ્યર્થ જતી નહોતી. મેળાપ કર્યા સિવાય હૃદય ખેંચવાનો એ સુંદર ઉપાય મારા મિત્રે ખોળી કાઢયો હતો.

પરન્તુ નવીને કહ્યું કે: "મેં કોઈ ગૂઢ વિચારથી એ કામ કર્યું નહોતું. હું જાણતો હતો કે વિધવા લખતાંવાંચતાં જાણતી નથી. વિધવાના ભાઈના નામથી પત્રની એક નકલ હું વિના મૂલ્યે પ્રતિ માસ મોકલ્યા કરતો હતો." મનને શાન્ત રાખવા માટે તે એક પ્રકારનું દીવાનાપણું જ હતું. નવીન વિચારતો હતો કે દેવને ઉદ્દેશીને હું પુષ્પાંજલિ આપી ચૂકયો છું; તે જાણ્યે અજાણ્યે ગ્રહણ કરે અથવા ન કરે!

વિધવાના ભાઈની સાથે નવીને બન્ધુત્વ જોડયું હતું, તેમાં નવીનની કેવી મતલબ હતી તે આ ઉપરથી જણાશે. જેની ઉપર કોઈ વહાલ કરે છે, તેના બન્ધુબાંધવોની સાથે પણ તેને સારો મેળ રાખવો પડે છે. ભાઇની માંદગી વખતે નવીનને એ ભાઈની બહેન સાથે શી રીતે મુલાકાત થઇ, એ બહુ લાંબી વાત છે. નવીનની લગ્નની વાત સાંભળી, વિધવા પ્રથમ તો રાજી ન થઇ પરંતુ આખરે નવીને મારી સઘળી યુક્તિઓનો પ્રયોગ કરી, તેનાં આંસુઓ સાથે પોતાની આંખોનાં બે ચાર જળબિન્દુઓને મેળવી, તેનું મન મનાવી લીધું. વિધવાનાં સગાં—સંબંધીઓને પૈસાની જરૂર હતી એ વાત પણ નવીને મને કહી સંભળાવી.

મેં સઘળી વાત સાંભળ્યા પછી કહ્યું—"જોઇએ તેટલા પૈસા લઈ જા."

નવીન બોલ્યો—"લગ્ન પછી મારા પિતા મારું ખર્ચ પાંચ-છ મહિના સુધી જરૂર બંધ કરી દેશે. તે વખતે અમારા બન્નેના ખર્ચ માટે પણ કંઇક ઉપાય કરી આપવો પડશે."

મેં તેનો કાંઈ પણ જવાબ ન આપતાં એક ચેક લખી આપ્યો; પછી ધીમેથી કહ્યું—"નવીન ! હવે તો તેનું નામઠામ મને બતાવ? મનમાં કોઈ પણ જાતનો ભય રાખીશ નહીં. હવે હું તેને ઉદ્દેશીને કવિતા નહીં કરું; અથવા જો કરીશ તો તે તેના ભાઈ પાસે ન મોકલતાં તારી પાસે મોકલી દઈશ."

નવીને કહ્યું—"મને હવે કોઈ બાબતનો ભય નથી. વિવાહ કરવાના કારણથી વિધવા શરમાય છે અને લજ્જાથી તે અત્યંત કાયર બની ગઈ છે; તેથી તેણે તારી સાથે એ સંબંધમાં આલોચના કરવાની મને મના કરી દીધી છે; પરંતુ હવે નામ છુપાવવું ઠીક નથી. તે વિધવા તારી પાડોશણ છે કે જે ઓગણીસમા નંબરના મકાનમાં રહે છે.'

હત—પિંડ જો લોઢાનું 'બોઈલર' હોત તો તે વખતે તત્કાળ એ ફાટી જાત !

મેં પૂછયું—'લગ્ન માટે હવે તેની અસંમતિ નથી?'

'અત્યારે તો નથી.'

'શું કવિતા વાંચીને તે આટલી બધી મુગ્ધ થઈ ગઈ?'

'કેમ! મારી કવિતાઓ શું કાંઈ જેવી તેવી હતી?'

મેં મનમાં ને મનમાં કહ્યું:—"ધિક્કાર!" પરંતુ ધિક્કાર કોને? તેને, મને કે વિધાતાને?

☆

સમાપ્ત

ગૃહ ઉપયોગી વસ્તુઓ

પહેલું પારણું

કિંમત રૂા. ૬-૧૨-૦ વી. પી. ખર્ચ ૧૨ આના

બાલજન્મ અગાઉની સંભાળથી શરૂ કરી પ્રસૂતિ, બાલઉછેરના તબક્કાઓ, બાળકમાં બીજ સંસ્કાર રોપવા માટેની સૂચના, બાલરોગોનાં ઔષધો અને બાલકોની ખાસીયતો, કાલી બોલીની નોંધ, બાલમાંદગીની નોંધ, બાલકોના ફોટા ચીટકાવવાનાં પાનાં, અને બાલજન્મ વખતનો ખરે જન્મસમય, સ્થળ વગેરેની નોંધ. બાલજન્મ વખતનો ખરે જન્મસમય, સ્થળ વગેરેની નોંધ, બાલશિક્ષણ—આ સર્વ માહિતી પુષ્કળ ચિત્ર સા રીતે આપવામાં આવી છે. દરેક દંપતિએ વસાવવા જેવું દામ્પત્યપ્રેમની સાધનામાંથી જન્મતા બાળક જેવું વહાલસોયું આ પુસ્તક આજે જ વસાવો.

દાદીમાનું વૈદું

રૂા. ૬-૧૨-૦ વી. પી. ખર્ચ ૧૨ આના

પહેલું સુખ તે જાતે નર્યા. આ જવાબદારી પહેલાં ઘરમાં દાદીમાની હતી. ઘરમાં બ્હેનો, દિકરીઓ, ને વહુઓ, વૈદાનું પ્રાથમિક જ્ઞાન ધરાવે તો કુટુંબનું આરોગ્ય અનેકગણું સારૂં રહે. આ પુસ્તકમાં કુટુંબનાં દરેક સભ્યના આરોગ્યની ચાવી છે. જાણીતા વૈદરાજ શ્રી. મોહનલાલ ધામાને તેમનાં દાદીમા તરફથી વારસામાં મળેલ અનુભવસિદ્ધ ૯૯૯ વૈદકીય અનુભવસિદ્ધ પ્રયોગોનો સંગ્રહ.

આપણો ઘર સંસાર (સચિત્ર) કર્તા શ્રી શકુંત રાવળ.

ગૃહસ્થાશ્રમને આદર્શરૂપ બનાવવા ગૃહજીવનના પ્રત્યેક સભ્યની શી ફરજો છે; અને ગૃહસંસારના સામાન્ય, ને ગંભીર પ્રશ્નોનો વ્યવહારૂ ઉકેલ કેમ લાવવો? એ વિષે ઘરગથ્થુ શૈલીમાં રેખાચિત્રોના સ્વરૂપમાં માર્ગદર્શન આપતું સર્વોપયોગી પુસ્તક. કિ. રૂ. ૨-૦-૦ વી. પી. ખર્ચ છ આના.

ગૃહિણીમિત્ર કિંમત રૂા. ૫) વી. પી. ખર્ચ ૮ આના.

જેમાં ગૃહપ્રબંધ—પત્રવ્યવહાર. અલંકાર, લગ્નનું મહત્ત્વ-દામ્પત્યજીવન, ગર્ભાધાન—પ્રસૂતિ—બાળરોગો અને તેના ઘરગથ્થુ ઉપચારો, આદર્શ સંતતી, દિનચર્યા, દેશદેશનું નારીજીવન અને ગૃહિણીને ઉપયોગી થઈ પડે તેવા પુષ્કળ વિષયો આપવામાં આવેલ છે.